રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




## ‘સ્વાધ્યાય’

## શિક્ષણ-વિશેષાંક


વિશેષાંક સંપાદક
શ્રી મનસુખ સલ્લા

વર્ષ: ૭૫ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૧

## ...કેટલાંક શિક્ષણતીર્થો...



સાંદીપનિ આશ્રમ : જીવનલક્ષી




કન્ફ્યુસિયસ : વિચારલક્ષી



તક્ષશિલા : જ્ઞાનલક્ષી



નાલંદા : જ્ઞાનલક્ષી



પ્લેટો એકેડમી : સંવાદલક્ષી



ઑક્સફોર્ડ યુનિવર્સિટી : પદ્ધતિલક્ષી

# કોડિયું

*સ્વાધ્યાય* વિશેષાંક : સંપાદકશ્રી મનસુખ સલ્લા

વર્ષ : ૭૫ નવેમ્બર : ૨૦૨૧ અંક : ૦૪


## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૦૧ | યુગ-પરિવર્તન અને શિક્ષણ | - રોહિત શુક્લ | ...૧૪૧ |
| ૦૨ | શિક્ષણની ચરિતાર્થતા | - મહેન્દ્ર ભટ્ટ | ...૧૪૬ |
| ૦૩ | ગાંધીજીનો શિક્ષણવિચાર... | - સુદર્શન આયંગાર | ...૧૫૦ |
| ૦૪ | શિક્ષણ અને સમાજ | - રમેશ સંઘવી | ...૧૫૭ |
| ૦૫ | ભારતીય શિક્ષણમાં ખૂટતાં તત્ત્વો | - મનસુખ સલ્લા | ...૧૬૩ |
| ૦૬ | શ્રી અરવિંદ - માતાજીનું શિક્ષણદર્શન | - ભાણદેવજી | ...૧૬૭ |
| ૦૭ | શાંતિનિકેતનનો શિક્ષણપ્રયોગ | - જ્યોતિબહેન થાનકી | ...૧૭૧ |
| ૦૮ | એકવીસમી સદીનું વિદ્યાલય | - હરેશ ધોળકિયા | ...૧૭૫ |
| ૦૯ | અધ્યયનશીલતા | - પંકજ શાં. જોશી | ...૧૮૦ |
| ૧૦ | શિક્ષણના આધાર સ્તંભો | - ઈશ્વર પરમાર | ...૧૮૩ |
| ૧૧ | હૈયું, મસ્તક અને હાથ | - સેજલ શાહ | ...૧૮૮ |
| ૧૨ | E - સદીના માનવ-શિક્ષકનો સામર્થ્યપ્રાશ | - મહેન્દ્ર ચોટલિયા | ...૧૯૨ |
| ૧૩ | આપણો વિદ્યાર્થી... | - ભદ્રાયુ વછરાજાની | ...૧૯૬ |
| ૧૪ | વિદ્યાર્થી દ્વારા શિક્ષકની કેળવણી... | - દીપક સોલિયા | ...૨૦૦ |
| ૧૫ | સ્વાયત્ત શિક્ષણના લાભાલાભ | - રણછોડ શાહ | ...૨૦૩ |
| ૧૬ | શિક્ષણમાં સ્વાધ્યાય અને ગ્રહણશીલતા | - દીપક તેરૈયા | ...૨૦૭ |
| ૧૭ | સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ | - મિતા ઝવેરી, આદિત્ય દેવાંગ ઝાલા | ...૨૦૯ |
| ૧૮ | શિક્ષણ, ટેકનૉલૉજી અને વિવેક | - વૈશાલી શાહ | ...૨૧૪ |
| ૧૯ | શિક્ષક પ્રશિક્ષણ : નીતિઓ અને સમસ્યાઓ | - સતીશપ્રકાશ એસ. શુક્લ | ...૨૧૭ |
| ૨૦ | શિક્ષક સોક્રેટિસ જેવો હોવો જોઈએ | - સોનલ પરીખ | ...૨૨૪ |
| ૨૧ | ૨૧મી સદીના 'એકલવ્ય'નો જય હો! | - વિશાલ ભાદાણી | ...૨૨૬ |
| ૨૨ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ...૨૩૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**
‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**
શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**
અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**
વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

### વિદ્યાને સદ્‌વિદ્યા બનાવતી કેળવણી

મૃત્યુ સમયે લેવાયેલા ઇન્ટરવ્યૂમાં નેવું ટકા લોકોએ જણાવ્યું છે કે અમને નીચેની બાબતોનો અફસોસ રહી ગયો છે!

(૧) જીવનભર ગમતું કામ કરવાની તક મળી નહીં.

(૨) આખી જિંદગી બીજા માટે જ વૈતરું કર્યું!

(૩) હું યોગ્ય સમયે મારી લાગણી વ્યક્ત કરી શક્યો નહીં.

(૪) ગમતી વ્યક્તિઓ સાથે પૂરતો સમય ફાળવી ન શક્યો.

(૫) હું જીવનની પ્રસન્નતા પામી ન શક્યો.

એની સામે ઈમેન્યુઅલ કાંટે સુખની ત્રણ ચાવીઓ આપી છે. એણે કહ્યું કે દુનિયામાં એવી જ વ્યક્તિઓ સુખી છે જેમની પાસે (૧) કરવા માટે કંઈક કામ છે (૨) પ્રેમ કરવા માટે કોઈ છે અને (૩) કોઈ આશા બંધાયેલી છે.

આ બધા પ્રશ્નોનું પગેરું આપણી જીવનશૈલી પાસે જઈને અટકે છે. જીવનશૈલી માટે વ્યક્તિ, સમાજ અને પ્રકૃતિનો જીવંત સંબંધ સ્થાપવો અને પામવો અનિવાર્ય છે. આમ કરીશું ત્યારે જ આપણે યુનેસ્કોએ ૨૦૦૩માં આપેલ ટકાઉ સુખ (Sustainable Happiness)સુધી પહોંચીશું, જેમાં એણે કહ્યું છે કે, 'લોકો, પ્રકૃતિ અને ભવિષ્યની પેઢીઓનું શોષણ કર્યા વગર વ્યક્તિ, સમુદાય, સમાજ અને વિશ્વના સુખમાં વૃદ્ધિ કરે તેને ટકાઉ સુખ કહેવાય.' જીવન જીવવા માંડો એટલે શીખાઈ જશે. મુંબઈ ચર્ચગેટ સ્ટેશને ઊભા રહો, આપોઆપ ગાડીમાં ચડી જવાશે! અનુભવ, કોઠાસૂઝ અને શીખવાને ભારે ભાઈબંધી છે!

ભણવું એટલે માહિતીઓ અને સર્વાંશે સર્ટિફિકેટ. શીખવું એટલે જીવનલક્ષી, ભાર વગરનું પ્રકૃતિ સાથે તાદત્મ્ય સાધી આપતું શિક્ષણ અને સર્વાંશે જલસો!! ખરા અર્થમાં ભણવું એટલે તો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ! બીજા અર્થમાં મોજમાં રહેવું. આર્કિમીડીઝ જે શીખ્યો-પામ્યો તેણે તેને ભરબજારે વગર કપડે કેવો દોડાવ્યો! જલસાની આ પરાકાષ્ટા કહેવાય, પ્રસન્નતાની સુનામી કહેવાય અને જીવનની સાર્થકતાનો નિજાનંદ કહેવાય. શીખનારને આમ દોડાવી શકીએ ત્યારે તે સાચી કેળવણી થઈ કહેવાય. વાસણ કે મકાનમાં દિવાલોનું મહત્ત્વ નથી અંદર કેટલી ખાલી જગ્યા છે તે કામનું છે. 'શરીર' દિવાલો છે અને 'મન' ઘર છે. ઘરમાં ફર્નિચર જ એટલું ભરી દઈએ કે પછી સૂવા માટે જગ્યા જ ન રહે તો એ ઘર શું કામનું? શરીર અને મન બંને ભરેલાં રાખીશું તો બિચારો આત્મા કયાં રહેશે? શરીર ભરેલું અને મન સાવ ખાલી હોય એ આદર્શ સ્થિતિ છે, કારણ કે જીવનની તમામ કલાઓનો આવિર્ભાવ અહીંથી જ પ્રારંભાય છે. જ્યારે શરીરરૂપી દિવાલો મજબૂત હોય અને મન મહત્તમ ખાલી હોય ત્યારે જ મનુષ્યત્વની કુંપળો ફૂટે છે અને માણસ પૂર્ણતા-સમગ્રતા તરફ પ્રયાણ કરે છે. આ

છે સાચી કેળવણી.

અંતે જીવન એક સંઘર્ષ છે. ડાર્વિનથી માંડીને સહુ કોઈ કહે છે કે અસ્તિત્વ માટેની સંઘર્ષ-લડાઈમાં જે અનુકૂલન સાધશે તે જ ટકશે. પણ કઈ લડાઈ? કોની સાથેની લડાઈ? શેનાથી લડાઈ લડવાની છે? આ લડાઈનું સર્વોત્તમ પરિણામલક્ષી સૂત્ર તો સ્વીકાર, સહયોગ અને સમર્પણ જ રહેવાનું. આપણી જીવનલક્ષી કેળવણીની સફળતાનું રહસ્ય પણ આમાં જ છુપાયેલું છે. વળી, આપણે શબ્દો કે ભાષાને શિક્ષણ ગણી લઈએ છીએ. શબ્દો કે ભાષા એ જ્ઞાન નથી. લાઓત્સે તો નામ દેવાની જ ના પાડે છે. આ 'ગાય' છે કે આ 'ઘોડો' છે તેવાં નામ આપવાથી જાણકારી મળી જતી નથી. નામ દેવાથી સત્ય પ્રાપ્ત થતું નથી. ઉલટાનું નામ દેવાથી સમગ્ર જાણકારી ધરાવીએ છીએ તેવો ભ્રમ દૃઢ થાય છે! જેમ ઈશ્વર એ કોઈ વ્યક્તિ નથી, એ કોઈનો હિસાબ પણ રાખતો નથી. એ તો એક પ્રાકૃતિક શાશ્વત નિયમ છે. વિજ્ઞાનની શોધો પ્રકૃતિને સમજવા માટે છે, પ્રકૃતિ પર વિજય મેળવવા માટે નથી. પ્રકૃતિને સમજીને તેને અનુકૂળ થવાનું છે. જે પ્રકૃતિને અનુકૂળ થાય છે તે સ્વર્ગમાં છે અને જે પ્રતિકૂળ થાય છે તે નરકમાં છે. ગુરુત્વાકર્ષણ કોઈને પછાડવા નથી સર્જાયું! ગુરુત્વાકર્ષણને અનુકૂળ થઈને આપણે જીવીશું તો આનંદ-મંગલ છે.

આવતીકાલ બાયોટેક્નૉલૉજીની છે. મનુષ્યનું આયુષ્ય સહેજે ૨૦૦ વર્ષનું થવાનું છે પણ જીવનની પ્રસન્નતા જ નહીં હોય તો આ બસ્સો વર્ષ દુઃખી થઈને જીવવામાં શો ફાયદો? યે ભી કોઈ જીના હૈ લલ્લુ..?! જેવો ઘાટ થશે. આ આયુષ્ય સાથે આનંદ પણ મળે તેવું થવું જોઈએ. હા, આનંદ આયુષ્યમાં ઈનબિલ્ટ હોવો જોઈએ. અને તે ક્ષમતા માત્ર શિક્ષણ પાસે જ છે. આથી આપણે સૌએ ચિંતા શિક્ષણની કરવાની છે.

શિક્ષણ દ્વારા મૂળે તો આત્માનું શિક્ષણ કરવાનું છે. એક એવા શિક્ષણની જરૂર ઊભી થઈ કે જે યોગ, ઉદ્યોગ અને સહયોગ દ્વારા સંવેદનાઓના સંસ્કારનું સિંચન કરતું હોય, વિજ્ઞાન અને આધ્યાત્મનો સમન્વય સાધી આપતું હોય, મનુષ્યમાં રહેલા મનુષ્યત્વને ઉજાગર કરતું હોય, માનવતાને પ્રગટાવતી અનુકંપા પેદા કરતું હોય, સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે સંવાદ રચી આપી સ્થાયી વિકાસની સમજ આપતું હોય, સંશ્લેષણ અને વિશ્લેષણ કરતા શીખવીને સારાસારનો વિવેક શીખવતું હોય, જીવાતા જીવન સાથેનો અનુબંધ સાધી શકતું હોય, જીવાતા જીવનના પ્રશ્નોને ઉકેલી આપતું જીવનલક્ષી હોય, શ્રમિકો પ્રત્યે આદર અને વૃદ્ધો પ્રત્યે સદ્ભાવ વધારતું હોય, ધનને નહીં પણ જીવનને સંપત્તિ માનતું હોય, સમાજ પ્રત્યે ઋણભાવ અદા કરવાનું ડહાપણ આપતું હોય, સુખ અને દુઃખ વહેંચવાનું શીખવતું હોય, ઘસાઈને ઊજળા થવાનાં સેવાકીય વલણોને વિકસાવતું હોય, સમૃદ્ધિને સમરસ કરવાનું વ્યવસ્થાપન શીખવતું હોય અને આ ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાને આદર આપતા શીખવતું હોય અને વિદ્યાને સદ્વિદ્યામાં ફેરવતું હોય તેવા બત્રીસલક્ષણા શિક્ષણની જરૂર છે!!

આવા શિક્ષણની ખોજ માટે આપણે સૌએ 'ખોજી' થવાનું છે, પ્રયત્ન કરવાનો છે. આવો એક પ્રયત્ન એટલે આપના હાથમાં રહેલો વિશેષાંક 'સ્વાધ્યાય'.

સલામ મનસુખભાઈ સલ્લાને...

— [signature]

## સંપાદક પરિચય...

**મનસુખ સલ્લાઃ માનવતાના કેળવણીકાર અને સમાજ ઉત્કર્ષના સાહિત્યકાર**

ગુજરાતમાંના નખશીખ ગાંધીજનો પૈકી એક મનસુખભાઈ એટલે શિક્ષક, કેળવણીકાર, સાહિત્યકાર, કર્મશીલ, ઉત્તમ વક્તા અને બીજું ઘણું ઘણું. એમને જ્યારે મળીએ ત્યારે શાંતિનો અનુભવ થાય.

મૂળે તો મનસુખભાઈ સોની. તેમનો જન્મ બીજી નવેમ્બર, ૧૯૪૨ના રોજ થયો. પિતાનું નામ મોહનલાલ અને માતાનું નામ વિમળાબહેન. તેઓ પાંચ વર્ષના હતા ત્યારે પિતાનું નિધન થયું. આત્મસ્વમાની, મહેનતુ અને કોઠાસૂઝથી છલોછલ માતાએ વિપરીત સંજોગોનો મક્કમતાથી સામનો કરીને મનસુખભાઈનો સરસ ઉછેર કર્યો.

સાત ધોરણ સુધી મનસુખભાઈ વતન નેસડીમાં ભણ્યા. ત્યાર પછી ખડસલી લોકશાળામાં ભણવા ગયા. લોકભારતીનો પહેલો ફાલ શિક્ષકો સ્વરૂપે આવેલો એટલે ઉત્સાહ અને ઊર્જાથી તરબતર યુવા શિક્ષકો હતા. ત્યાંથી લોકભારતી-સણોસરામાં ભણ્યા અને નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકરભાઈ, નટવરલાલ બૂચ જેવા શિક્ષકોના હાથ નીચે ઘડાયા. ૧૯૬૩માં સ્નાતક થઈને એમ.એ. કરવા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદની વાટ પકડી.

શિક્ષક જ બનવું અને તે પણ કૉલેજમાં એ નક્કી હતું. ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રથમ આવ્યા બાદ એક વર્ષ આંબલામાં શિક્ષક તરીકે રહી તેઓ લોકભારતી-સણોસરા આવ્યા અને ૧૯૬૭થી ૧૯૮૨ સુધી અધ્યાપક અને ૧૯૮૨થી ૨૦૦૩ સુધી ૨૧ વર્ષ લોકભારતી-સણોસરામાં આચાર્ય તરીકે ફરજ બજાવી. સાથે સાહિત્ય પરિષદના વહીવટી મંત્રી, સેનેટ, સિન્ડિકેટ કે એકેડેમિક કાઉન્સિલના સભ્ય, સાહિત્ય અકાદેમી-નવી દિલ્હીના ગર્વનિંગ બોડીના તેમ જ નેશનલ બુક ટ્રસ્ટ-દિલ્હીની ગુજરાતીની સલાહકાર સમિતિમાં સભ્ય થયા.

૨૦૦૩થી તેઓ અમદાવાદ રહે છે. દીકરા નિશીથે લોકભારતી-સણોસરામાંથી બી.આર.એસ. કરીને કમ્પ્યૂટરમાં વિશેષ અભ્યાસ કર્યો છે અને દુબઈમાં સ્થાયી થયા છે. દીકરી માધવીબહેન સર્વોદય અગ્રણી જગદીશ શાહ અને મંજુલાબહેનના દીકરા ડૉ. ભરતભાઈ શાહ સાથે જીવનસાથી તરીકે જોડાઈ વડોદરા-ગોત્રી સ્થિત વિનોબા આશ્રમમાં આવેલા નિસર્ગોપચાર કેન્દ્રના વ્યવસ્થાપક છે. બીજાં દીકરી સ્વાતિબહેન ગાંધીજન યુગલ તરલાબહેન-બાબુભાઈ શાહ(વેડછી)ના દીકરા ઉર્વિનભાઈ શાહ સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં છે અને કાકરાપાર (વ્યારા)માં પ્રિ. પ્રાથમિક શાળા ચલાવી રહ્યાં છે.

મનસુખભાઈએ સાહિત્યમાં પણ અત્યંત સુંદર કાર્ય કર્યું છે. 'હૈયે પગલાં તાજાં', 'માણસાઈની કેળવણી', 'અનુભવની એરણ પર પુસ્તક', 'તુલસીક્યારાના દીવા'(નર્મદ ચંદ્રક)જેવાં કુલ ૧૮ પુસ્તકો તેમણે લખ્યાં છે, જેમાંના કેટલાંક પુરસ્કૃત થયાં છે. શિક્ષણક્ષેત્રે પણ પ્રતિષ્ઠિત સન્માનો મેળવ્યાં છે. ગાંધી-૧૫૦ના વર્ષમાં તેમણે લખેલું 'ગાંધીઃ દુનિયાની નજરે' ઉત્તમ અભ્યાસ ગ્રંથ છે.

મનુભાઈ પંચોળી 'દર્શક' કહેતા કે સાહિત્ય અને શિક્ષણ એ તો સમાજની બે આંખો છે. મનસુખભાઈએ સમાજની આ બન્ને આંખોની માવજત કરીને તેને 'દૃષ્ટિ' આપવાનું સફળ કામ કર્યું છે. મનસુખભાઈનું વિદ્યાતપ, શબ્દનિષ્ઠા સાથેનું તેમની સાહિત્ય-સર્જન, કર્મશીલ તરીકેનું તેમનું દાયિત્વ, જાગૃત નાગરિક તરીકેની તેમની નિષ્ઠા અને ભૂમિકા... આ બધું તેમને મૂઠી ઉંચેરા બનાવે છે.

**- રમેશ તન્ના**

## સંપાદકીય...

કોડિયુંનાં ૭૫ વર્ષ નિમિત્તેના વિશેષાંક 'સ્વાધ્યાય'નું સંપાદન કરવાનું અરુણભાઈ દવેનું નિમંત્રણ મળ્યું એ આવકાર્ય જ હોય, સ્વીકારવાનું જ હોય. આ મારું ગમતું કામ પણ ખરું. એમાં કેટલા કોઠા વટાવવા પડશે એની પ્રારંભે ખબર નહોતી. વિષય પસંદગી અને લેખક પસંદગીના કોઠા સહેલાઈથી વટાવ્યા. પરંતુ લેખો મેળવવાનો સાવ નોખો અનુભવ થયો. મારા ધૈર્યની કસોટી પણ થઈ. આવેલી સામગ્રીનું સંપાદન અને નિમંત્રિત લેખકો પાસેથી લેખ મેળવવામાં ભિન્નતા હોવા છતાં આ વિશેષાંકમાં મુકાયેલા લેખો અનેક દૃષ્ટિએ સંતૃપ્તિ આપનારા છે.

ખ્યાલ એવો હતો કે સૈદ્ધાંતિક-મૂલ્યલક્ષી લેખોનું અને વ્યવહારના-પ્રક્રિયાના પ્રશ્નોને ચર્ચતા લેખોનું સમતોલન જાળવવું. લેખકોને વિષયમાં મોટી-જાડી રેખાઓ આપી હતી. કયા કયા રંગ પૂરવા એનું તેમને સ્વાતંત્ર્ય હતું જ. સમગ્રપણે કહી શકું કે તમામ લેખકોએ શિક્ષણના જે તે પ્રશ્નને સર્વાંગી રીતે, એના વધુમાં વધુ પાસાં ખૂલે એવી રીતે અને વાચકને વિચારવા પ્રેરે એવી રીતે પોતાનું લેખન કરેલું છે. તમામ લેખોને એક સાથે વાંચનાર વાચક અનુભવી શકશે કે અહીં ભારતીય શિક્ષણની મર્યાદાઓની વાત થઈ છે એથી વધુ એના ઉપચારની વાત થઈ છે. ઉકેલો અને માવજતની અનેક વાતો એવી છે જેનો અમલ સુકર છે. જરૂર છે સંકલ્પપૂર્વક અમલ કરવાની. વાચક એ પણ પ્રમાણી શકશે કે જો રાષ્ટ્રને સર્વાંગી રીતે સમૃદ્ધ કરવું હોય અને મૂલ્યની ભોંય પર સ્થિર કરવું હોય તો આ તત્ત્વોને અપનાવ્યા વિના છૂટકો નથી. એ દૃષ્ટિએ આ ૨૧ લેખો શિક્ષણ સ્વરૂપ અને પ્રક્રિયાની પાયાની વિચારણા કરનારા સિદ્ધ થાય છે.

શિક્ષણ એવું ક્ષેત્ર છે જેનાં મૂળ ભૂતકાળમાં હોય છે, અમલ વર્તમાનમાં હોય છે અને ફળ ભવિષ્યમાં આવનારાં હોય છે. એટલે આ ત્રણે પરિમાણો વચ્ચે ઐકય, સંવાદિતા અને સહજતા હોવાં જોઈએ. એ દૃષ્ટિએ પણ આ લેખો અવશ્ય દિશાનિર્દેશ કરનારા અને વિચારપ્રેરક છે. એ માટે સૌ લેખકોના અમે આભારી છીએ. એ ખબર જ હતી કે લેખકો બહુ રોકાણવાળા, અનેક ઘોડાના અસવાર છે. એમને માટે સ્વાધ્યાય-ચિંતન સુલભ હોય, પણ લખવા બેસવાની અનુકૂળતા મેળવવાનું સહેલું ન હોય. છતાં સૌએ સમય કાઢીને પોતાના અભ્યાસ અને ચિંતનનો લાભ આપ્યો એથી વિશેષાંકની ગુણવત્તા વધી છે. લોકભારતી-આંબલા અને તેના ગુરુજનો પ્રત્યેના આદરને કારણે આ શક્ય બન્યું છે એમ સમજું છું. એની સહર્ષ નોંધ લઉં છું.

નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર.બુચ, કાકાસાહેબ, આચાર્ય કૃપલાણી, ઉમાશંકર જોશી, અનિલ શાહથી લઈને અનેક વિચારકો અને લોકભારતીના અધ્યાપકોના ચિંતન-મનન- સ્વાધ્યાયની પ્રસાદી 'કોડિયું'માં પીરસાયેલી છે. એનું વિષયવૈવિધ્ય પણ અપાર છે. એમાં આવા વિશેષાંકો સ્વાધ્યાય અને ચિંતનના સઘન ઉપક્રમો બની રહેતા હોય છે. એમાં વિવિધ લેખકો હોવાથી દૃષ્ટિકોણનું વૈવિધ્ય જળવાયું છે અને સમગ્રપણે શિક્ષણ વિષયક ચિંતનનું મેઘધનુષ રચાયું છે.

ગુજરાતની બધી યુનિવર્સિટીઓમાં જે શક્ય નથી બનતું એવું વિદ્યાતપ ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા અને લોકભારતી ગ્રામવિદ્યાપીઠે સાતત્યથી ૭૫ વર્ષ કર્યું છે, એની ગુજરાત સહર્ષ નોંધ લઈ શકે એમ છે. કોઈપણ શિક્ષણ સંસ્થાના પ્રદાનનું મૂલ્યાંકન કરવામાં એના વિદ્યાતપના પરિણામસ્વરૂપ આવી ચિંતન સામગ્રી કેટલી રજૂ થઈ એ મહત્ત્વનું પાસું ગણાય. લોકભારતીના મહત્ત્વના પ્રદાન સ્વરૂપે 'કોડિયું'નું મૂલ્યાંકન એમ.એડ્. અને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે રાહ જોઈ રહ્યું છે. એ રીતે 'કોડિયું'ની સમૃદ્ધ પરંપરાના ઉત્કર્ષ રૂપે ચાર વિશેષાંકો પૈકીનો આ 'સ્વાધ્યાય' વિશેષાંક વાચકો માટે મનનીય વિચારભાથું પૂરું પાડનાર અંક બની રહેશે તેવી આશા છે.

મારા પર મૂકેલ વિશ્વાસ માટે, ખરા ઊતરવા મેં પૂરતો પ્રયત્ન કર્યો છે. સોનલ પરીખ, વિશાલ ભાદાણી, પ્રશાંત મહેતા અને હસમુખભાઈ દેવમુરારિએ આ પ્રકાશનના-સંપાદનના દરેક તબક્કે કરેલ ભરપૂર મદદની વિશેષ ભાવે નોંધ લઈ મારો રાજીપો વ્યક્ત કરું છું.

**- મનસુખ સલ્લા**

## ૦૧. યુગ-પરિવર્તન અને શિક્ષણ

રોહિત શુક્લ

'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' એ ત્રણે શબ્દો અર્થસભર છે. એ ત્રણેને જ્યારે ભેગા કરીએ ત્યારે પણ વ્યાકરણના સમાસના સંદર્ભ મુજબ દૃષ્ટિકોણ બદલાય છે. આ અંગે સ્પષ્ટ થવું જરૂરી ગણાય.

'યુગ' એટલે શું? મહાભારત કાળમાં ત્રેતાયુગ પૂરો થયો અને હવે 'કળિયુગ' ચાલે છે એમ કહેવાનો કોઈ ખાસ અર્થ નથી. સતયુગમાં જો શિક્ષણ બરાબર ચાલ્યું હોત તો કળિયુગ આવ્યો જ ન હોત- તેવી દલીલ નિરર્થક વિતંડા છે. આટલા બધા મોટા પને વિચારવાની જરૂર નથી. સાહિત્યના ક્ષેત્રે 'પંડિત યુગ', 'ગાંધી યુગ' જેવા શબ્દપ્રયોગો થાય છે. ઈતિહાસમાં પણ મધ્યકાળ, આધુનિક કાળ એવા શબ્દપ્રયોગો થાય છે. આ લેખ પૂરતો 'યુગ'નો અર્થ 'સમાજ-જીવનમાં આવતું આમૂલાગ્ર પરિવર્તન' એવો કરીશું.

તરત બીજો મુદ્દો 'પરિવર્તન'ની વ્યાખ્યાનો ઊભો થાય છે. પરિવર્તન અથવા બદલાવ ઘણીવાર અલ્પ માત્રામાં અને નજરે ન ચઢે તેવું ઝીણું પણ હોઈ શકે. પણ, ટૂંકાગાળામાં મોટું પરિવર્તન થાય ત્યારે ક્રાંતિ થઈ ગણાય. વળી, પરિવર્તન હંમેશાં સારું કે ખોટું ગણાવી શકાય. અસ્પૃશ્યતા દૂર થાય તે વાંછનીય પરિવર્તન છે. પરંતુ ઘણા સવર્ણો તેને 'સારું' ગણતા નથી. પરિવર્તન માટે આર્થિક, સામાજિક અને ધાર્મિક ઉપરાંત ટેક્નૉલૉજી પણ જવાબદાર પરિબળ છે. પ્રત્યેક ધર્મ આગળના સમાજમાં પરિવર્તનો આણે છે. ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મની સ્થાપના વચ્ચે માત્ર સાતસો વર્ષોનું જ અંતર છે. પરંતુ આજે તે જગતમાં સૌથી વધુ અનુયાયીઓ ધરાવતા ધર્મો છે.

'શિક્ષણ' શબ્દની અડોઅડ બે શબ્દો છે. તાલીમ અને કેળવણી. ત્રણેને એકબીજાના પર્યાય તરીકે વાપરવા ન જોઈએ. પછી 'શિક્ષણ' પણ શાળેય, ઔપચારિક, સમાજગત અને અનૌપચારિક હોઈ શકે. આ બાબતે સાવધાની જરૂરી ગણાય.

છેલ્લો મુદ્દો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' એ ત્રણે શબ્દો વચ્ચેના વ્યાકરણલક્ષી-વિભક્તિ અંગેના-અનુબંધનો છે. જો 'યુગ', 'પરિવર્તન' અને 'શિક્ષણ' કહીએ તો 'યુગ', 'પરિવર્તન'ના કારણે 'શિક્ષણ ઉપર અસર' વિચારબિંદુ બને તેમ છે. શિક્ષણ કારક છે કે પરિણામ, તે મુદ્દો બને. યુગ પરિવર્તન માટેનું શિક્ષણ એમ કહીએ ત્યારે શિક્ષણની પદ્ધતિ દ્વારા યુગ પરિવર્તનનો સહેતુક પ્રયાસ ચિત્રમાં આવે છે.

૧૯૨૦માં ગાંધીજીએ અમદાવાદમાં 'ગૂજરાત વિદ્યાપીઠ' સ્થાપી. પોતાના આ કાર્યને તેમણે 'એક વણિક દ્વારા થયેલા ઋષિકાર્ય' સાથે સરખાવ્યું. વિદ્યાપીઠ, લોકભારતી, વેડછી, વગેરે જેવી સંસ્થાઓએ શિક્ષણ દ્વારા યુગપરિવર્તનની દિશાનાં કાર્યો કર્યાં છે. 'ઝાડનાં પારખાં ફળ ઉપરથી' એ લઘુ પુસ્તિકાઓ દ્વારા આ ગાંધી શિક્ષણસંસ્થાઓ દ્વારા સમાજની માવજત અને નવરચનાનો પરિચય સાંપડે છે.

૧૯૬૬-૬૭માં ચીનમાં માઓ-ત્સે-તુંગે 'સાંસ્કૃતિક ક્રાંતિ' માટે દેશની તમામ યુનિવર્સિટીઓ બંધ કરાવી દીધી. દેશભરના યુવાઓ સામ્યવાદી વિચારોના પ્રચાર માટે ગામેગામ પહોંચી ગયા. પુરાતનકાળના દાખલા લઈએ તો સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચાર માટે વિદેશોમાં પણ ધર્મપ્રચારકો મોકલ્યા. તેના માંડ બસો વર્ષમાં પુષ્યમિત્રે ભારતમાં બૌદ્ધોને શોધી શોધીને મારી નાંખ્યા. હિટલરે

યહૂદીઓની કતલ કરાવી તો આજે ઈઝરાયેલ અને આરબ વચ્ચેના યુદ્ધો રોજની વાત બની ચૂકી છે.

બીજી તરફ ૧૮૩૦થી ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો. વરાળ યંત્ર, કન્વેયર બેલ્ટ, કમ્પ્યૂટર અને આર્ટિફિશિઅલ ઇન્ટેલિજન્સ- એવી ચાર ઔદ્યોગિક ક્રાંતિઓમાંથી દુનિયા પસાર થઈ છે.

ધર્મો દ્વારા અપાતું શિક્ષણ માનવમાત્ર માટે શાતાકારક બનવાને બદલે યુદ્ધખોર, ક્રૂર અને હિંસાત્મક બની રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિઓ માટેનું અને તેના ફળસ્વરૂપે નીપજેલું શિક્ષણ અસમાનતા, શોષણ, યુદ્ધ અને બેહાલી વધારનારું બની રહ્યું છે. ૧૮૯૦માં યુરોપના ધનવાન દેશોની સરાસરી માથાદીઠ આવક ૨૫૦ ડોલર હતી. ૨૦૨૧માં લગભગ સવાસો વર્ષમાં તે લગભગ એક લાખ ડોલરે પહોંચી સવાસો વર્ષમાં આવક લગભગ ચારસો ગણી વધી. છતાં, જગતમાં આજે પણ પાયાનું શિક્ષણ સૌને માટે હાથવગું નથી. જે શિક્ષિત છે તેમની પાસે રોજગાર નથી. જેમની પાસે શિક્ષણ અને રોજગાર બન્ને છે તેમની પાસે માનવલક્ષી સંવેદનાઓ નથી. અંગ્રેજોએ ભારતમાંથી ઠગ અને પિંઢારાઓનો ત્રાસ દૂર કર્યો. આજે આ જ લક્ષણ ધરાવતા લાખો લોકો કાર્યરત છે. શિક્ષણ કોનું થયું, શા હેતુથી થયું અને તેના સામાજિક અનુબંધ વિક્સાવવામાં શો ઉપયોગ થયો તે સવાલો તરફ લક્ષ આપવું રહ્યું. ધર્મ અને ટેક્નૉલૉજીએ યુગો તો બદલ્યા પણ માનવીય સંવેદના અને તાર્કિક વિચારણાનું પુનઃસ્થાપન હજુ બાકી છે.

તેથી જ શિક્ષણ દ્વારા યુગપરિવર્તન આવે તે દિશા સમાજે પકડવી પડશે. આ પ્રથાના મૂળતત્ત્વોનો અણસાર ગાંધી-વિનોબા-આંબેડકરના ત્રિદેવ(!) પાસેથી મળે તેમ છે. સવાલ એ છે કે પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણના શિખરે પહોંચતા સુધીમાં ભણાવાતા વિવિધ અભ્યાસક્રમોમાં સ્વદેશી વિચારકો અને કર્મશીલોના 'પાઠ' અભ્યાસક્રમોમાં કેટલા?

શિક્ષણ દ્વારા યુગપરિવર્તન થયાના બહુ દાખલા જગતમાં નજરે પડતા નથી. યુગપરિવર્તન થયા બાદ પણ તેના સંદેશા તથા કલ્ચરને ભાવિ પેઢીઓ માટે આત્મસાત કરાયાના દાખલા પણ ગણ્યા-ગાંઠ્યા છે. આનું કારણ એ છે કે શિક્ષણ સ્થાપિત હિતોના હાથમાં ચાલ્યું જાય છે. કોઈક મોટા ઉદ્યોગપતિ પોતે સ્થાપેલી કૉલેજો કે યુનિવર્સિટીમાં કાર્લ માર્ક્સને અભ્યાસક્રમમાં શું કામ રાખે? ક્રાંતિ, જ્ઞાનપ્રકાશ, યુગ, આધુનિકતા, સમાનતા, સ્વતંત્રતા, બંધુભાવ વગેરે જગતમાં છેક ૧૭૮૯થી વિચારની દુનિયાના ઘટકો છે. તેનું સ્થાન આજની ખાનગી યુનિવર્સિટીઓમાં કેટલું? આવો જ એક સાવ અણગમતો સવાલ એ પણ છે કે ગાંધી-પ્રણિત શિક્ષણસંસ્થાઓના વ્યવહારોમાં 'અગિયાર મહાવ્રતો'નું પાલન ખરું?

આમ નિરીક્ષણ હંમેશા દુઃખદાયક હોય છે. છતાં સવાલ તો ખરો જ ને! કોરોના સંકટ વેળાએ ગાંધીસંસ્થાઓએ ક્યાં, કેટલી અને કેવી કામગીરી બજાવી? આ કામગીરીના અનુભવો જ એકાદ શૈક્ષણિક સત્રના અભ્યાસક્રમરૂપે આકાર લઈ શકે?

શિક્ષણનો કેટલોક હિસ્સો પંડિતાઈ ઊભી કરવા વાસ્તે છે. અલબત્ત, ટેક્નૉલૉજી, એમ.બી.એ., વકીલાત, નર્સિંગ અને મેડિકલ, નામા પદ્ધતિ, વગેરેમાં વ્યવહારું અને પ્રવર્તમાન પરિસ્થિતિનું શિક્ષણ છે જ. પણ આ અભિગમ- અંગ્રેજીમાં જેને 'ફોલિંગ બિટ્વીન ટુ સ્ટૂલ્સ' કહીએ તેના જેવો છે. જે તે વિષયના નિષ્ણાંતને સામાજિક રચના, ફિલસૂફીનાં તત્ત્વો કે રાજકીય પ્રવાહો વિશે ભાગ્યે જ કશી ખબર પણ હશે.

યુગ પરિવર્તન માટેનું શિક્ષણ ભાગ્યે જ કોઈ યુનિવર્સિટીમાં ભણાવાયું હશે! ફ્રાંસની સોબોર્ન યુનિવર્સિટીના પ્રોફેસર જ્યાં પોલ સાર્ત્ર દ્વારા વિદ્યાર્થીઓનું જે 'શિક્ષણ' થયું તેને કારણે સમાજમાં સમાનતાલક્ષિતા તરફ ધ્યાન ખેંચાયું.

આપણા શિક્ષણમાં ભગતસિંહ, રાજગુરુ, બિસ્મિલ,

બોઝ, પૃથ્વીસિંહ આઝાદ, વગેરે તો નથી જ, આંબેડકર અને વિનોબા પણ અલ્પ પ્રમાણમાં છે. જે મેકોલે સામેના વિકલ્પરૂપે શિક્ષણની કલ્પના થઈ તે હવે સવાઈ મેકોલે બની ચૂક્યું છે.

યુગપરિવર્તન માટે નહીં પણ તે ઉદ્દેશ્ય સાથે શિક્ષણ આપવાનો વિચાર સારો છે પણ વ્યવહારનું ચિત્ર આઘાત પમાડે તેવું છે. ખાનગી સંચાલકોની નફાખોરી, શિક્ષકોની અછત, શિક્ષકોની પોતાની અ-ક્ષમતા અને બેદિલી, અભ્યાસક્રમોની કાળબદ્ધતા અને સંદર્ભહીનતા, વાસ્તવિક જીવન તરફ નિર્લેપભાવ, માત્ર નોકરી માટે શિક્ષણ, સંસ્કારના નામે પુરાતન અને ઘસ્યા-પીટ્યા વિચારો... આ બધું ભેગું કરીએ એટલે શિક્ષણ! સંવેદનાનું ઘડતર, માનવીયતા, તર્કબુદ્ધિ-વિવેક, જ્ઞાનની પદ્ધતિઓ, સંશય અને સંશોધનાત્મકતા, વૈચારિક તત્ત્વબોધ... આ બધું માર્યું માર્યું ફરે છે. આપણે પંડિતાઈભર્યા વેદના શિક્ષણ તરફ વળ્યા. પણ હાંસિયામાં ધકેલાતા માનવસમુદાયો તરફની સંવેદના ગુમાવતા ગયા!

**ધર્મો દ્વારા અપાતું શિક્ષણ માનવમાત્ર માટે શાતાકારક બનવાને બદલે યુદ્ધખોર, ક્રૂર અને હિંસાત્મક બની રહ્યું છે. ઔદ્યોગિક ક્રાંતિઓ માટેનું અને તેના ફળસ્વરૂપે નીપજેલું શિક્ષણ અસમાનતા, શોષણ, યુદ્ધ અને બેહાલી વધારનારું બની રહ્યું છે...**

સોળમી સદીથી, જ્યાં ભારતમાં મોગલ શાસન શરૂ થયું ત્યાં યુરોપમાં જ્ઞાનપ્રકાશ યુગના મંડાણ થયા. ભારતની સંસ્કૃતિ તો વેદ-ઉપનિષદની, છતાં કેપ્લર, કોપરનિકસ કે ગેલીલિયો અહીં કેમ ન પાક્યા? આર્યભટ્ટ એક નાના દીવાની જેમ ટમટમીને બુઝાઈ ગયા! આનું રહસ્ય જ શિક્ષણમાં છે. ઈ.સ. પૂર્વે ૩૦૦ની આસપાસ કણાદ ઋષિ થઈ ગયા. તેમણે વૈશાંષકની વિદ્યાશાખા શરૂ કરી. ન્યાય વૈશાંષક, સાંખ્ય અને યોગ, પૂર્વ અને ક્ષીર મીમાંસા, જૈન દર્શન, વગેરેમાં તત્ત્વશોધ, તાર્કિકતા, પદાર્થનાં લક્ષણો, વગેરેની અદ્ભુત ચર્ચા છે. ભારતની કોઈપણ યુનિવર્સિટીના સંશોધનની ફિલસૂફી અને પદ્ધતિના અભ્યાસક્રમમાં આ વેદ-ઉપનિષદકાલીન તત્ત્વબોધની પદ્ધતિનો સમાવેશ થઈ શકે તેમ છે. પરંતુ આપણી માનસિક ગુલામી તેમાં આડે આવે છે. શોપનહોવરે ઉપનિષદોનો અભ્યાસ કર્યો, નિત્સેએ તેને આગળ ધપાવ્યો, વિરગેન્સ્ટાઈન, સાર્ત્ર અને કામૂ સુધી(છેક ૧૯૮૦) સુધી તે લંબાયો. પણ આપણે જગતગુરુ શોધતા ફરીએ છીએ! ફિલસૂફીના ગણ્યા-ગાંઠ્યા રસિકો સિવાય તેમને જાણે છે જ કોણ!

ચાર્વાક(ચારુ+વાક્) મત બૃહસ્પતિ ઋષિએ રામાયણકાળ પહેલાં રજૂ કર્યો. રામાયણ અને મહાભારતમાં તેની ટીકાઓ છે. પણ આપણે તેની મૂળ સંહિતાને બાળી મૂકી. ચારુવાક્ મત પ્રત્યક્ષ પ્રમાણને જ સ્વીકારતો અને જન્મ-પુનર્જન્મ, કર્મ, અપ્રત્યક્ષ જ્ઞાન, જ્યોતિષ, ગૂઢવાદ વગેરેમાં માનતો ન હતો. સાર્ત્ર, કામૂ કે નિત્સે પણ તેમાં ક્યાં માને છે? ગેલીલિયો પણ ક્યાં માનતો હતો?

પંડિત નહેરુએ ભારતને 'સાયન્ટિફિક ટેમ્પર'નો વિચાર આપ્યો હતો. ભાખરા બંધ અને આઈ.આઈ.ટી.ની સંસ્થાઓને તેઓ 'મંદિર' ગણતા. પણ ગાંધી-વિનોબા-આંબેડકરની માનવતાલક્ષી સંવેદનાઓના વારસાની સાથે વૈજ્ઞાનિકતાના વિચારને પણ આરંભવાનો વારો આવ્યો છે.

હવે કદાચ શિક્ષણ દ્વારા યુગપરિવર્તન કરવાને બદલે સંવેદના, માનવીયતા અને તર્કવિવેક વગરનો યુગ આકાર લઈ રહ્યો છે. જેને તેની સૌથી પહેલી ભનક આવવી જોઈતી હતી, તે શિક્ષણ હાલ હાઈબરનેશનમાં સરી પડ્યું છે. હવે ચોથી ઔદ્યોગિક ક્રાંતિથી રચાતા જગતમાં જરૂરી એવા રોબોટ્સ સર્જીને પણ આપણે શિક્ષાનો મહાયજ્ઞ કરતા રહીશું! માણસને સ્થાને રોબોટ્સ હોય તે પણ 'યુગપરિવર્તન' જ ને!

યુગપરિવર્તન ક્યારે થયું ગણાય તે પણ એક મહત્ત્વનો સવાલ છે. અમૂલ ડેરી બની તે પહેલાં ભારતમાં દૂધની

ઉપલબ્ધિ અત્યંત અલ્પ હતી. ડેનમાર્ક, ન્યૂઝીલેન્ડ, વગેરે દેશો આપણને દૂધના પાવડરની ભેટ(દાન!) આપતા. આ સંજોગોમાં અમૂલ એક યુગપરિવર્તન જ ગણાય.

આવો જ સવાલ 'હરિયાળી ક્રાંતિ'નો છે. હરિયાળી ક્રાંતિને લીધે ભારતમાં અન્નમાં સ્વાવલંબન અને સુરક્ષા આવ્યા. સવાલ એ છે કે ૧૯૬૬માં તે ભારતમાં જ કેમ આવી? દેશનું વિભાજન થયું ત્યારે પાકિસ્તાનમાં ગયેલા પંજાબનાં ખેતરો મોટા કદનાં હતાં અને સિંચાઈ પણ વધુ હતી. પાકિસ્તાનનું પંજાબ 'ઘઉંનો કટોરો' ગણાતું. છતાં હરિયાળી ક્રાંતિ ભારતમાં થઈ; પાકિસ્તાનમાં નહીં! અભ્યાસીઓએ શોધી કાઢ્યું છે કે આ માટે માત્ર ટેક્નૉલૉજીની શોધ જ જવાબદાર ન હતી. ભારતીય પંજાબમાં ખેડૂતો કમ-સે-કમ, પ્રાથમિક શિક્ષણ ધરાવતા હતા. આથી ખેતીની નવી ટેક્નૉલૉજી કેવી રીતે પ્રયોજવી તે અંગેના છાપેલા ચોપાનિયાં તેઓ સમજી શક્યા; ટેક્નૉલૉજીના ઉપયોગ સાથે શિક્ષણનો મેળાપ ચમત્કારિક બન્યો. શિક્ષણ દ્વારા થયેલું આ પણ યુગપરિવર્તન જને!

જાપાનમાં પણ પ્રાથમિક શિક્ષણે એ યુગપરિવર્તન સાધી બતાવ્યું છે. ઈ.સ.૧૮૬૮માં જાપાનમાં, રાજકીય, સામાજિક તથા આર્થિક સુધારા થયા. તેની પાછળ પણ લોકોને અપાયેલું સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ જવાબદાર છે.

ગેરી બેકર જેવા ઘણા અર્થશાસ્ત્રીઓએ શિક્ષણ દ્વારા માણસના અને સમાજના આર્થિક લાભોની પણ ગણતરી કરી બતાવી છે. ગરીબો, પછાત સમૂહો, સ્ત્રીઓ વગેરેને શિક્ષણ અપાય તો યુગપરિવર્તન માટેની બિછાત તૈયાર થતી જાય તે એક નિર્વિવાદ હકીકત છે. શિક્ષણ લેનાર વ્યક્તિને પોતાને તો ફાયદો થાય જ પણ શિક્ષિત વ્યક્તિઓ દ્વારા સમગ્ર સમાજને ફાયદો જ થાય છે. અમૂલ, હરિયાળી ક્રાંતિ અને મૈજી રિસ્ટોરેશન(જાપાન) તેનાં ઉદાહરણો છે. અન્યાયને ઓળખવો, ન્યાય માટે સંઘર્ષ કરવો, સમાનતા અને સજાગતા કેળવવી-આ બધુંય યુગપરિવર્તનના પાયામાં રહીને ઝીણું ઝીણું કામ કર્યા જ કરે છે.

યુગો તો હંમેશા પરિવર્તન પામતા જ રહેવાના. કોઈક યુગમાં વેદોનું અધ્યયન જ મુખ્ય હતું. હવે આ ક્ષેત્રમાં ખાસ રુચિ જણાતી નથી. અંગ્રેજીના જેટલું સ્થાન હવે સંસ્કૃતનું નથી. ધનિક કે સત્તાધીશના જેટલું માન વિદ્વાનનું નથી. યુગ જ્યારે બદલાય છે, ત્યારે મૂલ્યનાં ધોરણો જ બદલાઈ જાય છે. માત્ર શિક્ષણ દ્વારા આ ક્ષેત્રે ભાગ્યે જ કાંઈક હાંસલ કરી શકાય.

યુગના પરિવર્તનને સાચી દિશા અને ગતિ આપવા માટે કેળવણીની જરૂર છે. વર્ગખંડોમાં અભ્યાસક્રમો 'પૂરા કરવામાં' કે ટ્યૂશન વર્ગોમાં ગોખણપટ્ટી અને આઈ.એમ.પી. કરાવવામાં મૂલ્ય બોધને કોઈ જ સ્થાન ન હોઈ શકે.

યુગ સમસ્તના વૈચારિક પ્રવાહોમાં શિક્ષણની ભૂમિકા બહુ મહત્ત્વની હશે એમ ધારી લેવામાં જોખમ છે. સમાજ એકંદરે જે વિચારો લઈને ચાલે છે તે શિક્ષણેતર માર્ગોથી વધુ પ્રભાવિત થતા રહે છે. ધર્મ પોતે એક આવી પ્રભાવક વ્યવસ્થા છે. પરંતુ ધાર્મિક શિક્ષણ આપતી પાઠશાળાઓ કે મદરેસા કે ચર્ચને કારણે કોઈ મોટાં પરિવર્તનો આવ્યાં નથી. દુનિયામાં અગણિત ફિલસૂફો પણ થઈ ગયા. ઘણી યુનિવર્સિટીઓ કે કૉલેજોમાં આવી ફિલસૂફીઓ ભણાવાઈ. તેથી જે તે સમાજની વિચારશક્તિ અને સંવેદનશક્તિ વધ્યાં; પણ કોઈ યુગપરિવર્તન નજરે ન ચઢ્યું.

આમ છતાં, શિક્ષણ હળવા પણ મક્કમ ડગલાં ભરીને વિશાળ પરિવર્તનોની ભૂમિકા બાંધી આપે છે તે નક્કી. આ બાબતે ત્રણેક દાખલા તરત નજરે ચઢે તેમ છે.

૧. ૧૯૬૬માં પેરિસની સોબોર્ન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સમાનતાલક્ષી સમાજ માટેની લડત ઉપાડી. તેના નેતા તરીકે જ્યાં સાર્ત્ર હતા, જે સામ્યવાદી વિચારો ધરાવતા હતા. જો કે ફ્રાન્સમાં સામ્યવાદ આવ્યો નહીં. પણ સમાજની સંવેદનાઓ બદલાઈ ખરી.

૨. ગુજરાતમાં જ ૧૯૭૪ના નવનિર્માણના આંદોલનમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો મોખરે હતા. જો

કે પાછળ દોરીસંચાર રાજકીય પક્ષોનો હતો; પરંતુ તે પછી જે.પી. આંદોલન ચાલ્યું. નવનિર્માણના આંદોલનને કારણે ન તો આર્થિક અસમાનતા ઘટી અને ન કોઈ ગરીબ તરફી નીતિઓ વધુ પ્રભાવક બની.

**યુગ સમસ્તના વૈચારિક પ્રવાહોમાં શિક્ષણની ભૂમિકા બહુ મહત્ત્વની હશે એમ ધારી લેવામાં જોખમ છે. સમાજ એકંદરે જે વિચારો લઈને ચાલે છે તે શિક્ષણેતર માર્ગોથી વધુ પ્રભાવિત થતા રહે છે. આમ છતાં, શિક્ષણ હળવા પણ મક્કમ ડગલાં ભરીને વિશાળ પરિવર્તનોની ભૂમિકા બાંધી આપે છે તે નક્કી...**

૩. ચીનમાં માઓએ યુનિવર્સિટીઓ બંધ કરાવીને વિદ્યાર્થીઓ દ્વારા સાચા સામ્યવાદની સંસ્કૃતિના ફેલાવાનો માર્ગ લીધો. તે પણ સફળ ન થયો.

સવાલ એ છે કે ગાંધી વિચાર અને તેના રંગે રંગાયેલા ગુણીજનો દ્વારા સમાજમાં કેટલું કામ થયું? આ સવાલનો ઉત્તર શોધવો જરૂરી છે પણ તે કામ સહેલું નથી. આઝાદી પછીના બે અઢી દાયકા સુધી ગાંધીવિચારનો જે પ્રભાવ વિકસ્યો તે પ્રથમ પેઢીના કર્મશીલોના અસ્ત પછી ચાલુ ન રહી શક્યો.

યુગપરિવર્તનની દિશાની પ્રમુખ રેખાઓ ખેંચીએ તો માંડ બે કે ત્રણ જ આવશ્યક મૂલ્યો જણાય છે. આ મૂલ્યોમાં માનવતાલક્ષિતા અને વૈજ્ઞાનિક ઢબની વિચારણા મુખ્ય છે. માનવતાલક્ષિતાને યુ.એન.નું પણ સ્પષ્ટ અનુમોદન છે. પરંતુ ખુદ ભારતમાં આ દિશાની ગતિ ખરી? ધાર્મિક ઝનૂન, પૂર્વગ્રહ, જાતિવાદ, આર્થિક સત્તા અને શોષણખોરી, સ્ત્રીઓની સ્થિતિ, સામાજિક ન્યાયનો બનાવટી મુખવટો, વગેરેને લક્ષમાં લઈએ તો સમજાશે કે શિક્ષણનું ખરેખર કામ તો આ દિશાનું છે. અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, વગેરે શહેરોમાં હિંદુ-મુસ્લિમ એક જ ભૌગોલિક વિસ્તારમાં સાથેસાથે રહેતા થાય તેને યુગપરિવર્તનો કહીશું? ભણેલી અને નોકરી કરતી સ્ત્રીને ઘરકામમાં, ઘરના અન્ય સભ્યો મદદ કરે તે પણ યુગપરિવર્તન જ ને!

માનવતાલક્ષિતાની આ સંવેદનશીલતાની સાથોસાથ, નેહરુ કહેતા તે-'સાયન્ટિફિક ટેમ્પર' પણ જોડવો પડે. દુનિયાભરમાંથી શીતળાનો રોગ દૂર થયો છે, છતાં શીતળા સાતમ શા માટે ઉજવાતી હશે? જૈનો કંદમૂળ ન ખાય પણ હિન્દુઓ મહાશિવરાત્રીના દિવસે માત્ર શક્કરિયાં-બટાકાં જ ખાય; આ સ્થિતિમાં પાપ, પુણ્ય, કર્મ, મોક્ષ, વગેરે સહિતના કેટલા બધા મુદ્દા ઊભા થાય છે! તેની કોઈ વૈજ્ઞાનિકતા ખરી?!

શિક્ષકનું કામ મુખ્યત્વે માનવતાલક્ષિતા અને વૈજ્ઞાનિક અભિગમ બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરતા રહેવાનું છે. આ કામ અનેક કારણોસર મુશ્કેલ બની રહે છે.

એક તો સરકાર પૂરતા પ્રમાણમાં શિક્ષકોની ભરતી જ કરતી નથી. બીજી તરફ શિક્ષક પોતે જ, કોઈકને કોઈક ધાર્મિક કે જાતિગત પૂર્વગ્રહોથી પીડાતા હોય છે. શિક્ષકો પોતે પણ જાતભાતના વહેમોથી સંક્રમિત હોય છે. 'મણિધર નાગ', 'નાગ દેવતા', 'નાગ દૂધ પીએ' વગેરેથી માંડીને અનેક પ્રકારના ચમત્કારોની કથાઓ શિક્ષકો વર્ગમાં સંભળાવતા હોય છે.

યુગપરિવર્તન માટે શિક્ષક, શિક્ષણની ઢબ, અભ્યાસક્રમો અને એકંદર સંચાલન ઉપર ધ્યાન આપવું પડશે. અન્યથા શિક્ષણ પણ સ્થાપિત હિતોના હાથની કઠપૂતળી બની રહેશે.

(રોહિત શુકલ : 'અભિદૃષ્ટિ' માસિકના તંત્રી, શિક્ષણ, અર્થશાસ્ત્ર, વર્તમાન પ્રશ્નોના નિર્ભિક આલોચક, વિનોબા સાહિત્યના ઊંડા અભ્યાસી.

૩૪૫, સરસ્વતીનગર, વસ્ત્રાપુર, અમદાવાદ, ૩૮૦૦૧૫, મો.7567227437

ઈમેઈલઃ shuklaswayam345@gmail.com )

## ૦૨. શિક્ષણની ચરિતાર્થતા માટે સમગ્રદર્શન

મહેન્દ્ર ભટ્ટ

સાલ હશે ૧૯૬૧. સ્થળ હતું અહલ્યાબાઈની ઇન્દોર નગરી. તે આવી ગંદી કેમ? સંડાસ ઈયળોથી ખદબદે. દુર્ગંધ અસહ્ય. રસ્તા ગોબરા. જાહેર સ્થળે સિનેમાના અશ્લિલ પોસ્ટરો. જાણે કામવાસનાનું, મનોવિકારનું ફરજિયાત મફત શિક્ષણ. અમદાવાદના ગાંધી આશ્રમમાં સંડાસ સફાઈનો આરંભ કરનાર બ્રાહ્મણ સંતને આ બધું અસહ્ય લાગ્યું. તેમણે યાત્રા થંભાવી અને જાહેર કર્યું કે અહીં એક સપ્તાહ મહાસફાઈ યજ્ઞ ચાલશે. નિષ્ણાતોની ટુકડી બોલાવી. શુદ્ધિયજ્ઞ મંડાયો. મહાયજ્ઞ આરંભાયો. સહુ પદયાત્રિકો જોડાયા. નગરજનો પણ ભળ્યા. દિલનો કોલ હતો. નગરને પવિત્ર બનાવવાની મહેચ્છા હતી. કોઈનો હુકમ નહોતો. રોજ સવારે બેત્રણ કલાક સફાઈ શ્રમયજ્ઞ ચાલે અને સાંજે એક કલાક પતંજલિ યોગસૂત્ર પર પ્રવચનો થાય, જેથી બહારની સાથે આંતરિક શુદ્ધિ પણ થાય. શુચિતા દ્વારા આત્મદર્શનનો અનોખો સફાઈ યજ્ઞ ચાલ્યો. ભળનાર સહુ પાવન થયા. જોનાર પ્રસન્ન થયા. વિગતો માટે રસિક મિત્રો હિન્દીમાં 'શુચિતા સે આત્મ દર્શન' વાંચી શકે, અને ગુજરાતીમાં 'સફાઈ સપ્તાહ' પુસ્તિકા જોઈ શકે. સંડાસ સફાઈ કરનાર હતા વિનોબાજી. તેઓ અસહ્ય ગંદકી જોઈ બેસી ન રહ્યા.

ભારતીય આરોગ્યગ્રંથોએ તન, મન અને ચિત્તની શુદ્ધિને મહત્ત્વની ગણી. તનની શુદ્ધિથી આરોગ્યવાન થવાય. મનની શુદ્ધિથી ચારિત્ર્યવાન થવાય. પણ ચિત્તની શુદ્ધિથી શું લાભ મળે? જ્ઞાનવાન થવાય. તન–મન–ચિત્તની કેળવણીનું સુંદર શાસ્ત્ર ભારતને પતંજલિનાં યોગસૂત્રરૂપે મળ્યું છે. શિક્ષણનો એ પાયાનો અને અદ્વિતીય ગ્રંથ છે. માનવે યોગમય જીવન જીવીને જ્ઞાનનાં, રહસ્યનાં અને ઉન્નત જીવનનાં અનેક દ્વારો ખોલી નાખ્યા છે. યોગ–ઉદ્યોગ અને સહયોગ મળીને સમગ્ર શિક્ષણનો પાયો બને છે. યોગ દ્વારા સામાજિક સંવાદિતા સ્થપાય. તેની વિગતોમાં પછીથી જઈશું. આ ત્રણેયની તાલીમ વ્યક્તિને પરિવારમાં મળવી જોઈએ. માનવને મળેલાં કારણો, તેણે વિકસાવેલાં ઉપકરણો અને તેણે સાધેલાં અંતઃકરણો વચ્ચે એવી સંવાદિતા સાધવાની છે કે જેથી વ્યકિતનું, પરિવારનું, સમાજનું અને સૃષ્ટિનું જતન સંવર્ધન લાંબા ગાળા સુધી થતું રહે. સત્યમ્–શિવમ્–સુંદરમ્ અનુભવાય.

આજની પિરામીડબદ્ધ શિક્ષણ વ્યવસ્થામાં એ શક્ય નથી. એનો અર્થ એ નથી કે જ્ઞાન–વારસામાં, એના વૈભવમાં એ દૈવત નથી. આપણો દુનિયાભરનો જ્ઞાન વૈભવ તો મહાસાગર છે. પરંતુ તેને પ્રયોજવાની જે રીતિ નીતિ અપનાવવામાં આવી છે તે ફેર વિચારણા માગે છે, નડતરરૂપ છે. તેમાં ફેરફારની તાતી જરૂર છે. કારણ કે પાયરીમાં વિભક્ત છે. અહમકેન્દ્રી સત્તાપાશથી ખદબદે છે.

હાલના શિક્ષણ પિરામીડની ટોચે અમુક વિશેષજ્ઞો છે.

મધ્યે કેળવાયેલા થોડા સહાયકો છે.

તળિયે અગણિત લોકો છે. જેમને અબુધ માની લેવામાં આવ્યા છે.

આવી પાયરીમાં વિભક્ત સમાજ માટેનું શિક્ષણ એ આજની કરુણા છે. બીજી કરુણા એ છે કે

થોડું ભણે એ કામ છોડે. (રોજીંદાં જીવનકાર્યો છોડે છે.)

ઝાઝું ભણે તે ગામ છોડે. (શહેરની વાટ પકડે.)

વિશેષ ભણે તે સમાજ/દેશ છોડે.

ઓછી મહેનતે વધુ કમાવવાના ઇરાદે આવું થાય છે. એટલે કે ભણેલા વર્ગની આકાંક્ષા કુદરત અને પરિશ્રમનો મધમીઠો આશરો છોડીને સોનાની ખાણની શોધ છે. તે વર્ગ

'પૈસો મારો પરમેશ્વર'ની હોડમાં જન્મારો વીતાવે છે. આ વર્ગને ઔદ્યોગિક ક્રાંતિની સહોદારી સામ્રાજ્યવાદી વિચારસરણીની કૂખેથી જે શિક્ષણની ખંડિત, પાયરીબદ્ધ અને અલગાવવાળી તરાહ વિકસી છે, તેને તે રુચી ગઈ છે. તેને તે પ્રેય માને છે પણ હકીકતે તે પ્રેય નથી, કારણ કે તે બહુજનને અવગણે છે. સહુનું કલ્યાણ કરનારી નથી.

કેન્દ્રિત પિરામીડની ટોચે બેઠેલા વિશેષજ્ઞો જ્યારે શિક્ષણની નીતિ—રીતિ ઘડે છે ત્યારે તેઓ મહ્દઅંશે અગણિત લોકોના જીવનનો ધબકાર ભૂલી જાય છે. પાયરીમાં કોનું— કયા— કેટલું— કેવું સ્થાન છે તે મુજબ તેને બેસાડવાની યાંત્રિક(નિષ્પ્રાણ) કોશિશ કરે છે. આ શિક્ષણની આ બીજી કરુણા છે.

કોઈને સવાલ એ ઊભો થાય કે તો પછી ગરીબવર્ગ આ ભણતર માટે કેમ ઝંખે છે ? કારણ સાફ છે. જીવનભર કાળજાતોડ મહેનત કરનાર વાલીઓ અબુધ પણ શ્રદ્ધાવાન છે. તેઓ એવાં સ્વપ્નો જુએ છે કે અમે તો ન ભણ્યા પણ અમારાં સંતાનો ભણશે તો તેમણે ગરીબાઈમાં જીવવું ન પડે. પરંતુ એમને ક્યાં ખબર છે કે આ પિરામીડ રચના અભેદ્ય છે! જ્યારે તે વર્ગમાં વિસ્ફોટ થાય છે ત્યારે રાજકર્તા મંડલ કમિશન બેસાડે અને પછી ...પાટીદારો, જૈન, બ્રાહ્મણો વગેરે પણ અનામતમાં પોતાને સ્થાન મળે તેવી માગણી મૂકવા લાગે— આ બધું ચાલુ શિક્ષણની કરુણા નહિ તો બીજું શું ?

આ કરુણાનો ઉકેલ શોધવાનો સમય હવે પાકી ગયો છે. પિરામીડને બદલે સમક્ષિતિજ વિસ્તરતા અને અગણિતને પોષતા તેમ જ માફકસરના સમગ્ર જીવનકેન્દ્રી શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તે માટે,

એક તો શિક્ષણનું એકમ વ્યક્તિ નહિ પણ પરિવાર બનાવવું. બીજું બાલમંદિર, વિનય મંદિર, ઉચ્ચ—ઉચ્ચતર એવા ખંડોમાં શિક્ષણને વિભાગવાને બદલે, અખંડ પરિવારને જ શિક્ષણનું એકમ ગણવું જોઈએ. પરિવારમાં અનેકવિધ પ્રવૃત્તિઓ સહજ રીતે અને વાસ્તવિક સ્વરૂપે થતી હોય છે. તે માટે કૃત્રિમ અવસરો ઊભા નથી કરવા પડતા. જેમ કે ગ્રામીણ પરિવાર ઉત્પાદકીય પ્રવૃત્તિ સાથે, સામાજિક કાર્યો સાથે, સંસ્કારસિંચન કાર્યો સાથે, ઉત્સવ પ્રસંગે લલિત કળાઓ સાથે, માંદગી સમયે સારવાર સુશ્રુષા સાથે, અતિથિઓની આગતા-સ્વાગતા સમયે, આવા દરેક તબક્કે સમગ્ર શિક્ષણના અવસરો સહજ-સુલભ છે. એટલે આ બધી પ્રવૃત્તિને જીવન-કેળવણી સાથે દૃષ્ટિપૂર્વક પ્રયોજી શકાય તેમ છે.

જો કે આપણે જીવનને અને સમાજને, મારક અને તારક તત્ત્વોને બરાબર પારખી લઈને, વિવેકપૂર્વક પ્રવૃત્તિની પસંદગી કરવી રહે. એમ કરીશું તો હાલમાં પિરામીડ મૉડેલે પેદા કરેલ ઘણી સમસ્યામાંથી સમાજને તેમ જ —અગણિતોને છુટકારો મળશે.

આ માહોલમાં પરિવારના આબાલવૃદ્ધ તમામ સભ્યોના ત્રિવિધ(યોગ, ઉદ્યોગ, સહયોગ)નો ક્ષેત્રવિકાસ થઈ શકે તેમ છે. વિનોબાજીએ શિક્ષણ વિચારમાં કહેલું કે શિક્ષિત વિદ્યાર્થી ઉદ્યમશીલ બને, અધ્યયનશીલ બને, ચારિત્ર્યશીલ બને તે અપેક્ષિત છે.

અહીં વેદકાલીન ગૃહરચનાની વાત યાદ આવી. વેદમાં એક સૂત્ર છે : ગૃહે ગૃહે દમે દમે સપ્ત રત્ના. અહીં ઘરના આગળના ભાગમાં જીવન જરૂરિયાતો પેદા કરવાનો હુન્નર ચાલે અને અંદરના ભાગે જીવન મૂલ્યોનું, સદ્‌ગુણ વિકાસનું શિક્ષણ અપાય. આવી તાલીમ જે ઘરે મળે તેવા ઘરમાં કોઈ બેકાર ન મળે, ન કોઈ ગુનેગાર મળે. તેવો સમાજ સુખ—શાંતિસભર હોય. શું આપણે પિરામીડને સ્થાને અગણિત લોકો માટે આવા સમક્ષિતિજ શિક્ષણની રીતિ—નીતિ ન ઘડી શકીએ તેવા બેસમજ છીએ ?

આવી રીતિ—નીતિ ઘડાય/પ્રયોજાય તો પરિવાર, સમાજ અને કુદરત વચ્ચે મૈત્રી બંધાય, સંવાદિતા સ્થપાય. પણ પિરામીડ મૉડેલમાં ફસાયેલા/બંધાયેલા આપણને નવું કાંઈ સૂઝતું નથી. બે ત્રણ વર્ષ પહેલાં એક ભાઈ આવ્યા, કહે, અમે આદિવાસી યુનિવર્સિટી સ્થાપવા માગીએ છીએ. તમે અહીં વર્ષોથી કામ કરો છો તો તમારો સહયોગ ઇચ્છીએ છીએ. અમે ૧૦ કરોડ રૂપિયા ખર્ચવાના છીએ. મેં પૂછ્યું

શેમાં? તો કહે ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં. એ ભાઈએ રાબેતા મુજબ પિરામીડ મૉડેલનું સ્વપ્ન સેવેલું. મેં કહ્યું આ આદિવાસી વિસ્તાર છે. છૂટાં છવાયાં ગામડાં છે.

પચાસેક હજારની વસ્તીવાળો ગ્રામવિસ્તાર પસંદ કરો. તેમાં આબાલવૃદ્ધ લોકો જીવે છે. તેમનાં ઘર છે. વ્યવસાય છે. રસ્તા છે. જળવ્યવસ્થા છે. વીજળી– પશુઓ– ખેતરો– જંગલો છે. જીવનના ઉત્સવો છે. સંસ્કાર વારસો છે. કૌશલ્યો છે. તેના આધારે નવતર યુનિવર્સિટી રચી શકાય. આવનાર ભાઈએ આવા પ્રતિભાવની અપેક્ષા નહિ સેવી હોય. તેઓ કહે મારા દાતાને આ વાત સમજાવીશ. કહી તે ગયા. પાછા ના આવ્યા. શું કહેવું પિરામીડબદ્ધ ઘેલછાને !

ooooo

પરિવારને શાળાનું એકમ બનાવીએ ત્યારે તેના ચાર ચરણ હશે : માટીધન, પરિવારધન, જીવનધન અને ગ્રામધન.

૧. માટીધન :

ધરતીમાતાને ભૂખી તરસી ન રાખવી. તે તમામ જીવસૃષ્ટિને પોષશે. તેનું પુરવઠાતંત્ર રોજરોજ નિર્માણ કાર્ય કરે છે. તેના કાયદા અને વિજ્ઞાન સમજીને કર્મયોગ આચરો. ખપ પૂરતી માપસરની(લોભવશ કે સંગ્રહવૃત્તિથી નહિ) ભૌતિક જરૂરિયાત મેળવો. આવો કર્મયોગ તે જ ઉદ્યોગ. રોટી– કપડાં–મકાન– ઔષધ– ઓજાર– ઊર્જા– જળ– રસાયણ વગેરે બધું તે આપશે. તે માટે નાની સોહામણી ટેક્નૉલૉજી અને પુનઃપ્રાપ્ય ઊર્જા વાપરવી. જેથી ન પ્રદૂષણ ફેલાય, ન વિષમતા. અગણિતો માટેની માફકસરની ટેક્નૉલૉજી પસંદ કરવાનાં ધોરણો કેવા હોય તે અકાદમી ઓફ સાયન્સના અમૂલ્યકુમાર રેડ્ડીએ નોંધ્યા છે અને નૈરોબી કોન્ફરન્સમાં રજૂ કરેલા. જિજ્ઞાસુઓએ તે જોઈ લેવા. તેવું જ અગણિતોને મદદરૂપ થાય તેવી સપ્તરંગી ઊર્જા પૈકી રહેલી છે, વિપુલ માત્રામાં કુદરતમાં સુલભ છે. સોનેરી સૂર્ય ઊર્જા, નીલી આસમાની કહેતા વાયુ અને વરસાદ–ઊર્જા, લીલી વસ્પતિ ઊર્જા, શ્વેત સસ્તન પ્રાણી–ઊર્જા, જમીનમાં રહેતા માઈક્રોબાયોની ભૂખરી ઊર્જા, આ છયે સુલભ છે. તેનો સંયમિત ઉપયોગ કરી શકાય. માટીધનના કર્મયોગના પહેલાં ચરણની અસર એ થશે કે નાના વસવાટક્ષેત્રે કોઈ બેકાર નહિ રહે અને જીવનની પ્રાથમિક જરૂરિયાતો ઘર આંગણે સુલભ થશે.

૨. પરિવારધનઃ

બીજું ચરણ તે પરિવારધન. ભારતભરની ગૃહિણીઓ, પશુપાલકો, કારીગરો, ખેડૂતો, મજૂરો, સંતો, ફકીરો વગેરે પાસે અનેકવિધ કૌશલ્યો અને સમજદારીનો ખજાનો છે. સંસ્કારોનો છૂપો પ્રવાહ એમાં વહે છે. ઔદ્યોગિક સભ્યતાએ એના પર સ્ટીમ રોલર ફેરવી દીધો છે. છતાં એ ધરતીમાં ધરબાયેલો છે. ફરી તેને ચેતનવંતો કરી શકાશે.

પરિવાર ગુણવિકાસનું ધરુવાડિયું છે. તે સંબંધોના પ્રેમ તાંતણે બંધાયેલો છે. તેમાં ચાર આશ્રમો સમાયેલા છે. અને અબાલવૃદ્ધ શિક્ષણનું એ વહેતું ઝરણું છે. સગા–સંબંધીઓનું હેતભર્યું નેટવર્ક છે. જેમ સજીવખેતીમાં પાકના રસ–કસ પોષવા પડે, જતન–સંવર્ધનની કાળજી કરવી પડે તેમ પરિવારનું પણ. પરિવારધનના ચરણમાં આવાં બધાં શૈક્ષણિક કાર્યો આવે. અહીં પ્રેમ, વાત્સલ્ય, જ્ઞાન અને કર્મનો સુંદર સમન્વય છે. આપણી હાલની શાળા કૉલેજોમાં આવી જીવંતતા ભાગ્યે જ જોવા મળે. જ્ઞાનને પ્રેમ જેટલું પ્રફુલ્લિત કરી શકે છે તેટલું અકાદમી ન કરી શકે. પાયરીબદ્ધ પિરામીડ તો ન જ કરી શકે. માટે સમગ્ર શિક્ષણના એકમ તરીકે પરિવારને પ્રસ્થાપિત કરવું બધી રીતે મહત્ત્વનું બની રહેશે. જેમ માટીધનથી કોઈ બેકાર નહિ રહે, તેમ પરિવારધનથી સમાજમાં ગુનાખોરીને સ્થાન નહિ રહે.

વિનોબાજીએ સર્વધર્મના સારરૂપે સત્ય–પ્રેમ–કરુણા રજૂ કર્યાં. ગાંધીજીએ આશ્રમજીવનને વિશુદ્ધ અને પરિવર્તનકારી કરવા એકાદશવ્રત આપ્યાં અને 'હિન્દ સ્વરાજ'માં ઔદ્યોગિક સભ્યતાને કુધારો કહ્યો. આર્નોલ્ડ ટોયમ્બીએ સમજવું–ચાહવું–સર્જવુંને જીવનના હેતુ કહ્યા. વળી તેણે તો સવાલ ઉઠાવ્યો કે ટેક્નૉલૉજી સમૃદ્ધિની જનની

છે કે સમસ્યાઓની? ગીતાએ દૈવી અને આસુરી સંપત્તિનું વર્ણન કરી શિવ પંથે જવાની વાત કરી. શંકરાચાર્યે તો જ્ઞાનની વ્યાખ્યા જ વિશેષ કરી કે ઇચ્છાઓનું પ્રશમન કરે તે જ્ઞાન-શમન નહિ, પ્રશમન શબ્દ પ્રયોજ્યો છે. આ બધી વાતો પણ પરિવારધન તળે આવરી લેવાય. ભારતના અગણિત લોકો પાસે આવું ભાથું પચાવવાનું સામર્થ્ય છે ...ભારતેર જન્મ...

**ભારતભરની ગૃહિણીઓ, પશુપાલકો, કારીગરો, ખેડૂતો, મજૂરો, સંતો, ફકીરો વગેરે પાસે અનેકવિધ કૌશલ્યો અને સમજદારીનો ખજાનો છે. સંસ્કારોનો છૂપો પ્રવાહ એમાં વહે છે. ઔદ્યોગિક સભ્યતાએ એના પર સ્ટીમ રોલર ફેરવી દીધો છે. છતાં એ ધરતીમાં ધરબાયેલો છે...**

૩. જીવનધન :

પહેલાં બે ચરણ મુખ્યત્વે જમીન અને પરિવાર સાથે સંકળાયેલાં છે. તેનાથી ભૌતિક જરૂરિયાતો અને પારિવારિક સમૃદ્ધિ મળશે. એ બધો ગૃહસ્થધર્મ. પણ તે ધર્મ પાંચ મહાભૂતો અને ચાર પ્રકારની જીવસૃષ્ટિ વિના સંભવે? ના. એટલે જીવનના મૂળભૂત આધાર સમી સૃષ્ટિને પણ સમજવી એ આ જીવનધનનું ત્રીજું ચરણ. સૃષ્ટિની આપણે સેવા કરવાની છે. તેના માલિક બનવાનું ન હોય. તેના નમ્ર સેવક બનવાનું હોય. સબ ભૂમિ ગોપાલ કી. ઈશ તણું છે આ સચરાચર, સમગ્ર સૃષ્ટિના આપણે એક અંશ છીએ, એવા વિચારો આપણને ગળથૂથીમાંથી મળ્યા છે. જેવું સૃષ્ટિ વિશે તેવું જ સમાજ વિશે. અનેક કલાકારો, વિચારકોએ, ઋષિઓએ, વિજ્ઞાનીઓએ, કવિઓએ—મનીષીઓએ પોતાના તપથી માનવજાતને મહામૂલો વારસો આપ્યો છે. એ બધાના આપણે ઋણી છીએ. એ બધાનું ઋણ અદા કરવા આપણે તપ અને દાન કરવું જોઈએ. આ બાબત આ ત્રીજા ચરણમાં સમાવી છે. હવે ચોથા ચરણ તરફ જઈએ.

૪. ગ્રામધન :

આપણું સમક્ષિતિજ શિક્ષણ જેમજેમ આગળ વધતું જશે તેમતેમ આપણે નિપુણ થતાં જઈશું. પહેલાં તે પ્રાથમિક જરૂરિયાતોમાં આત્મનિર્ભર અને સ્વાવલંબી બનશે. પછી પરિવારધનથી સંપન્ન થશે, ચારિત્ર્યવાન થશે. સૃષ્ટિ અને સ્રષ્ટાનો સેવક બનવાનાં કૌશલ્ય પામશે. તેમ ઉત્તરોત્તર નિપુણ બનશે. જવાબદાર બનશે. પૂર્ણ બનશે.

આપણે ભાર વગરના ભણતરની વાત કરીએ છીએ. પણ કલહ વિનાના અને જોહુકમી વિનાના રાજકારણની વાત નથી કરતા. જ્યાં અને ત્યાં સત્તા અને નાણાંની ખરાબી નજરે ચડ્યા કરે છે. ચૂંટણી ટાણે શાણપણ અને પ્રેમને તો જાણે દેશવટો આપી દીધો હોય તેવું લાગે. સ્પર્ધા અને અહંકાર બધે ઘુરક્યા કરે છે. એવું કલુષિત વાતાવરણ સંસદ, રાજધાની અને કોર્પોરેટ સેક્ટરને ઘેરી વળે છે. તેમાં વળી માસ મીડિયા આડો આંક વાળે. ગાંધીના સાત પાતક યાદ આવે. માધવદેવે તો રાજકારણને રાક્ષસેરશાસ્ત્ર કહ્યું છે એનો અર્થ એવો નથી કે સમૂહ વ્યવસ્થાની કોઈ જરૂર નથી. તે જરૂરી છે પણ જોહુકમી વિનાની, દ્વેષરહિત, સર્જનાત્મક.

ગામની ભૌગોલિક જૈવ સંપદા શી શી છે તે જાણી સજીવ સમપોષી આયોજન કરવામાં આવે તો આ દિશામાં આગળ વધી શકાય. સ્વરાજ શબ્દનું મૂળ વિનોબાજીએ 'સ્વરાટ્' શબ્દમાં કર્યું છે. તેનો અર્થ થાય છે સૂર્ય. જેમ સૂર્ય સ્વયંપોષી અને સ્વયંશાસિત છે તેમ ગામો થવાં જોઈએ.

આશા રાખીએ કે ગામે ગામમાં જાગૃત લોકશક્તિ પડી છે તે આ ચાર ચરણોમાં દર્શાવેલ ગ્રામશિક્ષણને સમજવાનો અને ઉચિત લાગે તો પ્રયોજવાનો પ્રયાસ કરશે. એવું બને કે જીવનના ચારેય તબક્કામાં યોગ—ઉદ્યોગ અને સહયોગ ગામની તાસીર અને જૈવિક સંપદા મુજબ નિરનિરાળી હોય તેવી વિવિધતા આવકાર્ય છે. અસ્તુ.

(મહેન્દ્ર ભટ્ટઃ ગાંધી-વિનોબા વિચારને સમર્પિત, ગ્રામઉત્થાનના પાયાના કાર્યકર, શ્રદ્ધાવાન-પ્રયોગશીલ સર્વોદય અગ્રણી.

પ્રયાસ, માંગરોળ, તા. નાંદોદ, જિ.નર્મદા, ૩૯૩૧૫૦
મો. ૯૪૨૮૧૦૫૯૦૯)

## ૦૩. ગાંધીજીનો શિક્ષણવિચાર- આજ અને આવતીકાલ

સુદર્શન આયંગાર

જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનેસ્કો(યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન)ના શિક્ષણ અંગેના સામયિક પ્રોસ્પેક્ટ્સમાં દુનિયાના જાણીતા શિક્ષણવિદો વિશેની એક શ્રૃંખલા બહાર પાડવામાં આવી છે, જેમાં વિશ્વના શ્રેષ્ઠ શિક્ષણવિદોએ જ વિષયના પૂર્વસૂરિઓ વિશે લખ્યું છે. ઉપરોક્ત શ્રૃંખલામાં ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારોની રજૂઆત અને અર્થઘટન જાણીતા શિક્ષણવિદ્ કૃષ્ણકુમારે ખૂબ જ વિદ્વતાપૂર્ણ રીતે કરી છે. ગાંધીજીના શિક્ષણવિચારના મૂળ પોતાના અને ફિનિક્સ આશ્રમ અને ટોલ્સટોય ફાર્મ પરના અંતેવાસીઓનાં બાળકોને તાલીમ આપવાના અનુભવ અને પશ્ચિમી સભ્યતાની એમની ટીકામાં રહેલાં છે. ૧૯૧૫માં ગાંધીજી જ્યારે હિંદુસ્તાન પરત આવ્યા અને આઝાદીની લડતમાં સામેલ થયા ત્યારે તેમના શિક્ષણવિચાર વધુ મુખરિત થયા. કોલોનિયલ(સંસ્થાનવાદી) શાસનની વિરુદ્ધ માંડેલી લડાઈમાં સો આગેવાનોએ કોલોનિયલ શિક્ષણ પદ્ધતિને નકારી. કૃષ્ણકુમાર લખે છે કે જેટલી તીક્ષ્ણતા અને સર્વાંગપણે ગાંધીજીએ એ વિચારને નકાર્યો તેવી રીતે અન્ય કોઈએ નકાર્યો ન હતો. ગાંધીજી પશ્ચિમી સભ્યતાના જ ગંભીર ટીકાકાર હતા, તેથી એ સભ્યતાએ વિકસાવેલી શિક્ષણ પદ્ધતિ હિંસા અને શોષણને પોષનારી હોય એવી ગાંધીજીની સમજ હતી. કૃષ્ણકુમાર કહે છે, ‘આપણે ગાંધીજીની ટીકાને વિદેશીઓ પ્રત્યેનો અણગમો(ઝેનોફોબિયા) માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. તો ગાંધીજીની બુનિયાદી તાલીમને ગાંધીજીની શિક્ષણ ફિલસૂફી અને પદ્ધતિને જૂની સંસ્કૃતિના પુનરુત્થાન માટેના પ્રયાસ તરીકે પણ ન ઓળખવું જોઈએ. જો ગાંધીજીનો બુનિયાદી તાલીમનો વિચાર કોઈ અનામીના વિચાર તરીકે વિશ્વના શિક્ષણ ઇતિહાસમાં મૂકાયો હોત તો તેને પશ્ચિમના ક્રાંતિકારી શિક્ષણવિદો પસ્ટૉલૉજી, ઓવેન, ટોલ્સટોય અને ડ્યુઈની હરોળમાં ગણવામાં આવ્યા હોત. આમ ગાંધીજીના શિક્ષણવિચારને એક રાજનૈતિક વિધાન તરીકે મૂલવી શકાય અને એના આરંભના વૈકલ્પિક પ્રયાસની તંત્રરચના પણ એવી જ ગણાય. પરંતુ શિક્ષણ માટેનાં તેમનાં મૂળ દર્શન અને પદ્ધતિ દુનિયાના શ્રેષ્ઠ શિક્ષણવિદોના વિચારોને તોલે બેસે એવાં હતાં અને છે. આપણે ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ગાંધીજીના શિક્ષણવિચારની આજ અને આવતીકાલ અંગે વિચારીશું.

કૃષ્ણકુમારના લખાણને પણ બે દાયકા ઉપરાંતનો સમય ગયો છે. એકવીસમી સદીની આરંભથી જ દૂરવર્તી શિક્ષણની ટેક્નૉલૉજીમાં આમૂલ પરિવર્તન થયાં. મુદ્રણ ટેક્નૉલૉજી (ગુટેનબર્ગ ક્રાંતિ)[૧] ઇતિહાસ બનતી જાય છે. ઇન્ટરનેટ અને ઈલેક્ટ્રોનિક ટેક્નૉલૉજી સર્વત્ર છવાઈ રહી છે.

-----------------------------------

[૧] જોહાનેસ ગુટેનબર્ગ(૧૪૦૦–૧૪૬૮)

જર્મન કોતરણીકાર, શોધક અને મુદ્રક હતા. તેણે પ્રિન્ટિંગ મશીનની શોધ કરી. છાપખાનાં શરૂ થયાં પછી જ્ઞાનજગતમાં મોટી ક્રાંતિ થઈ. બાઈબલ જેવી કૃતિ લોકોના હાથમાં આવી. સામાન્ય માણસ પણ જ્ઞાનનો ભાગીદાર બની શક્યો. શિક્ષણમાં ક્રાંતિ થઈ. પશ્ચિમમાં રેનેસાં અથવા પુનરુત્થાન જીવનકાળનો આરંભ થયો. છાપખાનાંને લીધે જ્ઞાનનો વ્યાપ શક્ય બન્યો. આધુનિકતાવાદ આ કાળની જ પેદાશ છે. તેના મૂળમાં મુદ્રણ ટેક્નૉલૉજી હોવાથી તેને ગુટેનબર્ગ ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. ગાંધીજીએ પણ દક્ષિણ આફ્રિકા અને હિન્દુસ્તાનમાં આંદોલન અને લોકશિક્ષણ માટે એક કરતાં વધુ ભાષાઓમાં મુખપત્રો કાઢ્યાં અને ચલાવ્યાં. નવજીવન મુદ્રણાલયની સ્થાપના ગુટેનબર્ગ ક્રાંતિની વીસમી સદીની જ એક મહત્ત્વપૂર્ણ કડી છે. ૧૯૫૦ બાદ કમ્પ્યૂટર યુગ શરૂ થયો અને આજે

ઇન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સની ખોજ બાદ માહિતી અને જ્ઞાનક્રાંતિ થઈ છે. શિક્ષણદર્શન અને પદ્ધતિઓ પર આ બેઉ

> **આપણે કયા પ્રકારની સમાજની રચના કરવી છે અને તે માટે આપણું દર્શન શું છે તે સમજ્યા વગર માત્ર સારા નકલકર્તા બનીશું તો સમગ્ર વિશ્વ આજે જે સમસ્યાઓની વચ્ચે ઘેરાઈને ઊભું છે તે સમસ્યાઓને આપણે વધુ ઘેરી જ બનાવીશું.**

ક્રાંતિની ઊંડી અસર થઈ છે. ગાંધી ગુટેનબર્ગ ક્રાંતિની ચરમસીમાની અવસ્થામાં આવ્યા અને માહિતી ક્રાંતિના અરુણોદય વખતે વિદાય થયા.

કોરોનાકાળમાં ઔપચારિક વર્ગશિક્ષણના વિકલ્પે વર્ચ્યુઅલ કે આભાસી શિક્ષણ પદ્ધતિ સામાન્ય બની અને તે પણ અબાલવૃદ્ધ સૌ માટે. સમાજની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓ ઓનલાઇન થઈ જવા પામી છે. ઉત્પાદન, ઉપભોગ, સેવા અને વાણિજ્યમાં ઝડપથી મશીનીકરણ અને સ્વયંસંચાલનની ગતિવિધિઓ આવતી જાય છે. માનવશ્રમની જરૂરિયાત ઘટી રહી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કે કૃત્રિમ બુદ્ધિવિજ્ઞાનની ખોજ પછી માનવ અંગાંગના ક્રિયા–કલાપોમાં ક્રાંતિકારી પરિવર્તનો આવી રહ્યાં છે. આવા અર્થતંત્રને નોલેજ ઈકોનોમી કહેવાય છે. અનુઔદ્યોગિક સમાજ જ્ઞાનસમાજને સ્થાન આપશે. આમ, ગાંધીજીના સમય કરતાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજીએ માનવ–અસ્તિત્વ માટે દઢપણે શાશ્વત માનનાર ગાંધીજીના શિક્ષણદર્શનમાં આધુનિક અને જ્ઞાનની નવી ક્ષિતિજો ખોલનારાં વળી કયાં તત્ત્વો હોઈ શકે? યુવાલ નોઆ હરારી નામના ખૂબ જાણીતા બનેલા યુવા ઇતિહાસકારે ગાંધીજીની કૃષિ આધારિત સમાજરચનાને ‘આરકૈક’ એટલે પ્રાચીન કે આદિમયુગના ગણાવ્યા છે! આપણને નવાઈ ન લાગવી જોઈએ તો જો ઘણાખરાં જાણકાર આ સમજની હામી ભરતા હોય.

આજે દુનિયા અને દેશમાં શિક્ષણશાસ્ત્રીઓ સહિત આપણામાંના ઘણા જ્ઞાની લોકો એવું માને છે કે બદલાતા સમયને અનુરૂપ શિક્ષણ હોવું જોઈએ. આજે ભારત પછાત રહી ગયું છે કારણ કે સમય અને જમાનાની સાથે આપણે શિક્ષણવ્યવસ્થામાં ફેરફાર કરી શક્યા નથી. થોડા પ્રયત્નો થયા છે, પણ તે અપૂરતા છે. ૨૦૦૬ની સાલમાં ભારત સરકાર ગઠિત નેશનલ નોલેજ કમિશનનો અહેવાલ બહાર પડ્યો. આ અહેવાલ અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં પ્રકટ કરવામાં આવ્યો. એનું મથાળું હતું ‘રાષ્ટ્ર કે નામ સંદેશ’. આ અહેવાલમાં ઉચ્ચશિક્ષણ, સાર્વજનિક ગ્રંથાલયોના તંત્ર અને વિષયવસ્તુમાં આમૂલ પરિવર્તન, જ્ઞાન નેટવર્કની રચના, રાષ્ટ્રીય પોર્ટલની સ્થાપના વિગેરે પણ વિચાર કરી ભલામણો કરવામાં આવી છે. આ તમામ ભલામણો જોતાં એવું જણાય છે કે બદલાતા આર્થિક તંત્ર અને સમાજરચનાને ધ્યાનમાં રાખીને શિક્ષણ વ્યવસ્થા, તંત્ર, વિષયવસ્તુ અને પદ્ધતિ અંગે વિચારણા કરવામાં આવી છે. તેને પગલે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પર પણ વિચારણા થઈ છે. નવી ‘શિક્ષણનીતિ ૨૦૨૦’ શીર્ષકથી ભારત સરકારે એક દસ્તાવેજ બહાર પાડ્યો છે જેને અમલમાં મૂકવાની જદ્દોજહદ રહી છે અને જે નેક્સ્ટ એટલે આવનારી પેઢીને એ દિશામાં લઈ જવા સક્ષમ બનાવવાના પ્રયાસને શિક્ષણ ગણવામાં આવી રહ્યું છે. હિન્દુસ્તાન સમક્ષ એક પડકાર છે. આપણે કયા પ્રકારની સમાજની રચના કરવી છે અને તે માટે આપણું દર્શન શું છે તે સમજ્યા વગર માત્ર સારા નકલકર્તા બનીશું તો સમગ્ર વિશ્વ આજે જે સમસ્યાઓની વચ્ચે ઘેરાઈને ઊભું છે તે સમસ્યાઓને આપણે વધુ ઘેરી જ બનાવીશું.

ગાંધીજીના વિચાર પ્રમાણે સમાજ કે રાષ્ટ્રનું નવનિર્માણ શિક્ષણ દ્વારા જ થવાનું છે. જેવું શિક્ષણ તેવો સમાજ. આ વિચાર દક્ષિણ આફ્રિકામાં દઢ થયો. ગાંધીજીએ જોયું કે મોટા ભાગનો કહેવાતો આધુનિક સમાજ શોષણ, લાલચ, ઠગાઈ, ચોરી અને હિંસાનાં મૂલ્યો પર આધારિત અને પોષનારો હતો. મૂળ નિવાસીઓ તો ‘જ્યાદા કી નહીં લાલચ હમેં થોડે મેં ગુજારા હોતા હૈ’માં માનનારા અને એ રીતે જીવનારા

હતા. સુધારાને લઈને આવનાર શિક્ષક અને આધુનિક પ્રજા યુરોપની હતી. તેથી ગાંધીજીએ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' પુસ્તકમાં શરીરકેન્દ્રિત આધુનિક સભ્યતા અને સુધારાનું ધ્યેય ભૌતિક સુખાકારી હોવા અંગે આલોચના કરી. શિક્ષણ અંગે એલ્ડસ હક્સ્લીના વિચારો સાથે તેઓ સહમત હતા. તેમના મતે શિક્ષણનું મૂળ અને મુખ્ય ધ્યેય ચરિત્રવિકાસ હોવું જોઈએ. એ જ અરસામાં ટોલ્સટોય અને રસ્કિન વાંચ્યા. સ્વસ્થ અને અહિંસક સમાજ તો ગામડાંઓનો જ હોઈ શકે તેવી માન્યતા પાકી થઈ. તેના પ્રયોગ માટે ફિનિક્સ વસાહત અને ટોલ્સટોય ફાર્મ બનાવ્યા અને તેમાં નવી પેઢી માટે શિક્ષણનું આયોજન કર્યું.

ગાંધીજીની ગામડાંઓ આધારિત કલ્પનાને જવાહરલાલ નહેરુ સહિત ઘણા નેતાઓએ નકારી હતી, પણ ગાંધીજી પોતાની દૃષ્ટિ પર કાયમ રહ્યાં. ૫ ઓક્ટોબર ૧૯૪૫ના નહેરુને લખેલા એક પત્રમાં ગાંધીજીએ કહ્યું, *આધુનિક વિજ્ઞાનની કદર કરવાં છતાં, પુરાણી વાત આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ જોઉં છું તો પુરાણી વાત નવા લેબાશમાં મને બહુ મીઠી લાગે છે. તમે જો એમ સમજો કે હું આજનાં ગામડાંની વકીલાત કરું છું, તો તમે મારી વાત નહીં સમજી શકો. મારું આદર્શ ગામડું તો આજે મારી કલ્પનામાં જ છે. આખરે તો દરેક માણસ પોતાની કલ્પનાની દુનિયામાં જ રહેતો હોય છે. એ કલ્પનાના ગામડાનો માણસ જડ નહીં હોય—પૂરે પૂરો ચૈતન્યમય હશે. તે ગંદકીમાં, અંધારી ઓરડીમાં જાનવરની જિંદગી નહીં જીવતો હોય. સ્ત્રી અને પુરુષ બંને સ્વતંત્રતાથી રહેતાં હશે અને આખી દુનિયાનો સામનો કરવા તૈયાર હશે. ત્યાં નહીં હોય કોલેરા કે નહીં હોય પ્લેગ, શીતળા પણ નહીં હોય. ત્યાં કોઈ આળસુ નહીં હોઈ શકે, કે ન કોઈ એશ-આરામમાં રહી શકે. સૌએ શારીરિક મહેનત કરવી પડશે. આ બધું હોવા છતાં, હું એવી ઘણી વસ્તુઓની કલ્પના કરી શકું છું જેની વ્યવસ્થા મોટા પાયા પર કરવી પડે. કદાચ રેલ્વે પણ હશે અને ટપાલ અને તાર ઑફિસો પણ હશે. શું હશે અને શું નહીં હોય એની મને ખબર નથી. મને એની ચિંતા પણ નથી. જો હું મૂળ વાત સિદ્ધ કરી શકું તો બાકીની તો વખત જતાં આવી મળશે. પણ જો હું મૂળ છોડી દઉં તો બધું જ છોડી દેવું પડે.*[૨]

-----------------------------------

[૨]આ પત્ર ગાંધીજીનો અક્ષરદેહ પુસ્તક ૮૧માં વાંચી શકાશે. આ પત્ર ગાંધીજીએ હિંદુસ્તાનીમાં લખ્યો હતો.

માનવ સમાજે જો મૂળ સાચવવાં હોય તો તે શિક્ષણ દ્વારા જ સચવાય. ફિનિક્સ વસાહત અને ટોલ્સટોય ફાર્મ પરનાં બાળકોને માતૃભાષામાં શિક્ષણ, કૃષિ, છાપખાનું ચલાવવાનું, સુથારી, ચર્મ ઉદ્યોગોમાં ઘનિષ્ટ તાલીમ આપવામાં આવતી હતી. સહજીવન અને સહઅસ્તિત્વમાં મૂલ્ય શિક્ષણ, સ્વાવલંબન ને સ્વદેશીના મુદ્દાઓ ઘૂંટાયા. એમણે કેળવણી શબ્દનો પ્રયોગ કર્યો. બાળકને ચરિત્રવાન બનાવવા શું કેળવવાનું હોય? માનવીય અને જીવનમૂલ્યો માટે હૃદય કેળવવાનું, ઉત્પાદક પ્રવૃત્તિમાં દક્ષ થઈ આજીવિકા રળે તે માટે હાથને કેળવવાના અને મન—બુદ્ધિની અનંતયાત્રા માટે મગજને કેળવવાનું. આમ, અંગ્રેજીમાં ગાંધીજીના મૂળ શિક્ષણસિદ્ધાંત થ્રી એચ એટલે હાર્ટ, હેન્ડ એન્ડ હેડ તરીકે ઓળખાયા. પ્રાથમિકતા અને ક્રમ પણ એ જ સાચવવાના હતા.

૧૯૧૫માં હિંદુસ્તાન પાછા આવ્યા બાદ અંગ્રેજો સામે સંઘર્ષ માટે ગાંધીજીએ શિક્ષણને રાજનૈતિક શસ્ત્ર અને સમાજનવનિર્માણ માટે સાધન તરીકે અજમાવ્યું. ૨૦ ઓક્ટોબર ૧૯૧૭ના રોજ ભરૂચમાં ભરાયેલી બીજી ગુજરાત શિક્ષણ પરિષદમાં અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ગાંધીજીએ જણાવ્યું કે માતૃભાષામાં શિક્ષણ દરેક બાળકમાં રાષ્ટ્રીય ભાવના જન્માવશે. પાયાની જરૂરિયાતો પૂરી કરવા કૃષિ, ગોપાલન, વસ્ત્રવિદ્યાને કેન્દ્રમાં લાવવાનું જણાવ્યું. શારીરિક શિક્ષણ અને ચારિત્ર્યનિર્માણને જોડીએ તો એ જ દેશ માટેની સ્વરાજયાત્રા છે. ગાંધીજીની સ્વરાજયાત્રાના ત્રણ અંશ હતા.

એક, રાજનૈતિક સ્વરાજ એટલે હકુમતથી આઝાદી, બીજું, સ્વદેશી અને સ્વાવલંબી થવા ગ્રામસ્વરાજ માટે મથવું, ત્રીજો અંશ સ્વ પરનું રાજ. જે શિક્ષણ સ્વરાજ તરફ

લઈ જાય તે ગાંધીજીના શિક્ષણદર્શનનું હાર્દ. ગાંધીજીએ ૧૯૨૦માં ગૂજરાત વિદ્યાપીઠની એક રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે સ્થાપના કરી અને એક રીતે અંગ્રેજોની સામે સત્યાગ્રહનું એલાન કર્યું. અહીં બાલમંદિરથી વિશ્વવિદ્યાલય કક્ષાના અભ્યાસક્રમો શરૂ થયા. દેશની યુવા પેઢી સમાજનવનિર્માણ અને સત્યાગ્રહની લડત માટે સજ્જ થાય તે આ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનું ધ્યેય હતું.

શિક્ષણ દ્વારા સમાજનવનિર્માણના કામમાં સમાજનાં અનિષ્ટ મૂલ્યો અને પ્રથાઓને નાબૂદ કરવાનું ધ્યેય પણ વણાયેલો જ હતો. કોંગ્રેસના ૧૯૨૪ના બેલગામ અધિવેશનમાં ગાંધીજીએ કહ્યું કે, જે શિક્ષણ સંસ્થાઓમાં ભારતીય ભાષાઓમાં શિક્ષણ ન અપાતું હોય, કોમી એખલાસના પાઠ ન ભણાવાતા હોય, અસ્પૃશ્યતા—નિવારણ માટેના પ્રયત્નો ન થતાં હોય, વસ્ત્રવિદ્યા અને કૃષિતાલીમ ન અપાતી હોય, શારીરિક શિક્ષણ અને સ્વરક્ષાની તાલીમ ન આપવામાં આવતી હોય, તો તેને તેઓ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા તરીકે સ્વીકારવા તૈયાર ન હતા. ૧૯૩૭માં વર્ધામાં યોજાયેલ વિશેષ રાષ્ટ્રીય સંમેલનમાં દેશભરના શિક્ષણકારો અને નેતાઓએ ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો સાંભળ્યા અને સ્વીકાર્યા. આ વિચારો શાળાકીય શિક્ષણ માટે રાષ્ટ્રીય યોજના સ્વરૂપે રજૂ થયા અને તેનો અમલ થાય તેવો નિર્ધાર થયો. શિક્ષણનો ઝોક વ્યવસાય પર નહીં પરંતુ કૌશલ્ય અને શ્રમ દ્વારા માતૃભાષામાં શિક્ષણ પર હતો.

કોઈપણ હુન્નરમાં રહેલાં કળા અને વિજ્ઞાન પ્રયોગાત્મક પદ્ધતિથી આપવાનું ઠરાવાયું. અનુબંધ એ ચાવી હતી. દાખલા તરીકે, રેંટિયો શીખવાડતા કપાસ વિશે, તેની ખેતી અંગે, વસ્ત્રના ઇતિહાસની વાત, ભૂગોળ, વિવિધ પ્રકારની જમીન અને કપાસ ઉગાડવા માટેની અનુકૂળતા, ઉત્પાદનની પ્રક્રિયા અને કેન્દ્રીકૃત અને વિકેન્દ્રિત ઉત્પાદનના આર્થિક નિહિતાર્થો, તેની પાછળની રાજનીતિ વિગેરે વણી લેવું. એવી જ રીતે કાંતવામાં રહેલું વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો વિગેરે વણી લેવા એટલે અનુબંધ. શાળાની ખરી શક્તિ તેના સ્વાવલંબી થવામાં હતી. સાત વરસના અંતે બાળક પોતાના ઉત્પાદન દ્વારા શિક્ષણ માટેના ખર્ચમાં જરૂરી ફાળો આપી શકે તેવું થવું જોઈએ. ગાંધીજીના શિક્ષણ અંગેના આ મૂળ સિદ્ધાંતો નઈ અથવા બુનિયાદી તાલીમના નામે ઓળખાયા.

કૃષ્ણકુમાર ઉપરોક્ત દર્શાવેલા આલેખમાં લખે છે કે ગાંધીજી હુન્નર અને કૌશલ્યને ઉત્પાદન સાથે જોડી સમાજક્રાંતિ લાવવા માગતા હતા. હસ્તઉદ્યોગ, કળા અને કસબ તે નીચી ગણાતી જ્ઞાતિઓના વ્યવસાય ગણાતા. ગાંધીજી હિંદુસ્તાનના દરેક બાળકને હાથથી કામ કરતા શીખવાડી ઊંચ-નીચ અને જ્ઞાતિપ્રથાના દૂષણને દૂર કરવાની સાથે શરીરશ્રમનું ગૌરવ સ્થાપિત કરવા મથી રહ્યા હતા.

શિક્ષણશાસ્ત્ર અને ગાંધીદર્શનની સાચી સમજ ગાંધીજીના સમયમાં અને ત્યારબાદ ક્યારેય અમલમાં મુકાઈ નથી એવું કહેવું યોગ્ય નથી. ૧૯૩૭માં વર્ધાની રાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં ગાંધીજીના શિક્ષણ વિચાર આધારિત નઈ તાલીમની ઓળખ અને ઉદ્‌ઘાટન થયું ત્યારબાદ અને તે પહેલાં ગુજરાતમાં પ્રયોગો ચાલુ હતા. નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી અને ગીજુભાઈ બધેકા જેવા શિક્ષણવિદો શિક્ષણદર્શન અને શાસ્ત્ર વિશે મૌલિક વિચારો ધરાવતા હતા અને પ્રયોગો કરી રહ્યા હતા. સત્યાગ્રહ આશ્રમ સાબરમતી અને ગૂજરાત વિદ્યાપીઠ સહિત ભાવનગર રાજ્યમાં શિક્ષણમાં મૌલિક અને નવતર પ્રયોગો ચાલતા હતા અને ૧૯૩૭, આઝાદી પછી પણ નઈ તાલીમના પ્રયોગો સફળતાપૂર્વક ચાલુ રહ્યા. આઝાદી પછી સ્વાવલંબન અને લોકસમર્થનમાં ઓટ આવતા સરકારી અનુદાનો પર નભવાનું શરૂ થયું ત્યારથી નઈ તાલીમનું પોત શનૈઃ શનૈઃ નબળું પડતું ગયું.[3]

---

[3]આઝાદી પહેલાં ભાવનગર રાજ્યમાં શિક્ષણના મૌલિક પ્રયોગો વિશે અને ૧૯૩૭ પછી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં નઈ તાલીમના પ્રયોગો વિશે કોડિયુંના વાચકો સુપેરે પરિચિત છે જ, તેથી પ્રસ્તુત લેખમાં તેના વિશે વિસ્તારથી લખતો નથી.

એ તો આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આઝાદી પછી દેશમાં શિક્ષણમાં પરિવર્તન લાવવા નિમાયેલી એસ. રાધાકૃષ્ણન્ સમિતિએ પણ નઈ તાલીમ વિશે શંકાઓ ઊભી કરી. નઈ તાલીમ એક ફિલસૂફી છે અને શિક્ષણશાસ્ત્ર પણ. શિક્ષણજગત અને દર્શનશાસ્ત્રના જગતમાં વૈશ્વિક સ્તરે મોટું નામ ધરાવનાર સર્વપલ્લી રાધાકૃષ્ણન્ અને એવા જ કાબેલ શિક્ષણવિદ્વાનોની આ સમિતિને એવું લાગ્યું કે નઈ તાલીમ અપનાવવાથી દેશ વિજ્ઞાન અને ટેક્નૉલૉજી આધારિત આધુનિકતાની દોટમાં પાછળ રહી જશે અને એક જૂનવાણી સમાજ બની જશે! વધુ કમનસીબી તો એ રહી કે નઈ તાલીમમાં રહેલા શિક્ષણશાસ્ત્રને પણ સ્વીકારવામાં ન આવ્યું. પરિણામ એ છે કે આજે આ દેશમાં શિક્ષણ ક્ષેત્રે ઘોર સંકટ છે. શાળાકીય શિક્ષણની હાલત ગંભીર છે. દુનિયાના શિક્ષણવિદો સ્વીકારે છે બાળકને પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ અપાવવું જોઈએ. દેશની કેન્દ્ર સરકાર આ વિશે મક્કમ નિર્ણય લઈ અમલમાં મૂકતી નથી. અંગ્રેજી માધ્યમની શાળાઓ શહેરોમાં તો વધી જ ગઈ છે, ઉપરાંત ગામડાંઓમાં કોઈ નિયમ વગર ખૂલી રહી છે. પરિસ્થિતિ વધુ દયનીય એટલે છે કે આવી શાળાઓના અધ્યાપકોને અંગ્રેજી બરાબર આવડતું નથી. ગાંધીજીની માતૃભાષામાં શિક્ષણ અંગેની પાયાની ભલામણ એકદમ કોરાણે જ મુકાઈ ગઈ છે. નવી શિક્ષણનીતિ-૨૦૨૦માં પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં અપાવવું જોઈએ એવો ઉલ્લેખ છે ખરો, પરંતુ શિક્ષણજગતમાં એક વધુ અનિષ્ટ પેઠું છે તેને ધ્યાનમાં લઈએ તો નવી નીતિમાં કરેલી માધ્યમ અંગેની ભલામણ કાગળ પર જ રહેશે એવું જણાય છે.

૧૯૯૧ પછી દેશ અને દુનિયામાં અર્થતંત્ર ચલાવવા માટેની નીતિમાં ફેરફારો થયા છે, જેમાં મુક્ત વ્યાપાર, બજાર અને ખાનગીકરણના સિદ્ધાંતોની હામી ભરવામાં આવી છે. રાજ્યની ભૂમિકા માત્ર નિષ્પક્ષ નિયમનકર્તાની રહે છે. આ યોગ્ય નીતિનિર્ધારણ હોઈ શકે પણ રાજ્યે આરોગ્ય અને શિક્ષણમાંથી પણ પોતાની જવાબદારી ઘટાડી છે. સૌથી માઠી અસર શાળાકીય શિક્ષણ પર પડવા પામી છે. દુનિયાના મુક્ત અર્થતંત્ર અને બજાર આધારિત દેશોમાં પણ શાળાકીય શિક્ષણ રાજ્યની જ જવાબદારી છે. આપણા દેશમાં શિક્ષણનો અધિકાર તો છે  પણ તે રાજ્યની જ જવાબદારી રહેશે એવું સ્વીકારવામાં નથી આવ્યું. તેથી શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે. ગાંધીજીના શિક્ષણદર્શનમાં શિક્ષણ એ સમુદાયો અને સમાજની જવાબદારી છે અને સ્વાવલંબી ન બની શકે તો સરકારી સહાય સ્વીકારી શકાય છે. વાલીઓની પસંદગી પર અસર લાવીને અંગ્રેજી માધ્યમના શિક્ષણથી જ તેમનાં બાળકો સુખી થઈ શકશે તે વિચાર દૃઢ કરી દેવામાં આવ્યો છે. પછી વાલીઓના આગ્રહ અને પસંદગીને વશ થઈ અંગ્રેજી

**દુનિયાના મુક્ત અર્થતંત્ર અને બજાર આધારિત દેશોમાં પણ શાળાકીય શિક્ષણ રાજ્યની જ જવાબદારી છે. આપણા દેશમાં શિક્ષણનો અધિકાર તો છે  પણ તે રાજ્યની જ જવાબદારી રહેશે એવું સ્વીકારવામાં નથી આવ્યું. તેથી શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે...**

માધ્યમમાં શિક્ષણ અપાય છે અને તે માટે બેફામ ફી લેવાય છે. એવું ઉચ્ચશિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણની ધારાઓમાં પણ થયું છે.

ગાંધીજીએ જ્યારે ઉદ્યોગ દ્વારા શિક્ષણનું શાસ્ત્ર મૂક્યું, ત્યારે બાળક કઈ રીતે શીખે છે તે શાસ્ત્રનું પ્રતિપાદન કરી રહ્યા હતા. આજે આપણી શાળાઓમાં આ અંગેની ભાગ્યે જ કોઈ સમજ છે. નવી શિક્ષણનીતિ- ૨૦૨૦ પણ ૧૪ વર્ષથી વધુ વયના બાળકોને હાથ-કૌશલ્ય શીખવાડવાની ભલામણ કરી રહી છે પરંતુ તે શીખવાના શાસ્ત્ર તરીકે નહીં પણ પુસ્તકિયા જ્ઞાન દ્વારા નવી પેઢી આજીવિકા મેળવી શકશે નહીં તેથી તેમને કસબ-કૌશલ્ય તરફ વાળવાનો પ્રયાસ છે. આ સંદર્ભે મનુભાઈ પંચોલીના વિધાનને જોઈએ તો સમજાશે કે નવી આર્થિક નીતિમાં શિક્ષણ અને ઉદ્યોગની સમજ અંગે નવી નીતિ બનાવનાર પણ કેટલી ઊણી સમજ ધરાવે છે. મનુભાઈ પંચોલીએ મ. જો. પટેલ સંપાદિત

'ગાંધીજીનું શિક્ષણદર્શન' માટે લખેલા ઓવારણાંમાં કહે છે, કેળવણીનું ધ્યેય તો ચરિત્રગઠન અને ઉદ્યોગ દ્વારા શિક્ષણમાં ઓછેવત્તે અંશે રહેલું જ છે... આવા ઉદ્યોગ–શિક્ષણ સાથે એમણે સ્વાવલંબનને જોડ્યું છે. ...એમને મન એ શિક્ષણની ચાવી હતી. એમણે સ્પષ્ટ રીતે કહ્યું છે કે, હું ઉદ્યોગ–શિક્ષણની વાત કરતો નથી પણ શિક્ષણમાં ઉદ્યોગની વાત કરું છું.

એક શિક્ષણશાસ્ત્રી તરીકે મનુભાઈ પંચોલી જણાવે છે કે ગાંધીજીની બુનિયાદી તાલીમ સમજવા માટે એ સમજવું જરૂરી છે કે આંખ–કાન–નાકની જેમ હાથ–પગ પણ તાલીમનાં સાધનો છે, તેનાથી પણ સાબૂત શિક્ષણ મળે છે. ભારત સરકારને સુપ્રદ કરાયેલી નવી શિક્ષણનીતિ-૨૦૨૦ આ પાયાની સમજ દાખવતું નથી. એટલે ભારતના સંદર્ભે ગાંધીજીના શિક્ષણવિચારની આજ લગભગ એટલી જ ધૂમળ છે, જે આઝાદી મળ્યાના કાળમાં હતી. કોરોના મહામારીના લીધે ઈ–લર્નિંગ, આભાસી શિક્ષણની ટેક્નૉલૉજીના ગુણ ગાતાં લોકો થાકતા જ નથી. એવી જ રીતે મુખામુખ શિક્ષણતંત્રમાં પણ નિતનવા ટેક્નૉલૉજીનાં સાધનોના ઉપયોગને જ શિક્ષણના નવા શાસ્ત્ર તરીકે સારી ગુણવત્તાથી શિક્ષણ આપતી હોવાના દાવા કરનારી ખાનગી શિક્ષણ સંસ્થાઓને પણ સ્વીકારી રહ્યા છે, તે ગંભીર ચિંતાનો વિષય છે. શાળાઓમાં અને શાળાઓની બહાર સ્કિલ ડેવલપમેન્ટના નામે ઉદ્યોગ અને ઉત્પાદન માટે અનુકૂળ શિક્ષણ આપવા કરોડો રૂપિયા સરકાર અને ખાનગી સંસ્થાઓ ખર્ચશે, પરંતુ તે આધુનિક શિક્ષણશાસ્ત્રની પરીક્ષામાં ખરા ઉતરે તેમ નથી. ટેક્નૉલૉજીનાં નવાં સાધનો અને ઈ-શિક્ષણ પાછળ ઘેલા થઈ જવા સામે કૃષ્ણકુમાર જેવા વિદ્વાનોએ હાલમાં જ લાલબત્તી ધરી છે. ૧૩ ઓક્ટોબર ઇંન્ડિયન એક્સપ્રેસ દૈનિકના એક લેખમાં તેઓ નોંધે છે કે ટેક્નૉલૉજીના આંધળા ઉપયોગથી શિક્ષણ માટે અનિવાર્ય શરત શિક્ષક અને વિદ્યાર્થીએ સાથે રહેવું તેનું ઉલ્લંઘન થાય છે અને ભવિષ્યની માનવસમાજરચના પર એનાં ખૂબ જ માઠાં પરિણામ આવે તે સંભવ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણની સ્થિતિનું અવલોકન કરીએ તો જણાય છે કે વિશ્વના નિસબત ધરાવનાર શિક્ષણવિદો ગાંધીજીની સમજની નજીક અને તેની તરફેણમાં ભલામણ કરનારા છે. એવું પણ કહી શકાય કે ગાંધીજીની શિક્ષણશાસ્ત્રની સમજ અને તેના પ્રયોગોને જગતના શિક્ષણવિદોના સિદ્ધાંતો થકી સમર્થન મળે છે. યુનેસ્કોનો શિક્ષણ પરનો એક અહેવાલ લર્નિંગ : ધ ટ્રેઝર વિધિન, જે ૨૧મી સદીના શિક્ષણ માટે માર્ગદર્શક દસ્તાવેજ તરીકે બહાર પાડવામાં આવ્યો તે અનુસાર શિક્ષણના ચાર સ્તંભ છેઃ લર્નિંગ ટુ નો (જાણતા શીખવું), લર્નિંગ ટુ ડુ (કાર્ય/પ્રવૃત્તિ કરતાં શીખવું), લર્નિંગ ટુ લિવ ટુગેધર, લર્નિંગ ટુ લિવ વીથ અધર્સ(સાથે રહેતાં અને બીજાઓ સાથે રહેતાં શીખવું), અને લર્નિંગ ટુ બી ('સ્વ'ની ઓળખ મેળવતા શીખવું). આ સ્તંભો નઈ તાલીમના પણ છે. દુનિયાના સભાન દેશો આ તરફ ગતિ પણ કરી રહ્યા છે. ભારતે તો પહેલાં આટલું કરવાનું થાય છે. ગાંધીજીના શિક્ષણવિચારની આવતી કાલ માનવતા માટે આમ એક રીતે ઉજળી દેખાય છે, પણ એમાં પણ એક ખામી છે જે પાયાની છે. ખામી પર દૃષ્ટિપાત કરીએ તે પહેલાં માનવ પ્રજાતિ જે વર્તમાન સંકટમાં ઘેરાયેલી છે અને તેમાંથી નીકળવા હાથ-પગ મારી રહી છે તે સંકટ આ પ્રજાતિએ આદરેલા પોતાના ભૌતિક વિકાસ માટે આદરેલા પ્રયાસ છે. નવપ્રવર્તન કે પુનરુત્થાન જીવનના કાળમાં પ્રકૃતિના રહસ્યની ખોજની જે વણથંભી યાત્રા ચાલી છે તેના ફળસ્વરૂપે વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના અવિરત વિકાસ થકી અમર્યાદ ભૌતિક સુખાકારી મળવા પામી છે. પ્રજાતિના છેલ્લા માનવી સુધી વર્તમાન પેઢી અને આવનાર પેઢીઓને પણ ભૌતિક સુખાકારીનો આ સ્તર નિરંતર મળ્યા કરે તેની ખોજ અને પ્રામાણિક પ્રયાસમાં પર્યાવરણ અને પારિસ્થિતિકિ(ઈકૉલૉજી)માં જે અનિચ્છનીય અને નાફેર પરિવર્તન થયાં છે તેના લીધે પ્રજાતિના અસ્તિત્વને ખતરો ઉપસ્થિત થયો છે. અલબત્ત, આ વિશે વિવાદ જારી છે પણ ખતરો છે તેનો કમને સ્વીકાર થઈ રહ્યો છે. પ્રવર્તમાન શિક્ષણદર્શન અને તંત્રમાં તેને માટે ઉકેલ સહજ દેખાતો

નથી. જ્ઞાનની નવી ક્ષિતિજો ઝડપથી ખૂલતી જ જાય છે અને મનુષ્યને એવો અહંકારની સીમાએ જતો આત્મવિશ્વાસ તો છે જ કે સમસ્યાઓનાં સમાધાન મળી જશે. પ્રમાણમાં ઓછા જાણીતા પરંતુ પ્રખર વિદ્વાન દાર્શનિક અને ગાંધીજીના પૌત્ર પ્રાધ્યાપક રામચંદ્ર ગાંધીએ કેથરિન ઈન્ગ્રામના પુસ્તક 'ઇન ધ ફૂટ સ્ટેપ્સ ઑફ ગાંધી'ના આમુખમાં લખ્યું છે કે આજે ગાંધીજીની મનોભાવના અને જુસ્સો આપણને ધરતીની સેવા માટે સત્યાગ્રહ અને સત્યના નિરંતર સાદ તરફ હાજર થવા જણાવે છે. કારણ કે જો જીવવાનાં સંસાધનો અને આ સભ્યતાનું રક્ષણ પ્રવર્તમાન ગતિએ ચાલ્યા કરે તો આ હેરાન–પરેશાન માનવી નિકટ ભવિષ્યમાં હાર સ્વીકારી એવું લાગે છે.

રેનેસાં પછીના કાળમાં મનુષ્યની વ્યક્તિ સ્વતંત્રતાની મુહિમમાં આગળ વધતાં જે મુકામે પહોંચાયું છે, ત્યાંથી એ વિચાર પ્રચલિત થયો છે કે મનુષ્ય બાળપણથી નીતિ વિષયક શિક્ષણ આપવાની કોઈ જરૂર નથી. આજે ઉપયોગિતાવાદની બોલાબાલા છે અને કદાચ મહદઅંશે ચાર્વાક દર્શનના 'યાવત જીવેત સુખં જીવેત, ઋણમ કૃત્વા ઘૃતં પિબેત'નો મંત્ર હાવી છે.

અપ્રામાણિકતા, અસત્ય, હિંસા, શોષણ, અત્યાચાર, છળકપટ વિગેરે હકીકત છે, પરંતુ તેને જીતવા તત્ત્વ શિક્ષણની જરૂર નથી પણ તંત્ર વ્યવસ્થા પૂરતી છે. રાજ્ય અને આચાર નિયમન માટેની સંસ્થાઓ કોઈપણ સમાજના નાગરિકોને અંકુશમાં રાખશે અને તે થકી પાકા થયેલા સારા નાગરિક માટેના નિયમો મૂલ્ય તરીકે સ્થાપિત થશે તેવી સમજ છે. આવું કહેવું એ કદાચ વધુ પડતું સરળીકરણ થયા જેવું લાગે પરંતુ જમીની હકીકત આ દેખાય છે. આ સંદર્ભે પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં તાત્ત્વિક ખામી છે. હિંદુસ્તાનની સંસ્કૃતિમાં મનુષ્યના આંતરિક વિકાસને આવશ્યક માનવામાં આવ્યું છે અને એ પ્રક્રિયામાં તેના ષડ્‌રિપુ કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને મત્સરને જીતવાના પ્રયાસો આત્મબળ અને ભૌતિક જરૂરિયાતોને મર્યાદામાં રાખીને કરવા અનિવાર્ય છે. એ રીતે મુક્ત થયેલી વ્યક્તિ સ્વતંત્ર છે એવી દાર્શનિક સમજ છે.

ફરી પાછા ગાંધીજીના શિક્ષણદર્શન તરફ વળીએ, તો હૃદયની કેળવણીનું પ્રામુખ્ય છે તે સમજાય છે. ચારિત્ર્યઘડતર એ શિક્ષણદર્શન અને પદ્ધતિ બેઉનો અભિન્ન ભાગ છે. મૂળ પર પાછા જઈએ તો ગાંધીજીની કલ્પનામાં માનવસમાજે હિંસક સમાજથી અહિંસક સમાજ તરફ ગતિ કરવાની છે. તે માટે હાવી પશુબળની સામે આત્મબળ કે પ્રેમબળને ચાલકબળ બનાવવાનું છે. તે માટેની અનિવાર્ય શરત સ્વરાજ મેળવવાની છે, એટલે સ્વ પરનો અંકુશ. આના માટેનો અભ્યાસ બાળપણથી શિક્ષણ દ્વારા જ સંભવ જણાય છે. ગાંધીદર્શનની આ સૂક્ષ્મ દાર્શનિક સમજને મુખ્યધારા એક રીતે નકારે છે. પણ આ ગાંધીજીના શિક્ષણવિચારનું તત્ત્વ છે. તંત્ર દ્વારા તત્ત્વ મેળવી શકાય નહીં. વિજ્ઞાન, ટેક્નૉલૉજી અને વિવિધ ભૌતિક વિકાસ શિક્ષણ માટે અનેક તંત્ર ગોઠવી શકાશે પણ તે તત્ત્વશિક્ષણ નહીં આપી શકે. અનુભવે દુનિયાને પણ આ સમજાઈ રહ્યું છે તેવું લાગે છે. વાર્યા ન વળે તે હાર્યા વળેના ભાવે દુનિયા ગાંધીજીના શિક્ષણદર્શનના તાત્ત્વિક આયામ તરફ વળશે એવું દેખાય છે. યુનિસેફના અહેવાલ અંગે જે ઉપરોક્ત વિધાન કર્યું છે તે પૈકી લર્નિંગ ટુ લિવ વિથ અધર્સ(સાથે રહેતાં અને બીજાઓ સાથે રહેતાં શીખવું), અને લર્નિંગ ટુ બી ('સ્વ'ની ઓળખ મેળવતા શીખવું) એ હૃદયશિક્ષણ તરફ જ ઇંગિત કરે છે અને માનવ એ દિશા તરફ ગતિ કરશે. જો એમ થશે તો ગાંધીજીના શિક્ષણવિચારની કાલ ઉજ્જવળ છે.

(સુદર્શન આયંગરઃ ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક, અર્થશાસ્ત્ર, શિક્ષણ, ગાંધીવિચારના ઊંડા અને સ્વસ્થ વિચારક. પ્રયોગશીલ સંશોધનકર્તા.

આર્ય-પ્લોટ-૩, આર્ચકિમ્પસ, નગારિયા, ધરમપુર, ૩૯૬૦૫૦, મો. ૯૮૯૮૬૩૬૯૧૬ ઈમેઈલઃ sudarshan54@gmail.com)

## ૦૪. શિક્ષણ અને સમાજઃ અનુબંધ અને પરિવર્તન

રમેશ સંઘવી

**૧. જીવન અને શિક્ષણઃ સહઅસ્તિત્વની સાધના**

મહાત્મા ગાંધીજીના જીવનને વળાંક આપનાર વિચારક જહોન રસ્કિને કહેલુંઃ 'સાચી સંપત્તિ એ ધન નથી, પણ જીવન છે.' જીવન એ કેન્દ્રમાં છે. શિક્ષણની સમગ્ર પ્રક્રિયાના મધ્યમાં પણ જીવન છે. અહીં શિક્ષણ એટલે વ્યાપક અર્થમાં કેળવણી, આપણું આ જીવન અત્યંત વ્યાપક અને અનેક પાસાંઓવાળું-બહુઆયામી છે. તેમાં કેવળ મનુષ્ય જ નથી કે જેટલું દશ્યમાન થાય છે, એટલું જ નથી. આપણા કવિશ્રી ઉમાશંકર જોશીએ કહેલુંઃ

'વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ.'

મનુષ્ય એ આ વ્યાપક-બહુઆયામી જીવનની જ અનોખી અભિવ્યક્તિ. એટલે સમગ્ર સૃષ્ટિ સાથેની સંવાદિતા એ જ ખરું જીવન. અને આવા જીવનની તૈયારી માટેનું માધ્યમ તે શિક્ષણ અથવા કેળવણી.

સમગ્ર જીવનને અનેક પાસાં છે, તે ભારે સંકુલતાભર્યું અને વૈવિધ્યપૂર્ણ છે. મનુષ્યજીવનને પણ વિવિધ પાસાં છે અને તેથી તે પણ ભારે સંકુલતાભર્યું તેમ જ પડકારભર્યું છે. કેવળ દેહ ધારણ કરવો, શ્વાસ લેવો, રોટી-કપડાં-મકાન કે જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયોનું જગત એટલું જ જીવન નથી. તેમાં મૂળભૂત વૃત્તિઓ છે. ચિત્ત-બુદ્ધિ-મન-અહંકાર છે, તેમાં ચેતનતત્ત્વ છે. દેખાતા દશ્યમાન સ્થૂલ જીવનની પાછળ એક બૃહદ સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ જીવન પણ છે. શિક્ષણનો જ્યારે વિચાર કરીએ ત્યારે આવા બૃહદ સંદર્ભમાં-અર્થમાં જ તેનો વિચાર કરવો જોઈએ.

આ જીવન કેમ સંગીતમય-સંવાદી બને, દેહપરાયણતા-મનપરાયણતાથી ઉપર ઊઠે તે માટે શિક્ષણની સમગ્ર પ્રક્રિયા અને તેનું તંત્ર મુખ્યરૂપે છે. કારણ, જીવન એટલે જ સહઅસ્તિત્વ. સહઅસ્તિત્વ એટલે જ એકબીજાનો સ્વીકાર, સન્માન અને સંભાળ. સ્થૂળ અર્થમાં જોઈએ તો માનવ પ્રકૃતિ, સમાજ, સામાજિક તાણાવાણા અને વ્યવહારો તેમ જ સ્વ પરસ્પર ગૂંથાયેલાં છે. આ બધાં સાથે સામંજસ્ય અને માધુર્ય સ્થપાય તે કેળવણીનું કર્તવ્ય.

એટલે, શિક્ષણ એ જીવનાભિમુખ જ હોવું જોઈએ. તેનું કામ છે જીવન જીવતાં શીખવવું, જીવનની સમસ્યાઓ હલ કરવાનું, જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવાનું, તેમ જ જીવનમાં જરૂરી પરિવર્તન લાવવાનું શીખવવું, વિમલાતાઈએ કહેલુંઃ 'આજે સખ્યમૂલક, સહયોગપરાયણ, સહજીવનની દૃષ્ટિ આપે તેવા શિક્ષણની જરૂર છે. શિક્ષણ એટલે કેવળ શાળા-કૉલેજોમાં અપાતું જ્ઞાન નહીં, પણ માનવજીવન સંવાદિતાથી-આનંદથી જીવાય તેવું શિક્ષણ.' એટલે જ ગાંધીજીએ નઈતાલીમની વાત કરતાં સમજાવેલું, 'બાળકોના શિક્ષણમાં આસપાસની પ્રકૃતિ, સમાજ અને તેનો ધબકાર, સમાજની વિવિધ સંસ્થાઓ તેમ જ ગામ અને તેની આસપાસ ચાલતા ગ્રામોદ્યોગ-વ્યવસાયોને પણ કેળવણીનાં માધ્યમો બનાવવાનાં છે, કેળવણી સાથે તેને જોડવાનાં છે. આવી જીવનાનુબંધિત કેળવણી જ ખરી કેળવણી છે. આ જ શાળા-મહાશાળાનું કાર્યક્ષેત્ર છે.'

આજનું શિક્ષણ જીવનથી, જીવનના વિવિધ આયામોથી ફંટાઈ ગયું છે. એક ખંડિત, જીવાતા જીવનથી કપાયેલું આજનું જે શિક્ષણ તેને જીવનની મૂળધારા સાથે જોડવું તે જ સાચું શિક્ષણ અને તે જ શિક્ષણનું કાર્ય. આમ, આપણે શિક્ષણમાં જીવન ઉમેરવું છે. અર્થાત શિક્ષણને જીવન સાથે, જીવનનાં વિવિધ પાસાં અને તેની જરૂરિયાતો-સમસ્યાઓ સાથે, તેની ગતિવિધિઓ અને વિકાસ સાથે જોડવાનું છે.

**૨. સમાજઃ જીવનની પાઠશાળા**

માનવજાતિના વિકાસની યાત્રા એટલે જ એકલતામાંથી સમૂહ પ્રતિ, સમૂહજીવન પ્રતિ પ્રયાણ. મનુષ્યની અંદરની જ અભીપ્સા છે - એકલા એકલા ગમતું નથી. બીજાનું હોવું એ પ્રત્યેક મનુષ્યની આંતરિક અનિવાર્યતા છે. એટલે જ એરિસ્ટોટલની એ ઉક્તિ જાણીતી છે 'મનુષ્ય એ સામાજિક અને બૌદ્ધિક-વિચારશીલ પ્રાણી છે.' મનુષ્યનો જન્મ અને ઉછેર, તેનાં ધારણ-પોષણ અને રક્ષણ, તેના આનંદ અને ઓચ્છવ, તેનાં સંભાળ અને કાળજી, તેનાં આત્માભિવ્યક્તિ અને આત્મતૃપ્તિ આ બધું સમૂહને લીધે-સમાજને લીધે જ સંભવે છે. 'હું એકલો નથી અને એકલો રહી શકતો નથી' તે પ્રત્યેકની પ્રતીતિ છે. એટલે જ વ્યક્તિ અને સમાજનો નાભિનાળનો સંબંધ છે. એટલે જ જગતના શિક્ષણવિદો-ચિંતકોએ કેળવણીનો એક મહત્ત્વનો ઉદ્દેશ દર્શાવ્યો છે : How to Live together. સહુની સાથે પ્રસન્નતાથી અનુકૂલનથી, સહુના નિજત્વનો આદર કરીને કેમ જીવવું એ માનવજીવન માટે અત્યંત મહત્ત્વનું છે. આ માટે થઈને જ સમાજ દ્વારા અનુભવને તેમ જ આવશ્યકતાને લઈને કેટલીક સંસ્થાઓ અસ્તિત્વમાં આવીઃ લગ્ન, પરિવાર, વ્યવસાય, ધર્મ, રાજય અને ઉત્સવો, લલિતકળાઓ, સાંસ્કૃતિક પરંપરાઓની જેમ કેળવણી યા શિક્ષણ પણ સમાજની મહત્ત્વની અનિવાર્ય સંસ્થા તરીકે સ્થાપિત થઈ. આમ શિક્ષણ એ એક સામાજિક સંસ્થા છે. વ્યક્તિએ પોતાના વિકાસ માટે, જીવન જીવવાનું-ટકવાનું કૌશલ્ય શીખવા માટે અને સમાજના સુચારુ વ્યવસ્થાપન-સંચાલન તેમ જ પ્રગતિ માટે જે તડપન-જરૂરિયાતો અનુભવી તેમાંથી આ શિક્ષણ નામની સંસ્થા શરૂ થઈ અને પછી તેને પરિણામદાયી બનાવવા માળખાબદ્ધ કરવામાં આવી. તેનો હેતુ, અભ્યાસક્રમ, પુસ્તકો, પ્રવૃત્તિઓ, સુવિધાઓ, શિક્ષક, તાલીમ, મૂલ્યાંકન વગેરેનો ઘટાટોપ ઊભો થતો ગયો અને ક્રમશઃ શિક્ષણ ઔપચારિક બનતું ગયું, જીવનથી કપાતું ગયું પણ અનુભવથી સમજાતું ગયું કે શિક્ષણ એ કેવળ શાળામાં જ અને પુસ્તકોથી અપાય તેમ નહીં, પણ શાળા બહાર કે, વિશાળ સમાજ, તેનાં વિવિધ કાર્યો, આ અસીમ સૃષ્ટિ બધાં વિદ્યાલયો છે અને તેનો શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ. કેવળ ઔપચારિક શિક્ષણ પૂરતું નથી, અનૌપચારિક શિક્ષણ પણ જે મળે છે તેય એટલું જ મહત્ત્વનું છે. જગતભરના કેળવણીકારોએ પોતાના ચિંતનમાં અને કેળવણીપંચોના અહેવાલોમાં આ વાત કરી છેઃ 'શિક્ષણને ચાર દિવાલથી મુક્ત કરો.' શિક્ષણને અનુભવ, અભિવ્યક્તિ અને આચરણ સાથે જોડો.

પ્રશ્ન એ થાય કે વ્યક્તિનું સ્વાતંત્ર્ય, નિજત્વ મહત્ત્વનાં કે સમાજ માટેનું સમર્પણ મહત્ત્વનું? ખરી કેળવણી વ્યક્તિનાં અસ્તિત્વ અને વ્યક્તિત્વનો આદર કરે જ, તેના અંતસ્તત્વના વિકાસને મોકળાશ આપે જ પણ તે સમાજને ભોગે ન હોય. પંડિત સુખલાલજીએ કહેલુંઃ 'પ્રત્યેક વ્યક્તિએ પોતાના સ્વાર્થને સમષ્ટિના કલ્યાણમાં જતો કરવો તેમ જ પોતાની શક્તિઓને સમષ્ટિના હિતમાં પ્રયોજવી.' શિક્ષણ દ્વારા સમૂહજીવન, સામૂહિક ઉત્ક્રમણ શીખવાનું છે. અને તે ઘરથી જ શરૂ થવું જોઈએ. ઘર એ સમાજનું જ નાનું અને મહત્ત્વનું એકમ છે, જેમાં બાળકના ઘડતરનો પાયો નખાય છે. શાળામાં બાળકનું સામાજિકરણ તો થાય છે જ, પણ શાળાએ જ્યારે સમાજ સાથે, સમાજ વચ્ચે તેના વિવિધ કાર્યક્રમોમાં આયોજનપૂર્વક જોડાઈ શકે. તેથી જ મૂલ્યવાન અનુભવ મળે છે.

**૩. શિક્ષણઃ અનુબંધ અને પરિવર્તન**

શિક્ષણ એ જીવનભર ચાલતી વ્યક્તિનાં સર્વાંગીણ વિકાસની ઘટમાળ છે અને તે ગર્ભધાનથી શરૂ થઈ જીવનના અંત સુધી ચાલતી રહે છે. શરૂઆત ઘરથી થાય. સુટેવો, સંસ્કારો અને જીવનવ્યવહારનાં બી ઘરથી જ વવાય. માતાપિતાએ બાળકના ઉછેર તેમ જ વિકાસમાં રસ લેવો જોઈએ. તે માટે સમય આપવો જોઈએ. ભય, ટીકા, વધારે પડતાં લાડ વગેરે બાળકના વિકાસમાં બાધક બને છે. પરિવારથી જ બાળકની સામાજિકતા શરૂ થાય છે. પછી શેરી, મિત્રો, પડોશી અને ગામ એમ વર્તુળ વિસ્તરતું જાય અને જાણે અજાણે બાળકનું ઘડતર થતું જાય.

શાળા એ આયોજિત રીતે, હેતુલક્ષી થતા કાર્યક્રમોથી થતી બાળકના ઘડતરની ભૂમિ છે. તેનું કાર્ય કેવળ માહિતી આપવાનું નથી, પણ એ માહિતીને-જ્ઞાનને જીવન સાથે જોડવાનું છે. દર્શક કહેતાઃ 'કેળવણીનું કામ કેવળ રોટલો કેમ રળવો તે શીખવવાનું નથી, પણ પ્રત્યેક કોળિયો કેમ મીઠો બને તે પણ શીખવવાનું છે.' શાળામાં મોકળાશ-સ્વાતંત્ર્ય, જવાબદારી-ભાગીદારી, નિર્ણયની સ્વતંત્રતા-સ્વનિયમનની તકો, સર્જનાત્મકતા-વિધેયાત્મકતા મળવાં જોઈએ.

આગળ કહ્યું તેમ મનુષ્ય એકલો હતો, તેમાંથી સમાજ બન્યો અને સમાજમાં કેમ સુખેથી હળીમળીને રહી શકાય તે માટે વિવિધ સંસ્થાઓનું નિર્માણ થયું. જેમ માણસ એકલો રહી શકતો નથી, તેમ તેના જીવનમાં બીજો પ્રવેશવાથી પણ સમસ્યાઓ-દ્વંદ્વ પેદા થાય છે! એટલે પ્રશ્ન આવે કે સમાજ મહત્ત્વનો છે કે વ્યક્તિ ? સમાજ માટે વ્યક્તિ કે વ્યક્તિ માટે સમાજ? શાળા સામે આ પ્રશ્ન રહેવાનો અને શાળાએ આ સંદર્ભે કામ પણ કરવાનું છે. કારણ, સમાજ અને વ્યક્તિ બંને પરસ્પર અવલંબિત, પૂરક અને પોષક છે. સમાજનું ચક્ર સુઆયોજિત-સુસંવાદી ચાલે તેમ વ્યક્તિના નિજત્વનું પ્રસ્ફૂટ જ પ્રફુલ્લન તે પણ એટલું જ જરૂરી છે. શિક્ષણનું મહત્ત્વનું કાર્ય છે સારો માનવ નિર્મિત કરવો. એક જવાબદાર નાગરિક નિર્મિત કરવો. તે કેવી રીતે થઈ શકે?

**૪. શિક્ષણ દ્વારા જવાબદાર નાગરિક નિર્માણ**

આજે દેશ સમાજ, વર્ણ, જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, સંપ્રદાયમાં વાડાબદ્ધ થયો છે. કોઈપણ સમાજ કે દેશનાં વિકાસ, શાંતિ, સુખ માટે તે નડતરરૂપ છે. આનો ઉપાય અને ઉપચાર એ સંયમિત-સંતુલિત, ચારિત્ર્યશીલ-જવાબદાર, બીજાની કાળજી-સંભાળ લેનાર નાગરિકત્વનું નિર્માણ જ છે. આ માટે કોઈ ફોર્મ્યુલા નથી હોતી. દેશ, કાળ, પરિસ્થિતિની જરૂરિયાતો, સમસ્યાઓ અને વિકાસની સંકલ્પનાઓ મુજબ તે બદલાતી રહે છે. કેવળ અક્ષરજ્ઞાન, પુસ્તકિયું પાંડિત્ય એ પૂરતું નથી. વ્યક્તિ પોતાની સમસ્યાઓ ઉકેલી શકે, તેનામાં હિંમત, સમજ, કૌશલ્ય નિર્માણ થાય તે મહત્ત્વનું છે. આવા વ્યક્તિના નિર્માણ માટે વિનોબાજીએ યોગ, ઉદ્યોગ, અને સહયોગ એવાં ત્રિરત્નોની વાત કરેલી, તો વિમલાતાઈએ સખ્ય, સહયોગ અને સહજીવનની વાત કરેલી.

આ માટે શાળાનું તંત્ર લોકશાહી ઢબથી ચાલે તેમ થવું જોઈએ. પ્રત્યેક બાળકને જવાબદારી અપાય અને શાળા સંચાલન તેમ જ કાર્યક્રમોમાં હિસ્સેદારી અપાય. શાળાના જે જે કાર્યક્રમો થાય-ઉત્સવ ઉજવણી, પ્રવાસ-પર્યટન, મહેમાનોનું સ્વાગત અને ગોષ્ઠિ, પ્રાર્થના-સંમેલન સંચાલન આ બધામાં વિદ્યાર્થીઓની ભાગીદારી હોય. શાળાનું એક મંત્રીમંડળ અને જરૂરી સમિતિઓ પણ હોય. પ્રત્યેક શાળા સ્વતંત્ર અને સ્વતંત્ર રીતે જ તેનું આયોજન કરી શકે. અને શાળા સમાજનાં કાર્યોમાં પણ જોડાય. સમાજના પ્રશ્નોનું અધ્યયન, ગ્રામશિબિર, ગ્રામસફાઈ, મુલાકાત, માંદાની સારવાર, ગ્રામસર્વે અને તેનો અહેવાલ; આવું તો કેટલુંય થઈ શકે. ઉત્સવની ઉજવણી ગામ સાથે મળીને કરે કે ગામમાં જઈને કરે. સ્વાતંત્ર્ય પર્વ કે એવા રાષ્ટ્રીય તહેવારો પણ સાથે મળીને ઉજવે. ગામમાં વ્યસન, બાળલગ્ન, ગરીબી-બેરોજગારી વગેરે પ્રશ્નો અને તેના નિવારણના માર્ગ વિચારે. આવી સમાજાભિમુખતા શાળાના કાર્યક્રમોમાં સમાવિષ્ટ થાય. આવાં કાર્યો બાળકોની નાગરિક ચેતના અને સક્રિય નાગરિકતાને જગાડશે. પ્રત્યેક શાળા આ કરી જ શકે. સમાજની ખુલ્લી શાળામાંથી જે શીખવાનું મળે છે, તે ચાર દિવાલોનાં શિક્ષણ કરતાં ક્યાંય વધારે છે. શાળાએ સમાજ સાથે, સૃષ્ટિ સાથે સંધાન કરવાનું છે. અને બાળકની આ અભિમુખતા તેમ જ જાગૃતિ સમાજ પરિવર્તનની પીઠિકા તૈયાર કરી આપે છે, કારણ બાળકનું આંતરિક કલેવર સાબૂત બન્યું હોય છે.

**૫. શાળાનું વાતાવરણ-ભાવાવરણ**

શાળા એટલે શું? તે તેનાં મકાનો, મેદાનો, સુવિધામાં નથી. બાળકો કેવી રીતે શીખે છે? બાળકો શીખે છે શાળાના વાતાવરણથી-ભાવાવરણથી. આવું વાતાવરણ નિર્મિત થાય છે શિક્ષક-વિદ્યાર્થીના નિર્વ્યાજ, વત્સલ, સૌહાર્દપૂર્ણ,

પ્રેમસભર સંબંધોથી. આવા વાતાવરણમાં ચાલતું ભણવાનું, મળતું પ્રેમતત્ત્વ, થતી પ્રવૃત્તિઓ અનેક સુખદ-દુઃખદ ઘટનાઓ પણ બને, પણ આ બધું બાળકના ઘડતરમાં, તેના શિક્ષણમાં-શીખવામાં અસરકારક ભાગ ભજવે છે. શિક્ષક પાસે આ અંગે દૃષ્ટિ અને સમજણ હોય અને તે માટેની સ્વતંત્રતા-છૂટ હોય તો જીવનનું શિક્ષણ સહજ જ મળે છે, પ્રવર્તે છે. શિક્ષક પાસે વૈજ્ઞાનિક દૃષ્ટિ અને પ્રયોગશીલતા હોય, બાળકના નિજત્વનો આદર અને ધૈર્ય હોય, તેનામાં વાણીસંયમ અને આત્મસંયમ હોય, તેનું આચરણ કશાય લોભ-લાલચ વિનાનું અને બાહ્ય દબાણ વિનાનું હોય તો આ પાથેય તેને ખૂબ કામ લાગે છે.

શાળા અને તેના પર્યાવરણની, શિક્ષકો અને તેના અધ્યાપનકાર્ય તેમ જ પ્રવૃત્તિઓની જ વાત કરીએ. મૂળ વાત છે બાળકને પ્રવૃત્તિમાં, દિવસભરનાં શાળા કે શાળા બહારના કાર્યક્રમોમાં રસ પડવો જોઈએ. બાળક રસાનુભૂતિથી તૃપ્ત થાય છે અને તેની અસર અવિસ્મરણીય બને છે. આ તૃપ્તિ જ તેને આત્મવિશ્વાસ અપાવે છે, અભિવ્યક્તિ અપાવે છે. શાળાના સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એક સામગ્રિક -સુગ્રથિત દૃષ્ટિથી થાય. શાળાએ બાળકોને વિવિધ પ્રકારના માતબર જીવન અનુભવો આપવાના છે, તે માટેના સંજોગો પેદા કરવાના છે અને તેને શિક્ષણ સાથે જોડવાના છે. શાળાની અંદર અને શાળાની બહાર જે કાર્યક્રમો થાય તે બધાનો સમવાય શિક્ષણ સાથે કરવાનો છે અને આ શિક્ષક, શિક્ષકગણ તેમ જ શાળાનાં સંચાલનતંત્રે કરવાનો છે. જેમ કે સમાજની વચ્ચે જઈ ઉત્સવો ઉજવવા, કોઈ પ્રશ્ન આવે તો તેનાં તપાસ-અભ્યાસ કરવાં અને આ બધું સમાજ સાથે અને જીવન સાથે પ્રયોજી-સંયોજી શકાય. રસ્કિને કહેલું : પથ્થરમાં મૂર્તિ છે જ, શિલ્પી તો પોતાનાં કલ્પના અને ઓજારો વડે તે પથ્થરમાંથી મૂર્તિ સિવાયનો ભાગ કાઢી નાખે છે. શાળાએ પણ પોતાનાં ઓજારો-કાર્યક્રમો, દૃષ્ટિ-હેતુ દ્વારા બાળકમાં પડેલ સારા માણસ થવાની મૂર્તિને કોતરવાની છે, ઘાટ આપવાનો છે.

આ માટે વિવિધ પ્રકારની શાળાઓના અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રયોગ થયા. જીવનશાળા, મુક્તશાળા, કારીગરશાળા, હુન્નરશાળા, લોકશાહીશાળા. મૂળ વાત છે બાળકની સ્વતંત્રતા, જવાબદારી, સહનશીલતા સાથે નિજી સ્ફૂરણને અવકાશ મળે અને સમાજ સાથે પણ અનુબંધિત થાય તેવા કાર્યક્રમો હોય.

**૬. છાત્રાલય(સમૂહજીવન)ઃ ઘડતરનું ધરુવાડિયું**

છાત્રાલય એ જીવન ઘડતરનું-જીવન પરિવર્તનનું માધ્યમ છે અને તેને શાળા-વિદ્યાલય સાથે જોડવાનું છે. શાળામાં જે શીખવવા-સમજાવવામાં આવે તેનું પ્રત્યક્ષ કાર્ય-અનુભવજ્ઞાન છાત્રાલયમાં થઈ શકે. શાળા શિક્ષણ અને સમાજના અનુબંધતા છાત્રાલયનું પણ સુંદર યોગદાન બની શકે. છાત્રાલયની દિનચર્યા અને થતા કાર્યક્રમોને, સંબંધને પણ વિદ્યાર્થી ઘડતર અને સમાજ ઘડતરની દૃષ્ટિએ જોવાના છે. કદાચ, છાત્રાલય શાળા કરતાં પણ અનુબંધ અને પરિવર્તનનું વિશેષ સમૃદ્ધ માધ્યમ છે.

આવી શાળામાં પારિવારિકતા હોય અને તેથી તેમાં સંખ્યા મર્યાદિત હોય. શાળાનાં મહાલય જેવાં ભવનો અને ગંજાવર સંખ્યાથી પારિવારિકતા ન આવે અને પારિવારિકતા વિના ઘડતર ન થાય.

શિક્ષણનો એક મહત્ત્વનો ભાગ છે-સમૂહમાં જીવતા શીખવું અર્થાત્ સમૂહજીવન. વિદ્યાર્થીનું ઘડતર યોગ્ય-સમુચિત સમૂહજીવનથી થાય છે, કારણ કે સમૂહ એ સમાજની જ નાની આવૃત્તિ છે. To Live to Gether એટલે Living, Loving અને Learning. સમૂહજીવનનાં સ્નેહ અને મૈત્રી, ભાઈચારો અને સમાનતા, સહયોગ અને સ્વાશ્રય, સ્વાવલંબન અને સ્વાધ્યાય વ્યક્તિનું સુંદર ઘડતર કરે છે. પ્રત્યેક શાળા-શિક્ષણ સંસ્થાએ આ જ કામ કરવાનું છે. છાત્રાલય એ બૃહદ પરિવાર છે અને તેમાં જવાબદારીભર્યા વ્યક્તિગત કે સમૂહકાર્યો એ જીવનઘડતરનું-ચારિત્ર્યઘડતરનું માધ્યમ છે. કિશોરલાલ મશરૂવાળાએ જીવન માટે પ્રચલિત ચાર પરિબળોઃ કુદરતી સંપત્તિ, મનુષ્યબળ, અનુકૂળ શાસન અને જ્ઞાનવિજ્ઞાનની સાથે પાંચમું પરિબળ પ્રજાનું-નેતાનું ચારિત્ર્ય મહત્ત્વનું ગણ્યું છે. ચારિત્ર્યની

કેળવણી સમૂહમાં થઈ શકે.

એટલે શિક્ષકની મૂલ્યશ્રદ્ધા, પરિશીલન, નિષ્ઠા, દૃષ્ટિ અને આચરણ મુખ્ય છે. તે જ નવા સમાજનો રચયિતા અને પરિવર્તનનું માધ્યમ બની શકશે.

**૭. શ્રમ**

કેળવણી સાથે સ્વાશ્રય અને શ્રમ જોડવાં તે પણ સમાજાભિમુખતા, અનુબંધ અને પરિવર્તન માટે મહત્ત્વનું કામ છે. શિક્ષણ મળે છે જીવાતા જીવનમાંથી. વિદ્યાર્થી જ્યારે શ્રમ દ્વારા ધરતી સાથે જોડાય છે ત્યારે તે પ્રકૃતિ સાથે જોડાય છે. દેશ-પરદેશના શ્રમિક વર્ગ સાથે પણ તેનો નાતો બંધાય છે, જેની સંખ્યા ઘણી મોટી છે. વ્યાપક અર્થમાં તે જીવનનાં મૂળભૂત તત્ત્વો સાથે સંબંધમાં આવે છે. શ્રમ એ શાળામાં કે ગામમાં કે કોઈ ખેડૂતને ત્યાં પણ થઈ શકે. વિદ્યાર્થીની પંચેન્દ્રિયની કેળવણી, હૃદયનો વિકાસ અને મસ્તિષ્કની સક્રિયતા-આ ત્રણે શ્રમ દ્વારા સાધી શકાય છે. સમાજમાં બેઠાડું, શોષક વર્ગ એ રાષ્ટ્રનો મોટો પ્રશ્ન હોય છે. શિક્ષણ સાથે પરિશ્રમ અનિવાર્યપણે જોડવો જોઈએ.

**કેવળ પોતાનો નહીં, બીજાનો પણ વિચાર કરે, જેને આપવામાં-ઘસાવામાં આનંદ આવે, જે સમાજ કે સૃષ્ટિ કોઈનું અકલ્યાણ ન કરે-જેનો હૃદયવિકાસ અને દૃષ્ટિવિકાસ સ્વને વળોટીને સર્વ પ્રતિ વળ્યો હોય તેવો નાગરિક જોઈએ અને તે શાળા, શિક્ષકો અને વાતાવરણ જ આપી શકે...**

**૮. અનુબંધ અને પરિવર્તન**

અનુબંધ એટલે વિષય શિક્ષણને જીવન સાથે, સમાજ સાથે, જીવન અને સમાજની જરૂરિયાતો-સમસ્યાઓ સાથે જોડવું. અને પરિવર્તન એટલે વ્યક્તિ અને સમાજનું અપેક્ષિત પરિવર્તન. મૂલ્યલક્ષી, જવાબદાર-જાગૃત નાગરિકતા અને સ્વાધ્યાયલક્ષી શિક્ષણ તેમજ સામાજિક પરિવર્તન. શિક્ષણનું કામ છે સમસ્યાઓને ઉકલવી. તેને બદલે તે જ સમસ્યારૂપ થઈ જાય તો? તો સમાજમાં પણ તેની અસર થાય અને તેની પ્રતિક્રિયા નિરાશા-નિરર્થકતાના સ્વરૂપે આવે. આવું આજે થાય છે તેનું કારણ શિક્ષણ એ એકલવાયું-ટાપુ જેવું બની ગયું છે. વ્યક્તિના જીવન, સમાજના જીવન કે સમગ્ર સૃષ્ટિ સાથે તેનો સંબંધ નથી. આ સંબંધને સ્થાપિત કરવો તે અનુબંધનું કામ અથવા એટલે જ અનુબંધ. ગાંધીજીની આ મોટી અને મૌલિક ભેટ છે.

અનુબંધનો વિચાર કેળવણીના તમામ તબક્કાઓમાં અપનાવવો જોઈએ. શિક્ષક ભણાવે છે તેમાં તેને આનુષંગિક અન્ય જ્ઞાન, ક્રિયા અને ભાવજગતને જોડવાં અને તે પ્રત્યક્ષપણે જોડવાં તે અનુબંધ. કોઈપણ વિષય હોય, તેનો કોઈ મુદ્દો હોય, જેમ કે ખેતી-પશુપાલન કે ગૃહઉદ્યોગો-ગ્રામઉદ્યોગો. વિદ્યાર્થી તે માટે પુસ્તકાલયમાંથી સ્વાધ્યાય આધારે કક્ષા મુજબ વિગત મેળવે, ગામમાં ચાલતા ખેતી-પશુપાલન કે ગૃહઉદ્યોગ-ગ્રામઉદ્યોગની મુલાકાત લે, તેને સમજે અને પછી તેનાં કેટલાંક પ્રયોગિક કાર્ય સાથે જોડાય. હાથ-પગ, બુદ્ધિ-મજ અને ઊર્મિ-ભાવજગતની કેળવણીની જે વાત કરીએ છીએ તે અહીં ચરિતાર્થ થાય.

વિદ્યાર્થી જ્યારે આ સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થશે ત્યારે ખેતી-પશુપાલન, ગૃહઉદ્યોગો-ગ્રામઉદ્યોગો કે ગામનું જીવન-તેનું અર્થતંત્ર આદિમાં શું પરિવર્તન હોવું જોઈએ તેની આંતરપ્રતીતિ તેને થશે. ગામડાંમાં ગંદકી છે, લોકો ગમે ત્યાં મળ-મૂત્ર-થૂંક આદિ વિસર્જિત કરે છે-આ બધાનો પ્રત્યક્ષ અનુભવ અને પછી શિક્ષક દ્વારા તેની સમીક્ષા અને સમજણ આદિથી વિદ્યાર્થીને થશે આ બદલવું જોઈએ. આ તો એક ઉદાહરણ, પણ શાળા સાથે સમાજની આવી તો વિવિધ વાતો જોડીને સમાજપરિવર્તનને સાબૂત કરી શકાય. આજનો વિદ્યાર્થી બાર વર્ષનું પ્રથમ તબક્કાનું શિક્ષણ લે છે. આ પ્રત્યેક તબક્કે સમાજનાં કાર્યો, પ્રકૃતિ સંરક્ષણનાં કાર્યો અને સ્વવિકાસનાં કાર્યો સાથે વિદ્યાલયનો-અભ્યાસક્રમનો અનુબંધ અનિવાર્ય છે. તો જ પરિવર્તન પ્રતિ ગતિ થઈ શકે. વિદ્યાર્થીની ઉંમર, શારીરિક શક્તિ, સમાજશક્તિ મુજબ આ બધું આયોજન થાય. શિક્ષણના સિદ્ધાંતો જ છેઃ પરિચિતથી અપરિચિત તરફ, સ્થૂળથી સૂક્ષ્મ

તરફ, અનુબંધ કે સમવાયમાં આ સિદ્ધાંતો સહજ જોડાશે. અનુબંધમાં જીવનને સ્પર્શતાં ક્ષેત્રો આવી શકે અને પ્રત્યક્ષ કાર્યો, પુસ્તકાલય, વ્યાખ્યાનો, મોજણી, શ્રમકાર્ય આદિ સાથે તેનો અનુબંધ કરીને વિષય શિક્ષણને ઘનિષ્ઠ, વ્યવહારિક અને જીવન ઉપયોગી બનાવી શકાય.

**૯. નિત્યનિરંતર નઈતાલીમ**

રાજાજીએ કહેલું : 'ગાંધીજીએ માત્ર ભારતને જ નહીં, પણ સમગ્ર દુનિયા માટે ક્રાંતિકારી વિચારીની ભેટ આપી છે, તે છે નઈતાલીમ.' નઈતાલીમ એક સમાનતામૂલક, શોષણરહિત, અહિંસક સામજ-રચનાના નિર્માણની કેળવણી છે. નાનાભાઈ ભટ્ટે કહેલુંઃ 'હાથમાંના આમળાંની જેમ જોઈ શકું છું કે નઈતાલીમ એ અહિંસક સમાજની સ્થાપના માટે ઉત્તમ કાર્યક્રમ છે.' નઈતાલીમ એટલે જ સમગ્રતા. આજના એકાંગી શિક્ષણનો તે મજબૂત વિકલ્પ છે. સમાજ પરિવર્તનની તાકાત નઈતાલીમમાં છે, ગુજરાતમાં નઈતાલીમની જે જે શાળા-મહાશાળાઓ, જે જે વિસ્તારમાં ચાલે છે તેથી તે વિસ્તારનું તો પરિવર્તન થયું જ છે, પણ તેના વિદ્યાર્થીઓ જ્યાં જ્યાં ગયા ત્યાં અદીઠપણે વ્યક્તિ પરિવર્તન, વ્યવસ્થા પરિવર્તન, સમાજ પરિવર્તન થયું છે. કારણ કે તેમાં જીવાતા જીવનનો અને શાશ્વત જીવનનો સ્વીકાર છે. તે પ્રાસંગિક પણ છે અને ચિરંતર છે. દર્શકે કહેલુંઃ 'કેળવણીમાં સનાતન સાથે નૂતનની કલમ કરવાની છે.'

નઈ તાલીમમાં બીજી વાત પણ છે, સમગ્ર પ્રજાને પણ કેટલાંક કાર્યોમાં શાળાકાર્યો સાથે જોડવી. શાળા ગ્રામશિબિર કે ગ્રામસફાઈનો કાર્યક્રમ હાથ ધરે છે તો ગામના લોકો તેમાં જોડાઈ શકે. ગામમાં કોઈ ઉત્સવ ઉજવણી કે કથા-વાર્તા થાય છે તો શાળા તેમાં જોડાઈ શકે. વિદ્યાર્થીઓ કોઈ ખેડૂત કે ઉદ્યોગગૃહોમાં જઈને કામ કરે અને તાલીમ મેળવે. ગાંધીજીની નઈતાલીમની જે દૃષ્ટિ હતી તેમાં તેમણે કહેલુંઃ 'મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉદ્યોગગૃહ સાથે જોડાશે.' અને ઈજનેરી આદિના વિદ્યાર્થીએ પણ પ્રત્યક્ષ રીતે મકાન-પુલ આદિ નિર્માણ કાર્યમાં જોડાશે.

શિક્ષણને જીવન પરિવર્તન અને સમાજ પરિવર્તનનું માધ્યમ બનાવવાનું છે. દર્શક કહેતાઃ 'વર્તમાન એ યજ્ઞભૂમિ છે, તેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળનું મિલન થાય છે.' સમાજમાં રહેલાં અસ્પૃશ્યતા-અસમાનતા, કોમીમાનસ-ધર્મના ભેદભાવ, વ્યસનો-ગંદકી, સ્ત્રીઓની સ્થિતિ આવા તો કેટલાય પ્રશ્નો છે. શાળા આ બધામાં ભૂમિકા ભજવી શકે અને પરિવર્તનમાં યોગદાન આપી શકે. આપણાં સામાજિક મૂલ્યો, વ્યવહારો, પરંપરાઓ વગેરેમાં પણ સમુચિત સમજ કેળવીને તપાસવાની-બદલવાની જરૂર છે. અને આ બધું વિવિધ વિષયો, લલિતકળા, ઉત્સવો, સમાજકાર્યો આદિ દ્વારા થઈ શકે છે. તેને આ બધાં માટે આજના શિક્ષણના સમગ્ર ઢાંચામાં પરિવર્ત કરવું પડશે!

જીવન તેમ જ સમાજને પોષક, તોષક મૂલ્યો મળે. બાળકને નિર્ણયની સ્વતંત્રતા મળે, શાળા સંચાલનમાં તેને જવાબદારી-ભાગીદારી આપવામાં આવે, તેને ટીકા-અવગણના સહન ન કરવા પડે.

આજે સારો નાગરિક જોવા નથી મળતો. જે વ્યક્તિ બીજા માટે સંવેદના-પીડા અનુભવે તે જોવા નથી મળતી. સારા ઉત્પાદકો, વિદ્વાનો નિષ્ણાંતો સંશોધકો છે પણ સારા નાગરિક નથી. આ કેવી તો મોટી વિડંબના અને કરુણતા! નાગરિક ધર્મ એટલે કેવળ પોતાનો નહીં, બીજાનો પણ વિચાર કરે, જેને આપવામાં-ઘસાવામાં આનંદ આવે, જે સમાજ કે સૃષ્ટિ કોઈનું અકલ્યાણ ન કરે-જેનો હૃદયવિકાસ અને દૃષ્ટિવિકાસ સ્વને વળોટીને સર્વ પ્રતિ વળ્યો હોય તેવો નાગરિક જોઈએ અને તે શાળા, શિક્ષકો અને વાતાવરણ જ આપી શકે.

(રમેશભાઈ સંઘવીઃ ઉત્તમ શિક્ષક, ઊંડા અભ્યાસી, 'અકાલ પુરુષ'ના સંપાદક, કચ્છના નિષ્ઠાવાન મોટા કાર્યકર, અનેક ગ્રંથોના સંપાદક.
સ્વજન જીવનકેન્દ્ર, કતીરા-ઈ, તોરલ ગાર્ડન પછી, મુદ્રા રિલોકેશન, ભુજ, કચ્છ, 370001
ઈમેઈલઃ rameshmsanghaái@gmai.com મો. 9825191029)

## ૦૫. ભારતીય શિક્ષણમાં ખૂટતાં અનિવાર્ય તત્ત્વો

મનસુખ સલ્લા

સ્વરાજ પછી ભારતમાં શિક્ષણનો વ્યાપ અનેક ગણો થયો છે. પ્રાથમિકથી લઈને ઉચ્ચશિક્ષણ સુધીમાં મકાનો, સવલતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, બજેટ અને વ્યવસ્થા હજારો ગણાં વધ્યાં છે. છતાં શિક્ષણ સાથે સંબંધિત સૌને લાગે છે કે દેખાય છે તેવું બધું રૂડુંરૂપાળું નથી. એવું કાંઈક ખૂટે છે જેથી આ સઘળો ઘટાટોપ ફિક્કો લાગે છે, તૃપ્તિનો ઓડકાર મળતો નથી.

એટલે ભારતીય શિક્ષણની માંદગીનું અવલોકન કરવું એ પ્રથમ જરૂરિયાત છે. બ્લડ–યુરિનની તપાસમાં લાગણી, દેશદાઝ કે અમુક નેતા પ્રત્યેની પ્રતિબદ્ધતા કામની નથી. એમાં રસાયણો અને પ્રક્રિયા જ નિર્ણાયક હોય છે. તો નિદાન સાચું થાય, સારવાર વાજબી થાય અને પરિણામે દર્દી સાજો થઈ શકે.

ભારતીય શિક્ષણનો વ્યાપ એ સમસ્યા નથી. વ્યાપ થવો જરૂરી હતો. કરોડો નિરક્ષર હોવા એ રાષ્ટ્ર માટે નામોશી ગણાય. ભણેલાઓની ટકાવારી વધતી ગઈ છે. શિક્ષણનું બજેટ ૪% છે, તે વધવું જોઈએ. જે રાષ્ટ્ર પોતાની ઊગતી પેઢીના ઘડતર માટે વાજબી રકમ ખર્ચે છે એ સલામત જગ્યાએ નાણાં રોકે છે એમ ગણાય. કારણ કે એનું વળતર રાષ્ટ્રને પછીથી મળે છે.

વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યા હજારોગણી વધી છે. કન્યાકેળવણી માટે નિઃશુલ્ક શિક્ષણની વ્યવસ્થા થઈ છે. ગરીબો માટે ખાસ વિદ્યાલયો થયાં છે. છેલ્લા ત્રણેક દાયકામાં ગ્રામસમાજ અને આર્થિક–સામાજિક રીતે પછાત રહેલા પરિવારોમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શિક્ષણમાં આવ્યાં છે. શિક્ષણનીતિ–૨૦૨૦માં પૂર્વપ્રાથમિક(બાલવાડી) શિક્ષણ ઉપર વાજબી રીતે ભાર અપાયો છે. શાળાના ઓરડા સ્માર્ટ કલાસ બનતા જાય છે. શિક્ષણમાં સહાય માટે અનેક ઉપકરણો પ્રવેશ્યાં છે. થવું જોઈતું હતું તેવું ઘણું થયું છે. છતાં શિક્ષણની રચના અને પ્રક્રિયા પૂરી સાર્થક નથી લાગતી. સૌને કાંઈક ખૂટતું લાગે છે.

જેને શિક્ષણના ઉદ્દેશ અને પરિણામ બંને ગણી શકાય તેવાં બે તત્ત્વોની ભારતીય શિક્ષણમાં ઉપેક્ષા થઈ છે, એ મૂળ રોગ છે. આ બંને તત્ત્વો શિક્ષણની સમગ્ર પ્રક્રિયાને સાચો અર્થ આપે છે, રચનાને સફળ બનાવે છે. પરંતુ આજે અમુક લોકોને નોકરી મળી જાય અને કેટલાક વધુ સુખી થઈ જાય એટલો શિક્ષણનો સાંકડો હેતુ છે તે ન હોઈ શકે. આજે ભારતીય શિક્ષણ સંકોચાતું નોકરી સુધી મર્યાદિત બની ગયું છે. ગુણવિકાસ, મૂલ્યભાન, વ્યાપક વિચારણા વગેરે ગૌણ બની ગયાં છે.

વિદ્યાર્થી ડિગ્રી તો મેળવે છે, પણ કાર્યક્ષમતા અને જીવનનિર્વાહની દૃષ્ટિએ કાચો પડે છે. જાણે ડિગ્રીધારી અભણ તૈયાર થાય છે. મોટું જોખમ એ છે કે વિદ્યાર્થીઓને સરકારી નોકરી જ ખપે છે. કારણ કે કામચોરી, કાર્યબગાડ કે દાનતબગાડ તેમાં પોષાઈ શકે છે. એટલે બારમા ધોરણ પાસની લાયકાતવાળા તલાટીની ૨૦૦ જગ્યાઓ માટે ગ્રેજ્યુએટ, એમ.એ., એન્જિનિયરની પાંચ લાખ અરજીઓ આવે છે.

ભારતીય શિક્ષણને નરવું, દોડતું, સંતોષપ્રદ અને સ્ફૂર્તિલું કરવું હોય તો બે પ્રાણદાયી તત્ત્વોનો નવેસર પ્રવેશ કરાવવો પડશે. એ છે : (૧) સંવેદનશીલતા અને (૨) પૃથક્કરણાત્મક/આલોચનાત્મક/તાર્કિક/બિનઅંગત વિચારણા (critical thinking)નો વિકાસ. આ તત્ત્વોની ખામીને કારણે ભારતીય શિક્ષણ જીવે છે, પણ તંદુરસ્ત નથી.

જો આ બંને તત્ત્વોને ભારતીય શિક્ષણમાં યોગ્ય મહત્ત્વ, માવજત અને પ્રતિષ્ઠા અપાય તો ભારતીય શિક્ષણ નવું

કલેવર ધરી શકે. સ્વરાજ પહેલાં આ માટેના પ્રયોગો થયા હતા. મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર અને શ્રી અરવિંદે દેશ સામે એનો નક્શો આપ્યો હતો. આપણા નીતિ નિર્ણાયકોએ એને હૃદયપૂર્વક ન સ્વીકાર્યો. પૂરી ગંભીરતાથી ન લીધો. પરિણામમાં આજની સ્થિતિ છે. એટલે તો દર વર્ષે પ્રતિભાશાળી એવા પચાસ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા અમેરિકા–યુરોપ જાય છે અને ત્યાં રહી જાય છે.

અતિ વસ્તી, ગરીબી, નિરક્ષરતા, અનારોગ્ય, વાજબી વળતરવાળા કામની અછત આ સઘળા પ્રશ્નોનો ઉકેલ પણ આ બંને તત્ત્વોમાં છે. આપણા શિક્ષણમાં હૃદય અને બુદ્ધિની ખરી કેળવણી થતી નથી. તેથી હાથની કેળવણીને ઉપેક્ષિત, અપ્રતિષ્ઠિત અને હલકી ગણવામાં આવે છે. ગાંધીજીએ આ ત્રિપદી ઉપર ભારતીય કેળવણીનું મંડાણ કરવાની વાત કરી હતી, પરંતુ તેમના અસ્વાભાવિક નિધનથી અને વિનોબાજીની વાત ધ્યાન પર ન લેવાથી ભારતીય શિક્ષણમાં ગંભીર મર્યાદાઓ સર્જાઈ છે. જો આ બંને તત્ત્વોને સાચી સમજણથી પ્રતિષ્ઠા નહિ આપીએ તો સમગ્ર રાષ્ટ્ર માટે મોટાં જોખમો સર્જાઈ શકે છે.

**(૧) સંવેદનશીલતાની કેળવણી :**

સંવેદનશીલ મનુષ્ય કેવળ પોતાના સુખ સુધી સંકુચિત રહી શકતો નથી. તે અન્યનાં સુખ–દુઃખ પ્રત્યે પણ અભિમુખ હોય છે, થાય છે. અન્ય એટલે સમગ્ર સમાજ અને પ્રકૃતિ પણ ખરી. એને આઘાત પહોંચે એવું કાંઈ ન કરે તે મનુષ્ય હૃદયથી કેળવાયેલો ગણાય. આપણે હૃદયની કેળવણીથી દૂર થતા ગયા છીએ. એટલે કેવળ સ્વાર્થ માટે જ ભણવાનું છે, કમાવાનું છે અને વાપરવાનું છે એવો ભાવ વ્યાપક બનતો જાય છે. પરિણામે લોકો સમાજના સ્વાસ્થ્યના નિયમો નિરાંતજીવે તોડે છે. જ્યાં ભણતર અને પૈસો જોડાય છે તેવા લોકો સમાજધર્મને હાનિ પહોંચાડવામાં ગર્વ અનુભવે છે.

એવું જ પ્રકૃતિની જાળવણી અને સંવર્ધન અંગે છે. એ બાબતમાં લોકો આંખ મીંચીને ચાલે છે. સૃષ્ટિસંતુલનશાસ્ત્રીઓ હવા–પાણી–વનસ્પતિ–જંગલો–ધરતી અંગે ગંભીર ચેતવણીઓ આપે છે પણ એ જાણે કે ૧૦૦–૨૦૦ વર્ષ પછીની આફત હોય તેમ શાહમૃગવૃત્તિ ધારણ કરીએ છીએ. આ બધાંનાં જોખમો બારણાં ખખડાવી રહ્યાં છે એ તો જ સમજાય જો હૃદયની કેળવણી થઈ હોય. અને આ સૌને અસ્તિત્વના ભાગરૂપે સ્વીકારીએ. આજે તો માણસ જેમ વધુ ભણે તેમ વધુ હૃદયહીન થાય તેવો ઘાટ છે.

હૃદયની કેળવણી એટલે બધાના સંદર્ભમાં મારું સુખ એવી સમજણ. એમાંથી ફરજ અને સર્વના સુખ માટેની કાળજી વિકસે છે. હૃદયની કેળવણી કરવી હોય તો શિક્ષક–વિદ્યાર્થીનો સંબંધ બદલવો જોઈએ. શીખવાની પદ્ધતિઓ બદલવી જોઈએ. શિક્ષણ સમાજ અનુબંધિત થવું જોઈએ. કલા–સાહિત્યને પૂરતું મહત્ત્વ આપવું જોઈએ. દસ ધોરણ સુધીમાં પ્રકૃતિ સાથે આત્મીયતા કેળવાય એવા એકમ આ દૃષ્ટિએ શીખવવા જોઈએ અને પ્રક્રિયાઓ કરાવવી જોઈએ. તો વિષયો સાથેનો વિદ્યાર્થીનો સંબંધ પણ બદલાવો જોઈએ. ખાસ તો કરતાં કરતાં શીખવું ઉપર ભાર મૂકવો જોઈએ. ગાંધીજીએ મનુષ્ય, સમાજ અને પ્રકૃતિ સાથે શિક્ષણનો સમવાય scorelation) થવો જોઈએ એ સહેતુક કહ્યું હતું. પરંતુ આપણે સમવાયને વિષયની ભૂમિકા અને વિષયના પૂર્વઅનુસંધાન સુધી મર્યાદિત બનાવી દીધો. તેવું જ જીવાતું જીવન વર્ગખંડમાં આપવું જોઈએ તો જ્ઞાનપ્રક્રિયા વિગતો મટીને સંવેદનાવિકાસનો આધાર બને.

આ તમામ વિષયો માટે સાચું છે. શીખવાની પ્રક્રિયા તો જ સહજ બને જો વિષયો યાદ રાખવાને બદલે શીખવા માટે હોય. એને અનુકૂળ એવા એકમોની અભ્યાસક્રમમાં પસંદગી થવી જોઈએ. દરેક વિષયની જીવનના સંદર્ભમાં શી ઉપયોગિતા છે એ વિદ્યાર્થીને સમજાવું જોઈએ. શિક્ષકોએ વિષયને જીવનના વ્યાપક સંદર્ભમાં પામવાની નિરંતર ખોજ કરવી જોઈએ. અને આ સઘળું દૈનંદિન જીવનનો ભાગ બનવું જોઈએ.

**(૨) તાર્કિક/આલોચનાત્મક વિચારણાનો વિકાસઃ**

આજે આપણા વિદ્યાર્થીઓ શોધનાર–તપાસનાર નથી

બનતા, યાદ રાખનારા બને છે. એટલે તેઓ કીધું કરનારા થાય છે. કારણ કે વર્ગખંડમાં પ્રશ્ન કરવાને પ્રોત્સાહન આપવાને બદલે એને શિસ્તભંગ ગણવામાં આવે છે. વિદ્યાર્થીને વિશેષ સૂઝ એને ગૌરવ ગણવાને બદલે શિક્ષકને પોતાની નામોશી લાગે છે. એટલે આપણા વિદ્યાર્થીઓની મૌલિકતા અને સર્જનાત્મકતા ઠીંગરાઈ જાય છે. અને માત્ર પરીક્ષા પસાર કરવાનું લક્ષ્ય હોવાથી ઉચ્ચશિક્ષણમાં ૩.૮૫ કરોડ ભણનાર છે, પણ નોબેલ પ્રાઈઝ મેળવનારાં કે મૌલિક સંશોધન કરનારા લગભગ તૈયાર થતાં નથી.

**જો વિષયનો સંદર્ભ સમગ્ર જીવનનો હોય તો એને જોવાની, ગ્રહણ કરવાની અને સમજવાની પ્રક્રિયા જ બદલાઈ જાય. એથી વિદ્યાર્થી પ્રયોગશીલ બને છે, આલોચનાત્મક બને છે...**

આ તો રોગનું નિદાન થયું. એનો ઉપચાર છે આલોચનાત્મક-વિચારણા (critical thinking)નો વિકાસ કરવો. તો હેતુ પરીક્ષા નહિ, સમજણવિકાસ હોય. આ માટે શિક્ષકે નજર બદલવી પડે. કોઈપણ વિષયનો કોઈપણ એકમ શીખવતી વખતે સમગ્રના સંદર્ભમાં પ્રસ્તુત એકમનું મહત્ત્વ શીખવવું જોઈએ. સંદર્ભ ખોલવાનું વિદ્યાર્થીની કક્ષા અનુસાર હોય, પણ નજર તો આ જ હોય.

જો વિષયનો સંદર્ભ સમગ્ર જીવનનો હોય તો એને જોવાની, ગ્રહણ કરવાની અને સમજવાની પ્રક્રિયા જ બદલાઈ જાય. એથી વિદ્યાર્થી પ્રયોગશીલ બને છે, આલોચનાત્મક બને છે. પ્રયોગો એટલે કેવળ લેબોરેટરીના પ્રયોગો નહિ. આજે આપણો વિદ્યાર્થી ગરીબીના આંકડા ભણે છે, કારણો જાણે છે, પરંતુ એના નિવારણ અંગે પોતે ક્યારેય વિચારતો નથી. તૈયાર જવાબો કેવળ યાદ રાખે છે. એવું જ જમીનની જાળવણીના, શહેરીકરણના, બગડતા હવામાનના, વધતી આક્રમકતા અને તાણ, સમાજ સ્વાસ્થ્ય અને સુરક્ષા, મનોરંજન અને વૃત્તિ બહેકાવના. સૌને લઘુતમ સુવિધા કેમ મળતી નથી તેના, લોકશાહીનાં પાયાનાં તત્ત્વોની જાળવણીના વગેરે પ્રશ્નો વિદ્યાર્થીના પોતાના બનતા નથી. એટલે એને માટે નિસબત જન્મતી નથી. પરિણામે શિક્ષણની આખી પ્રક્રિયા કેવળ વિગતોનો ભાર વેંઢારવાની બની જાય છે.

વિદ્યાર્થી જાતે તપાસતો અને વિચારતો થાય એમ ઇચ્છતા હોઈએ તો કેવળ બોલી આપવું એ શીખવવું નથી તે સ્પષ્ટ થાય. તો વિદ્યાર્થીને સક્રિય ભાગીદાર બનાવવો પડે. તો પ્રશ્નો પૂછવાની, અભિપ્રાયો વ્યક્ત કરવાની મોકળાશ હોવી જોઈએ. વિવિધ શિક્ષણ પદ્ધતિઓ ચોપડીમાંની યાદી મટીને વ્યવહારમાં મૂકાતી દિનચર્યા બનવી જોઈએ. તો ટેક્નૉલૉજી વિદ્યાર્થીની બુદ્ધિને પડકાર આપતી હોય અને ઉકેલો શોધવામાં સહાય કરતી હોય તે રીતે યોજાવી જોઈએ. સ્માર્ટ કલાસ બનવો જરૂરી છે, પણ પૂરતો નથી. વિદ્યાર્થીની બુદ્ધિ અને વિચારણાની રીતને સ્માર્ટ બનાવવા માટે આ સઘળું કેવી રીતે યોજી શકાય તેનું સતત મંથન થતું રહેવું જોઈએ.

તાર્કિક વિચારણાનો સૂક્ષ્મ અર્થ એ પણ છે કે પ્રચલિત, સ્થિર અને સ્વીકૃત અંગે પ્રશ્ન કરી શકવાની મોકળાશ હોય. કાર્ય-કારણ બુદ્ધિ ન સ્વીકારી શકે તેને પડકારવાની સહજતા હોય. ધર્મનાયકોને, રાજયનાયકોને, સમાજનાયકોને, પરિવારનાયકોને આવું ગમતું નથી હોતું. વિદ્યાર્થી(અને આવતીકાલનો નાગરિક) પ્રશ્ન કરતો થાય તો તેમની અબાધિત સત્તામાં તિરાડ પડે. એટલે આ નાયકો સમૂળો બદલાવ નથી ઇચ્છતા હોતા. એથી આલોચનાત્મક—તાર્કિક વિચારણાની જગ્યાએ લાગણીના રગડા, જડ માન્યતાઓ અને પૂર્વગ્રહોને મહત્ત્વ અપાય છે. નિરાગ્રહી સત્યાન્વેષણને બદલે તેઓ પૂર્વગ્રહો પેદા કરવામાં વધુ રાચે છે. રસી શોધવાથી શીતળાનો રોગ નાબૂદ થઈ શક્યો તો શીતળા સાતમની પૂજા શાને માટે એવો પ્રશ્ન થવો એ આલોચનાત્મક વિચારણા છે, સ્વાધીન બુદ્ધિ છે. તો આટલી બેકારી શા માટે, ગરીબ—તવંગરની ખાઈ શા માટે, કરોડોનું બજેટ ભ્રષ્ટાચારમાં કેમ વેડફાય છે એને વિશે પ્રશ્ન જાગી શકે. કોઈનેય થતો અન્યાય કે કોઈનુંય થતું શોષણ વિદ્યાર્થીને પોતાના પરનું લાગશે. માત્ર ગેલીલિયોને વૈજ્ઞાનિક સત્ય

બોલવા માટે સજા નથી થતી, અહીં તો પ્રત્યેક બાળકને સજા થાય છે. એને અંધ માન્યતાઓ અને પૂર્વગ્રહોનું અફીણ પાવામાં આવે છે. એટલે આપણું શિક્ષણ પાંગળું, બિનસર્જનાત્મક અને માંદલું રહે છે.

તાર્કિક વિચારણા જ ઇષ્ટ–અનિષ્ટ, કાલગ્રસ્ત અને પ્રસ્તુત, પરંપરા અને નવપ્રયાણ, પરલોકપ્રિયતા અને પુરુષાર્થ, અંધમાન્યતા અને સ્વાધીન બુદ્ધિ, તત્કાલીન અને ચિરકાલીનનો ભેદ સમજી–સમજાવી શકે. તેમાં વિવેક જગાડી શકે. એ માટે પ્રશ્નો પૂછવાની, તપાસવાની, ચીલો ચાતરવાની મોકળાશ હોવી જોઈએ. કેવળ સોક્રેટિસને પ્રશ્ન પૂછવા માટે ઝેર નથી અપાયું, અહીં તો દરરોજ વર્ગખંડમાં એનું પુનરાવર્તન થતું રહે છે.

એટલે કિશોરલાલ મશરૂવાળાના શબ્દોમાં કહીએ તો સમૂળી ક્રાંતિની જરૂર છે. તો ભારતીય શિક્ષણની નવરચના થઈ શકશે. તો શિક્ષણનું સર્વક્ષેમંકર સ્વરૂપ પ્રગટી શકશે.

(મનસુખ સલ્લા : લોકભારતીના પૂર્વઆચાર્ય, ગુજરાત કેળવણી પરિષદના પ્રમુખ, ચરિત્રનિબંધ લેખક, વિવેચક, વાર્તાકાર, ગાંધીવિચારના અભ્યાસી.
સી-403, સુરેલ એપાર્ટમેન્ટ, જજીઝ બંગલા વિસ્તાર, અમદાવાદ. 380015, મો.9824042453
ઈમેઈલઃ mansukhsalla@gmail.com )

ગાંધીજીના મતે... કેળવણીનો એક અર્થ ખીલવણી છે, બહાર ખેંચી લાવવું તેવો થાય છે. માણસમાં રહેલી છૂપી શક્તિઓને પ્રયત્નપૂર્વક બહાર લાવવાનું કામ કેળવણીનું હોવાથી ગાંધીજીને જણાયું કે સ્વરાજ્ય આવ્યા માત્રથી ચાલવાનું નથી, સ્વરાજ્યને સુરાજ્ય બનાવવા માટે આ દેશમાં...

- થોડાને બદલે ઝાઝાને કેળવણી આપવી પડશે. શરીર, મન અને આત્મા એ ત્રણેનો મહત્તમ સમતોલ વિકાસ સાધતી કેળવણી આપવી પડશે.
- આખો સમાજ તમામ ક્ષેત્રે જે બે વર્ગમાં વહેંચાયો છે, તે તમામ ભેદોને નાબૂદ કરવાની કેળવણી આપવી પડશે.
- સ્વમાન, નમ્રતા, ટેકનું મહત્ત્વ, સંસ્કારિતા, ગુણવિકાસ, સારસારનો ભેદ પારખતા, ઘસાઈને ઊજળા થતાં અને જીવાતા જીવનના પ્રશ્નો ઉકેલવાની સૂઝ-શક્તિ આપતી કેળવણી આપ્યા વગર છૂટકો નથી.
- કેળવણીને અંતે એવા નાગરિકો નિર્માણ કરવા પડશે કે જેને શ્રમ તથા શ્રમ કરનાર પ્રત્યે સૂગ ન હોય પણ આદરભાવ અને સહાનુભૂતિ હોય.
- સમાજોપયોગી ઉત્પાદક શ્રમને કેળવણીનું માધ્યમ બનાવવું પડશે.
- શાંત, અહિંસક અને જાગૃત સમાજ માટેના સ્વસ્થ, સમતોલ અને દૃષ્ટિવાન નાગરિક તૈયાર કરવાની અને સ્વરાજ્યની ગંગા ગરીબના ઝૂંપડા સુધી અને હિંદુસ્તાનમાં નાનામાં નાના ગ્રામવાસી સુધી પહોંચાડનારી કેળવણી આપવી પડશે.
- સા વિદ્યા યા વિમુક્તયે એટલે કે જે મુક્ત કરે છે તે જ સાચી વિદ્યા, એ જ સાચી કેળવણી. વિદ્યા એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને મુક્તિ એટલે છૂટકારો એવો અર્થ નથી કરવાનો. વિદ્યા એટલે કલ્યાણકારી, લોકોપયોગી બધું કામ અને મુક્તિ એટલે આ જીવનમાં સર્વ પ્રકારના દાસત્વમાંથી છૂટી જવું. આવી મુક્તિ અપાવતી કેળવણી દરેકને આપવાની છે.

## ૦૬. શ્રી અરવિંદ - માતાજીનું શિક્ષણદર્શન

ભાણદેવજી

**૧. જીવન દર્શન**

૧. સમગ્ર જીવન યોગ છે.

૨. જીવનનિષ્ઠ અધ્યાત્મનો સ્વીકાર છે; જીવનવિમુખ અધ્યાત્મ નહિ.

૩. જીવનના અનેક અને અનેકવિધ આયામો છે. આ સર્વ આયામોનો સ્વીકાર અને આ સર્વ આયામોની કેળવણી થવી જોઈએ.

૪. આ જગત મિથ્યા કે માયારૂપ નથી. આ જગત પ્રભુની અભિવ્યક્તિ છે.

૫. આ જીવન જેવું છે, તેવું જ પર્યાપ્ત નથી. સમગ્ર જીવનનું આમૂલાગ્ર રૂપાંતર થવું જોઈએ. તદનુસાર શિક્ષણનો હેતુ છે સંપૂર્ણજીવનનું રૂપાંતર.

**૨. પૂર્ણ કેળવણી**

સમગ્ર જીવનની કેળવણી તે જ પૂર્ણ કેવળણી છે. પૂર્ણ કેળવણીનાં પાંચ સ્વરૂપો છે.

૧. શરીરની કેળવણી ૨. પ્રાણની કેળવણી ૩. મનની કેળવણી ૪. અંતરાત્માની કેળવણી ૫. અતિમાનસ કેળવણી

**૩. શરીરની કેળવણી**

એક સૈનિક શરીરને કેળવે છે અને એક સાધક શરીરને કેળવે છે. બંને શરીરને કેળવે છે. પરંતુ બંનેની શરીર-કેળવણીનો હેતુ એક નથી. સૈનિક શરીરને કેળવે છે, ઘા મારવા માટે અને ઘા ઝીલવા માટે! એક સાધક શરીરને કેળવે છે- અધ્યાત્મપથ પર ગતિ કરવા માટે અને અધ્યાત્મના ભારને ઝીલી શકે તેવું શરીર કેળવવા માટે. તદનુસાર બંનેના ખાનપાન અને શરીર કેળવણીનાં માધ્યમો પણ ભિન્ન ભિન્ન હોય, તે સ્વાભાવિક જ છે.

અધ્યાત્મપથના પથિક શરીરને કેળવવા માટે શું કરશે?

૧. વ્યાયામ - સૂર્ય નમસ્કાર આદિ.

૨. રમત ગમત, દેશી રમતો, ચાલવું, દોડવું આદિ.

૩. યોગાસન-પ્રાણાયમ

૪. સમતોલ નિરામષ આહાર

૫. ખામી કે રોગ હોય તો ઉચિત ચિકિત્સા

નોંધ- શ્રી અરવિંદ આશ્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સાધકો, ભાઈઓ-બહેનો - બધા માટે સાંજે ૨ કલાક શારીરિક શિક્ષણમાં જવાનું અનિવાર્ય છે.

**૪. પ્રાણની કેળવણી**

પ્રાણ એટલે શું?

વ્યવહારમાં અનેક વાર ‘આત્મા’ અને ‘પ્રાણ’ ને પર્યાયવાચક ગણવામાં આવે છે; પરંતુ વસ્તુતઃ પ્રાણ અને આત્મા એક નથી. પ્રાણ તો આત્માના પાંચ શરીરમાંનું એક શરીર છે. ઉપનિષદમાં આત્માના પાંચ શરીર ગણાવ્યા છે.

૧. અન્નમય કોશ- સ્થૂળ શરીર

૨. પ્રાણમય કોશ - સૂક્ષ્મ શરીર

૩. મનોમય કોશ - સૂક્ષ્મ શરીર

૪. વિજ્ઞાનમય કોશ - કારણ શરીર

૫. આનંદમય કોશ - મહાકારણ શરીર

આમ પ્રાણ આત્મા નહિ, પણ આત્માનું એક કરણ છે. પ્રાણ એટલે ‘જીવન શક્તિ (Vital energy). પ્રાણ શરીર અને મનને જોડનાર વચલી કડી છે. શરીર અને મનને શક્તિ પૂરી પાડવાનું કાર્ય પ્રાણ કરે છે.

પ્રાણની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે?

૧. પ્રાણ બળવાન હોય

૨. પ્રાણ નિર્મલ હોય

૩. પ્રાણ ઊર્ધ્વગામી હોય

નિમ્નગામી પ્રાણ ભોગનો કારણ છે અને ઊર્ધ્વગામી

પ્રાણ યોગનો કારક છે.

**૪. પ્રાણ સુસંવાદી અને સમતોલ હોય.**

વિસંવાદી પ્રાણ શરીર અને મનને વિસંવાદી બનાવી દે છે. પ્રાણની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે?

૧. પ્રાણાયામ ૨. સંયમી જીવન પદ્ધતિ ૩.પ્રાણની ક્રિયાઓ પ્રત્યે સભાન બનવું. ૪. પ્રાણની ક્રિયાઓ પર નિયંત્રણ રાખવું.

**૫. મનની કેળવણી**

મન એટલે શું?

મન આત્માનું મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ સાધન છે, કરણ છે, માધ્યમ છે. મન એક શરીર છે. મનોમય કોશ છે.

મનનાં ચાર સ્વરૂપો છે. જેમને અંતઃકરણ ચતુષ્ટ્ય કહેવામાં આવે છે. આ અંતઃકરણ ચતુષ્ટ્ય આ પ્રમાણે છે - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર.

મન- સંકલ્પવિકલ્પ કરે છે.

બુદ્ધિ- વિચારણા અને સંગ્રહ કરે છે.

ચિત્ત- ચિંતન અને સંગ્રહ કરે છે.

અહંકાર- અજ્ઞાનાવસ્થામાં સંચાલન કરે છે.

મનની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે?

૧. એકાગ્રતા શક્તિ, ધ્યાન આપવાની શક્તિનો વિકાસ

૨. મનોજગતનો વિસ્તાર, વિશાળતા, સંકુલતા, અને મનોમય સમૃદ્ધિનો વિકાસ

૩. મનોમય ચેતનામાં કોઈ ઉચ્ચ આદર્શની સ્થાપના અને જીવનશૈલી તે ઉચ્ચ આદર્શની આસપાસ ગોઠવાય તેવું મનોમય સંગઠન.

૪. વિધાયક દૃષ્ટિકોણ

૫. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર- આ ષડ્‌રિપુમાંથી મનને મુક્ત કરવું અને મુક્ત રાખવું. અર્થાત ચિત્તશુદ્ધિ.

૬. મન પર નિયંત્રણ. અનાવશ્યક અને નિરર્થક માનસિક ક્રિયાઓનો ત્યાગ.

૭. મનની નીરવ અવસ્થાની પ્રાપ્તિ.

૮. ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને ઝીલવા માટે મનનું ખુલ્લાપણું અને તે માટે મનની શક્તિ કેળવવી.

મનની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય?

૧. મનની કેળવણી માટેનો સંકલ્પ

૨. ગાયત્રીમંત્ર આદિનો જપ

૩. મનની ક્રિયાઓ પરત્વે જાગરુકતા

૪. મનની ક્રિયાઓ પર નિયંત્રણનો સંકલ્પ અને તદનુરૂપ અભ્યાસ

૫. પ્રાણાયામનો અભ્યાસ

૬. ધ્યાનનો અભ્યાસ

૭. ઉત્તમ ગ્રંથોનો સ્વાધ્યાય

૮. ઉત્તમ સ્થાન અને ઉત્તમ વ્યક્તિઓનો સંગ

**૬. અંતરાત્માની કેળવણી**

અંતરાત્મા એટલે? અંતરાત્માને ચૈત્યપુરુષ (Psychic) પણ કહેવામાં આવે છે. પરમાત્મામાંથી, પરમાત્માના પ્રતિનિધિરૂપે જે તત્ત્વ સીધું ઊતરી આવ્યું છે, તે ચૈત્યપુરુષ છે. ચૈત્યપુરુષ એક વિકાસશીલ ચેતના છે. જેમ જેમ વિકાસ થતો જાય, તેમ તેમ ચૈત્યપુરુષની દિવ્ય સંભાવનાઓ અભિવ્યક્ત થવા માંડે છે.

સામાન્યતઃ માનવીમાં ચૈત્યપુરુષ અર્થાત અંતરાત્મા બહિરંગ ચેતનાના પડદાને ભેદીને ચૈત્યપુરુષ આગળ આવે છે, ત્યારે તે વ્યક્તિત્વ, જીવન અને અધ્યાત્મ યાત્રાનો સંચાલક બને છે. મન, પ્રાણ અને શરીર તેનાં માધ્યમો કે કરણો બને છે. આપણા અધ્યાત્મરથનો સારથિ જ્યારે આ ચૈત્યપુરુષ બને છે, ત્યારે જ આપણી પૂર્ણયોગની સાધનાનો નિશ્ચયાત્મક અને યથાર્થ પ્રારંભ થાય છે.

ભગવત્ પ્રેમ અને ભગવાન પ્રત્યે સમર્પણભાવ આ ચૈત્યપુરુષનાં સ્વરૂપગત તત્ત્વો છે.

ઉપનિષદોમાં ‘અંગુષ્ઠમાત્ર પુરુષ’નું કથન છે. આ કથન ‘ચૈત્યપુરુષ’ વિશે છે.

આપણે સામાન્ય અર્થમાં જેને ‘આત્મા’ કહીએ છીએ તે અને શ્રી અરવિંદ જેને ‘ચૈત્યપુરુષ’ કહે છે, તે બંને સર્વથા

એક જ તત્ત્વ નથી.

આત્મા સદા નિર્વિકાર અને સર્વદા અપરિવર્તનશીલ છે. આત્મા પોતાનું એક સ્વરૂપ ઉત્ક્રાંતિમાં મૂકે છે - વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર થવા માટે અને ઉત્ક્રાંતિમાં આગેવાન થવા માટે! આત્માનું આ સૃષ્ટિમાં, ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું તત્ત્વ તે જ 'ચૈત્યપુરુષ' છે. ચૈત્યપુરુષ ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું ચૈતન્ય છે. એટલું જ નહિ, પરંતુ ઉત્ક્રાંત થઈ રહેલું અર્થાત વધુને વધુ અભિવ્યક્ત થઈ રહેલું ચૈતન્યતત્ત્વ છે.

આત્માને ઉત્ક્રાંતિ નથી; ચૈત્યપુરુષને ઉત્ક્રાંતિ છે. બંને વચ્ચેનો મૂળભૂત ભેદ આ છે.

ચૈત્યપુરુષનો વિકાસ એટલે શું?

૧. ચૈત્યપુરુષ પડદા પાછળથી આગળ આવે છે.

૨. ચૈત્યપુરુષ વધુને વધુ અભિવ્યક્ત થાય છે.

૩. ચૈત્યપુરુષ વ્યક્તિત્વ અને વ્યક્તિની વિકાસયાત્રાનો આગેવાન કે સંચાલક બને છે.

૪. ચૈત્યપુરુષ જીવનનું કેન્દ્રીભૂત સ્વરૂપ ધારણ કરે .

૫. શરીર-પ્રાણ-મન ચૈત્યપુરુષના આધિપત્ય અને માર્ગદર્શનનો સ્વીકાર કરે છે.

૬. આપણા જીવનમાં અહંકારનું સ્થાન છે, તે સ્થાને ચૈત્યપુરુષ પ્રતિષ્ઠ થાય છે.

૭. સાધકનું સમગ્ર જીવન ચૈત્યપુરુષની આગેવાની હેઠળ પરમાત્મા પ્રત્યે તીરની જેમ છૂટે છે.

૮. સાધકનું સમગ્ર જીવન રૂપાંતરિત થવા માંડે છે.

અંતરાત્મા(ચૈત્યપુરુષ)ની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે?

૧. સમર્પણભાવ

૨. અંતરાત્માનું ધ્યાન - હૃદય કેન્દ્રમાં ધ્યાન

૩. અંતરાત્માના જાગરણની તીવ્ર અભીપ્સા

૪. મંત્રજાપ

**૭. અતિમનસ કેળવણી**

માનવી ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન નથી. માનવીથી આગળની ઉત્ક્રાંતિનું હવે પછીની ઉત્ક્રાંતિનું સોપાન છે - અતિમનસ ચેતનાનો આવિર્ભાવ.

શ્રીઅરવિંદે અને માતાજીએ જીવનભર પ્રચંડ સાધના કરી છે - આ નવી અતિમનસ સૃષ્ટિના આવિર્ભાવ માટે!

આ નવી અતિમનસ સૃષ્ટિમાં એક નવી અતિમનસ કેળવણી પણ હશે. પરંતુ તેના સ્વરૂપ વિશે કાંઈ કહેવું તે આપણા માટે અનધિકાર ચેષ્ટા ગણાશે. તેથી તે વિશે આપણા માટે મૌન રહેવું, તે જ ઉચિત ગણાય.

**૮. સાચી કેળવણીના સિદ્ધાંતો**

૧. શિક્ષણ વિદ્યાર્થી પર લાદી શકાય નહિ. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીને શિક્ષણમાં સહાય કરવાનું છે.

૨. શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન આપતો નથી. શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન કેવી રીતે મેળવવું, તેની પદ્ધતિ શીખવે છે.

૩. શિક્ષક વિદ્યાર્થીની અંદર રહેલા જ્ઞાનને બહાર કાઢવાનું કામ કરતો નથી. પરંતુ આ જ્ઞાન વિદ્યાર્થીમાં છે, તે વિદ્યાર્થીને શીખવે છે અને તે જ્ઞાન બહાર લાવવાનો અભ્યાસ કેવી રીતે કરી શકાય, તે બતાવે છે.

૪. શિક્ષણ જીવનભર ચાલતી પ્રક્રિયા છે.

૫. શિક્ષણમાં સ્ત્રી-પુરુષનો ભેદ કરવો જોઈએ નહીં.

૬. પ્રત્યેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે, તદ્નુસાર તેની વિકાસયાત્રા પણ વિશિષ્ટ રહેશે. બધાનું એક જ પ્રકારનું અને એક જ રીતે શિક્ષણ થાય તેમ નથી.

૭. શિક્ષણ એટલે પૂર્ણતા તરફ ગતિ.

૮. શિક્ષણ પરીક્ષામાં સફળતા માટે નથી, વધુ ગુણ પ્રાપ્ત કરવા માટે નથી અને સારી નોકરી મેળવવા માટે પણ નથી. શિક્ષણ જીવનવિકાસ માટે છે.

૯. વિદ્યાર્થી માતાપિતા કે શિક્ષકની કલ્પના પ્રમાણે પોતાના વિશિષ્ટ સ્વરૂપને અનુરૂપ વિકાસ સાધે, તે દૃષ્ટિ ઉચિત છે. ડૉક્ટરનો પુત્ર ડૉક્ટર જ બને, તે આવશ્યક નથી, તે સંગીતકાર પણ બની શકે.

૧૦. શિક્ષણમાં અધ્યાત્મનો પુટ આપવો જોઈએ

૧૧. બાળક પર નીતિમત્તા લાદવાની નથી. તેની નીતિમત્તાને અભિવ્યક્ત થવા દેવાની છે.

### ૯. શિક્ષણનું વિશિષ્ટ સ્વરૂપ

શ્રી અરવિંદ અને માતાજી દ્વારા શ્રી અરવિંદ આશ્રમમાં શિક્ષણનો જે પ્રયોગ થયો છે અને જે રીતે શિક્ષણ ચાલી રહ્યું છે, તેની કેટલીક વિશેષતાઓ અહીં પ્રસ્તુત છે.

૧. પ્રત્યેક વિદ્યાર્થી આટલી ભાષાઓ અવશ્ય જાણે છે - અંગ્રેજી, ફ્રેંચ, હિન્દી, સંસ્કૃત, તમિલ અને પોતાની માતૃભાષા. પ્રાથમિક શાળાના બાળકો સંસ્કૃતમાં વાતો કરી શકે છે. બાલવાડીમાં સંસ્કૃત બોલતાં શીખવાય છે.

૨. બાલવાડીથી પ્રારંભ કરીને કૉલેજ શિક્ષણ પૂરું થાય ત્યાં સુધીમાં કોઈપણ સ્વરૂપની પરીક્ષા લેવામાં આવતી નથી. નાનકડો ટેસ્ટ પણ નહિ.

૩. બાલવાડીઓ, પ્રાથમિકશાળા, હાઈસ્કૂલ, ભિન્ન ભિન્ન શાખાની કૉલેજો આદિ છે. કુલ લગભગ ૨૨૫ શિક્ષકો છે. આમાંથી એક પણ શિક્ષક પગારદાર શિક્ષક નથી. બધા જ શિક્ષકો-શિક્ષિકાઓ આશ્રમવાસી સાધકો છે.

૪. બધા જ વિદ્યાર્થીઓ માટે સાંજે શારીરિક શિક્ષણ માટે રમતગમતના મેદાનોમાં જવાનું અનિવાર્ય છે.

૫. વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે એક વિશેષ પ્રકારના ખાસ ભોજનાલયની વ્યવસ્થા છે.

૬. આ શિક્ષણ સંસ્થામાં વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની શિક્ષા કરી શકાય નહિ.

૭. વિદ્યાર્થીની ભૂલ કે નિષ્ફળતા માટે શિક્ષકોને જવાબદાર ગણવામાં આવે છે.

૮. આ શિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરવા માટે વિદેશોમાંથી પણ વિદ્યાર્થીઓ આવે છે.

૯. આ શિક્ષણસંસ્થાના ૧૦૦% વિદ્યાર્થીઓ સંસ્થાના છાત્રાલયોમાં જ રહે છે. માત્ર બાલવાડીમાં અપવાદ છે.

૧૦. આ શિક્ષણ સંસ્થામાં અભ્યાસ પૂર્ણ થયા પછી કોઈપણ પ્રકારનું પ્રમાણપત્ર આપવામાં આવતું નથી. કારણ કે અહીં અભ્યાસ ડિગ્રી મેળવવા માટે નહિ, પરંતુ જીવનવિકાસ માટે થાય છે.

૧૧. આમ છતાં, આ શિક્ષણ સસંસ્થામાં પ્રવેશ મેળવવા માટે પડાપડી થાય છે.

૧૨. શ્રી અરવિંદ-માતાજીપ્રણિત આ શિક્ષણસંસ્થામાં ટ્યૂશનપ્રથાને કોઈ સ્થાન નથી. પ્રથમ વર્ગ, દ્વિતીય વર્ગ, પહેલો નંબર બીજો નંબર - એવું કશું જ અહીં નથી.

૧૩. એક વિદ્યાર્થી એક વિષયમાં ધોરણ -૮માં હોય અને અન્ય વિષયમાં ધોરણ-૬ કે ધોરણ-૧૦માં હોય તેમ બની શકે છે. (ડોલ્ટન પ્લાન)

૧૪. આ શિક્ષણસંસ્થામાં સંગીત, નૃત્ય, ચિત્ર, અભિનય આદિ કળાઓના શિક્ષણની ઉચિત વ્યવસ્થા છે.

૧૫. વિદ્યાર્થીનું મૂલ્યાંકન પરીક્ષા વિના થાય છે.

૧૬. આ શિક્ષણસંસ્થામાં ટકાસુરનો આતંક નથી, કારણ કે પરીક્ષા અને પ્રમાણપત્ર કે માર્કશીટ જ નથી.

૧૭. વિજ્ઞાનનું શિક્ષણ પ્રયોગો દ્વારા થાય છે, વ્યાખ્યાનો દ્વારા નહિ.

૧૮. શારીરિક શિક્ષણની સમુચિત વ્યવસ્થા છે. રમતગમતના મેદાનો, સ્વિમીંગપુલની સુંદર વ્યવસ્થા છે.

૧૯. વિદ્યાર્થીને વિષય પસંદગીની પૂર્ણ સ્વતંત્રતા છે. કોઈ ચાર વેદનો અભ્યાસ કરે કે કોઈ મનોવિજ્ઞાનમાં ડૂબકી મારી શકે.

૨૦. આ શિક્ષણ સંસ્થાનું નામ છે.

(ભાણદેવજીઃ મોટા સાધક, સ્વસ્થ ચિંતક, અનેક પુસ્તકોના લેખક, વિદ્વાન વિચારક.

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપુર(નદી), વાયા-મોરબી. મો.9374416610)

## ૦૭. શાંતિનિકેતનનો આજેય ઉપયોગી શિક્ષણપ્રયોગ

જ્યોતિબહેન થાનકી

જે શિક્ષણ મનુષ્યના આત્મામાં રહેલી શક્તિઓ પ્રગટ કરે, જે શિક્ષણ મનુષ્યને પ્રકૃતિ સાથે તદ્રુપ કરી તેના જીવનને પ્રફુલ્લિત કરે, જે શિક્ષણ મનુષ્યના આવેગો અને વિકારોનું શમન જ નહીં, પણ તેનું ઊર્ધ્વીકરણ કરી તેને પૂર્ણરૂપે જીવન જીવતાં શીખવાડે, એ શિક્ષણ કોઈપણ યુગમાં પછી એ વેદકાલીન યુગ હોય કે મધ્યયુગ, આર્વાચીન યુગ હોય, સદાય ઉપયોગી જ છે. સાચું શિક્ષણ મનુષ્યને માત્ર મનુષ્યત્વ જ પ્રદાન કરતું નથી, પરંતુ દેવત્વ પ્રદાન કરે છે. ગુરુદેવ ટાગોરે શાંતિનિકેતનમાં શાળાની જડ દિવાલોમાંથી શિક્ષણને બહાર કાઢીને વિશ્વપ્રકૃતિની ગોદમાં સત્યમ્, શિવમ્, સુંદરમ્ સાથે તદ્રુપ કરીને ચૈતન્યથી ધબકતું કર્યું.

જેમાં ચૈતન્યનો ધબકાર છે, જેમાં વિશ્વપ્રકૃતિના સ્પંદનોનો ગુંજારવ છે, જેમાં મુક્તિનો આનંદ છે અને જેમાં સહજપણે વિકસી રહેલાં બાળપુષ્પોનો તરવરાટ છે, એવા સાચા શિક્ષણની પીઠિકા છે શાંતિનિકેતન. આવી શિક્ષણ સંસ્થાની આવશ્યકતા વિશે રવીન્દ્રનાથ કહે છેઃ આ વિચારતાં મને દુઃખ થાય છે કે બાળકોને શિક્ષણ આપવા માટે સ્કૂલ નામે ઓળખાતાં જે સાધનનું નિર્માણ થયું છે, તે દ્વારા માનવ શિશુઓ સંપૂર્ણ શિક્ષણ ક્યારેય મેળવી શકે નહીં. ખરા શિક્ષણ માટે જ્યાં સમગ્ર જીવનની સજીવ પૃષ્ઠભૂમિ પૂરી પડી શકે, એ માટે ગુરુદેવના અંતઃસ્તલમાંથી સર્જાયેલું એક અનોખું શિક્ષણ સંકુલ છે, જ્યાં અભ્યાસક્રમના નિશ્ચિત ચોકઠાં નથી, જ્યાં વિદ્યાર્થીઓના માનસને કુંઠિત કરે એવા જડ નિયમો નથી, જ્યાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે દૂરત્વ નથી. જ્યાં વર્ગખંડોનું બંધિયાર વાતાવરણ નથી. આવી શિક્ષણ સંસ્થાઓ દ્વારા જ ઉત્તમ ચારિત્ર્યવાન નાગરિકોનું સર્જન થાય છે. આજના આ યુગમાં વિજ્ઞાન અને ટેક્નૉલૉજીએ જ્યારે હરણફાળ ભરીને મનુષ્યના અંતઃસ્તલની શક્તિઓને અને શાંતિને હરી લીધી છે, ત્યારે શાંતિનિકેતન જેવી સંસ્થાઓની અત્યંત આવશ્યકતા છે.

શાંતિનિકેતનમાં અપાતું શિક્ષણ જીવન સાથે જડાયેલું અને જોડાયેલું શિક્ષણ છે. રવીન્દ્રનાથ કહે છે કે મરેલાં મનવાળાં પણ પાઠો ગોખી ગોખીને પરીક્ષામાં પ્રથમ શ્રેણીના ઉચ્ચ શિખર પર પહોંચી શકે છે. આપણા દેશમાં આદર્શ વિદ્યાર્થી એ ગણાય છે, જેનું મન પુસ્તકોનાં પાનાંમાં સીમિત રહેતું હોય, જે છપાયેલા અક્ષરો પ્રતિ અત્યંત આસક્ત રહેતો હોય અને જે બહારની પ્રત્યક્ષ દુનિયા સામે નજર નાખવાનું(દુઃસાહસ) ક્યારેય પણ કરતો ન હોય, આવા વિદ્યાર્થીઓ ડિગ્રી તો મેળવી લે છે, પરંતુ વિશ્વ ઉપર ક્યારેય પ્રભાવ પાડી શકતા નથી.

આ વિદ્યાનિકેતનમાં ટાગોરનો સંકલ્પ હતો કે આશ્રમનાં બાળકો આસપાસની દુનિયા વિષે જિજ્ઞાસુ બને, તેઓ શોધ કરે, નિરીક્ષણ અને પરીક્ષણ કરે, તથા શિક્ષકો પણ એવા હોય કે જેમની દૃષ્ટિ પુસ્તકની ઘરેડની બહાર પહોંચતી હોય અને જેઓ પોતે પણ દૃષ્ટા, શોધક અને જિજ્ઞાસુ હોય. વિદ્યાનિકેતનની જે મેં કલ્પના કરી છે, તેમાં ગોખવાની કડક પદ્ધતિને કોઈપણ પ્રકારે ધક્કો મારીને પરસ્પર સેવાનું વાતાવરણ ઊભું કરવા પર મેં મુખ્ય ધ્યાન આપ્યું છે. ગોખણપટ્ટીથી બાળકની સમજણશક્તિ, અવલોકનશક્તિ કુંઠિત થઈ જાય છે. ટાગોરે તેમના વિદ્યાનિકેતનમાં ગોખણપટ્ટીને બિલકુલ સ્થાન આપ્યું ન હતું. તેઓ કહે છે કે સરસ્વતીના સામ્રાજ્યમાં આપણે કેવળ મજૂરી કરીને મરી જઈએ છીએ. પીઠ બેવડ વળી જાય છે અને મનુષ્યત્વનો સર્વાંગી વિકાસ થતો નથી.

**સર્વાંગી વિકાસની કેળવણી :**

ટાગોર સર્વાંગી વિકાસની કેળવણીમાં વૈયક્તિક,

શારીરિક, બૌદ્ધિક, સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક કેળવણીનો સમાવેશ કરે છે. તેઓ કહે છે કે કેળવણીનું ધ્યેય જીવન સાથેની સંવાદિતા છે. જે કેળવણી જીવનથી દૂર લઈ જાય એ કેળવણી નથી. કેળવણીની પ્રક્રિયા એ કંઈ ઈંટ, ચૂનાથી બનાવેલ મકાન જેવી નથી. શિક્ષણ એ તો વૃક્ષ જેવું છે. જે પોતાના જીવનના લયની સાથે તાલ મિલાવીને તેને અનુરૂપ થઈને પોતાનો વિકાસ સાધે છે. બૌદ્ધિક કેળવણી દ્વારા વિચાર શક્તિ અને કલ્પનાશક્તિનો વિકાસ કરવાનો છે. ફક્ત ઇન્દ્રિયોનું શિક્ષણ અપૂર્વ છે, પરંતુ સમજણનું શિક્ષણ આપવું જરૂરી છે. સમજણના શિક્ષણ વગર કેવળ બૌદ્ધિક શિક્ષણથી સંવેદનહીન તર્કપ્રધાન મનુષ્યો સર્જાય છે. જેઓ જીવનના મૂળ સ્રોતથી વિખૂટા પડી જાય છે અને અસ્તિત્વનો આનંદ ગુમાવી દે છે. કેળવણીનો હેતુ તો સંપૂર્ણ માનવનું ઘડતર કરવાનો છે. તેથી ટાગોર નૈતિક અને આધ્યાત્મિક કેળવણી ઉપર પણ મહત્ત્વનો ભાર મૂકે છે. તેઓ તો કહે છે કે આ કેળવણી કોઈ ઉપદેશ કે પાઠના રૂપમાં આપવાની નથી. કેમ કે તેઓ જાણતા હતા કે ધર્મ જયારે આચારનો, નિયમનો કે શાસનનો આશ્રય લઈ કઠોર બની જાય છે, ત્યારે તે માણસોમાં ભાગલા પાડી નાખે છે. ટાગોર નૈતિક અને આધ્યાત્મિક કેળવણી માટે ખાસ સમય કે અભ્યાસક્રમ યોજવાનું કહેતા નથી. તેઓ કહે છે કે આ કેળવણી જીવન સાથે જોડાઈ જવી જોઈએ. તેઓ જગતને જ્ઞાન દ્વારા, આનંદ દ્વારા જાણવાનું કહે છે. જ્ઞાન દ્વારા મનને, કર્મ દ્વારા શક્તિને અને સૌંદર્ય દ્વારા આનંદને અભિવ્યક્ત કરવો એ આધ્યાત્મિક કેળવણીનું હાર્દ છે. શાંતિનિકેતન અને વિશ્વભારતીમાં તેમણે આ તત્ત્વજ્ઞાન મૂર્તિમંત કર્યું. શાંતિનિકેતનમાં આહ્લાદક સવાર, સાંજ, ત્યાંનું સુંદર પ્રાકૃતિક વાતાવરણ, જ્ઞાનની ખોજ, સંગીત અને કલા દ્વારા સૌંદર્યબોધ વગેરે ચૈતન્યના વિકાસ માટે પૂરતું હતું. ત્યાંનું સમગ્ર વાતાવરણ આધ્યાત્મિકતાને પ્રેરક અને પોષક હતું. આ રીતે વૈયક્તિક, સામાજિક, બૌદ્ધિક, આધ્યાત્મિક વિકાસ દ્વારા બાળક સંપૂર્ણતાનો અનુભવ કરે તેવું વાતાવરણ અને તેવા પ્રકારનો અભ્યાસક્રમ જ હોવો જોઈએ તેવું ટાગોર દૃઢપણે માનતા હતા. ઘણાં પાઠયપુસ્તકો તો આ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને ટાગોરે પોતે જ લખેલાં હતાં. સાંપ્રત સમયમાં આપણને આનાથી તદ્દન વિપરિત જ દૃશ્ય જોવા મળે છે. બાળકની નાજુક કમર પાઠ્યપુસ્તકોના ભારથી બેવડ વળી ગઈ હોય છે. અને શાળાના બંધિયાર વાતાવરણમાં તેના જીવનનું ચૈતન્ય લુપ્ત થઈ ગયેલું જોવા મળે છે. આ સંદર્ભમાં જોતાં પ્રત્યેક ગામમાં શાંતિનિકેતનની પ્રતિકૃતિ જેવી એક આદર્શ શાળા, જેમાંથી બધી શાળાઓ પ્રેરણા લઈ શકે, એવી હોવી જ જોઈએ.

**કેળવણીનું ધ્યેય જીવન સાથેની સંવાદિતા છે. જે કેળવણી જીવનથી દૂર લઈ જાય એ કેળવણી નથી. કેળવણીની પ્રક્રિયા એ કંઈ ઈંટ, ચૂનાથી બનાવેલ મકાન જેવી નથી. શિક્ષણ એ તો વૃક્ષ જેવું છે. જે પોતાના જીવનના લયની સાથે તાલ મિલાવીને તેને અનુરૂપ થઈને પોતાનો વિકાસ સાધે છે...**

**શાંતિનિકેતનની શિક્ષણ પદ્ધતિ :**

બાળકોનું શૈશવ ખીલી ઊઠે, એમનો આત્મા પ્રસન્ન બની સહજતાથી જ્ઞાનના સ્રોત પ્રત્યે અભિમુખ બને, તેમની સર્જક પ્રતિભા વિકસતી રહે, એવી શિક્ષણ પદ્ધતિનો ટાગોરે શાંતિનિકેતનમાં અમલ કર્યો હતો. બાળપણમાં શાળામાં થયેલા અનુભવોને આધારે તેમને એવું જણાયું હતું કે નિશાળ બાળકના વ્યક્તિત્વને વિકસાવવાને બદલે કચડી નાખે છે. તેઓ માનતા હતા કે પદ્ધતિ જયારે જડ બની જાય છે ત્યારે તેમાંથી આનંદ ચાલ્યો જાય છે. એટલે પદ્ધતિ જયારે બાળકની સ્વતંત્રતા સામે, સર્જનાત્મકશક્તિ સામે અવરોધ બની ઊભી રહે છે, ત્યારે શિક્ષણની પ્રક્રિયા જડ, હેતુ વગરની અને યંત્રવત્ બની જાય છે. સાંપ્રત સમયમાં મોટાભાગની શાળાઓમાં આ યાંત્રિક ઘરેડ અને જડ પ્રક્રિયાથી મૂરઝાતું શિક્ષણ આપણે જોઈ શકીએ છીએ.

શિક્ષણ પદ્ધતિમાં ટાગોર નીચેની બાબતોનો સમાવેશ કરે છે :

(૧) સ્વતંત્રતાઃ શિક્ષણનો મૂળભૂત હેતુ જ સ્વતંત્રતા છે. સા વિદ્યા યા વિમુક્તયે, આપણી શિક્ષણ પદ્ધતિ આ સ્વતંત્રતા પર આધારિત છે. આપણું પ્રાચીન શિક્ષણ પ્રકૃતિના મુક્ત વાતાવરણમાં પાંગરેલું હતું, જ્ઞાનની વિવિધ શાખાઓ દ્વારા મુક્ત રીતે વિસ્તરેલું હતું અને એટલે જ એ જીવંત હતું, ગતિશીલ હતું.

(૨) વાસ્તવિકતા હોવી જોઈએઃ કુદરત તથા સમાજજીવનની હકીકતો સાથે શિક્ષણનું સામંજસ્ય સધાવું જોઈએ.

(૩) જિજ્ઞાસા અને રસઃ નાનપણથી જ વિચારશક્તિ અને કલ્પનાશક્તિની ખીલવણી થાય તેવું વાતાવરણ હોવું જોઈએ. બાળકને ભણાવતી વખતે તેનામાં કુતૂહલ ઉત્પન્ન કરવું એ જ શિક્ષણની મુખ્ય બાબત છે. પછી તે બાળક પોતાની જાતે જ જ્ઞાન મેળવતું થાય છે.

(૪) જ્ઞાતથી અજ્ઞાત તરફઃ ટાગોર શિક્ષણમાં જ્ઞાતથી અજ્ઞાત તરફ જવાની પ્રક્રિયાને મહત્ત્વ આપે છે. એટલે કે વિદ્યાર્થી જે જાણતો હોય એના દ્વારા જ તેને અજ્ઞાત તરફ લઈ જવામાં આવે તો તે અઘરી વસ્તુઓ પણ બહુ જ સહેલાઈથી શીખી શકે છે. વિદ્યાર્થી સમક્ષ જુદાજુદા પ્રશ્નો મૂકવાથી અને તે દ્વારા શીખવવાથી કાર્ય વધુ સરળ બને છે. એમણે પોતાના શિક્ષાસત્રના પ્રયોગમાં આ જ પદ્ધતિ વિકસાવેલી અને તેનાં ઘણાં સારાં પરિણામો મળ્યાં હતાં.

(૫) રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓઃ પ્રત્યેક બાળકમાં કોઈને કોઈ સર્જનાત્મક પ્રવૃત્તિ પડેલી જ હોય છે. ટાગોર એવું દઢપણે માનતા હતા કે પ્રત્યેક બાળકની આ સર્જનાત્મક ભૂખને સંતોષવી જોઈએ. બાળકોને રચનાત્મક અને સર્જનાત્મક કાર્યો પ્રત્યે વાળવાથી તેઓ જાતે જ ઘણું ઘણું શીખવા લાગે છે અને આ રીતે શીખવામાં તેઓ આનંદનો અનુભવ કરે છે. આવું શિક્ષણ બાળકને ક્યારેય બોજારૂપ જણાતું નથી. શાંતિનિકેતનમાં તેમણે બાળકોને રચનાત્મક કાર્યો તરફ વાળ્યાં હતાં.

(૬) શિક્ષણની પ્રક્રિયા આનંદદાયી હોવી જોઈએઃ શિક્ષણની કોઈપણ પદ્ધતિ હોય પણ તેમાંથી આનંદ પ્રગટતો હોવો જોઈએ. ટાગોર કહે છે કે નાનપણથી જ આપણા શિક્ષણની સાથે આનંદ ભળેલો હોતો નથી. ફક્ત જે અત્યંત આવશ્યક હોય છે, તે આપણે ગોખ્યા કરીએ છીએ. જ્યારે આનંદનું તત્ત્વ નાશ પામે છે, ત્યારે તેમાં યાંત્રિકતા અને કૃત્રિમતા ઉત્પન્ન થાય છે. આથી જ શાંતિનિકેતનમાં આનંદના આવિર્ભાવને શિક્ષણની મહત્ત્વની બાબત ગણવામાં આવતી.

(૭) માતૃભાષા દ્વારા શિક્ષણઃ ટાગોર માનતા હતા કે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ. પરદેશી ભાષાને કારણે બાળકના કુમળા મગજ પર નાનપણથી જ બોજો આવી જાય છે. નાનપણથી જ બાળક ગોખણપટ્ટી કરતો થઈ જાય છે. આથી તેની સ્મરણશકિત પર વધુ ભાર પડે છે. વળી, અંગ્રેજીને કારણે ભાષાના શિક્ષણની સાથે ભાવનું શિક્ષણ મળતું નથી. અને જો ભાવનું શિક્ષણ નથી તો ભાષા પણ પૂરેપૂરી આવડતી નથી. અને આવા શિક્ષણમાં આનંદ પણ મળતો નથી.

છતાં તેઓ અંગ્રેજીના શિક્ષણની ઉપેક્ષા કરતા નથી. અંગ્રેજીનું મહત્ત્વ પણ તેઓ સ્વીકારે છે. તેઓ કહે છે અંગ્રેજી આપણા માટે કામની ભાષા છે. વિશ્વના પ્રવાહો સાથે તાલ મેળવવા અંગ્રેજી ભાષાનો અભ્યાસ જરૂરી છે. પરંતુ અંગ્રેજીનું સ્થાન માતૃભાષા પછી હોવું જોઈએ.

શાંતિનિકેતનની આ શિક્ષણ પદ્ધતિનાં આ ઉત્તમ પાસાંઓ સાંપ્રત સમયમાં પણ એટલાં જ ઉપયોગી છે. આખરે શિક્ષણનું કાર્ય જ મનુષ્યને પૂર્ણ બનાવવાનું છે. આ પૂર્ણતા તરફની ગતિ એ ફરજિયાતપણે લાદવામાં આવેલી કોઈ પદ્ધતિ દ્વારા નહીં પરંતુ સૂર્યપ્રકાશમાં આનંદથી ખીલી રહેલાં પુષ્પોની જેમ બાળકોનો સર્વાંગી વિકાસ થાય, એ રીતની હોવી જોઈએ.

**શિક્ષણનું સહુથી મહત્ત્વનું અંગઃ**

ટાગોર કહે છે કે શિક્ષણની પ્રક્રિયામાં સહુથી મહત્ત્વનું અંગ હોય તો તે શિક્ષક છે. શિક્ષકે શાળામાં અને વર્ગમાં એવું વાતાવરણ સર્જવું જોઈએ કે વિદ્યાર્થીના જીવન પર તેની ઊંડી અસર થાય. શાંતિનિકેતનમાં ટાગોરે એવું વાતાવરણ સર્જેલું કે વિદ્યાર્થી શિક્ષકો સાથે આત્મીયતા અનુભવતો અને પોતાને મૂંઝવતી કોઈપણ સમસ્યા વિના સંકોચે શિક્ષકને કહી શકતો. પ્રત્યેક વિદ્યાર્થી આ અમારું શાંતિનિકેતન છે એવો ભાવ અનુભવતો.

ટાગોર માનતા હતા કે જલતો દીપક જ બીજા દીપકને જલાવી શકે. શિક્ષકનું કાર્ય એક અંતરમાંથી બીજા અંતરમાં અવિશ્રાંત ઉદ્યતનો સંચાર કરવાનું છે. આથી શિક્ષક પોતે અભ્યાસુ હોવો જોઈએ. પોતાના વિષયમાં નિષ્ણાત તો હોવો જ જોઈએ, પણ સાથે સાથે બાળકો પ્રત્યે અને પોતાના શિક્ષણ પ્રત્યે તેને પ્રેમ હોવો જોઈએ.

આ ઉપરાંત શિક્ષકનું વ્યક્તિત્વ એ ચારિત્ર્યનું જીવંત દૃષ્ટાંત હોવું જોઈએ. શિક્ષકનું કાર્ય માત્ર જ્ઞાન આપવાનું નથી પણ જ્ઞાન માટે પ્રેરવાનું પણ છે. શિક્ષકે બાળકમાં જીવંત રસ લઈને એ કાર્ય કરવાનું છે. ઉપદેશથી નહીં પણ શિક્ષકોના ઉમદા આચરણને જોઈને વિદ્યાર્થીઓ વધુ શીખે છે. શિક્ષક ચારિત્ર્યવાન, નિષ્ણાત, જિજ્ઞાસુ, બાલમાનસનો અભ્યાસી અને પ્રેમી હોવો જોઈએ.

શાંતિનિકેતનમાં ટાગોરે આ આદર્શો ધરાવતા શિક્ષકોની આખી મંડળી ઊભી કરેલી. પોતે પણ ઉત્તમ કક્ષાના શિક્ષક હતા. બાળકો સાથે બાળક જેવા બનીને તેઓ ખેલકૂદ, રમતગમત અને નૃત્યમાં ભાગ લેતા. પોતાની કવિતાઓનું અવારનવાર વાચન કરતા, બાળકો માટે તો તેમણે ખાસ જોડકણા બનાવ્યાં હતાં. જેમને શિક્ષણમાં શ્રદ્ધા હોય, જેમને બાળકોના વિકાસમાં રસ અને પ્રેમ હોય અને જેઓ પોતે પણ જીવનનો ધબકાર અનુભવતા હોય એવા જ શિક્ષકો દ્વારા શાંતિનિકેતનમાં શિક્ષણનું કાર્ય થતું હતું.

**શિસ્તનું પાલનઃ**

ટાગોરને નાનપણમાં કડક શિસ્તપાલનના અનુભવો થયા હતા. આથી તેઓ કહેતા કે લશ્કરના જેવી કે જેલના કેદી જેવી શિસ્તને બદલે ક્ષમા આપવાની વૃત્તિ શિક્ષકે કેળવવી જોઈએ. શિસ્ત આવશ્યક છે પણ જડતા નહીં. બાળક તોફાન કરે તો કડક શિસ્તને બદલે ક્ષમા આપવાની વૃત્તિ શિક્ષકે કેળવવી જોઈએ. તેઓ તો એમ કહે છે કે જેમાં ક્ષમા આપવાની વૃત્તિ નથી એ શિક્ષક થવાને લાયક નથી. બાળકમાં ચંચળતા સ્વાભાવિક છે. આથી તોફાન કરે એ પણ સ્વાભાવિક છે. પરંતુ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેની ચંચળતા અને તોફાની વૃત્તિઓને સર્જનાત્મક કાર્યોમાં વાળવાનું કામ શિક્ષકે કરવાનું છે. કોઈ પણ શિસ્ત બહારથી ન લાદવી જોઈએ. જે બહારથી લાદવામાં આવે છે, તે લાંબાગાળે દુઃખદાયી બને છે. સ્વશિસ્ત કેળવવા માટે વિદ્યાર્થી પર જવાબદારી મૂકવી જોઈએ. શાંતિનિકેતનમાં વિદ્યાર્થીઓ ઉપર ઘણી જ જવાબદારીઓ મૂકવામાં આવતી હતી. ત્યાં પણ તોફાની વિદ્યાર્થીઓ હતા, પરંતુ પ્રવૃત્તિઓ, જવાબદારી અને શિક્ષકોના વિશ્વાસ દ્વારા તેમને સુધારવામાં આવતા હતા.

આધુનિક સમયમાં શિક્ષણમાંથી મૂલ્યોનો હ્રાસ થતો જોવા મળે છે. શિક્ષણ માત્ર ડિગ્રી માટે અને કારકિર્દી માટે સીમિત થઈ ગયું છે. ત્યારે જો ઉત્તમ ચારિત્ર્યવાન મનુષ્યોનું નિર્માણ નહીં થાય તો સમગ્ર માનવજાતિનું ભાવિ અંધકારમય બની જશે. કેવળ બુદ્ધિપ્રધાન મનુષ્યોથી સંસ્કૃતિ વિકસતી નથી. બુદ્ધિના વિકાસની સાથે પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય, આંતરશક્તિઓનો વિકાસ અને જીવનમાં મૂલ્યોની પ્રતિષ્ઠા થવી જરૂરી છે. એ માટે શાંતિનિકેતન જેવી સંસ્થાઓની અત્યંત આવશ્યકતા છે જ.

(જ્યોતિબહેન થાનકી, ઉત્તમ શિક્ષિકા, ઊંડા અભ્યાસી, શ્રદ્ધાવાન શિક્ષણપ્રેમી.

'શરણમ' બેંક કોલોની, બિરલાહોલ પાસે, નાનારણની સામે, પોરબંદર, મો. 9429335353
ઈમેઈલ : jyotibenthanaki4@gmail.com )

## ૦૮. એકવીસમી સદીનું વિદ્યાલય

હરેશ ધોળકિયા

એકવીસમી સદી શરૂ થઈ ગઈ છે. તેના બે દાયકા પણ પૂરા થવા આવ્યા છે. સમગ્ર વિશ્વમાં આ સમય દરમ્યાન કલ્પનાતીત પરિવર્તનો જોવા મળ્યાં છે. લગભગ બધાં જ ક્ષેત્રોમાં પાયાથી પરિવર્તનનો જોવા મળે છે. લોકો સમજી શકે અને સહન કરી શકે તે કરતાં વધારે પરિવર્તનો આવે છે અને વિશ્વને હચમતાવતાં રહે છે. વિશ્વ એક બાજુ ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. વિજ્ઞાન અને ટેક્નૉલૉજી વિશ્વમાં ભૌતિક પરિવર્તનો લાવી અને વિશ્વને એક ગામડું બનાવી રહેલ છે. દેશોની સરહદો ભૂંસાતી જાય છે. લોકોની સમગ્ર વિશ્વમાં હેરફેર વધતી જાય છે. હવે તો એવો સમય આવી રહ્યો છે જ્યારે પૃથ્વી પરથી છલાંગ મારી બીજા ગ્રહોમાં માનવજાત વસવાટ કરવાની તૈયારી કરી રહી છે. મંગળની ટિકિટો બુક થવા લાગી છે. પરગ્રહ પ્રવાસન હકીકત બનવા લાગ્યું છે. તો વૈચારિક જગતમાં પણ એવા નવા નવા વિચારો આવી રહ્યા છે, જે વિશ્વના સમાજોનાં વિવિધ ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન લાવી રહેલ છે. આજ સુધી જે બાબતો શાશ્વત મનાતી હતી, આદરણીય મનાતી હતી, તેવી અનેક બાબતો સામે સવાલો ઊભા થયા છે અને તેમાંની અનેક બાબતો તો ટકવા મથામણ કરી રહી છે. તો પ્રગતિ સાથે ત્રાસવાદ જેવા મુદ્દા પણ પૃથ્વીને હચમચાવી રહ્યા છે. આમ પ્રગતિ અને સમસ્યાઓ વચ્ચે એકવીસમી સદી આગળ વધી રહી છે.

વૈચારિક જગતમાં જે નવાનવા સર્જનાત્મક મુદ્દાઓ જગત સામે આવી રહ્યા છે અને તેનાથી જે વિવિધ ક્ષેત્રો પ્રભાવિત થઈ રહ્યાં છે, તેમાં શિક્ષણ પણ એક ક્ષેત્ર છે. આમ પણ અન્ય ક્ષેત્રો કરતાં શિક્ષણ તુલનાત્મક રીતે એક ગતિશીલ ક્ષેત્ર રહ્યું છે. તે કેળવણી, તાલીમ અને યુવાઓ સાથે સંકળાયેલ હોવાથી તેમાં તો આમ પણ સતત નાનાં નાનાં પરિવર્તનો આવતાં રહેતાં હોય છે. સમયાંતરે નવા વિચારો તેને પ્રભાવિત કરતા રહેતા હોય છે. પણ એકવીસમી સદીમાં જે અતિ ઝડપી પરિવર્તનો આવી રહ્યાં છે તે શિક્ષણને પણ હચમચાવે છે. આજ સુધી તેણે કરેલા પ્રયોગો અને કાર્યોને પડકાર ફેંકે છે. હવે એવો સમય આવી ગયો છે જ્યારે શિક્ષણે પોતાના આજ સુધીના હેતુઓને પણ પુનઃ તપાસવાની ફરજ પડે છે. શિક્ષણ અને તાલીમ બાબતે પુનઃચિંતન કરવાની ફરજ પડે છે. એક બાજુ ત્રાસવાદ જેવા ભયાનક મુદ્દાઓનો સામનો કેમ કરવો તે શિક્ષણની મૂંઝવણ છે. તો બીજી બાજુ કોરોના જેવી વૈશ્વિક મહામારી વચ્ચે તેણે કઈ રીતે કાર્ય કરવું તેની મથામણ તે ભોગવી રહ્યું છે. એટલે એકવીસમી સદીમાં શિક્ષણનું સ્વરૂપ કેવું હોવું જોઈએ અને તેના આધારે તેનાં ભૌતિક સ્વરૂપમાં કોઈ પરિવર્તનની જરૂર છે કે નહીં તેનું પણ ચિંતન કરવું અનિવાર્ય બની ગયું છે.

આપણે અહીં બન્નેનો થોડો વિચાર કરીએ.

પ્રથમ ભૌતિક બાબતોનો વિચાર કરીએ.

શાળા સજ્જ હોવી જોઈએ એ પાયાનો ખ્યાલ છે. સજ્જ શાળા જ આધુનિક શિક્ષણ આપી શકે. આ પ્રક્રિયા આમ તો વીસમી સદીના આઠમા દાયકાથી જ શરૂ થઈ ગઈ હતી. જેમ જેમ નવી નવી ટેક્નૉલૉજી આવતી ગઈ, તેમ તેમ ધીમે ધીમે તે શાળાઓમાં આવી ગઈ. વીસમી સદી પૂરી થઈ ગઈ ત્યારે ઘણી શાળાઓ આ બાબતમાં ખાસ્સી સજ્જ થઈ ગઈ હતી. એકવીસમી સદીની શરૂઆતમાં વૈશ્વીકરણનો વેગ વધવો શરૂ થયો. શિક્ષણમાં ખાનગીકરણ આવવું શરૂ ગયું. પરિણામે સરકારી, અર્ધસરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે હરિફાઈ શરૂ થઈ. અને જ્યારે હરીફાઈ શરૂ થાય એટલે આગળ આવવાની મહત્ત્વાકાંક્ષા

શરૂ થાય. શરૂઆતમાં તેમાં ટકવાનો પ્રયાસ હોય, પણ પછી વિકાસનું તત્ત્વ પ્રવેશતું હોય છે. આ બધું શિક્ષણમાં શરૂ થયું છે અને આજે આ પ્રક્રિયા ચાલુ છે. આજે લગભગ શાળાઓ આધુનિક સગવડોથી સજ્જ થઈ ગઈ છે. હવે સરકારી શાળાઓ, જે આ બાબતોમાં પાછળ રહેતી હોય છે તે પણ, આ બાબતમાં આધુનિક થવા લાગી છે. ખાસ કરીને ખાનગી શાળાઓમાં શિક્ષણ મોઘું બનવા લાગ્યું છે અને હવે મોટા ભાગના વાલીઓને નથી પોષાતું તેથી તેઓ પુનઃ સરકારી શાળાઓ તરફ પાછા વળવા લાગ્યા છે, ત્યારે સરકારી શાળાઓને પણ આધુનિક થવાની ફરજ પડી રહી છે. સરકાર તેમની ગુણવત્તા પણ વધારવાનો પ્રયાસ કરી રહી છે.

એટલે જ્યાં સુધી સજ્જતાનો, સગવડોનો, આધુનિકતાનો, ટેક્નૉલૉજીના ઉપયોગનો સવાલ છે ત્યાં સુધી મોટા ભાગની શાળાઓ તે બાબતે આધુનિક થઈ ગઈ છે. લગભગ બધી જ જરૂરી સગવડો શાળાઓમાં આવી ગઈ છે. તેમાં પણ કોરોના મહામારી દરમ્યાન જે શાળાઓ બંધ રાખવી પડી તેના કારણે શિક્ષણ ઓનલાઈન થયું હતું. એટલે બાળકો સુધી પહોંચવા ઓનલાઈન શિક્ષણ આપવાની મોટી વ્યવસ્થા ઊભી કરવી પડી. એટલે પણ તે સંદર્ભે ટેક્નૉલૉજીમાં જરૂરી વધારો કરવો પડ્યો છે. તેણે પણ શાળાને આધુનિક થવામાં મદદ કરી છે. એટલે આજે ગામડાંની નાનામાં નાની શાળાનું પણ અવલોકન કરીએ તો ત્યાં જરૂરી બધી જ સજ્જતા જોવા મળે છે. વર્ગો, બ્લેકબોર્ડ્ઝ, બાંકડા, જરૂરી સાધનો આવી ગયાં છે. કમ્પ્યૂટર શિક્ષણ તો હવે સામાન્ય થઈ ગયું છે. તેની જ મદદથી શિક્ષણ અપાય છે અને સેમિનારો પણ કરાય છે. આ બાબતે વર્તમાન બાળકો, શિક્ષકો અને વાલીઓ તૈયાર થઈ ગયેલા જોવા મળે છે. એટલે શાળાઓ માળખાકીય રીતે સજ્જ થઈ ગઈ છે. હા, તેના અમલમાં ક્યાંક અધૂરપો જોવા મળે છે, પણ ક્રમશઃ તેમાં પણ સુધારા આવતા જાય છે અને વધારે ઉપયોગી બની રહેલ છે.

આ વર્ગોમાં શિક્ષણ પણ હવે આધુનિક ટેક્નૉલૉજીકલ સાધનોની મદદથી અપાવવું શરૂ થઈ ગયું છે. તેમાં જરૂર પડે ત્યારે બહારની મદદ પણ લેવાય છે. ગૂગલ, યાહૂ વગેરેની પણ મદદ લેવાય છે. બહારના નિષ્ણાતોએ જે નવી રીતોથી શૈક્ષણિક પાઠો વગેરે તૈયાર કર્યા છે, તેની મદદ લેવાય છે. ઓનલાઇન તેમની પણ મદદ લેવાય છે. આ બધું બાળકોને વધારે સારું શિક્ષણ મેળવવામાં ઉપયોગી થઈ રહ્યું છે. તેનો પ્રભાવ ધીમે ધીમે શિક્ષણ પર પણ પડી રહ્યો છે.

એટલે જ્યાં સુધી સિસ્ટમ બિલ્ડિંગનો સવાલ છે તો તેમાં હવે ખાસ ચિંતા કરવાની જરૂર નથી. બાળકો વૈશ્વિક સગવડો તરફ જતાં જાય છે. દેશના બધા જ ખૂણાઓ આ બાબતે સુસજ્જ થતા જાય છે.

હવે સવાલ ઊભો થાય છે ભાવાવરણનો.

જ્યાં સુધી ભાવાવરણની સજ્જતાનો સવાલ છે, તો તેમાં સદભાગ્યે, કોઈ જ ટેક્નૉલૉજીની જરૂર નથી. કોઈ જ બાહ્ય બાબતની જરૂર નથી. આ સમગ્ર મુદો સમગ્ર શૈક્ષણિક સ્ટાફ સાથે સંકળાયેલ છે. તેમાં મુખ્યત્વે આચાર્ય, શિક્ષકો, અન્ય સ્ટાફ, ખાનગી શાળા હોય તો સંચાલકો અને થોડે અંશે વાલીઓ, આ બધા જ બાળકો સાથે એક યા બીજી રીતે સંકળાયેલ છે.

ભાવાવરણ એટલે શું?

શાળાનું સમગ્ર વાતાવરણ.

શાળા એટલે બાળકો.

બાળકો ભલે શાળામાં જ્ઞાન મેળવવા આવતાં હોય, પણ તેમને પહેલી જરૂર તો પ્રેમની જ હોય છે, હૂંફની હોય છે. શાળા કદાચે અન્ય બાબતોમાં મર્યાદા ધરાવતી હોય, પણ જો ત્યાં બાળકોને પૂરી હૂંફ મળતી હોય, તો તેઓ આ મર્યાદાઓ ચલાવી લઈ શકે છે અને મર્યાદાઓ વચ્ચે પણ શાળાનો વિકાસ થાય છે. પણ શાળા કદાચ અત્યંત સુસજ્જ હોય, દુનિયાની બધી જ સગવડો હોય, પણ જો ત્યાં બાળકને પૂરતો પ્રેમ અને હૂંફ ન મળતાં હોય, તો બધું વ્યર્થ બની જાય છે.

એટલે ભાવાવરણનો વિકાસ, ભાવાવવરણની

સજ્જતા એટલે પ્રેમની વ્યાપકતા.

શાળામાં નીમાતા દરેક શિક્ષકે, ભલે તે બી.એડ્.માં ઉચ્ચતમ ગુણ મેળવીને આવેલ હોય છતાં, એ પાયામાંથી જાણી લેવાનું છે કે તેણે વર્ગમાં જઈ પ્રથમ બાળકોને હૂંફ અને પ્રેમ આપવાનાં છે. 'પછી' ભણાવવાનું શરૂ કરવાનું છે. 'સીધું' ભણાવવાનું ચાલુ કરી દેવાનું નથી. અને ભણાવતી વખતે પણ, સમગ્ર સમય, શિક્ષકના વ્યક્તિત્વમાંથી પ્રેમ નીતરતો રહેવો જોઈએ. તે કદાચ ઓછું સારું ભણાવશે તો ચાલશે, પણ જો ઓછો પ્રેમ કરશે, તો જરા પણ નહીં ચાલે. પ્રેમાળ પણ નબળા શિક્ષકને બાળકો ચલાવી લેશે, પણ વિદ્વાન પણ શુષ્ક શિક્ષકને બાળકો જરા પણ નહીં સ્વીકારે.

ભણાવવામાં આ મુદ્દાને ખાસ ધ્યાનમાં રાખવાનો છે.

આચાર્યે પણ આ જ મુદ્દો ખ્યાલમાં રાખવાનો છે. તેણે બાળકોના સરમુખત્યાર થવાનું નથી, મિત્ર થવાનું છે, વડીલ મિત્ર. બાળકો તેના કોઈ પણ મુદ્દા લઈ તેની પાસે નિર્ભયતાથી જઈ શકે તેવું વાતાવરણ તેણે સર્જવાનું છે.

માધ્યમિક શાળામાં, ખાસ કરીને, તેરથી અઢાર વર્ષનાં બાળકો આવતાં હોય છે. આ ઉંમર બહુ જ નાજુક હોય છે. આ સમયગાળા દરમ્યાન બાળકનાં શરીર અને મન બન્નેનો ઝડપથી વિકાસ થતો હોય છે. બન્નેમાં અનેક પરિવર્તનો આવતાં હોય છે. આ પરિવર્તનો બાળક સમજી શકતું નથી હોતું. તેથી તે મૂંઝવણમાં રહેતું હોય છે. આ પળે જ તેને માર્ગદર્શનની જરૂર હોય છે. અન્ય માર્ગદર્શનો, સાથે ખાસ તો, જાતીય માર્ગદર્શનની તાતી જરૂર હોય છે. આ મુદ્દાને તો તે કેવળ પોતે જેને મિત્ર માનતું હોય તેની સાથે જ ચર્ચી શકે છે. એટલે જો શિક્ષક કે આચાર્ય બાળકના મિત્ર બને, બની શકે, તો જ  બાળક તેની પાસે ખૂલવાનું. આ મુદ્દો બાળક ખુદ તેનાં પિતા કે માતા પાસે ચર્ચી નથી શકતું, શરમાય છે. મિત્રો પાસે કદાચ ચર્ચે, પણ મિત્રો પણ એ જ સ્થિતિમાં હોય છે. શું માર્ગદર્શન આપવાના? 'અંધે અંધ અંધારે મળ્યા'- જેવી સ્થિતિ હોય છે. એટલે આ માર્ગદશન કેવળ શિક્ષક જ આપી શકે. પણ મિત્રભાવે વર્તે તો.

બીજું, મોટા ભાગનાં બાળકો અસ્વસ્થ કૌટુંબિક પરિસ્થિતિમાંથી આવતાં હોય છે. માતા-પિતા માર્ગદર્શન આપવા પૂરતાં સજ્જ નથી હોતાં. એટલે બાળકને તેમની પાસેથી તે નથી મળતું. અને તે મળવું જરૂરી હોય છે. ત્યારે એ સ્વાભાવિક રીતે, શિક્ષક સામે નજર નાખે છે. તેની પાસેથી માર્ગદર્શન માગે છે. શિક્ષકે વર્ગમાં સામાન્ય સંદર્ભમાં પણ તરુણાવસ્થાના મુદ્દાઓનું માર્ગદર્શન આપવાનું હોય છે અને જરૂર પડે તો, બાળકને અંગત રીતે તે પૂરું પાડવાનું હોય છે.

આ ઉપરાંત શાળા જ એક એવું સ્થળ છે જ્યાં બાળકની સામાજિકતાનો વિકાસ થતો હોય છે. અહીં જ બાળક વિવિધ સ્તરનાં અન્ય બાળકો સાથે હળેભળે છે. એટલે શાળામાં એવું મુક્ત વાતાવરણ હોવું જોઈએ જ્યાં બાળક બીજાં બાળકો સાથે હળીભળી શકે.

શાળામાં જ બાળક બૌદ્ધિક વિકાસ કરે છે, અહીં જ તેને જ્ઞાન અને માહિતી મળે છે. તેને સમજતાં અને તેનું અર્થઘટન કરતાં શીખે છે. અને તે આ બાબતોનું અર્થઘટન સ્વસ્થ રીતે તો જ કરી શકે જો તેને તે સાચી રીતે કરતાં શીખવાય. શાળામાં ભણાવતી વખતે બાળકને તાર્કિક અને વૈજ્ઞાનિક રીતે વિચારતાં શીખવવાનું છે. દરેક મુદ્દો આ સંદર્ભમાં જ તપાસતાં શીખે એમ શીખવવાનું છે. કોઈપણ મુદ્દાને આવેશથી ન જુએ અને તે રીતે ન વિચારે, તો જ લોકશાહી વિકસે અને મજબૂત થાય.

કમનસીબે, આપણા દેશમાં શિક્ષકો અનેક વૈચારિક બંધનોથી પીડિત છે. જ્ઞાતિવાદ, જાતિવાદ, પ્રદેશવાદ, રાજકીય પક્ષોની સંકુચિત વિચારસરણી, ધર્મઝનૂનની વિચારસરણી - આ બધાથી મોટા ભાગના ગ્રસ્ત હોય છે. કમનસીબે, જાણતાં-અજાણતાં તેઓ પોતાના વિચારો-પૂર્વગ્રહો ભણાવતી વખતે વ્યક્ત કરતા હોય છે. બાળકો શિક્ષકને ભગવાન કે પ્રમાણભૂત માને છે. તે જે કહે કે સૂચવે તેને ઝડપથી સ્વીકારે છે. અને જો તે શિક્ષક બાળકને પ્રિય હોય, તો આ ખ્યાલો તેના મનમાં ઘૂસી જાય છે, જે તેને નુકશાન કરે છે. તે એકાંગી વિચાર કરતાં શીખે છે. તેનું

માનસ, અજાણતાં, સંકુચિત થવા લાગે છે. જાતભાતના પૂર્વગ્રહોથી તે ગ્રસ્ત થવા લાગે છે. તે પણ સંકુચિતતા, ધર્મઝનૂન વગેરેનો સ્વીકાર કરવા લાગે છે. આ બધું તેને વિશાળ થવામાં, ગ્લોબલ બનવામાં આડખીલીરૂપ બને છે.

કદાચ એવો વિચાર આવે, હસવું પણ આવે, કે જ્યારે વાત એકવીસમી સદીની થતી હોય, અવકાશમાં જવાની તૈયારી થતી હોય, ત્યારે આવી સંકુચિતતા હવે શક્ય છે? આજના શિક્ષકો પણ ગ્લોબલ નહીં હોય?

પણ, કમનસીબે નથી. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન અને પછી પણ પચાસેક વર્ષ સુધી વાતાવરણમાં વિશાળતાની અનુભૂતિ થતી હતી. ગાંધી-નહેરુના પ્રભાવે દેશમાં, રૂઢિચુસ્તતા અને સંકુચિતતા વચ્ચે પણ એક જાતની ઉદારતા, સમભાવની ભાવના હતી. ભેદભાવનું પ્રમાણ તીવ્ર ન હતું. પણ છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન પુનઃ સંકુચિત વિચારસરણી સમાજમાં પ્રસરતી જોવા મળે છે. કોમવાદ, મિથ્યા રાષ્ટ્રવાદ, જાતિવાદ, પ્રદેશવાદ વગેરે માથું ઊંચકે છે. સત્તાપક્ષ દ્વારા તેને સમર્થન મળે છે. સંસ્કૃતિના નામે સંકુચિતતાનો જે પ્રચાર થાય છે. સહનશીલતા, સ્વભાવ, ઉદારતા જેવાં મૂલ્યોને વ્યવસ્થિત રીતે દબાવવામાં આવે છે. અને આ આપણા જ દેશમાં છે એવું નથી. સમગ્ર વિશ્વમાં છે. એક બાજુ વૈશ્વિક ચિંતન પ્રસરી રહ્યું છે અને વૈશ્વિક નાગરિકની વિભાવના પ્રસરતી જાય છે, તો બીજી બાજુ રક્ષાત્મકતાવાદ, સંકુચિતતા વગેરે પ્રસરતાં જાય છે. આપણે ત્યાં જાતિવાદ વગેરે પ્રસરે છે, તો વિશ્વના અનેક દેશોમાં રંગભેદ, કોમવાદ વગેરે પ્રસરે છે. એક યા બીજા બહાના હેઠળ વિકસિત દેશોમાં હિંસાનો પ્રસાર વ્યાપક થતો જાય છે. ધાર્મિક ત્રાસવાદ તો તીવ્ર માથું ઊંચકે છે. આ બધાને કારણે જગતની બધી જ વ્યવસ્થાઓ ડામાડોળ થઈ ગઈ છે. કોઈપણ પળે યુદ્ધ ફાટી નીકળે તેવી વિચિત્ર પરિસ્થિતિ દેખાય છે. અને કેટલાક દેશોમાં તો, આ બધાના પ્રસાર માટે બાળકોને જ નાનપણથી કુ-તાલીમ આપવામાં આવે છે. બાળકોના હાથમાં પ્રયોગશાળાનાં સાધનો કે પુસ્તકો મૂકવાં જોઈએ તેને બદલે બંદૂકો મૂકાય છે. શાળાઓમાં ધિક્કારની લાગણી પ્રસરાવાય છે. ઇતિહાસને મરડીને શીખવવામાં આવે છે. વિશાળ દેશપ્રેમ બદલે ઝનૂની રાષ્ટ્રવાદ શીખવવામાં આવે છે.

આ બધાને કારણે બાળકોના મગજમાં નાનપણથી જ વ્યર્થ પૂર્વગ્રહો દાખલ થઈ જાય છે અને તે જ ફ્રેમમાં વિચારવાનું શરૂ કરે છે. આ બધાને કારણે જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદ, રંગભેદ વગેરેને મોકળું મેદાન મળે છે. તેને પ્રસરાવવામાં યુવાનોની મદદ મળી રહે છે. યુવાનોને વૈશ્વિક બનવું છે, તે આ નકારાત્મક પરિબળોના કારણે છે. તેમાં શિક્ષકો પણ કોઈ સંકુચિત વિચારસરણી અપનાવી તેના હાથા બની જાય છે.

આ બધાનો પાયો છે શાળાનું ભાવાવરણ. ભાવાવરણમાં જ બાળકોને આ ઝેર પાવામાં આવે છે. આ માટે જ ટેક્નૉલૉજીનો ઉપયોગ કરવામાં આવે છે.

તેને બદલે શાળામાં વિશાળતા, કરુણા, સમભાવ જેવાં મૂલ્યોને પ્રસરાવવામાં આવે, તો માત્ર બાળકને જ નહીં, સમગ્ર સમાજને, વિશ્વને, સમય જતાં, ફાયદો થાય છે અને વિશ્વનો, સ્થિર વિકાસ થઈ શકે છે.

એ માટે શાળાનું મિશન જ વિશાળ અને તાર્કિક અને વૈજ્ઞાનિક ચિંતન શીખવવાનું હોવું જોઈએ. અને એ માટે એવા જ શિક્ષકો-આચાર્યો પસંદ કરવાનું હોવું જોઈએ. કોઈપણ કોમવાદી, જ્ઞાતિવાદી, ધાર્મિક વિચારસરણી શાળાને શરૂ કરવાની મંજૂરી આપવી જ ન જોઈએ. કેવળ બંધારણના વિચારોને જ પ્રોત્સાહન આપે તેવી શાળાને જ મંજૂરી આપવી જોઈએ.

કોરોના દરમ્યાન ઓનલાઇન શિક્ષણ લગભગ ફરજિયાત બની ગયું. આજે પણ ચાલુ છે. વિશિષ્ટ પરિસ્થિતિમાં જરૂરી છે. કદાચ આવતી કાલે પણ તે ચાલુ રહેશે. પણ એ આપતી વેળા ખ્યાલ રાખવાનો છે કે ઓનલાઇન શિક્ષણ કદાચ ઉત્તમ મળતું હશે પણ રૂબરૂ જે હૂંફ મળે છે તે તેમાં નથી મળતી. વર્ગખંડમાં જે સીધો સંપર્ક ચમત્કારી પ્રભાવ પાથરે છે, તે આ ઓનલાઇન શિક્ષણ નથી કરી શકતું. એટલે કદાચે ઓનલાઇન શિક્ષણ આપવાનું જ રહે, તો તેમાં પણ બાળક પ્રત્યે આ સ્નેહભાવ ચાલુ રહે

તે શિક્ષકે સજાગતાપૂર્વક જોતા રહેવાનું છે.

જ્યાં સુધી ભૌતિક વાતાવરણને સંબંધ છે, ત્યાં સુધી થોડા જ સમયમાં યુરોપ-અમેરિકાને ટપી જાય તેવી શાળાઓ આપણે ત્યાં પણ થઈ જવાની છે. ઘણી થઈ ગઈ છે, પણ બાકીની પણ થઈ જવાની છે. તેમાં વાલીઓનો પણ ટેકો મળવાનો છે. પણ જ્યાં સુધી સ્વસ્થ ભાવાવરણનો સવાલ છે, ત્યાં ખૂબ જાગૃત રહેવાની તાતી જરૂર રહે છે. હજી પણ સમાજમાં રૂઢિચુસ્તતા જીવંત છે, સંકુચિતતા સમયાંતરે માથું ઊંચકે છે. ક્યારેક સત્તાનો તેને ટેકો મળી જાય છે. આ બધાનો આડકતરો પ્રભાવ શાળાઓમાં પણ પડે છે. બાળકો પણ તેનો ભોગ બને છે. સમય જતાં સમાજને જ તેનો ગેરફાયદો અનુભવવા મળે છે.

એટલે એકવીસમી સદીમાં ભલે પહેલાં ભૌતિક પર્યાવરણને સુધારાય. એ ખૂબ જરૂરી છે. તો જ બાળકો શાંતિથી અભ્યાસ કરી શકશે અને વિશ્વ સાથે હરિફાઈ કરી શકાશે. પણ, સમાંતરે, ભાવાવરણ પણ એવું મજબૂત કેળવવાનું છે કે બાળકો વૈશ્વિક ચિત્તનાં બને, ગ્લોબલ નાગરિક બને, નેટીઝન બને અને આવનારાં વિશ્વમાં વિકાસને પ્રોત્સાહન આપનાર માધ્યમ બને. જો સમતુલા રહેશે તો વિશ્વને નુકશાન થતું રહેશે. આજે પણ થઈ રહ્યું છે. બહુ ઝડપથી આ સંકુચિત ભાવાવરણને બદલાવી વિશાળ ભાવાવરણ શાળાઓમાં આવે તે ઇચ્છવા જેવું છે. એકવીસમી સદી ખૂબ તકોની સદી છે. આ તકોનો પુષ્કળ લાભ લેવાનો છે. પણ તે ત્યારે શક્ય બનશે જયારે શાળાઓનું ભાવાવરણ વૈશ્વિક, માનવીય અને વિકાસને અનુરૂપ હશે.

(હરેશ ધોળકિયાઃ નિર્ભક વિચારક, ઉત્તમ શિક્ષક, ઊંડા અભ્યાસી, અનેક વિષયોના લેખક.
મિન્ટ રોડ, પોરિસ બેકરી પાસે, ભુજ-કચ્છ (370001)
ઈમેઈલઃ dholakiahc@gmail.com
મો.9825392046, ફોન- 02832227946)

ગાંધીજીની સુરાજયની કલ્પના પ્રમાણે એક એવો સમાજ રચાવો જોઈએ, જેમાં ન કોઈ દબાવનારા હોય, ન કોઈ દબાયેલો હોય. જેમાં સામાજિક, આર્થિક કે રાજકીય ભેદભાવ ન હોય, દરેક માટે કશાય બંધન વગર સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો માર્ગ ખુલ્લો હોય, રૂકાવટ આવે તો સૌ સાથે મળીને દૂર કરતા હોય, સહકાર અને પ્રેમ ત્યાં ગુંજતા હોય, દ્વેષ-ઈર્ષા ત્યાં નિર્મૂળ થયાં હોય, દરેકને વ્યાજબી દામ અને કામ મળતાં હોય કે કુદરતી રીતે મળેલાં જ હોય, કોઈ કોઈની ખાંધ પર બેસી ન રહે. આ સમાજમાં એક જ કાયદો હોય અને તે પ્રેમનો હોય. આવો શોષણવિહીન, અહિંસક, ન્યાયી, સમાનતા અને બંધુતા સાથે કરુણા ધરાવતો પ્રકૃતિપ્રેમી સમાજને ઘડવા કેળવણી એ એકમાત્ર સાધન છે તેવું જણાવતા ગાંધીજીએ નઈતાલીમનો વિચાર ૧૯૩૭માં વર્ધામાં યોજાયેલી શિક્ષણ પરિષદમાં મૂક્યો અને કહ્યું કે, 'નઈ તાલીમ એ હિંદુસ્તાનને મારી અંતિમ અને સર્વોત્તમ ભેટ છે.'

મારી નઈ તાલીમની વ્યાખ્યા એ છે કે જેને નઈ તાલીમ મળી છે તેને જો ગાદી પર બેસાડશો તો તે ફૂલાશે નહીં અને ઝાડું આપશો તો તે શરમાશે નહીં. તેને માટે બન્ને કામની સરખી જ કિંમત હશે. તેના જીવનમાં નકામા મોજશોખને તો સ્થાન હોઈ જ ન શકે. તેની એક પણ ક્રિયા અનુત્પાદક કે અનુપયોગી નહીં હોય. નઈ તાલીમનો વિદ્યાર્થી ઢબુ તો રહી જ ન શકે; કેમ કે, તેના પ્રત્યેક અંગને કામ મળશે, તેની બુદ્ધિ તથા તેના હાથ સાથે સાથે ચાલશે.

લોકો હાથે કામ કરશે ત્યારે બેકારી કે ભૂખમરાનો તો સવાલ જ નહીં રહે. મારી નઈ તાલીમ અને ગ્રામોદ્યોગ એક જ સિક્કાની બે બાજુઓ છે. એ બન્ને સફળ થશે તો જ સાચું સ્વરાજ આવશે.

\- મહાત્મા ગાંધી

## ૦૯. અધ્યયનશીલતા

પંકજ શાં. જોશી

સામાન્ય રીતે આપણી ભાષામાં, અધ્યયન કરવું એટલે વાંચવું, લખવું, અથવા કોઈ પરીક્ષા આપીને ડીગ્રી મેળવવી એવો કંઈક અર્થ થાય છે. કોઈ વિદ્યાર્થી ભણવા બેઠો હોય, કોઈ વિષય વાંચતો હોય કે તેની નોંધ બનાવતો હોય ત્યારે આપણે કહીએ છીએ કે તે ભાષા અથવા ગણિત અથવા વિજ્ઞાનનું અધ્યયન કરે છે. જે તે વિષયની ડિગ્રી મેળવવા માટે જે તે વિષયનું અધ્યયન કરવું પડે તેમ આપણે કહીએ છીએ.

હવે સામાન્ય રીતે આ પ્રકારે અભ્યાસ કરવાની અભિમુખતા અથવા તો વૃત્તિ સહુમાં અથવા બધા જ વિદ્યાર્થીઓમાં હોતી નથી. આથી જે લોકો આ કામ સરસ રીતે કરતા હોય તેમને માટે આપણે શબ્દ વાપરીએ છીએ કે એ વિદ્યાર્થિની અથવા વિદ્યાર્થી ઘણો અધ્યયનશીલ છે. વળી આપણે એ પણ જાણીએ છીએ કે આવી અધ્યયનશીલતા અથવા તો અધ્યયન માટેની અભિમુખતા અથવા તો વાંચવું લખવું ગમે તેવી વૃત્તિ હોય તો જ તેમાંથી સારાં અને ઉત્તમ પરિણામો આવે છે. આવાં સારાં પરિણામો એટલે પરીક્ષાઓ આપીને તેમાં ઊંચો વર્ગ પ્રાપ્ત કરવો અથવા એનાથી પણ આગળ જઈને બીજી જે તે નોકરીઓ અને તે માટેની વિશેષ પરીક્ષાઓ આપી ને તેમાં ઉત્તીર્ણ થવું. આ સઘળી સારી સિદ્ધિઓ પણ ગણાય છે, કારણ કે તેનાથી સમાજમાં સ્થાન અને એક મોભાની પ્રાપ્તિ થાય છે.

આમ, આપણે સૌ એટલું તો સમજીએ છીએ કે જીવનમાં અને સમાજમાં સ્થિર થવા માટે, આર્થિક ઉપાર્જન માટે અને આબરૂદાર પદવીઓ પ્રાપ્ત કરવા માટે આજના યુગમાં અધ્યયન કરવું એ જરૂરી જ નહિ પણ અનિવાર્ય પણ બની જાય છે.

પરંતુ ખરેખર અને વાસ્તવમાં જોવા જઈએ તો, અધ્યયન કરવું એ વાત અથવા તો ઘટનાનો અર્થ આપણે ઉપર વર્ણન કર્યું તેવા એક સામાન્ય અને ઉપરછલ્લા મતલબ કરતા કંઈક વિશેષ અને ઊંડાણભર્યો છે. કેવળ કોઈ પુસ્તકો કે ચોપડી વાંચવી કે કોઈ વિષયની ડીગ્રી પ્રાપ્ત કરવી એ જ અધ્યયન નથી.

વાસ્તવમાં તો કોઈપણ ઘટના અથવા પરિસ્થિતિ અથવા વિષયને સારી રીતે અને યોગ્ય રીતે જાણવા સમજવા, અને તેનું સંપૂર્ણ રહસ્ય મેળવવું તેને જે તે વિષયનું યોગ્ય અધ્યયન કર્યું તેમ કહેવાય છે. આવું અધ્યયન ત્યારે જ સાચું ગણાય જ્યારે જે તે વિષયનું હાર્દ સમજાય અને એ ત્યાં સુધી કે પછી વાસ્તવિક જીવનમાં એ વિશેનો ઉપયોગ કરતા પણ આપણને આવડી જાય. જેમ કે કોઈએ ઇજનેરી વિષયનું અથવા વકીલાતનું કે પછી દાક્તરી વિદ્યાનું સાચું અધ્યયન કર્યું એમ ત્યારે જ કહેવાય જ્યારે તેને વાસ્તવિક જીવનની જે તે પરિસ્થિતિમાં શું પ્રશ્ન છે અને શું પરિસ્થિતિ છે એ તરત સમજાઈ જાય અને એ સમજીને પછી પોતે મેળવેલા જ્ઞાનનો આ પ્રશ્નનો યોગ્ય ઉકેલ કરવા માટે ઉપયોગ કરવાની કલા પણ સિદ્ધ અને હસ્તગત થઈ જાય.

આ રીતે, બીજા શબ્દોમાં કહીએ તો, કોઈપણ વિષય કે પરિસ્થિતિ કે ઘટનાનું પૂર્ણ હાર્દ અને તેનું અંદર અને બહારનું રહસ્ય સંપૂર્ણ જાણવું, સમજવું અને આત્મસાત કરવું એટલે તેનું અધ્યયન અથવા સંપૂર્ણ અધ્યયન કર્યું તેમ કહેવાય. આ અધ્યયનનું પરિણામ એ આવે કે પછી તો પરિસ્થિતિને જોતા જ વ્યક્તિ સમજી લે અને જે પ્રશ્ન હોય તેનો ઉકેલ અથવા નિકાલ કરવાનો રસ્તો પણ તેને સહજ રીતે જ મળી આવે. આનું એક ઉદાહરણ લઈએ તો આપણને

ખબર છે કે કેટલાંક ડૉક્ટરો અથવા વૈદ્ય ભારે અનુભવી છે એવું કહેવાય છે. તેઓ દર્દીને જોતાં અને થોડો તપાસતાં જ તેને શું પ્રશ્ન છે, તેના આરોગ્યમાં ક્યાં ખામી છે આનું તરત નિદાન કરી લે છે. આવી કોઈપણ પ્રશ્નનું નિદાન કરવાની જે શક્તિ અથવા કલા સંપન્ન થાય એ જ અધ્યયનશીલતાનું સાચું પરિણામ અથવા સાચી સિદ્ધિ છે તેમ ગણાય.

આવું અધ્યયન કરવું તે એક ક્રિયા છે, એક કર્મ છે, અને તે એક કલા પણ છે. આ ક્રિયામાં જ્યારે રસ પડી જાય ત્યારે પછી ગમે તે પરિસ્થિતિ હોય સંયોગ હોય તેને સાચી રીતે સમજી લેવાની ટેવ પડી જાય છે. આવી વૃત્તિ સારી રીતે કેળવાઈ જાય અને સહજ થઈ જાય તેનું નામ જ અધ્યયનશીલતા.

ખરેખર તો અધ્યયન કરવું એટલે સાચું જ્ઞાન મેળવવું તેવો અર્થ થાય. હવે જગતનું અથવા આપણી આસપાસના બ્રહ્માંડનું જ્ઞાન મેળવવું અથવા તેને સમજવું, આ કાર્ય તો આપણે સતત અને ક્ષણે ક્ષણે કરતા હોઈએ છીએ. ખરેખર તો આપણી પાંચ ઇન્દ્રિય એટલે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ દ્વારા સતત રીતે આપણે આપણી આજુબાજુના વિશ્વનું આકલન કર્યા કરતા હોઈએ છીએ. આ ઇન્દ્રિયો દ્વારા જે માહિતી અને અનુભવ ક્ષણે ક્ષણે મળ્યા કરે છે અને પ્રાપ્ત થતાં જાય છે એ સઘળી ઇન્દ્રિયો દ્વારા આપણા મગજમાં અને તેના દ્વારા આપણા અંતઃકરણમાં પ્રાપ્ત થતાં જાય છે, અનુભવાતા અને સ્થિર થતાં જાય છે. તેમાંથી જે તે વિષયના વિશ્વ વિશેના આપણા જ્ઞાન અને સમજની નિષ્પત્તિ થાય છે.

સમગ્ર જગત કે બ્રહ્માંડના વિવિધ વિષયના જે કોઈ અવલોકનો આ રીતે આપણા સુધી પહોંચે તે બધાનું પછી આપણી બુદ્ધિ આકલન કરીને તેના વિશે એક અથવા બીજા નિર્ણય બાંધે છે. આવી જ રીતે પછી કોઈપણ વ્યક્તિ વિશે કે ઘટના વિશે કે પરિસ્થિતિ વિશે આપણા મનમાં નિર્ણય થતા જાય છે અને એ નિર્ણયને આધારે આગળની ક્રિયાઓ થતી જાય છે. આમ, જો યોગ્ય ટેવ પાડીએ તો અધ્યયન એ તો સમગ્ર જીવનમાં થતી એક સતત અને ક્ષણે ક્ષણે બનતી ઘટના અને પ્રક્રિયા છે. આમ તો જાણ્યે અથવા અજાણ્યે આપણે જગતની પરિસ્થિતિઓ વિશે અવલોકન અને નિર્ણય બાંધ્યા જ કરતા હોઈએ છીએ. મૂળ વાત એવી છે કે ઘણીવાર તે વિશે આપણે સભાન હોતા નથી અને કેટલીક વાર સભાનતાપૂર્વક આ કાર્ય આપણે કરીએ છીએ. જ્યારે બને તેટલી વિશેષ અથવા સંપૂર્ણ સભાનતા સાથે આ કાર્ય કરીએ ત્યારે તેને સાચું અધ્યયન કહેવાય અને આપણે સાચા અર્થમાં અધ્યયનશીલ બન્યા એવું કહી શકાય.

આ રીતે આપણે જોયું કે અધ્યયન એ ખરેખર તો એક પ્રક્રિયા છે. હવે આવી આ પ્રક્રિયા કેટલીક વાર સાચી દિશામાં જાય અને કેટલીક વાર ખોટી દિશામાં પણ જાય. કંઈક અધ્યયન તો થાય પણ તેના દ્વારા નિર્ણય હંમેશાં સાચા જ બંધાય તે જરૂરી નથી. પૂરતું અથવા સાચી દિશામાં અધ્યયન ન થયું હોય ત્યારે આવું થાય છે. પણ મજા એ છે કે જો આ ધ્યાન અથવા જે વિષય વિચાર અને એકાગ્રતા કરવાની ક્રિયા થાય તે જો સતત અને એકધારી ચાલ્યા કરે તો ક્યાંક ભૂલ થઈ હોય કે ખોટી સમજણ થઈ હોય તો એનો પણ આપણને ક્રમે ક્રમે ખ્યાલ આવી જાય છે. આમ, જે ખોટું શીખ્યા તેનું 'અન-લર્નિંગ' કરવું તે પણ અધ્યયન જ છે. ફરી કહેવાનું એ છે કે ઘણીવાર આપણે ખોટી માન્યતાઓ અથવા તો ખોટા નિર્ણય અથવા ખોટી ક્રિયાઓ પણ જગત માં રહેતા રહેતા અને પાંચ ઇન્દ્રિયોના અનુભવ કરતાં કરતાં શીખી જઈએ છીએ. આવી જ રીતે આપણને ખોટી ટેવો પડે છે, ખોટી માન્યતાઓ બંધાય છે અથવા તો ખોટા કામ પણ થઈ જાય છે. તો પછી તેમાં પણ અધ્યયન દ્વારા જ વળી સુધારાઓ કરવાના થાય છે. પાંચ ઇન્દ્રિયો દ્વારા જે અનુભવ આપણા અંતઃકરણમાં પ્રવેશ કરે તેને આધારે ક્યારેક આવા ખોટા નિર્ણય કે ખોટી તેવો પડી જાય તો પછી વળી વિશેષ સમજણ દ્વારા જ એવું સ્પષ્ટ થાય છે કે આ સાચું છે અને આ ખોટું છે. અંગ્રેજીમાં તેને 'લર્નિંગ' અને 'અન-લર્નિંગ'ની પ્રક્રિયા કહેવાય છે. ખોટું શીખ્યા હોઈએ એને ભૂલવાનું

કામ કરીએ, એને દૂર કરવાનું કામ કરીએ એટલે 'અન-લર્નિંગ' થયું એમ કહેવાય. આમ, જે શીખ્યા હોઈએ તેમાં સતત સુધારા કરવા માટે આપણે ખુલ્લા રહેવું પડે છે અને એમ કરતાં કરતાં જ જીવનનો વાસ્તવિક વિકાસ અને પરિવર્તન થતા જાય છે.

આ રીતે જોઈએ તો અધ્યયન કરીએ એટલે કે ચિંતન કરીએ અને આપણને પોતાને અને જગતને સમજીએ એટલે એક શીખવાની પ્રક્રિયા થાય. પણ આવી કોઈ પ્રક્રિયા અથવા ક્રિયાઓ પહેલી જ વારમાં સંપૂર્ણ અને સાવ સાચી ન પણ હોય. એટલે કંઈક સાચું શીખીએ અને કંઈક ખોટું પણ શીખીએ. પછી વળી આપણું અધ્યયન ચાલુ રહે એટલે શું સાચું અને શું ખોટું એ સમજ પડી જાય. આવું થાય ત્યારે જે અધ્યયન અથવા તો ક્રિયાઓ મન, બુદ્ધિ અને શરીરમાં એક અથવા બીજી ટેવરૂપે સ્થિર થઈ હોય, તેમાં સુધારા કરવાની પ્રક્રિયા અને ઘટના શરૂ થાય. પહેલાં તો જે કંઈ ખોટું શીખ્યા હોઈએ તે સમજીને તેને દૂર કરવું પડે અને જે સાચું અને સારું હોય તેને સ્થિર કરવું પડે. આ સમગ્ર પ્રક્રિયામાંથી જ વ્યક્તિત્વનો અથવા વ્યક્તિનો વિકાસ સધાય અને આવો વિકાસ એ જ તેને માટે સાચા આનંદનું સાધન બની જાય. જ્યાં સુધી આવું સાચું વ્યક્તિત્વ ખીલે નહિ ત્યાં સુધી સાચો આનંદ અથવા વાસ્તવિક શાંતિ કદી પણ સધાય નહીં.

આ રીતે જોઈએ તો ક્ષણે ક્ષણે અધ્યયન અથવા તો શીખતાં જવાની ક્રિયા એ વ્યક્તિ માત્ર ને માટે કેવળ આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે.

બીજા શબ્દોમાં કહીએ તો, કેટલાંક લોકો કેવળ વાંચ-વાંચ કરતાં હોય કે ઘણા વળી લખ-લખ પણ કરીને પુસ્તકો પણ ભરી કાઢે, તો તેટલા માત્રથી એ અધ્યયન ન કહેવાય. આથી જ આપણે ત્યાં 'પુસ્તકિયા કીડા' તેવો શબ્દ છે, જ્યાં વાચન હોય પણ સમજ કે આચાર ન હોય. આથી જ કોઈ કવિએ કહ્યું છે, 'પઢ પઢ કે પથ્થર ભયા, ભયા લિખ લિખ કે ચોર!' પણ આવી બધી પંડિતાઈનો વિશેષ અર્થ રહેતો નથી. આ જ વાત આચાર્ય શંકર તેમના ઘણા જાણીતા 'ભજ ગોવીન્દમ્' સ્ત્રોત્રમાં કહે છે, 'નહિ નહિ રક્ષતિ ડુકરુણકરણે'. કેવળ પોપટિયા પાઠથી કલ્યાણ સાધવાનું નથી! આવો માત્ર ક્રિયાકાંડ અથવા દેખાવ તે અધ્યયન કહેવાય નહિ.

વાસ્તવમાં અધ્યયન એ એક સંસ્કૃત શબ્દ છે અને તે

**જે કંઈ ખોટું શીખ્યા હોઈએ તે સમજીને તેને દૂર કરવું પડે અને જે સાચું અને સારું હોય તેને સ્થિર કરવું પડે. આ સમગ્ર પ્રક્રિયામાંથી જ વ્યક્તિત્વનો અથવા વ્યક્તિનો વિકાસ સધાય અને આવો વિકાસ એ જ તેને માટે સાચા આનંદનું સાધન બની જાય.**

બીજા બે શબ્દો મળીને બન્યો છે, અધિ અને અયન. તેમાં 'અધિ' તેનો અર્થ થાય છે ઉત્તમ અથવા સારામાં સારું, અને 'અયન' એ શબ્દનો અર્થ થાય છે ઉચ્ચ કે ઉત્તમ ભણી ગમન, બીજો એક અર્થ એવો પણ અપાય છે કે અયન એટલે સૂર્ય ભણી ગમન. હવે સૂર્ય એટલે તો કેવળ પ્રકાશ અને તેજ. આમ પ્રકાશ અને તેજ પરત્વે અને તેની દિશામાં સતત અને ઉત્તમ પ્રકારે જવું તેનું નામ અધ્યયન! આવો સાચો અર્થ સમજીએ એટલે એમાંથી ફલિત થાય છે કે જીવનની સર્વ સારી વસ્તુઓનો આધાર કેવળ ઉત્તમ અધ્યાયન એ જ છે.

આમ, આપણે સતત અધ્યયન કરતા રહીએ એટલે કે ક્ષણે ક્ષણે અધ્યયનશીલ બનીએ અને તેમાંથી જ જીવનનું સાચું સુખ અને સાચો આનંદ પ્રાપ્ત કરીએ. આ રીતે સત્ય અને કલ્યાણમાં આપણી સદૈવ સ્થિરતા તેના દ્વારા સધાય.

(પંકજ જોશી : મોટા ખગોળવિજ્ઞાની, ગાંધીવિચારના અભ્યાસી, ચારુસેટ યુનિવર્સિટીના કુલપતિ.
ઈમેઈલ: sjcosmos@gmail.com
મો.9892490083)

## ૧૦. શિક્ષણના આધારસ્તંભો : સ્વતંત્રતા-પ્રયોગશીલતા- સર્જનશીલતા

ઈશ્વર પરમાર

### (૧) શિક્ષણધામ એ વિદ્યાતીર્થ

ગામ ઇડર(તા.ભિલોડા, જિ.સાબરકાંઠા)ની એ.વી. સ્કૂલના નવમા ધોરણમાં પાસ થયેલા કેટલાક વિદ્યાર્થીઓ શાળાના દરવાજા પાસે ઊભા હતા. તેઓ હવે આગળ અભ્યાસ કરવા કે ધંધો-નોકરી કરવા આ વહાલી શાળા છોડવાના હતા. સૂરજ આથમણે ઢળતો હતો.

પેલા વિદ્યાર્થીઓમાંનો એક બામણા ગામનો એ તરુણ ધીમેકથી સૌ વચ્ચેથી સરકીને નિશાળના એક ખૂણે જઈને ઊભો રહ્યો. તરુણે હાથ જોડીને પોતાની આ મીઠી માતા સમાન શાળાને કહ્યું, '''શાળા, તારું નામ હું ઉજ્જવળ રાખીશ.'''

એ તરુણને મન શાળા એ ઈંટ—ચૂનાનું કેવળ ચણતર ન હોતી, એ તો અનુભવી શકાય તેવી અલૌકિક સત્ત્વસ્વરૂપા દેવી હતી! વખત જતાં એ તરુણ તે ઉમાશંકર જોશી(૧૯૧૧-૧૯૮૮ )એ ઇડરની શાળાનું જ નહીં, ખોબા જેવડા ગામ બામણાથી માંડીને ગુજરાતના સીમાડા પાર કરીને ભારતદેશનું નામ વિદેશોમાંય ઉજ્જવળ કર્યું!

નિબંધ અને નવલકથા તેમ જ શિક્ષણક્ષેત્રે યાદગાર પ્રદાન કરનાર મુંબઈવાસી આચાર્યા પન્નાબહેન અધ્વર્યુ(જન્મ ૧૯૩૩)એ પોતાના બચપણનાં સંસ્મરણોમાં આલેખ્યું છે; 'આજથી બરાબર બાસઠ વર્ષ પહેલાંની 'ફેલોશિપ શાળા' ગોવાલિયા ટેંકના વિશાળ મેદાનને અડીને આવેલા ત્રણ બેઠા ઘાટના, લાલ નળિયાંવાળાં મકાનોની સામે આવેલી એક નાની બંગલી!

'મને એ શાળા આજેય યાદ આવે છે. કદીક ચોમાસામાં છત ગળતીયે ખરી, પણ એથી અમને કોઈ તકલીફ નહોતી! એ શાળા મને અવશ્ય કણ્વ ઋષિના આશ્રમ જેવી લાગતી. ખરેખર, ગારાની દીવાલો પર હથેળીના લિસોટા હોય તો તે ઝૂંપડું નથી, બંગલો જ છે!'

શ્રદ્ધેય ડૉ. ભોળાભાઈ પટેલ જાણીતા નિબંધકાર અને વિવેચક(૧૯૩૪—૨૦૧૧)ને મન એમના જમાનાનું કડીનું સર્વ વિદ્યાલય એ ઉત્તર ગુજરાતનું કાશી હતું!

જાણીતા શિક્ષણવિદ્ ડો. ભદ્રાયુ વછરાજાનીનું એક વિધાન અત્રે સ્મરણીય છે, 'જ્યાં પ્રેમ-જ્ઞાન-બંધુતાની નદી વહેતી હોય ત્યાં જે સ્થાન હોય તેને તીર્થ કહેવાય' એ ન્યાયે વિદ્યા આપતી શાળા-સંસ્થા એ વિકસતા તીર્થ સમાન છે. 'તારે તે તીર્થ.' યાદ રહે, વિદ્યાધામ સર્જવા માટે ધરતી તો પ્રેમની હોવી અનિવાર્ય છે.

### (૨) આધારસ્તંભનો આધારઃ પ્રેમની ધરતી

વિદ્યાધામ કે તીર્થધામ રચવા માટેના આધારસ્તંભોનું આરોપણ તો પ્રેમની ધરતી પર જ થઈ શકે. આવી એક પ્રેમસભર ધરતી પરના વત્સલ વ્યવહારની ઝલક જોઈને ધન્ય થઈએઃ

ધરતી છે સણોસરા મુકામેના વિદ્યાતીર્થ 'લોકભારતી'ની. અહીં એક સમયે વસતા વત્સલા વિજયાબહેન મનુભાઈ પંચોળીએ ગૃહપતિને પૂછ્યું; 'શિલ્પીભાઈ, કાળિયો દેખાતો નથી; છે ક્યાં?'

'એ તો આજે ભાવનગર ગયેલ છે.'

'ખરે ટાણે રખડવા નીકળી ગ્યો! ઠીક છે, એ પાછો આવે ત્યારે મારે ત્યાં મોકલજો!'

'જી'

'આવે એટલે તરત હોં!'

કેટલાક સમય પછી ભાવનગરથી પરત આવેલ એ. સત્તર વર્ષના છાત્રને શિલ્પીભાઈએ કહ્યું. 'તારે વિજયાબહેનને ત્યાં જવાનું છે.'

'સારું, કપડાં બદલીને જાઉં છું.'

'ના, કપડાં પછી બદલજે. એમણે તને તરત મોકલવાનું કહ્યું છે.'

'શું કામ હશે? ભલે જાઉં છું.'

ઘેર આવેલ એ ભરચક ભીનેવાન છાત્રને માથે હાથ મૂકીને વિજયાબહેને તેની સામે નાની થાળી ધરીને કહ્યું. 'ક્યાં મરી ગ્યો 'તો? લે, આ બળી. બહુ ભાવે છે ને તને? સવારે જ વિયાઈ'તી ગાય. એના ખીરામાં ખાંડ નાખીને પછી ગરમ કરીને બનાવી આ બળી. તારા માટે રાખી મૂકી થોડી, લે ખા!'

છાત્રની આંખો ભીની થયેલ જોઈને વિજયાબહેન કહે, 'ખા.. ખા.. જેવો મારો રામચન્દ્ર ને સુમેધા, તેવો તું. સવારથી વાટ જોઈ છે તારી, પછી સુમેધાને તરતાં શીખવવા જવાનું છે તારે, એ યાદ છે ને?'

સને ૧૯૫૫-૬૦ના ગાળે વિજયાબહેન તેમજ મનુભાઈનું આવું વાત્સલ્ય પામેલ તે 'કાળિયો' આજે એંસી વરસની વયે 'કતુહલકાકા' તરીકે જાણીતા, દિવ્યકાંત પટેલ આ વાત કહેતાં કહેતાં ભાવવિભોર થઈ જાય છે.

'લોકભારતીની ગૌરવવંતી ઓળખ સમાન શ્રદ્ધેય મનુભાઈ પંચોળીને વિદ્યાર્થીઓની સાથે પ્રવાસ કરવાનો શોખ. અજંતા–ઇલોરાના પ્રવાસ વખતે સૌ આનંદભેર નાહ્યા, પણ પછી કપડાં ધોવા છીપર જેવું કંઈ નજરે ન પડ્યું. આથી ગડમથલ કરતા છાત્રોને મનુભાઈએ પુછ્યું, શું છે?'

'છીપર વગર કપડાં કેમ ધોવા તેની ગડમથલ છે.'

મનુભાઈ તરત કહે, 'આવી જાવ, આ મારો વાંસો તે છીપર!' અને ખરેખર કેટલાકે એ રીતે કપડાં ધોયાં!

★

ગંગાજળા વિદ્યાપીઠની આર્ટ્સ કૉલેજના એક વિદ્યાર્થીના ગામમાં આગ લાગતાં એનું આખુ કુટુંબ બેહાલ થઈ ગયું. આચાર્ય ડોલરભાઈ માંકડે એને ખભે હાથ મુકીને કહ્યું, 'મૂંઝાશો નહિ', તમારી ફી અને મેસના બિલની જવાબદારી મારી. તમે નચિંત થઈને અભ્યાસ કરો.'

એક આ બીજા આર્થિક કારણે આગળ અભ્યાસ કરવાનું માંડી વાળતા અનેક છાત્રોને આ વિદ્યાતીર્થમાં સધિયારો મળેલ છે.

★

કોઠાસણા(જિ.મહેસાણા) ગામના એક યુવાન વ્યાયામ શિક્ષકને કેન્સર થતાં કેમોથેરાપીની સારવાર લેવી પડી. છેવટે એમના માથાનાં બધા વાળ ખરી ગયા. એક દિવસ એ શિક્ષકે પોતાના વર્ગમાં જઈને જોયું તો વર્ગના તમામ વિર્ઘાર્થીઓએ માથે ટકો કરાવ્યો હતો! કારણ પૂછ્યું. તેમને જવાબ મળ્યો, 'સાહેબ તમારે માથે વાળ નથી એટલે તમને એકલતા ન લાગે તે માટે અમે બધાએ વાળ ઉતરાવ્યા છે. સાહેબ, અમે તમારી સાથે જ છીએ! આ પ્રેમાળ વિદ્યાર્થીઓ સમક્ષ શિક્ષકની આંખમાં આંસુ આવી ગયાં!

★

મહાન ફિલસુફ જે. કૃષ્ણમૂર્તિ કહે છેઃ 'મારા ગુરુદેવે મને શીખવ્યું છે કે જો માણસમાં પ્રેમનું પ્રાધાન્ય હશે તો બીજા સદગુણોની પ્રાપ્તિ એને માટે સરળ બની રહેશે. પોતાના દૈનિક જીવનમાં પ્રેમનું તત્ત્વ જેને પ્રબળ ન જણાતું હોય તેવા કોઈએ શિક્ષક ન થવું જોઈએ.... એવી વ્યક્તિને શિક્ષક તરીકે સ્વીકારવી જોઈએ નહી.''

શિક્ષણક્ષત્રે વિદ્યાતીર્થ રચવા ઇચ્છતા સંચાલક અને આચાર્ય સહિતના શિક્ષકો પ્રેમાળ હોવા જોઈશે, તો જ વિદ્યાર્થી પોતાની શાળાનું નામ ઉજ્જવળ કરવા પ્રેરાશે; શાળા માટે જીવનભર પ્રેમાદર જાળવશે.

પ્રેમથી રસાયેલી ધરતીની પ્રાપ્તિ થયા પછી, રચવાના તીર્થધામના પાયામાં કેવી આધારશિલાઓ રોપવી તે સંદર્ભે થયેલ ચિંતન દર્શાવે છે તેમ તે મહત્ત્વની શિલાઓનાં નામ છેઃ સ્વતંત્રતા, પ્રયોગશીલતા અને સર્જકતા. આ શિલાઓનાં નામની અર્થછાયા સમજવા પ્રયાસ કરીએ.

**(૩) શિક્ષણમાં સ્વાતંત્ર્ય–સીમા રેખા**

શ્રદ્ધેય ચિંતક વિનોબાજીના 'શિક્ષણ વિચાર' અનુસાર 'આપણે ત્યાં વિદ્યા ઉપર ક્યારેય રાજાઓની સત્તા હતી નહી.' વિદ્યા કેવી રીતે આપવી એવું બધું ગુરુઓ નક્કી કરતા. રાજા એમને મદદ કરતા. રાજપુત્રો પણ એમની પાસે આવતા અને ગુરુ રાજપુત્રોને પણ સામાન્ય લોકોના પુત્રોની જેમ જ રાખતા. મુનિ સાંદીપનિએ કૃષ્ણને એક ગરીબ બ્રાહ્મણની સાથે જ રાખેલા અને બંનેને જંગલમાં જઈ લાકડાં કાપી લાવવાનું કામ સોંપેલું. બંનેને શિક્ષણ પણ એક સરખું જ આપેલું. આશ્રમ ચલાવવા માટે રાજા મદદ કરતા, પરંતુ રાજપુત્રો માટે કોઈ વિશેષ સગવડ કે વિશષ તાલીમ નહોતા માગતા. આ રીતે હિંદુસ્તાનમાં વિદ્યા સાવ સ્વતંત્ર હતી.

શ્રદ્ધેય શિક્ષણવિદ અને દક્ષ નવલકથાકાર મનુભાઈ પંચોળીની નવલકથામાં રાજાના સ્વતંત્ર ભ્રમણને ઋષિએ આ શબ્દોમાં પડકારી છેઃ 'હે રાજવી! તારો રથ(આશ્રમના) દરવાજાની બહાર મૂકજે. તારા અસ્ત્ર– શસ્ત્રનો ભાર બહાર મૂકી દેજે અને આ તારા સાતેય દરિયાનાં પાણી પીધેલા ઘોડાઓને અહીં વિશ્રામ આપજે. આ સર્વવત્સલા બ્રહ્મચારિણી સરસ્વતીનું સ્થાન છે. અહીં તું અવિવેક ન કરતો. નમ્રતાથી દાખલ થજે.'

★

છેક વીસમી સદીમાં ડોકિયું કરીએ તો હાર્વર્ડ યુનિવર્સિટી ૧૯૮૬માં ૩૫૦ વર્ષની થઈ ત્યારે તેની ઉજવણીના કાર્યક્રમમાં પોતાને 'યુનિવર્સિટી તરફથી માનદ્ ડિગ્રી મળે તેવી પ્રમુખ રેગનની ઇચ્છા હતી. એમને આ બાબતે યુનિવર્સિટી તરફથી પ્રતિભાવ મળ્યો.'' 'Our honorary degrees are awarded to outstanding scholars, not to politicians.'

★

ચિંતક કાકાસાહેબ કાલેલકરે સ્પષ્ટ કહ્યું છે. 'જેમ ન્યાય ખાતા પર રાજ્યકર્તાઓનો અંકુશ ઓછામાં ઓછો હોવો જોઈએ તેમ કેળવણીના તંત્ર પર કોઈપણ સરકારનો ઓછોમાં ઓછો અંકુશ હોવો જોઈએ. સાચા કેળવણીકારો રાજકીય અને સામાજિક નિયંત્રણથી પર હોવા જોઈએ. પણ એટલી યોગ્યતા અને અધિકાર પચાવવા માટે કેળવણીકારો જ્ઞાન અને ચારિત્ર્યમાં આદર્શ હોવા જોઈએ. એમનો પોતાના પરનો અંકુશ જોઈને સમાજનું માથું એમની આગળ નમે એવું હોવું જોઈએ.'''

આમ, સ્વાતંત્ર્યનો કેફ સ્વચ્છંદતામાં પલટાઈ ન જાય તે બાબતે દક્ષ શાળા-સંચાલકોએ સદા જાગ્રત રહેવું ઘટે છે. એકવાર અલિયાબાડા ખાતેના ગંગાજળાવિદ્યાપીઠની સમૂહપ્રાર્થનામાં કોઈ છાત્રે સ્વચ્છંદી વર્તન કર્યું, ત્યારે ડોલરભાઈ મૂળવાત અટકાવીને ઉગ્ર સ્વરે બોલ્યાઃ 'કોણ છે એ? આ સંસ્થા શરૂ કરી છે તમારા ઘડતર માટે ને એનું જો આવું જ પરિણામ આવવાનું હોય તો મને એનો જરાય મોહ નથી. સંસ્થાને તાળું મારી દઈશ કે તબેલો શરૂ કરીશ...'

★

આવા પ્રશ્ને વર્તમાન પરિસ્થિતિમાં સરકાર વિદ્યાધામોને આર્થિક સહયોગ જરૂર આપે પણ શિક્ષણ સરકારથી સ્વતંત્ર રહે તે ઉચિત છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણનું સંચાલન સ્વાયત્ત હોય અને વિજ્ઞાન ટેક્નૉલૉજીનું શિક્ષણ શહેરોમાં સરકાર સંભાળે તેવો માર્ગ અપનાવવા વિચારી શકાય.

## (૪) પ્રયોગશીલતા દોરે છે પ્રગતિના પંથે

પ્રયોગ એટલે અખતરો, અજમાયશ. નવા તથ્ય કે જ્ઞાનની ખોજ. સ્વીકૃત સિદ્ધાંત, વિચાર, વ્યવહારની સાર્થકતાની ચકાસણી. પ્રયોગ કરવાની વૃતિ કે ધગશ તે પ્રયોગશીલતા. વિદ્યાસંસ્થાની પ્રયોગશીલતા છેવટે તેને વિકાસશીલ ઠેરવે છે. પ્રયોગશીલતા દ્વારા પ્રગતિનું ચક્ર ગતિમાન થયાના અનેક પુરાવાઓ વિવિધ ક્ષેત્રોમાંથી મળી રહે છે.

ખંભાલિયા(જિ. દેવનગરી દ્વારકા) ના આચાર્ય ઇસ્માઇલ શેખે પ્રત્યેક વર્ગમાં પાંચ-પાંચ વિદ્યાર્થીઓની ટુકડીઓ બનાવી. એ પાંચમાં એક વિદ્યાર્થી હોંશિયાર હોય એમ ગોઠવ્યું એ વિદ્યાર્થીને બાકીના ચાર વિદ્યાર્થીને અભ્યાસમાં સહાય કરવાનું સૂચવ્યું. આ ગોઠવણ થકી કેટલીક ટુકડીના વિદ્યાર્થી નેતા તો શાળાના શિક્ષક કરતાં પણ શીખવવામાં વધુ પાવરધા સાબિત થયા!

★

"માધ્યમિક શાળામાં ભણાવતા ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં લોકસાહિત્યના જે પાઠો સંપાદિત થાય છે, તે સમજવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. આમ ભાષાશિક્ષકોએ આચાર્યશ્રી હિંમતભાઈ મહેતા(પ્રજ્ઞા પ્રબોધિની, ગોરે ગાંવ, મુંબઈ)ને જણાવ્યું. મુંબઈમાં જન્મેલા વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્રના તળપદા શબ્દોથી તદ્દન અજાણ હતા. આચાર્યે સર્વેક્ષણ કરીને તળપદા શબ્દોની યાદી બનાવીઃ ગોંદરો, પાદર, ડેલો, નેસડો વગેરે. આ શબ્દો સમજાવવા ખરેખર વસ્તુ, પ્રતિકૃતિ, ચિત્રો અને મોડેલ્સ એકઠા કરી તેનું પ્રદર્શન યોજ્યું. આ નિમિત્તે પધારેલા મહેમાનોને કાઠિયાવાડી ભોજન જમાડવામાં આવ્યું. બાજરાના રોટલા, અડદની દાળ, લસણની ચટણી ને છાશ! સરવાળે પ્રદર્શનનો પ્રયોગ સફળ રહ્યો.

★

લોકભારતી(સણોસરા) સંસ્થામાં સુપરવિઝન વગર વર્ગમાં વિદ્યાર્થીને ઉત્તર લખવા સુચવાયું. વિદ્યાર્થી ઘેર જઈને ઉત્તરો લખે, નાપાસ થયેલ વિદ્યાર્થીની વેકશનમાં પરીક્ષા તેમ જ મૌખિક પરીક્ષાના પ્રયોગ સફળ રહ્યા.

★

સુરત મુકામેના પ્રયોગશીલ પ્રાધ્યાપક ડૉ. વિજય સેવકે 'બ્લેન્ડેડ લર્નિંગ' એટલે કે સંયોજિત અધ્યયન દ્વારા વિદ્યાર્થીઓના વર્તન-વ્યવહારના અને અવલોકનના આધારે તેમના વ્યક્તિત્વ, શક્તિ, ક્ષમતાનો અંદાજ મેળવ્યો. આ પ્રયોગ સારા પ્રાપ્ત અંદાજને આધારે તેમને માટે સુયોગ્ય સહઅભ્યાસ—પ્રવૃત્તિ, સૂચવી હતી.

★

"'શિક્ષણક્ષેત્રમાં આપણને કેવા પ્રકારના સંશોધન/પ્રયોગની જરૂર છે?' તેવા પ્રશ્નના જવાબમાં પ્રા. ડૉ. કે. જી દેસાઈએ રૂબરૂ ઇન્ટરવ્યૂ વખતે મને જણાવ્યું હતું કે 'સંશોધનોમાં વિજ્ઞાન ક્ષેત્રે આપણે હજુ ખૂબ આગળ વધવાની જરૂર છે. મારું ક્ષેત્ર મનોવૈજ્ઞાનિક કસોટીઓનું હોવા છતાં એ અનિવાર્ય છે તેવું હું માનતો નથી. મારી દૃષ્ટિએ આપણા રોજ-બ-રોજના શૈક્ષણિક પ્રશ્નોને ઉકેલવામાં ઉપયોગી થાય તેવા પ્રયોગલક્ષી સંશોધનોની મને વિશેષ જરૂર લાગે છે.'

શાળાઓ એક યા બીજા શૈક્ષણિક પ્રયોગો ઉપરાંત ક્રિયાત્મક સંશોધનના આધારે પણ વર્ગ-સમસ્યાઓને ઉકેલી શકે. જરૂર છે એક યા બીજા શૈક્ષણિક પ્રયોગો હાથ ધરવાની!

## (૫) સર્જનશીલતાઃ સર્જક તેમ જ ભોક્તાને આનંદદાયી

શિક્ષણમાં પ્રયોગશીલતા થકી નાવીન્ય જળવાય છે અને જ્ઞાનની ખોજનો આનંદ પણ નાવીન્ય—સભર શિક્ષણ, શિક્ષક તેમ જ વિદ્યાર્થીને સર્જનશીલતાને ઉંબરે પહોંચાડી દે

છે. પ્રયોગ અગ્રજ છે તો સર્જન અનુજ.

એ જ રાહે, સર્જન અને કલા વચ્ચેની એકરૂપતા પણ ધ્યાનપાત્ર છે. સર્જક અને કલાકાર એ બંનેને જુદા સમજવાની મથામણ કરવા કરતાં એ બંનેની કૃતિને આનંદભેર માણવાનો અનુભવ લેવો ઘટે છે.

પોતાને થતા અનુભવોને ચોટદાર રીતે વ્યક્ત કરવા એ કલા છે. ભૂખનો અનુભવ સૌને થાય. એ વખતે કોઈ કહેશે, 'સખત ભૂખ લાગી છે'. કોઈ કહેશે, 'પેટમાં બિલાડાં બોલે છે.' તો કાકાસાહેબ કાલેલકર જેવા સર્જક કહેશેઃ 'કુણા કૂણા કાંકરા ચાવવાનું મન થઈ આવે એવી ભૂખ લાગી છે!'

સર્જન અને કલાને શિક્ષણ સાથે ગાઢ નાતો છે. શિક્ષણ એટલે ભણવું, ભણવું એટલે ખાલી યાદ રાખવું એટલું જ નહીં, તેમાંથી જીવનમાં ઉતારવા જેવું હોય તેનું આચરણ કરવું. જીવનમાં ઊતરે તે સચોટ ને સાચું શિક્ષણ. કલા દ્વારા મળતું શિક્ષણ વાજતું—ગાજતું નથી પણ ચૂપચાપ ચિત્રમાં સરી જાય છે. અને તે આચરણમાં ઊતરે છે. આચરણમાં મુકાયા વિનાનું જે કંઈ જોઈએ કે જાણીએ છીએ તે બધું માહિતી સ્વરૂપનું છે, શિક્ષણ તો નથી જ.

શિક્ષણમાં 'વા-ગ-લે'ને મહત્ત્વ અપાય છે. વાચન, ગણન ને લેખન! પણ તે પૂરતું નથી, આ ઉપરાંત સર્જન કે કલાને પણ શિક્ષણમાં સ્થાન મળવું જોઈએ. કલા વિના જીવન કાચું.

શિક્ષણ તેમ જ કલાક્ષેત્રના પ્રયોગવીર પ્રાધ્યાપક ડૉ. વિજય સેવક ભારપૂર્વક કહે છે, 'અધ્યયન કે શિક્ષણની પ્રક્રિયા એ સર્જનાત્મક પ્રકિયા જ છે. અધ્યયન જે રીતે વૈયક્તિક છે. તે રીતે સર્જનાત્મકતા વૈયક્તિક છે. શિક્ષક તરીકે આપણે વિદ્યાર્થીઓની વૈયક્તિકતાને પામવાની છે. અને તે મુજબ કાર્ય કરાવવાનું કે કરવાનું છે.'

વિદ્યાર્થીની વ્યક્તિગત સર્જનશીલતા પામવાના આશયથી એક શિક્ષકે વર્ગમાંના બધા વિદ્યાર્થીઓને એક કોરું પાનું અને પીંછી સાથેની રંગપેટી આપીને તેમને મનપસંદ ચિત્ર દોરવા કહ્યું. બાળકોએ હોંશે હોંશે તન્મય થઈને ચિત્રો દોર્યાં અને રંગો પૂર્યા. કોઈએ મોર તો કોઈએ હોડી, કોઈએ ફૂલ તો કોઈએ હાથી. એમ વિવિધ ચિત્રો દોર્યાં. ચિત્રો એવા સુરેખ કે એ શાનાં છે તે તરત ઓળખાય પણ એક છોકરીએ આખા પાના પર કાળા, પીળા ને લાલ રંગના લીસોટા જ કરેલા. શિક્ષકે નવાઈ સાથે શાનું ચિત્ર છે. એમ પૂછ્યું. તો છોકરી કહે, 'સર, મેં જંગલ સળગાવ્યું છે!' ખરેખર જ્ઞાન કરતાં કલ્પના બળવાન છે.

સર્જનશીલતાના સંદર્ભે વીસમી સદીના મહાન ચિત્રકાર પાબ્લો પિકાસોએ કહ્યું છે. 'Every Child is an artist. The Problem is how to remain an artist once he grows up.'

બાળકોની સર્જનશીલતા પારખવા અને પ્રોત્સાહવા માટે આતુર પ્રગતિશીલ વિદ્યાતીર્થો (શાળા/સંસ્થાઓ)એ બાળકો વધતી ઉંમરે પણ પોતાની સર્જનશીલતા ટકાવીને તે વિકસાવતા રહે તેવા સંસ્કાર આપે તો બાત બન જાય!

**(૬) અભિલાષા, શાળાનું નામ ઉજ્જવળ કરવાની**

વિદ્યાર્થીને વિદ્યાતીર્થ સમાન અનુભવાતી શાળા/સંસ્થા બાળકને વખત જતાં વત્સલ માતા સમાન અનુભવાય છે. તેનું નામ ઉજ્જવળ કરવાનો મનોરથ વિદ્યાર્થી અવસ્થામાં જ બંધાય છે.

અત્રે ચર્ચિત આધારસ્તંભોની મજબૂતી જળવાયે આપણે કદી નિરાધાર થઈશું નહીં, ચાલો, કરીએ પ્રેમની ધરતી પર આધારસ્તંભોની મજબૂતીનો મક્કમ નિર્ધાર!

(ઈશ્વર પરમારઃ ઉત્તમ શિક્ષક, બાળસાહિત્ય અને શિક્ષણના અભ્યાસી, લેખક, સ્વસ્થ વિચારક
'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા, 361335
ઈમેઈલઃ morpinchhdwk@gmail.com,
મો.9427284742)

## ૧૧. હૈયું, મસ્તક અને હાથ, બહુ દઈ દીધું નાથ : સમાનતા અને સર્વવ્યાપકતાનું શિક્ષણ

સેજલ શાહ

પાયાની કેળવણીમાં એક વાત આવે છે, બુદ્ધિ, શરીર અને આત્મા-આ ત્રણેયનાં એકત્વ અને વિકાસ સાથે મનુષ્યનું મનુષ્યત્વ સધાય છે. જો કોઈ એક જ વિકાસ પામે તો એકતરફી વિકાસના દુ:સહ પરિણામ આવે છે. અંધારી રાત્રે પોતાની બારીમાંથી આકાશના તારા જોતા શિક્ષકના મનમાં વિચાર આવે છે કે હું વિદ્યાર્થીઓને ધ્રુવનો તારો દેખાડું અને બીજે દિવસે રાત્રે તે તેની પૂરતી તૈયારી કરે છે. બધાં બાળકો આકાશના ઉત્તર ભાગમાં તારો જુએ છે અને તેમાં એક છોકરો સવાલ પૂછે છે કે મારે પણ આવો તારો બનવું હોય તો શું કરવું પડે અને શિક્ષક એને જવાબ આપે છે કે મમ્મી-પપ્પાનું કહેલું જે માને તે આવો ધ્રુવનો તારો બની શકે. પેલા બાળકના મનમાં જાણતા-અજાણતા લાલચ અને નામાંકિત બનવા માટેની ચાવી ગોઠવાઈ જાય છે. વાત સત્ય હતી પણ જ્યારે તે પ્રત્યેક સંદર્ભ સાથે નથી કહેવાતી ત્યારે ટુકડામાં પ્રાપ્ત થાય છે અને એની ઉપલબ્ધિ પણ આંશિક મળે છે. ૩૬૦ ડીગ્રીના દૃષ્ટિકોણની વાત કરવી અને એનો વ્યવહારિક ઉપયોગ કરવાની આદત કેળવવી, આ બે વચ્ચેના ભેદને સ્પષ્ટ સમજી લેવા જેવો છે. સત્યની વાત કરવી અને તેના પ્રયોગો કરવા, એ બાબતની જાગૃતિ શિક્ષકમાં તો હોવી જ ઘટે. કેળવણીનો અર્થ જ આદર્શ મનુષ્ય, નાગરિક, સ્વંત્રત વિચારક, કળા-જ્ઞાનનો ઉપાસક અને વિશાળ જીવનદૃષ્ટિ ધરાવનાર મનુષ્ય તૈયાર કરવાનો છે. વિદ્યાર્થી શિક્ષકનું સાધન નહીં પણ પોતાના જીવનનો સાધક હોવો જોઈએ. જીવનની સાધના આંશિક કે વિભાજિત રીતે નહીં પણ સંપૂર્ણ, સર્વાંગી દૃષ્ટિકોણથી શક્ય બને છે. કોઈ એકને મહત્ત્વ કે કોઈ એક જ બારી વાટે પ્રકાશને પ્રવેશ આપીએ ત્યારે બાકીની દિશાના સૌન્દર્યને ગુમાવીએ છીએ, ઘણીવાર તો એ ખબર જ નથી હોતી કે શું ગુમાવ્યું છે! હૃદયની વૃત્તિ સાથે આત્માની સજાગતા, શરીરના શ્રમ સાથે બુદ્ધિના વિકાસનો મેળ થાય ત્યારે સર્વાંગી ચિત્ર સર્જાય છે. શિક્ષણ ઉપયોગિતાની વૃત્તિનો જવાબ નહીં, મનુષ્યની શક્તિ અને સામર્થ્યના વિકાસનો પાયો છે. કેળવણીમાં સમાનતા અને અખિલાઈનો અભિગમ 'ડીપકાસ્ટ' ભણી દોરે છે. વિનોબા ભાવેના જીવનનો આ પ્રસંગ અહીં સહજ જ યાદ આવે છે. આશ્રમમાં એક વખત આકાશવાણીના પ્રતિનિધિ સાથે વાર્તાલાપ કરતાં વિનોબા કહે છે, 'મને બ્રોડકાસ્ટમાં નહી, ડીપકાસ્ટમાં રસ છે.' અને પછી પૂછે છે, 'શું તમારું ટેપરેકોર્ડર મારું બોલેલું તો ટેપ કરી લેશે પણ મારું મૌન ટેપ કરતાં તેને આવડશે?' દુનિયાના નકશા પર એકલવીર બની પોતાની નિરાળી દુનિયા ઊભી કરી સર્વ માટે જીવતા દુર્લભ મનુષ્યોની સંખ્યા ઘણી ઓછી હોય છે પણ જ્યારે તેમના જીવનનો અભ્યાસ કરીએ છીએ ત્યારે સમજાય છે કે તેમના ઘરને કોઈ દિવાલમાં કેદ કરાયું નહોતું અને તેમના ખુલ્લા આવાસમાં સર્વ કોઈ સમાન જીવ હતા, ભેદથી તે પર હતા, પ્રકૃતિની પાઠશાળા સાથે તેમની તર્ક-બુદ્ધિ-જીજ્ઞાસાની વૃત્તિ કદી સંકોચાઈ નહોતી. જ્યાં સંકોચ છે ત્યાં મર્યાદિત પ્રાપ્તિ છે, જ્યાં ભેદ છે ત્યાં અભેદના આનંદનો અભાવ છે. શિક્ષણના ઉદ્દેશ્ય સાથે સર્જન, સ્વતંત્રતા, સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ્યો જોડાયેલા છે, પણ આજે શિક્ષણ સાથે વ્યવસાયિક અભિગમ માત્ર મહત્ત્વનો બન્યો છે. એક સમયે જેમ ગ્રીક પાદરીઓએ લોકોના મનમાં ઠસાવી દીધું હતું કે પુણ્ય સિવાય કાંઈ જ મહત્ત્વનું નથી, ત્યારે જે-જે કાર્યો પાપ કહેવાય છે, તે બધા જ કાઢી નાખવા એટલે યાંત્રિક બનીને નક્કી કરેલાં કાર્યો ન કરવાં અને બુદ્ધિનો ઉપયોગ ન કરવો. આ અભિગમ નુકસાનકર્તા છે કારણ એ એક પ્રકારની જડતા છે. શિક્ષણમાં બુદ્ધિની કેળવણીની વાત છે, અને એ ત્યારે જ બને છે જ્યારે આદેશથી મુક્ત થઈ ચારે બાજુથી ઉત્તમના ઉઘાડની અને સર્વસમાનતાના ભાવને ઉછેરીને વર્તન કરાય છે, પ્રયોગ કરાય.

મનુષ્યના જન્મ સાથે તેનું નામ, ધર્મ, જ્ઞાતિ-જાતિ નક્કી થાય છે. બે વર્ષનું બાળક શું બનશે તેની સંકલ્પના/પરિકલ્પના તેનાં માતા-પિતા કરે છે. આર્થિક ક્ષમતા મુજબ જે તે બાળકની શિક્ષણસંસ્થા નક્કી થાય છે અને જીવનના આરંભના ૧૫થી ૨૦વર્ષ એ બાળક કેળવણી મેળવવામાં ગાળે છે. આ કેળવણી મેળવવાનો મુખ્ય હેતુ તે આર્થિક ઉપાર્જન માટે યોગ્યતા ધારણ કરવાનો હોય છે. આમ કરતી વખતે તેના આત્મજ્ઞાનનો વિકાસ કે સર્જનાત્મક કૌશલ ભાગ્યે જ મહત્ત્વના લેખાય છે. શિક્ષણને આજે વ્યવસાય સાથે જોડી દેવામાં આવ્યું છે. બાળકની કેળવણી નહીં પણ આટલું ભણ્યા પછી તેને નોકરી મળે કે નહીં, તેનું મહત્ત્વ વધ્યું છે, કૉલેજના પ્લેસમેન્ટસેલને કાર્યરત કરવાનો પ્રયત્ન કરાય છે, એન્જિનિયર, ડૉક્ટર અને સી.એ.નું મહત્ત્વ માત્ર વધારી અન્ય કેટલાક વિભાગો અંધારામાં ચાલ્યા ગયા છે, આવા સમયે નવી શિક્ષણનીતિ આવે છે ત્યારે તેને આવકારવી તો ગમે જ પણ આશા રખાય કે સમાજમાં આ વખતે આનું અમલીકરણ બહુ જ નિષ્ઠાપૂર્વક થાય. મુદ્દો એ છે કે આપણે સમાજમાં કેવા મનુષ્યનું ઘડતર કરવા ઇચ્છીએ છીએ અને આપણે કેવા સમાજની કલ્પના કરી છે! શિક્ષણના ઉદ્દેશ્યો એકપક્ષી કે જોહુકમીભર્યા ન જ હોઈ શકે, એમાં વિશ્વમાનવ બનાવવાની સંકલ્પના કે અખિલાઈને પામવાની સાધના હોવી જોઈએ. એકકેન્દ્રી અભ્યાસક્રમો ભણતી વખતે નથી વ્યક્તિત્વનો વિકાસ થતો કે નથી રાષ્ટ્રનો. જ્યાં સુધી વિષયને એક ઢાંચામાંથી બહાર લાવીને મુક્ત રીતે નહીં જોવાય ત્યાં સુધી વિકાસનો અને વિસ્તારનું સ્વપ્ન આંબી નહી શકાય.

આપણે વાત કરતાં હતાં કે માણસને શિક્ષિત કરવા પાછળનો મુખ્ય હેતુ શું, એ વિષે સ્પષ્ટતા કરવી જોઈએ. આર્થિક ઉપાર્જનના કૌશલ ઉપરાંત રાષ્ટ્ર અને સમાજમાં એની સહભાગીતા અપેક્ષિત હોય તો એ શિક્ષણ જીવન વિષે આમૂલાગ્ર વિચાર આવરી લે તે આવશ્યક છે. ગાંધીજીએ શિક્ષણદર્શનના ઉદ્દેશ્યોની વાત કરતા-આધ્યાત્મિક વિકાસ માટે શિક્ષણ, સામાજિક વિકાસ માટે શિક્ષણ, સ્વશોધ માટે શિક્ષણ, જીવન અનુભવો માટે શિક્ષણ, સર્વોદય માટે શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણની વાત કરી છે. તેમણે નૈતિક અને અધ્યાત્મિક શિક્ષણ પર ભાર મૂકયો હતો, આપણે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના વખતે એ બાબત જોઈ શકીએ છીએ. મુખ્ય મુદ્દો એ છે કે શિક્ષણ એ કેળવણી આપવા માટેનું સાધન છે અને એમ કરતી વખતે સર્વવ્યાપકતા જો ચુકાઈ જાય તો વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને જે હાનિ થાય તેની અસર ખૂબ જ લાંબાગાળાની હોય છે. વિકાસશીલ સમાજે પોતાના નાગરિકને માત્ર બૌદ્ધિક રીતે નહીં પણ આત્મિક ઉત્થાન માટે તૈયાર કરવાનો છે.

અક્ષર સાથે વૈચારિક અને સંવેદિક સમૃદ્ધિ ત્યારે જ નિર્માણ થશે જ્યારે કેળવણીમાં જાગૃતિ આવશે. આજે આધ્યાત્મિક ભાવનાનો એક સંકુચિત અર્થ માત્ર એકાંત સાથે જોડાઈ ગયો છે, અધ્યાત્મ એટલે કોઈ ગુરુ કે ધર્મની સાધના નથી, આત્માની શુદ્ધતા સાથે પોતાના કાર્યને નિષ્ઠાપૂર્વક કરવાની વાત છે. વર્ગ એ દેવળ જેટલી પવિત્ર જગ્યા છે અને ત્યાં રાષ્ટ્ર માટે હોય એવી જ નિષ્ઠાથી ફના થવાની તૈયારી હોવી જોઈએ. તેના પ્રવેશદ્વાર પર અનેક પૂર્વગ્રહો અને માન્યતાને બાજુએ મૂકીને પ્રવેશવાનું હોય છે. ત્યાં અંદર જઈ મારે આજ્ઞાકારી ભક્તોનું/શિષ્યોનું નિર્માણ નથી કરવાનું. જીવનશક્તિ, બુદ્ધિ સાથે આંતરિક સંવેદનશીલતા અને હિંમતની કેળવણી થાય એ મહત્ત્વનું છે. શિક્ષકે પોતાની ભાષાને અમર કરવાના મોહમાંથી મુક્ત થવું પડશે. તેને તો માનવતાની ભાષાનો ખજાનો ખોલીને મૂકી દેવાનો છે. વર્ગની બારી બહાર વિદ્યાર્થીને જોતા કરવાના છે. બોર્ડ પર જ્યારે અક્ષર અંકાય છે ત્યારે વિદ્યાર્થીના મનમાં પણ પોતાની એક ભાષા રચાય છે, પણ તેનામાં સંકોચ/ડર હોય છે, તેને ખોટા પાડવાનો ડર લાગે છે ત્યારે પોતાના વાત્સલ્યથી એ ડરતા અક્ષરોને આકાશ આપવાનું કાર્ય શિક્ષક કરે છે. શિક્ષક માત્ર પોતાના વિષયનો શિક્ષક નથી હોતો, તે એક સમયનો, એક પેઢીનો, દરેક વર્ષે નવા જિજ્ઞાસુ ચહેરાનો શિક્ષક હોય છે, જેની પાસેથી વિદ્યાર્થી વિષયની માહિતી ઉપરાંત તેનો સ્વભાવ, હાવભાવ, વ્યવહાર ઘણું બધું લે છે. તે વિદ્યાર્થીના મનના ખેતર પર ખેતી કરતો હોય છે. તેની પાંખોને વર્ગની બેંચથી મુક્ત કરીને ક્યારેક કોઈ ટાપુ પર તો ક્યારેક કોઈ પર્વતની ટોચે લઈ જાય છે. વર્ગ એ તો રળિયામણું ઉદ્યાન છે, અહીં બધી વનસ્પતિનો પરિચય કરાવાય અને બધી

ઋતુનો અનુભવ, અહીં કોઈપણ પ્રવેશી શકે, માળીને ખબર હોય છે કે કયા પ્લાન્ટને કેટલું પાણી આપવું!

જ્યારે આપણે કોઈ એક પક્ષ પર ભાર આપીએ છીએ ત્યારે પ્રગતિના બીજા પંથો બંધ થઈ જાય છે. આજે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સની વાત કરીએ છીએ ત્યારે રોબોટ બ્રેઈનના કેટલા બધા પડકારો ઉભા થઈ રહ્યા છે. ઓપરેશન થિયેટરમાં સર્જરી કરતો રોબોટ જે દરદીની ઉંમર વધુ છે અને જીવન આવરદા ઓછી બચી હોય તેના જીવનને પ્રાથમિકતા ન આપે અને જેની આવરદા લાંબી બચી હોય તેને પ્રાથમિકતા આપે. આવા સમયે મનુષ્યની સંવેદનશીલતાની આવશ્યકતા પડતી હોય છે, જેનું પ્રોગ્રામિંગ અઘરું છે. મશીનને તમે માનવીય અનુભૂતિ આપીને કેળવી શકતા નથી, મનુષ્ય કેટલાક નિર્ણયો પોતાની આંતરસૂઝથી લે છે, તેવી આંતરસૂઝ મશીનમાં ન હોય. આ કેળવણી વર્ગમાં શિક્ષકે શીખવેલા મૂલ્યપાઠ દરમ્યાન સાંકળી લેવાઈ હોય છે. એમાં સામાજિકતા, સર્વોદયની ભાવના સહજ જ આવી જાય છે. ગાંધીજીના શિક્ષણના હેતુઓમાં બાળકોમાં શિક્ષણ દરમિયાન સહાનુભૂતિ, સેવા, પ્રેમ, ભાઈચારો, સમાનતા અને સ્વતંત્રતા જેવા ગુણોનું સિંચન કરી આદર્શ નાગરિક બનાવવાનાં હેતુઓને કેન્દ્રમાં રાખ્યા છે. ગાંધીજી કહે છે, "વ્યક્તિગત અને રાષ્ટ્રકલ્યાણ એકબીજાના પૂરક છે. તેથી તેમનામાં વધુને વધુ લોકશાહી નાગરિકત્વનાં ગુણો વિકસાવવા જોઈએ. જેથી એક રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં તેઓ ભાગીદાર બને." અહીં વ્યક્તિને સમષ્ટિના સંદર્ભે કેળવવાનો છે. વ્યક્તિગત ઉદેશ્ય નહીં પણ સમષ્ટિના વિકાસની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને જાતિ, પંથ, જ્ઞાતિ અને રાષ્ટ્રીયતાના ભેદભાવ વિનાના સર્વાંગી વિકાસનો ધ્યેય રાખવામાં આવેલ છે.

જાપાની પ્રજાની નિષ્ઠા અને કાર્યશક્તિ વિષે ભાગ્યે જ કાંઈ કહેવાનું હોય પરંતુ મતાગ્રહના દોષથી બચવું જરૂરી. માત્ર રાષ્ટ્રલક્ષી કે માત્ર કોઈ એક વિચારધારાલક્ષી શિક્ષણ ન હોઈ શકે. સુરેશ દલાલ કહેતાં કે 'પુસ્તકો વિશ્વ તરફ ઊઘડતી બારી છે' તે પરથી કહેવાનું મન થાય કે નિશાળનો વર્ગ પણ દુનિયાના નકશા તરફ ઊઘડતી બારી સમાન હોવો જોઈએ. બંધ દરવાજા કે અધખુલ્લી બારીની સંકડામણ એને ગંઠિત કરી દે છે. પ્રખ્યાત ભારતીય સ્થપતિ(આર્કિટેક્ટ) બાલકૃષ્ણ દોશીએ જે વિશાળ શૈક્ષણિક સંકુલોનું નિર્માણ કર્યું તેમાં તમે જોઈ શકો છો કે કેટલો અવકાશ રખાયો છે, ચૌતરફથી પ્રકાશ-હવા પ્રવેશી શકે, સંકુલમાં પ્રવેશતાં તમે પ્રકૃતિ સાથે, ઉઘાડ સાથે તાદાત્મ્ય અનુભવો અને પરિણામે તમારી વૃત્તિને આપોઆપ ઉઘાડ મળે. કેળવણીનું સંકુલ અને તેની ડીઝાઈન જેટલી મહત્ત્વની છે તેથી વધુ તેના માળી અને તેમાં અપાતું શિક્ષણ.

જો આજે સર્વગ્રાહિતા અને સમાનતા અંગે વિચારવું પડે ત્યારે એમ થાય કે આટલાં વર્ષોમાં આપણી પાસે પાયાની કેળવણી, સર્વોદય વિચાર, ગૂજરાત વિદ્યાપીઠ, દક્ષિણામૂર્તિ, લોકભારતી, શાંતિનિકેતન હોવા છતાં આ બધાને કેવી રીતે અવગણી એકાકી વૃત્તિમાં રચ્યાપચ્યા રહ્યા! જે મૂળભૂત બાબતો છે તે તો સહજ જ હોવી જોઈતી હતી પણ આપણે તેને ન સ્વીકારી કેવા મિથ્યાભિમાનમાં રાચ્યા! વર્ગમાં શિક્ષકે માત્ર વિદ્યાર્થીને ચાહવાનો નથી, પણ માનવ સમાજના ઉત્કર્ષ માટેના સાચા ખ્યાલ સાથે એને કૂચ કરતા શીખવવાનું છે. શહેરના ૩૬મા માળે ઈમારતમાં રહેતા માણસને ખેતી અંગે ખબર હોય તો તે પોતાની થાળીમાં અન્નનો વેડફાટ કરતાં વિચારશે. સાથે એ ખેડૂતને ૩૬મે માળે રહેતી વ્યક્તિના કૌશલ અંગેનો ખ્યાલ હશે તો બન્ને વચ્ચે જે આર્થિક પરિસ્થિતિને કારણે અભાવ જન્મે છે, તેનાથી બચી શકાશે. અખિલાઈની વિભાવના સમજવી અત્યંત આવશ્યક છે. જેમ સ્ત્રી અને પુરુષનો ભેદ અભ્યાસક્રમ કે શિક્ષણમાં ન વર્તાય તે પણ જરૂરી. દરેક કામ દરેક માટે શીખવું આવશ્યક. એમાં બે બાબત મહત્ત્વની રોજીંદા કામ માટેનું સ્વાવલંબન અને કોઈપણ કામને હલકું/ નકામું ન ગણવાની વૃત્તિ. શાળામાં નાના હતા ત્યારે હોબીના વર્ગો હતા અને ત્યારે મશીન, ઈલેક્ટ્રિક વગેરે વર્ગોમાં છોકરાઓને મૂકવા માટે માતાઓ દોડાદોડ કરતી અને નૃત્યમાં—સંગીતમાં-ડેકોરેશનમાં છોકરીઓને મૂકવામાં આવતી. લિંગભેદ શિક્ષણમાં સહજ જ પ્રવેશી ગયું તેનો ખ્યાલ જ ન રહ્યો. શિક્ષણનું પણ સામાજિકીકરણ થઈ ગયું. એક તરફ આપણે નારીવાદ, દલિત વિચારણાને અભ્યાસક્રમમાં પ્રવેશ આપ્યો અને બીજી તરફ વ્યવહારમાં

લિંગભેદ વિચારણાથી મુક્ત ન રહી શક્યા. સમાનતાની વાત કરવી-એ એક વાત છે પણ વ્યવહારમાં એનું અનુસરણ કરવાના પ્રયોગો બહુ જ હિમ્મત અને દઢતા માંગી લે છે, ફિલ્મોએ લોકોની વિચારસરણી બદલવાનો પ્રયાસ છેલ્લા ૧૨/૧૫ વર્ષ દરમ્યાન કર્યો છે પણ એ પૂર્વે અને આજે પણ મૂળ તાલીમમાં સમાનતા નથી આવી, આજે પણ પુરુષ અને સ્ત્રીનાં કાર્યો, અભ્યાસમાં એમને માટે પસંદ કરાતા વિકલ્પો અને તેમને હિસ્સે આવતી નોકરીની પસંદગીઓમાં ભેદ જોવા મળે છે. વિકાસનો સંબંધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી વિકાસ અને જીડીપીના દર આધારે જોવાય છે, પણ સાથે શિક્ષણનું સ્તર અને બહાર પડતા વિદ્યાર્થીની વૈચારિક ગુણવત્તા, સ્વતંત્ર રીતે વિચારી શકવાની ક્ષમતા અને ગુલામી સમજીને તેમાંથી મુક્ત થવાની હિંમત આ કેળવણી પાસેથી મળી કે નહીં તે તપાસવાનું રહી ગયું છે. માર્કને આધારે મપાતા વિદ્યાર્થીનો જીવન પ્રત્યેનો, અન્ય મનુષ્ય પ્રત્યેનો, રાષ્ટ્ર પ્રત્યેનો અભિગમ શું છે, બુદ્ધિ એટલે યાદ રાખવાની આવડત નહીં પણ પ્રતિકૂળ-અનુકૂળ સંજોગોમાં વર્તવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવાની આવડત. વૈચારિક ગુલામી અને શરણાગતિથી મુક્ત થવાની તાકાત. શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીને પોતાનો અંશ બનાવવા નથી જતો. તે જ્યારે વર્ગમાં જાય છે ત્યારે તેની અંદર પ્રયોગ કરવાની શક્તિ ક્ષીણ ન થઈ હોય અને તે વર્ષોની નોકરી બાદ પણ પોતાના આત્માના અવાજને અનુસરીને વર્તે, તે વર્ગમાં સ્ત્રી કે પુરુષ કે નેતા કે લીડર બનીને નથી જતો તે જાય છે સમગ્ર સૃષ્ટિના અનેક રંગો લઈને વિદ્યાર્થી સમક્ષ એક પ્લેન બોર્ડ મૂકે છે, જેના પર વિદ્યાર્થી શિક્ષકને ગમતા-ન-ગમતા રંગો પૂરે છે, પોતાની સ્વપ્નસૃષ્ટિના રંગ વિશ્વાસ સાથે, હિમ્મત સાથે! સર્વગ્રાહી શિક્ષણ સાથે અનેક દ્વાર ખુલે છે અને સ્વ-શોધનો માર્ગ વધુ મુક્ત બને છે. બૌદ્ધિક જીવનનો સ્વભાવિક પાયો જિજ્ઞાસા છે, જિજ્ઞાસામાં ઈર્ષાવૃત્તિ ન હોવી જોઈએ પણ પોતાની જાણકારીને વધુ સઘન કરવાની કોશિષ હોવી જોઈએ. જ્ઞાન માટે માત્ર અહોભાવ નહીં, પ્રેમ નહીં પણ લગની હોવી જોઈએ. બે હાથ ખુલ્લા રાખીને આકાશ સામે જોતું માનવીનું ચિત્ર આપણને બહુ ગમે છે. પણ જ્યારે અભ્યાસક્રમ ઘડવાની વાત આવે છે, રીતિ-નીતિની વાત આવે છે ત્યારે અચાનક આપણી આંગળીઓ બટકી જાય છે અને પ્રાસંગિક, છીછરા, સમૂહને સ્વીકાર્ય એવા વલણમાં વહી જવાય છે. વિભાજન કરીને આંતર-સંબંધ વગરના એકાંગી ગ્રુપોમાં, એકદંડિયા મહેલના રાજા બનીને જીવવું અનુકૂળ આવી જાય છે પણ એમાં પ્રબળતા અને વિશાળતા બન્ને નથી. જ્યાં અખિલાઈની ભૂમિકા છે, ગ્રામ-માતાની વાત છે, સુન્દરમની રંગ-ચૂંદડીની વાત છે, ઘનશ્યામ નાયકના ટોળાની વાત છે, સામ્યવાદના પરિચય સાથે માર્ક્સવાદની ઓળખ અપાય છે, શિક્ષણ પામેલા વિદ્યાર્થીને પોતાની પસંદગી અંગે કારણો સહિતની જાણકારી હોય છે. ત્યારે એ સંપૂર્ણ બને છે, માત્ર દાખલા કે માત્ર વૈજ્ઞાનિક પ્રયોગ કે માત્ર ઇતિહાસ કે ભાષા શીખવું પૂરતું નથી. શિક્ષણ કૌશલ્ય સાથે સંવેદના અને માનવીય અભિગમનો અભ્યાસ છે. દરેક યાત્રા એકલાની હોવા છતાં એમાં સમષ્ટિના શુભ ભાવનું વિલીનીકરણ થયેલું હોય છે. જાત અને સમાજનો વિકાસ સાથે થાય છે. સ્વશોધને સ્પષ્ટ રીતે મહત્ત્વ આપતાં ગાંધીજી જણાવે છે, 'હું વ્યક્તિગત સ્વતંત્રતાની કદર કરું છું, પરંતુ તમે એ ન ભૂલશો કે માણસ અનિવાર્યપણે સમાજમાંથી આવે છે અને સમાજની જરૂરિયાતો અને પ્રગતિ માટે તેણે પોતાના વ્યક્તિત્વને સંતુલિત કરતાં શીખીને પોતાની જાતને ઉપર લાવવી જોઈએ. ''સમાજમાં કામ કરતાં દરેકે દરેક વ્યક્તિમાં આંતરિક અધ્યાત્મ ઊંચાઈ જેટલી પ્રાપ્ત કરી હશે તેટલું તેઓના કાર્યમાં પારદર્શિતા આવશે અને શુદ્ધતા જળવાશે. આજે શિક્ષણ અને કેળવણી વચ્ચે અંતર પડ્યું છે ત્યારે ફરી એકવાર થયેલી ગફલતને સુધારી લેવાનો સમય પાક્યો છે, કદાચ આ વેળા જમીન ખેડીશું ત્યારે નીચે દટાઈ ગયેલું ઉપર આવી જશે અને આ વેળા આપણે ચોમાસું નહીં ચૂકીએ! હૈયું, મસ્તક અને હાથ-આ ત્રણેયને હૈયાસરસા જાળવી લઈશું!

(સેજલ શાહઃ 'પ્રબુદ્ધ જીવન' માસિકના તંત્રી, નીવડેલાં અભ્યાસી, ઉત્તમ અધ્યાપિકા

૧૦/બી, ૭૦૨, અલિકાનગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, આકુર્લી રોડ, કાંદિવલી, મુંબઈ. ૪૦૦૧૦૧

ઈમેઈલ : sjalshah702@gmail.com,

મો.૯૮૨૧૫૩૩૭૦૨)

## ૧૨. E - સદીના માનવ-શિક્ષકનો સામર્થ્યપ્રાશ

મહેન્દ્ર ચોટલિયા

અમુક કામ તમે કરી શકશો કે નહીં તે અંગે તમારી જે કોઈ માન્યતા હોય... તે સાચી જ હશે.

**૧. પ્રવેશ** : એકવીસમી સદી શરૂ થવું થવું થતી'તી ત્યારે લગભગ બધા પ્રકારના વ્યવસાયમાં 'ચિંતકો' ગણાતાં માથાંઓ "નવી સદીના પડકારો માટે તૈયાર થાવ, બહાદુરો!" એવું કોરસ તારસ્વરે ગાતાં હતાં. આજે આપણે આ સદીનો ચતુર્થાંશ જેટલો ભાગ જીવી નાખ્યો છે ત્યારે પણ એવું જ ગાન, બે ચાર નવા ઉમેરો સહિત, DJના તાલમાં કાને પડી રહ્યું છે. અહીં આપણે એને સમજવાની અને ઉકેલવાની કોશિશ કરીશું.

આપણને વિચારપૂર્વક જાસૂસી કરતાં સમજાય છે કે પડકારની માતાનું નામ સમસ્યા છે. જ્યારે સમસ્યાઓનો ઉકેલ મેળવવા માટેનાં બૌદ્ધિક-વૈજ્ઞાનિક ટેક્નૉલૉજિકલ અને ભૌતિક સાધનો કારગર નિવડે નહીં; નિષ્ફળતા કે થોડીક સફળતાના અભાવથી ઊભી થયેલી અંધાધૂંધી ધૂંધવાયા કરે ત્યારે તે સમસ્યાના વણઉકેલ્યા હિસ્સા આપણા માટે પડકારો બની જાય છે. એમાંય સમસ્યા સામે લડતાં લડતાં માણસોની શક્તિઓમાં વિક્રમી વધારો થયો હોય તેમ છતાં એ સમસ્યાઓનું નિરસન થતું ન હોય તેવી સ્થિતિ બુદ્ધિશાળી મનુષ્ય સામે પડકાર બનીને ગરજે છેઃ 'પહોંચી વળો અમને અને સિદ્ધ કરો તમારાં સપનાં.'

મનુષ્ય વિચારશીલ બન્યા ને આ પૃથ્વી નામના ગોલક પર સમુદાયોમાં રહેવા માંડ્યા ને 'ઉત્તમ જીવન'ની કલ્પના કરતા થયા. એ કલ્પનાઓ માનવજાતની અભીપ્સાઓ હતી. ઉત્કૃષ્ટ કક્ષાનું સહજીવન માણવાની દિલોજાન ઝંખનાઓ હતી. તે માટે પ્રયાસો શરૂ કર્યા. તે કાર્યમાં જ્યાં બંધ ગલી આવી ગઈ કે bottle-neck (ગળે ઉતરવામાં સજ્જડ અવરોધ) સર્જાયા તે બધાં કાર્ય 'સમસ્યાઓ' બની ગયાં. હજારો વર્ષોથી આજ પર્યંતના જીવન-પ્રયોગોમાં જેનો ઉકેલ નથી આવ્યો અને હજુ તે લક્ષ્યની ઉત્તમતા સૌ શાણા લોકોના મનમાં તરવરે છે છતાં ત્યાં લગી પહોંચી શકાયું નથી તે સમસ્યાઓ 'આગલા બાકી ખેંચ્યા' તરીકે આપણે દરેક સદીમાં શ્રી૧ા પછીની સિલકમાં મળેલી છે. એની યાદીના સંદર્ભમાં જ આપણે શિક્ષણ કે /શ્રી૧ા અન્ય કોઈ પણ વ્યવસાય-વ્યવહારમાં પેદા થતા પડકારોને સમજી શકીએ. ત્યાબાદ તે પડકારોને ઝબ્બે કરવા માટેની સજ્જતાનો વિચાર માંડી શકીએ.

**૨. સમસ્યા :** મારા અન્વેષણ અને ચિંતન અનુસાર છેલ્લી ૨૦ સદીમાં સર્જાયેલી પરંતુ વણઉકેલાયેલી નિમ્નલિખિત સમસ્યાઓ હજુ જીવંત અને જોખમી જણાય છેઃ

૧. અશાંતિ અને અભાવોમાં તરફડતું વૈશ્વિક સહજીવન.

૨. પ્રતિકાર દ્વારા પ્રગટતી કાતિલ યુદ્ધવૃત્તિ.

૩. વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિ અને વિચારધારાઓ પ્રત્યે અસહિષ્ણુતા.

૪. આપણા પાલક પર્યાવરણને ટકાવવા તથા સંપોષિત કરવામાં પાંગરી રહેલા અવરોધો.

૫. લિંગભેદ, રંગભેદ અને માનવ અધિકારોનું હનન.

૬. શિક્ષણ, સમૃદ્ધિ અને માનસિક અસ્વસ્થતાની સમાંતરે થઈ રહેલી વૃદ્ધિ.

૭. યંત્રોની માનવ-મન અને જીવનશૈલી પર ચડાઈ.

૮. માહિતી-પ્રસાર-મતારોપણનો સામનો કરવા માટેનાં બૌદ્ધિક અને ભાવાત્મક કૌશલોની અછત.

૯. કલા, મનોરંજન, ધર્મ-સંપ્રદાય તેમ જ મનુષ્યોની

પસંદગીઓનું બજારીકરણ.

૧૦. માનવસંબંધોમાં સર્જાયેલી કટોકટી.

૧૧. ફુરસદના સમયનો દુર્વ્યય.

૧૨. વ્યક્તિસ્વાતંત્ર્યની ઝંખના અને કૌટુંબિક સામુદાયિક જીવન વચ્ચેનો ગજગ્રાહ.

૧૩. નવી પેઢીમાં આત્મસન્માન, સહનશીલતા અને સંવેદનશીલતાનું અભૂતપૂર્વ અસંતુલન.

૧૪. શાંત-પ્રસન્ન જીવનશૈલીને બદલે આવેગ અને ઉન્માદપૂર્ણ જીવનશૈલીની વ્યાપક પસંદગી.

**૩. પડકાર :** ઔપચારિક કે અનૌપચારિક શિક્ષણને લગતાં વ્યવહારો સાથે પોતાને નિસબતથી જોડાયેલા માનતા લોકોએ સમસ્યાઓને અજરઅમર ગણીને, આચાર્યને બદલે લાચાર્ય થઈ, 'વાતાવરણ' તરીકે સ્વીકારી લેવી ન જોઈએ. અને વધારામાં સમસ્યાના સર્જકો અને તેમના ફરજંદોને પોતાના આક્રોશના વિસ્ફોટથી શાપિત કરીને મનોમન નર્કસ્થ કરી દઈ, સંતોષ લઈ, પશુશ્રમથી ફરજપાલનમાં રત થઈ જવું ન જોઈએ. ન તો માત્ર માનસિક-બૌદ્ધિક ઉકેલોની ડંફાસથી તજજ્ઞતાને સિદ્ધ કરીને પરિતોષના ઓડકાર ખાવા જોઈએ. પરંતુ નિસબતના પુરાવા તરીકે પ્રયોગશીલ કે પ્રયોગખોર બનીને સમસ્યાના પડકારાત્મક અંશોને મહાત કરવા પરાક્રમ દાખવવું જોઈએ. આ વાત સ્વયં એ m<sup>a</sup>a- meta-challenge (અધિ-પડકાર) છે.

મેં જે સમસ્યાની સૂચિ રજૂ કરી તેમાંથી સર્જાતા પડકારાત્મક અંશોને અહીં 'મહત્ત્વનાં પડકાર' તરીકે રજૂ કરું છું- એવા ભાવ સાથે કે પડકારોને પ્રયોગશીલતાથી પરાજિત કરવાનું સાહસ દાખવવું તે શિક્ષકધર્મનો સૌથી મોટો પુરુષાર્થ છે.

શિક્ષાકર્મીઓને જુદ્ધ છેડવા લલકારતા પડકારો આ પ્રમાણે લાગે છેઃ

૧. વિષયવસ્તુ-કેન્દ્રી વર્ગ વ્યવહારને સંબંધ-કેન્દ્રી સંવાદથી વિસ્થાપિત કરવો.

૨. જ્ઞાન અને સત્તાની કડીને તોડી નાખવી. (સામાન્ય રીતે સાંસ્કૃતિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, સામાજિક સ્થાપિત હિતો power-centres - જેને યોગ્ય, અનુકરણીય અને મહાન ગણાવે તેને જ સત્ય અને શ્રેષ્ઠ જ્ઞાન તરીકે સ્થાપિત કરવાનું કામ શિક્ષણ સંસ્થાઓ કરતી હોય છે. આમ, સત્તા જેને સમર્થન આપે તે જ જ્ઞાન અધિકૃત ગણાય. આપણે આવી અધિકૃતતાને પડકારવાની છે)

૩. અધ્યેતાના મનોમય કોશ(મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર)ને સક્રિય અને સમૃદ્ધ કરવાના લક્ષ્યની પાર જઈને તેના પંચકોશીય વિકાસની યોજનાનું ક્રિયાન્વયન કરવું.

૪. મનોહર(માઈન્ડને હેક કરી લે તેવાં) વ્યસનો-જેવાં કે મોબાઇલ, ઇન્ટરનેટ, નશાકારક રસાયણો વગેરેના કેફમાંથી મુક્ત થવા માટે કિશોરો-યુવાનોને શક્તિમાન બનાવવા.

૫. મૂલ્યોનો ઉપદેશ કરવાની ધખના ત્યજીને વિદ્યાર્થીઓને મૂલ્ય-સંઘર્ષની પરિસ્થિતિમાં મૂકીને સભાન-અનુચિંતન( reflection) દ્વારા પોતાનાં મૂલ્યોનું સર્જન કરવા માટેની તકો ઊભી કરવી.

૬. દરેક વિષયના અભ્યાસક્રમોમાં ભંડારાયેલા ઇતિહાસની/ભૂતકાળની ચર્વણાને વર્ગવટો આપીને ભવિષ્યના દર્શન માટે કલ્પના તથા અનુમાન આધારિત વિચારણાઓ ચગાવવી.

૭. અભ્યાસક્રમ અને ટેક્સ્ટ(પાઠ)ના અંશોનું અર્થઘટન સહકારી-અધ્યયન દ્વારા યોજીને જીવન-કૌશલોથી માંડીને જીવન-ઉત્કર્ષ લગી પહોંચવા માટેનો અવકાશ રચવો.

૮. માર્ક અને સર્ટિફિકેટ લક્ષિત શિક્ષણપ્રથાની ઘોર ખોદવાનો આયાસ કરતા રહેવો. અભ્યાસક્રમ દ્વારા જ્ઞાન-સર્જન કરવાનો સંરચનાવાદી પ્રયાસ અવિરત ચાલુ રાખવો.

૯. સંતાનોના અભ્યાસ અંગે વાલીઓ દ્વારા અપાતાં મંતવ્યો, સલાહ-સૂચનો અને આદેશોને અનુસરવાને બદલે શિક્ષણશાસ્ત્ર(મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને અધ્યાપનશાસ્ત્ર)ને અનુસરીને કાર્ય કરવું, તથા વાલીઓનું અભિસ્થાપન (orientation)કરવું.

૧૦. વર્ગસ્વામી અને સર્વજ્ઞ હોવાની સત્તાનો ત્યાગ

કરીને અધ્યેતાના સહપાઠી બની જવું. અંતતઃ અધ્યાપનનું નિર્વાણ નોતરી સ્વાયત્ત અધ્યેતાનું નિર્માણ થવા દેવું.

**૪. સજ્જતા**

ઉપર્યુક્ત સમસ્યાઓ અને પડકારોનાં પરિપ્રેક્ષ્યમાં મારા પ્રયોગશીલ કે પ્રયોગખોર શિક્ષકની સજ્જતાઓ આવી હોવી ઘટે:

૧. વિદ્યાર્થીનો 'મનુષ્ય' તરીકે સ્વીકાર કરે, તેની વ્યક્તિમત્તાની માવજત કરે, તેને બિનશરતી સન્માન આપે.

૨. શિક્ષક તરીકે 'ભૂમિકા' ન ભજવે. ભૂમિકા તો રોલ-પ્લે છે, દેખાડો છે. તે પોતે છે તેવા મનુષ્ય તરીકે વર્ગ-શાળામાં વર્તે. તેની મર્યાદા-વિશેષતાને ઢાંકે-ઢંઢેરો ન પીટે.

૩. પોતાની સમક્ષ બેઠેલાં બાળકો, કિશોરો, તરુણો કે યુવાનો અધ્યેતાનો તે મિત્ર હોય. 'સન્માનપાત્ર અંતર' જાળવવાનો તલમાત્ર આગ્રહ ન રાખે. જે ફ્રેન્ડ હોય તે જ સહજ ગાઇડ હોઈ શકે, જે શિક્ષક મિત્ર ન હોય તે કેવળ ફિલસૂફિયો બની રહે છે. મૈત્રીપૂર્ણ સંબંધો દ્વારા જ પારસ્પરિક રૂપાંતર થતું હોય છે.

૪. પોતાનો પ્રભાવ અધ્યેતા પર ન પડે તેની કાળજી રાખે. પોતાની 'ઇમેજ' ન બનાવે. 'આદર્શ' બનવાનો રંચમાત્ર પ્રયાસ ન કરે.

૫. અધ્યેતાઓને જીવનભર ચાલે તેવું કોઈ ચોક્કસ ધ્યેય(goal) નક્કી ન કરાવે. કાયમી ટેવો કે પરંપરામાં દોરી ન જાય, તેમાંથી છૂટવા માટેનું ભાવાત્મક, બોધાત્મક, સામર્થ્ય સર્જવામાં સહાય કરે. કોઈની કંઠી ન પહેરે, ન તો પહેરાવે. એનું સૂત્ર : Life is an open-ended adventure!

૬. નિયત અભ્યાસક્રમને પરીક્ષાના સંદર્ભમાં ન લે પરંતુ માવનશક્તિ-સામર્થ્ય(બૌદ્ધિક, ભાવાત્મક, ક્રિયાત્મક, આધ્યાત્મિક)ના વિકાસ અર્થે ઉપયોગમાં લે. શીખવે નહીં. Does not teach but guides for learning to learn..

૭. ઇન્દ્રિયો અને સંવેદનશીલતાના વિકાસને સ્પર્શતી જગ્યાઓ અભ્યાસક્રમમાંથી શોધી કાઢે (બધા વિષયમાં હોય જ) તેને લગતી પ્રત્યક્ષ, આનુભવિક, પરોક્ષ પ્રવૃત્તિઓ દ્વારા વર્ગકાર્ય કરે.

૮. આજીવિકા પ્રાપ્તિ માટેની દક્ષતાને ધ્યાનમાં લે પરંતુ પરિગ્રહી જીવનશૈલી માટેની વ્યાવસાયિક કારકિર્દીને કેન્દ્રમાં ન રાખે. એ સમજે અને એવું સમજવામાં સહાય કરે Life is not a part of any professional career, but vice versa.

૯. આલોચનાત્મક વિચારણા(Critical thinking), સર્જનશીલતા, સમસ્યા ઉકેલ, પરિસ્થિતિ અંતર્ગત મહત્તમ વિકલ્પો ઊભા કરવાની બૌદ્ધિક શક્તિ અને શ્રેષ્ઠ લાગતા વિકલ્પને વ્યવહારમાં મૂકવા માટેની ભાવાત્મક ઊર્જા ઊભી કરવા માટેની વ્યૂહરચનાઓ યોજે. પારંપરિક કે સાહસિક વિકલ્પોની પસંદગીથી કેવાં કેવાં પરિણામો આવવાની સંભાવના છે તે અંગે સૌને વિચારતા કરે. શિક્ષક પોતે સાવધાન રહી કોઈ ચોક્કસ વિકલ્પની તરફેણ કે પસંદગી ન કરી આપે.

૧૦. જે સિસ્ટમમાં કામ કરે તે સિસ્ટમની જડતા કે નિયમોને તોડવાનો કાબેલિયતભર્યો પ્રયાસ કરે. દરેક પ્રણાલી અધ્યયનશીલ(learning organization) બને, મુક્ત, લોકશાહી બને તે માટે જોખમ ઉઠાવે, સતત પ્રયાસો કરે. વિદ્યાર્થીઓનું ઘડતર કરનારી આપખુદશાહી પ્રણાલીઓમાં વિઘ્નો ઊભાં કરે.

૧૧. શાળા સિવાયના સમયમાં અધ્યેતા મિત્રો સાથે ગપ્પાં મારે, રમે, ફરે, વાંચે, ફલ્મો જુએ, પ્રવાસ કરે.

૧૨. સ્વ-સુધારણા માટે સતત અનુચિંતન(reflective thinking) અને learning-unlearning-relearning ચાલુ જ રાખે. પોતાના ખ્યાલો, પ્રતીતિઓ(conviction) ને તપાસતો રહે, બદલતો રહે.

૧૩. An effective teacher is either experimental or dead. અસરકારક શિક્ષક કાં તો પ્રયોગશીલ હોય અથવા મૃત હોય.

૧૪. અન્યની ટીકાથી વિક્ષિપ્ત ન થાય. પ્રસન્ન રહેવા માટેની ઊર્જા, કાર્યશક્તિ અને સમજનો સ્ટોક ખૂટવા ન દે.

૧૫. સાચુકલી સજ્જતા ધરાવતો શિક્ષક ઘડતર કદાપિ

ન કરે(ઘડતર એટલે ઊગી રહેલા માનવબાળની પોતીકી, સહજ સંભાવનાઓનો સંહાર. ઉઘડતર એટલે એની બીજરૂપ અનન્યતાના અનંત પ્રફુલ્લન માટે વાતાવરણની સંરચના). વિદ્યાર્થીઓને પોતાના આદર્શો અનુસાર અથવા તો ખાસ કરીને સમાજ કે વાલીએ આપેલ ઓર્ડર અનુસાર, અમુકતમુક આકારમાં ઘડી ન કાઢવાની સર્વોચ્ચ સજ્ઞતા ધરાવનાર શિક્ષક ઘડતરિયો નથી; ઉઘડતરિયો છે!

**૫. શિક્ષકની નિષ્ઠાઃ** શિક્ષણના ચિંતાતુરો(આતુર એટલે જેને તાવ ચઢ્યો છે તે) માટે આ સર્વાધિક પ્રિય વિષય છે. નિષ્ઠા વિષે ગુજરાતી ભાષામાં એકાદ હજાર લેખ તો લખાયા હશે! અને શિક્ષણ વિષેના અન્ય લેખોમાં દસેક હજાર રેફરન્સ 'નિષ્ઠા' અંગે હશે. એમાં બે'ક નાનકડા પેરેગ્રાફ ઉમેરવાની મારી ધૃષ્ટતા સહી લેશો.

પહેરવેશ, ભાષા, સંસ્થા પ્રત્યેની વફાદારી, વર્ષાંતે અભ્યાસક્રમ પૂર્ણ કરી દેવાની ચીવટ, વિદ્યાર્થીઓની પરીક્ષાઓમાં સિદ્ધિ, પ્રશાસનિક રીતે અપેક્ષિત આજ્ઞાંકિતતા, સમાજ, સરકાર, વાલીવર્ગ, શાળાના આચાર્ય વગેરે લોકોની શિક્ષણ અંગેની બધી જ માંગ અને અપેક્ષાને સાકાર કરવાની યત્નશીલતા-આટલાં પાસાં કે વર્તનો શિક્ષકની નિષ્ઠાના પુરાવા નથી જ.

મારી દષ્ટિએ, ઉછરી રહેલી પેઢીની વિશેષતા-મર્યાદા સ્વીકારીને તેની સાથે મૈત્રીપૂર્ણ સંવાદ કરવાનો રોમાંચ હોવો-આટલું જ શિક્ષકની નિષ્ઠાને સિદ્ધ કરવા માટે પર્યાપ્ત છે. નિષ્ઠા એ શિક્ષકની સજ્ઞતાનો અગ્રગામી અંશ છે. એટલે કે નિષ્ઠા એ શિક્ષકત્વને પરિચારિત કરતું એન્જિન અથવા તો કાર્યશક્તિ કે પાવર બેંક છે. વિદ્યાર્થીઓ સાથેના સંવાદથી જે શિક્ષક રોમાંચથી સભર થતા રહે છે તે જ એમને અન્ય સજ્ઞતા કેળવવા માટેનું જોમ આપે છે. ઇતિ.

**૬. નિજાનંદ :** 'હું જે કરું છું તે તે બધું વિદ્યાર્થીઓના ભલા માટે જ કરું છું.' આવું કલ્યાણવિધાન નિજાનંદ માટે જલ્લાદ છે. જ્યારે, 'હું કંઈ કરું છું તે મારા આનંદનો આવિર્ભાવ કે વિસ્તાર છે.' આ વિધાન નિજાનંદનું જન્મદાતા અને પોષક છે. જો વ્યક્તિનું લક્ષ પોતાની બહાર હોય તો તેને કશાક 'અન્ય' પર આધાર રાખવો પડે છે. આવી સ્થિતિ તેને નિજાનંદને બદલે બીજાનંદમાં ભેરવી દે છે. વિદ્યાર્થી કે વાલી કે સમાજ જો 'ભલું થયાની' લાગણી અનુભવે ને પ્રગટ કરે તો જ શિક્ષકમાં આનંદ રેલાય, આવું કન્ડિશન્સ અપ્લાઈડ પ્રકારનું વર્તન નિજાનંદને બીજાનંદનો હિસ્સો બનાવી દે છે. *આત્મનયેવ આત્મના તૃષ્ટઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠતા* જેવું ગીતાવચન બાહ્યલાને નહીં પરંતુ માહ્યલાને જ આનંદનો અધિકારી ગણે છે.

જે ક્રિયા મારા માટે 'રમ્મત તે જ ગમ્મત' બને છે; જેમાં હાર-જીતની ધક્કા કે મુક્કી નથી. તે જ મને આનંદમાં ઝબકોળી દે છે.

એક રૂપકને સમજવાનો પ્રયત્ન કરીએ. નર્તકને કર્તવ્ય છે. અને તેથી હેતુબદ્ધતા પણ છે. નૃત્યના નિયમો, સિદ્ધાંતો do's અને don's એણે પાળવાના છે. એટલે વ્યક્તિ જ્યાં સુધી નર્તક છે ત્યાં લગી તેનો આનંદ બાહ્ય શરતોને અધીન છે. પરંતુ નૃત્ય શરૂ કર્યા બાદ જ્યારે તે એવી સ્વાતિક્ષણમાં પ્રવેશે કે તે નર્તક(કર્તા) મટીને કેવળ નૃત્ય(ક્રિયા) બની જાય એ ક્ષણથી એ નિજાનંદમાં રમમાણ બને છે. આવી ક્ષણમાં વિગલન પામીને આનંદના ઓઘમાં તદ્રૂપ થવા માટે જ તે નર્તક(doer) તરીકે પ્રારંભ કરે છે. શિક્ષક પણ જ્યારે માનવબાળ સાથેના સંવાદની રમ્મતમાં આગળ ધપી, શિક્ષક મટીને રોમાંચમય થઈ જાય છે તે જ સ્તો છે નિજાનંદ!

સમસ્યા.... પડકાર ....સજ્જતા.... નિષ્ઠા... કાર્યમાં પ્રવેશ... કર્તવ્ય અને કર્તુત્વનું વિગલન ... નિજાનંદ!! આવું કાર્યચક્ર શું તમને અસંભવ લાગે છે?? (લેખને પ્રારંભે મૂકેલું અવતરણ એકવાર ફરીથી વાંચી લો.)

(મહેન્દ્ર ચોટલિયાઃ ઉત્તમ અધ્યાપક, વિચારને આગવી રીતે રજૂ કરનાર, પ્રશ્નોને મૌલિક રીતે જોનારા અભ્યાસી 8, જાનકી એપાર્ટમેન્ટ, નૂતન કલબ પાસે, નાના બજાર, વલ્લભવિદ્યાનગર, જિ.આણંદ, 388120
ઈમેઈલ : mahendra.choaliya@gmail.com
મો. 9879528129)

## ૧૩. આપણો વિદ્યાર્થી ક્યાં હતો, ક્યાં છે અને ક્યાં હશે ?

ભદ્રાયુ વછરાજાની

આપણે વિદ્યાર્થી માટેની વ્યવસ્થામાં વિદ્યાર્થીને જ ભૂલી બેઠા છીએ....

આપણે જૂનું છોડતા ગયા એવું નથી પણ જૂનું છે તેને નવા અને આપણી અનુકૂળતા મુજબના ઢાંચામાં સ્વીકારતા ગયા. ભારતીય શિક્ષણ પ્રણાલીનો પાયો ગોપજીવનના પાયાથી નંખાયો. જ્યારે ગુરુને શોધવા શિષ્યએ જવું પડતું. જ્યારે ગુરુ, ગુરુપત્ની અને ગુરુકુટુંબ સાથે શિષ્યએ આશ્રમમાં રહેવાનું અને જીવવાનું. ગુરુની મૌખિક સૂચના એ શિક્ષણનો અભ્યાક્રમ અને ગુરુ જીવન શૈલીનું સતત સાન્નિધ્ય એ કેળવણી. શિષ્ય એ ગુરુકુટુંબનું એક અભિન્ન અંગ. એટલે કાળજામાં કરુણા અને પંડમાં પ્રેમ છલકતા ગુરુ જ ગૃહપતિ અને વાત્સલ્યમૂર્તિ સમાન ગુરુપત્ની એ જ ગૃહમાતા.

સમય બદલાતો ગયો તેમ શું થયું? ગુરુકુળ આશ્રમોને આપણે છાત્રાલયો બનાવ્યાં. આદર્શ છાત્રાલયોનો ઉત્તમોત્તમ પ્રયોગ નાનાભાઈ ભટ્ટ અને જુગતરામ દવેએ ગુજરાતમાં કરી બતાવ્યો. એક જ પરિસરમાં સૌ સાથે રહે, એકબીજાની નજર સામે જે કરે તે સાથે સાથે કરે. પળે પળના સાક્ષી. છાત્ર સવારના પાંચ વાગ્યાથી રાત્રીના શયન સુધી કંઈક ને કંઈક રચનાત્મક પ્રવૃત્તિમાં જ હોય અને સમૂહમાં જ હોય. સૌ માટે ઘર જેવું નહીં પણ ઘરથી પણ મુઠ્ઠી ઊંચેરું. છાત્રોની સાથે જ અધ્યાપકો અને સૌ સાથી કર્મચારીઓ સવારના પહોરમાં પરિસર સફાઈ માટે લાગી પડે. આજે પણ લોકભારતી સણોસરા, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા કે મણાર કે માઈધાર જાઓ તો સવારના પહોરમાં મોઢા ઉપર રૂમાલ બાંધીને સૌ હાથમાં સાવરણો લઈ વાળતા અચૂક જોવા મળે!! આ સંસ્થાઓ એ નઈ તાલીમના વિરલ પ્રયોગ કેન્દ્રો છે. જ્યાં ભણનારા સૌ ત્યાં જ નિવાસ કરે છે એટલે કે બધા જ છાત્રો માટે નિવાસ ત્યાં પરિસરમાં જ. તેથી આ પણ થયાં એ ગાંધીકુળના ગુરુકુળો, જેમાં છાત્રાલયોનું હાર્દ શતશઃ જળવાયું.

પણ હવે શું થયું? છાત્રાલયો હોસ્ટેલના રૂપમાં ઊભરી. વિદ્યાર્થીને ભણાવનાર જુદા અને હોસ્ટેલમાં જાળવનાર જુદા. શિક્ષકો ભણાવીને છુટ્ટા. ગૃહમાતા કે ગૃહપતિ તો શિક્ષણ સાથે કશી નિસ્બત ન ધરાવનારા. વળી ઘણી ખરી જગ્યાએ તો વિધવા, ત્યક્તા, છૂટાછેડા લીધેલ હોય તે જ ગૃહમાતા તરીકે જોડાય, તેને આશરો અને આજીવિકાની જરૂર હોય અને પેલા સંચાલકોને લાંબો સમય ટકી રહે એવા ઉલાળ કે ધરાર વગરની વ્યક્તિની શોધ હોય. પરિણામે શાળા અને હોસ્ટેલ એ બે અલગ અલગ ચોકા બન્યા. શિક્ષકો અને ગૃહપતિ કે ગૃહમાતા એ પણ બે અલગ મોરચા ખૂલ્યા. આ બે અલગ ચોકા અને મોરચામાં બાળકનો ભોગ લેવાયો. લાગણી અને હૂંફની શોધમાં વિદ્યાર્થી અહીંથી ત્યાં અથડાવા લાગ્યો. ફરજિયાત નિવાસનો છેદ ઊડી ગયો એટલે બહારનો પવન લઈને અને મનમાં ભરીને આવતો વિદ્યાર્થી હોસ્ટેલના બંધનમાં રહેનાર છાત્ર માટે ઈર્ષ્યાનું, અદેખાઈનું, આંધળા અનુકરણનું પાત્ર બનવા લાગ્યો. ગાંધીજીએ સ્થાપેલી વિદ્યાપીઠમાં પણ છાત્રાવાસ ફરજિયાત કર્યો એનો અર્થ એમને રહેવાની અને જમવાની વ્યવસ્થા આપવામાં આવી. મૂળ હાર્દ જળવાયો નહીં. ગુરુકુળમાં સાથે ભણીને, સાથે રહીને, સાથે જીવીને ઉદ્વેગો-સંવેગોનું શમન થતું તે હોસ્ટેલમાં દમનમાં પરિણમવા લાગ્યું. ઉલ્લાસ અને ઉત્સાહનું સ્થાન ગૂંગળામણ અને ગભરામણે લીધું. ગુરુકુળો સમાજના ઊર્ધ્વીકરણની એક વ્યવસ્થા હતી,

આજની હોસ્ટેલ્સ સગવડતા માટેની ગરજ બની ગઈ, જરૂરિયાત બની ગઈ. જ્યાં ગરજ હોય ત્યાં ગંદકી પ્રસરે જ.

ભારતીય શિક્ષણમાં સંચાલક, આચાર્ય, શિક્ષક અને ગૃહપતિ એક જ હોય તેવું અભિપ્રેત હતું. મૂળ આશ્રમ વ્યવસ્થામાં પણ આપણે એવા જ ગુરુઓને જોયા છે કે જે સર્વસ્વ પોતાના ઉપર લઈને વિદ્યાર્થીને જ્ઞાન આપતા હોય. જે વ્યવસ્થા ગોઠવે તે જ ભણાવે અને તે જ બાળકને સાચવી, જાળવીને સમાજનો નાગરિક બનાવે. પણ આ સુંદર વિચાર ઓગળી ગયો અને મોટે પાયે ડિઝાસ્ટર થયું. સંચાલક આચાર્યને દાબમાં રાખે, આચાર્ય શિક્ષકોને ધમકાવે, શિક્ષકો હોસ્ટેલના રખેવાળનો વાંક કાઢે અને ગૃહપતિ કે ગૃહમાતા બાળક ઉપર જવાબદારી નાખી દે અને પાછા આ બધા ભેગા થાય ત્યારે 'આજનો વિદ્યાર્થી બગડી ગયો છે' એમ કહી પેલા ભીંસાયેલા બાળક ઉપર તડાપીટ બોલાવે. સેન્ડવિચમાં બે પડ વચ્ચે ક્યાંક દબાયેલું બટાકાનું નાનું ચીપાઈ ગયેલું ફોડવું જોયું છે? બસ, છાત્રની હાલત આવી છે!! આમાં કુમળા વ્યક્તિત્વને આત્મહત્યા કરવાનું ન સૂઝે તો શું સૂઝે?

ક્યાં નાખ્યું આપણે શિક્ષણને? એની તો સાત દિવસની શિક્ષણ વ્યથા-કથા માંડીને ખરખરો કરવા જેવો તાશીરો આજનો છે. આપણો વિદ્યાર્થી કઈ બાજુ જવાનો છે એની વાત જાણવા અને વિચારવા માટે આપણે થોડા ઊંડા ઉતરવું પડે. કોઈપણ વિકાસમાં શિક્ષણ હંમેશાં કેન્દ્રસ્થાને રહ્યું છે અને રહેશે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષકનું અધ્યાપન ત્યારે જ અસરકારક બને છે જ્યારે તે પોતાના વિદ્યાર્થીઓને બરાબર ઓળખતા હોય છે. અધ્યાપનના આરંભે વિદ્યાર્થીઓનાં લક્ષણો અને તેમના પૂર્વજ્ઞાનથી શિક્ષક માહિતગાર હોય તે શિક્ષણની સફળતા માટે જરૂરી છે. શિક્ષકનું કામ વિદ્યાર્થીઓમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું છે. વળી, જેમનામાં પરિવર્તન લાવવાનું છે તેમને પૂરેપૂરા ઓળખ્યા-જાણ્યા વગર પરિવર્તન લાવવાનું મુશ્કેલ છે. આમ શિક્ષણ એ રંગોની મેળવણી કરીને નવો રંગ બનાવવા જેવું કામ છે. અધ્યાપન જાણે શિક્ષકના હાથમાં રહેલો એક રંગ છે અને વિદ્યાર્થીઓના લક્ષણો-પૂર્વજ્ઞાન એ બીજો રંગ છે. શિક્ષક બંને રંગોને જાણતા હોય તો જ અપેક્ષિત પરિવર્તનરૂપી નવો રંગ બનાવી શકશે.

વિકાસલક્ષી મનોવિજ્ઞાનમાં મનુષ્યના વિકાસના વિવિધ સિદ્ધાંતો આપવામાં આવ્યા છે અને તેમાં સ્પષ્ટ કહ્યું છે કે મનોસામાજિક વિકાસની સમજ જો સ્પષ્ટ થાય તો જ વિદ્યાર્થીઓનું ભવિષ્યમાં સમાજ સાથે ભળી જવું ખૂબ સહેલું પડે છે. મનોવિજ્ઞાનીઓએ મનુષ્યના વિકાસની પ્રક્રિયાને વિભિન્ન અવસ્થાઓ, તબક્કાઓ કે સોપાનોમાં વહેંચીને તેને સમજાવતા સિદ્ધાંતો આપ્યા છે. આવા સિદ્ધાંતોને વિકાસની અવસ્થાઓના સિદ્ધાંતો કહેવાય છે. એરિક્સનનો સિદ્ધાંત મનુષ્યના વ્યક્તિત્વના વિકાસની વિવિધ અવસ્થાઓ સમજાવે છે. તે કહે છે દરેક અવસ્થાએ વ્યક્તિ વિકાસાત્મક કસોટીકાળનો સામનો કરે છે. આ દરેક કસોટીકાળ દરમિયાન હકારાત્મક વિકલ્પ અને મૂળભૂત રીતે બિનસ્વાસ્થ્યપ્રદ વિકલ્પ વચ્ચે સંઘર્ષ ઉદ્ભવે છે. વ્યક્તિ કઈ રીતે આ કટોકટીકાળને ઉકેલે છે તે પ્રમાણે તેની અસર વ્યક્તિની સ્વ-પ્રતિમા એટલે self image ઉપર અને સમાજ પ્રત્યેના દૃષ્ટિબિંદુ પર થાય છે. આ અસર કાયમ માટેની હોય છે. જે કેટલીક અવસ્થાઓ એરિક્સન આપે છે, એનો જો વિચાર કરીએ તો એમાં..

(૧) વિશ્વાસ-અવિશ્વાસ

(૨) સ્વાયત્તતા-શરમ

(૩) પહેલ કરવી-અપરાધભાવ

(૪) પરિશ્રમ-લઘુતા

(૫) ઓળખ-ભૂમિકા-મૂંઝવણ

(૬) સબંધ-વિખૂટાપણું

(૭) સર્જકતા-સ્થગિતતા અને

(૮) પરિપૂર્ણતા અને નિરાશા.

હવે યાદ એ રાખવાનું છે કે આ આઠેઆઠ જે અવસ્થાઓ મૂકી છે એ જન્મથી લઈને છેક મોટા થવાની પ્રક્રિયાઓનો એક એક ભાગ છે. આઠે આઠ તબક્કામાં બાળક વિકસી રહ્યું છે અને ઉત્તર પુખ્તાવસ્થા સુધીમાં છેલ્લા તબક્કા સુધીમાં પહોંચે ત્યાં સુધીમાં આ આઠ અવસ્થામાંથી એ પસાર થાય છે. આ દરેક અવસ્થાનો એક નિયત પડકાર પણ હોય છે. જન્મથી લઈને લગભગ દોઢેક વર્ષનું બાળક થાય ત્યાં સુધી એ વિશ્વાસ માટે observation કરે છે અને તેના માટે થઈને સજાગ બને છે. દોઢ વર્ષથી ત્રણ વર્ષનું બાળક સ્વાયતતા વિરુદ્ધ શરમનો અનુભવ બરાબર પાક્કો કરે છે. ત્રણ વર્ષથી છ વર્ષ સુધીનું બાળક પહેલ કરવી વિરુદ્ધ અપરાધભાવને અનુભવે છે. છથી બાર વર્ષનું પરિશ્રમ વિરુદ્ધ લઘુતાનો બરાબર અહેસાસ કરે છે. તરુણાવસ્થા એટલે કે બારથી અઢાર વર્ષ દરમ્યાન વિદ્યાર્થી ઓળખ વિરુદ્ધ ભૂમિકા અથવા મૂંઝવણમાંથી પસાર થાય છે. પૂર્વ પુખ્તાવસ્થામાં ગાઢ સબંધ વિરુદ્ધ વિખૂટાપણાનો અનુભવ આપણું બાળક કરે છે અને મધ્ય પુખ્તાવસ્થામાં સર્જકતા વિરુદ્ધ સ્થગિતતા અથવા સ્વકેન્દ્રીપણું એ પોતે અનુભવે છે. અને ઉત્તર પુખ્તાવસ્થાના આઠમા તબક્કામાં એ પરિપૂર્ણતા વિરુદ્ધ નિરાશામાંથી પસાર થાય છે.

સમજવાનું એ છે કે પહેલા તબક્કાથી લઈને બાળકની સાથે રહેનારાં પાત્રો એટલે કે માતાપિતા, શિક્ષકો અને તેના સમવયસ્કો દ્વારા અપાતો પ્રતિસાદ અથવા તો એમના દ્વારા કહેવાતી અને આચરવામાં આવતી જે કોઈ બાબતો છે એની અસર આપણાં સંતાન ઉપર પડે છે. આટલી વાત સમજાય તો આપણને ખ્યાલ આવે કે હકીકતમાં તરુણાવસ્થાનો બાળક જયારે વિદ્યાર્થી થઈને આપણી સામે આવે છે એ ઓળખ વિરુદ્ધ ભૂમિકાના સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યો છે. બારથી અઢાર વર્ષના સમયગાળામાં જાતીય પરિપક્વતા પ્રાપ્ત થાય છે અને તરુણ કે તરુણી પોતાની જાતને ઓળખવાનો પ્રયત્ન કરે છે. એમણે પહેલાં કરેલા અનુભવોની અહમની ઓળખ સાથે એને જોડવાનો પ્રયાસ કરે છે. જો તે પોતાની એક ઓળખમાં તમામ ભૂમિકાઓને જોડી ન શકે તો પોતે ભજવવાની ભિન્ન ભૂમિકાઓ વચ્ચે મૂંઝવણ અનુભવવા લાગે છે. પૂર્વ પુખ્તાવસ્થામાં બને છે એવું કે જો વ્યક્તિ નજીકના સંબંધની લાગણી પ્રાપ્ત કરી શકે

**આવતીકાલનો નાગરિક અને આજનો વિદ્યાર્થી એ આ પાંચ ક્ષેત્રોમાં પોતાની પારંગતતા દર્શાવશે તો વ્યક્તિનો અને રાષ્ટ્રનો વિકાસ થશે. એ ક્ષેત્રોમાં પહેલું ક્ષેત્ર શિક્ષણ છે. બીજું સ્વાસ્થ્ય સુરક્ષા, ત્રીજું કૃષિ, ચોથું માહિતી અને પ્રત્યાયન અને પાંચમું માળખાગત અને મહત્વપૂર્ણ ટેક્નૉલૉજી. આપણા શાસ્ત્રોએ માણસમાં રહેલા ચાર ખજાના ગણાવ્યા છેઃ (૧) જ્ઞાન (૨) યોગ (૩) ગુણ (૪) સેવા...**

તો અન્ય વ્યક્તિઓ સાથે નજીકના સબંધો કેળવી શકે છે અને બીજા સાથે વિનિયોગ કરી શકે છે. જો તેમાં નિષ્ફળતા મળે તો વ્યક્તિ એકલતાવાદી બને છે. પોતાનું કોઈ નથી કે જેના પર આધાર રાખી શકે એવી ભાવના તેના મનમાં બેસતી જાય છે. મધ્ય પુખ્તાવસ્થા દરમિયાન વ્યક્તિને સમાજ પ્રત્યેનું દૃષ્ટિબિંદુ સ્થિર થયું હોય છે. અન્ય માટેની પોતાની જવાબદારી સ્વીકારનાર ઉત્પાદક-સુખી બને છે અને તેમાં જો નિષ્ફળ જાય તો એ સ્વકેન્દ્રી બને છે, ઉત્તર પુખ્તાવસ્થાની અવસ્થામાં(કે જે ગાળો શાળા કૉલેજોને સ્પર્શે છે તેમાં) વ્યક્તિનું જીવન જો સંતોષપ્રદ હોય અને પોતાની તથા અન્ય સાથે એકાત્મતાની લાગણી પ્રાપ્ત કરી હોય તો તેની વૃદ્ધાવસ્થા આનંદપૂર્ણ પસાર થાય છે. પરંતુ જો તે અનુભવે કે તેનું જીવન તો નિષ્ફળતાઓથી ભરેલું છે તો તેને નિરાશા આવ્યા વગર રહેતી નથી.

વર્ગશિક્ષણ દરમિયાન શાળામાં શિક્ષક વિદ્યાર્થીઓના

સંપર્કમાં આવે છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ ઉપર શિક્ષકનું વર્તન અને વિદ્યાર્થી સાથે શિક્ષકનો સબંધ બહુ મોટી અસર કરે છે. આમ શિક્ષક વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસમાં યોગ્ય ફાળો આપી શકે છે. તે માટે મળેલા જ્ઞાનનો સમજપૂર્વક ઉપયોગ કરવો અને એ જ્ઞાનને ઉપયોગમાં વારંવાર મૂકતા રહેવું ઘણું મહત્ત્વનું છે. વ્યક્તિત્વ વિકાસના મનોસામાજિક સિદ્ધાંતોને ધ્યાનમાં લઈએ તો વ્યક્તિત્વ વિકાસની જુદી જુદી અવસ્થાઓમાં કટોકટીઓ ઉકેલવાની હોય છે. તેથી શિક્ષકે વિદ્યાર્થીઓની વિભિન્ન અવસ્થાઓમાં તેમની સાથે વિવેકપૂર્ણ વિભિન્ન પ્રકારનું વર્તન અને સંબંધ દાખવવા જોઈએ. માનવ એ સામાજિક પ્રાણી છે. વ્યક્તિ એક નિરાધાર દશામાં જન્મ લઈ સમાજમાં સુરક્ષા મેળવી ક્રમશઃ સમાજનો અંગભૂત બને છે અને જીવનભર સમાજમાં રહીને જીવનના વિવિધ વ્યવહારો કરે છે. આથી વ્યક્તિના સામાજિક થવાની પ્રક્રિયા વ્યક્તિ તેમ જ સમાજના અસ્તિત્વ માટે મહત્ત્વની ઘટના છે. આજે મારા તમારા ક્લાસમાં ભણતો વિદ્યાર્થી આવતી કાલે આ દેશનો નાગરિક બનવાનો છે અને એ નાગરિક તરીકે પુખ્ત રીતે પોતાની જાત વિશે વિચારે એ અતિ મહત્ત્વની ઘટના છે.

એવું વિચારીએ કે આવતીકાલના પડકારો કયા હોઈ શકે? તો આજના વિદ્યાર્થી માટે જે બૃહદ્ રીતે વિચારવા જોઈએ એવા પડકારોનાં પાંચ ક્ષેત્રો આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે તારવી આપ્યાં છે. એ એમ કહે છે કે આવતીકાલનો નાગરિક અને આજનો વિદ્યાર્થી એ આ પાંચ ક્ષેત્રોમાં પોતાની પારંગતતા દર્શાવશે તો વ્યક્તિનો અને રાષ્ટ્રનો વિકાસ થશે. એ ક્ષેત્રોમાં પહેલું ક્ષેત્ર શિક્ષણ છે. બીજું સ્વાસ્થ્ય સુરક્ષા, ત્રીજું કૃષિ, ચોથું માહિતી અને પ્રત્યાયન અને પાંચમું માળખાગત અને મહત્વપૂર્ણ ટેક્નૉલૉજી. આપણા શાસ્ત્રોએ માણસમાં રહેલા ચાર ખજાના ગણાવ્યા છેઃ (૧) જ્ઞાન (૨) યોગ (૩) ગુણ (૪) સેવા. બસ, આપણા વિદ્યાર્થીઓ સામેના પડકારો માટેનો માર્ગ સ્પષ્ટ છે અને પ્રશસ્ત પણ છે. ચાર ખજાના ખુલ્લા મૂકીએ અને તેને આયોજિત કરી પેલા પાંચ ક્ષેત્રોમાં ઉચ્ચતમ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આપણા વિદ્યાર્થીઓને તૈયાર કરીએ તો એના પડકારો ધીમે ધીમે એના માટે આનંદનો વિષય બની જવાના છે. આજના અને આવતીકાલના સ્વપ્નિલ યુવાનને પાંચ પ્રકારની પ્રતિબદ્ધતા વધુ ને વધુ સક્ષમ બનાવી શકેઃ

૧) પ્રો એક્ટિવ ગવર્નન્સમાં ભાગીદારી
૨) સ્ટ્રૉંગ પોલિટિકલ વીલની અપેક્ષા
૩) ધ બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલીટીની આવશ્યકતા
૪) ટ્રેઈન્ડ મેનપાવરની જરુર અને
૫) ફ્યુચરિસ્ટિક રીઝન ફોર અ બેટર ટુમોરોની પ્રબળ ઝંખના.

કોઈપણ સમાજની વૃદ્ધિ માટે બે અગત્યની જરૂરિયાત છે, ધન ઉપાર્જન દ્વારા સમૃદ્ધિ અને પ્રજાની મૂલ્ય વ્યવસ્થા દ્વારા સમૃદ્ધિ. બંનેનું જોડાણ રાષ્ટ્રને સાચા અર્થમાં મજબૂત અને સમૃદ્ધ બનાવી શકે. એવું નથી લાગતું કે અત્યારે આપણે પહેલી જરૂરિયાતને જ પ્રાધાન્ય આપ્યું છે? જયારે માનવી જરૂર કરતાં વધુ નાણાં પ્રાપ્ત કરે ત્યારે તે વિનાશ, બેચેની અને બરબાદી નોતરે છે, સંયમ ગુમાવે છે અને સરમુખત્યાર બને છે. આપણે જો વિચારવંત યુવાન ઘડવો હોય તો એ પોતે ઘડાયેલો યુવાન ચોક્કસ કહેશે કે, ‘મારા જીવનનમાં બાકીનો સમય હું મારી સાથે અને બીજાઓની સાથે શાંતિથી વિતાવવા માંગુ છું. બીજાઓ સાથે ઝઘડવાની મારી કોઈ ઈચ્છા નથી.’ આ શબ્દો આપણે સાંભળીએ અને એ શબ્દો પ્રમાણે આપણા વિદ્યાર્થીને ઘડીએ તો ૨૧મી સદીનો વિદ્યાર્થી કંઈક અલગ રહેવાનો.

(ભદ્રાયુ વચ્છરાજાનીઃ ઉત્તમ અધ્યાપક, ઊંડા અભ્યાસી, શિક્ષણ અને વર્તમાનના પ્રશ્નોના સ્વસ્થ વિચારક
પ્રેમમંદિર, નર્મદા પાર્ક-4, અમીન માર્ગ, રાજકોટ, 360001, મો.9898920333
ઈમેઈલ : bhadrayu2@gmail.com)

## ૧૪. વિદ્યાર્થીની મદદ લઈને શિક્ષક પોતાને કઈ રીતે કેળવી શકે ?

દીપક સોલિયા

ગુજરાતના ટોચના કેળવણીકાર નાનાભાઈ ભટ્ટે લખેલું પુસ્તક 'ઘડતર અને ચણતર' તમે કદાચ વાંચ્યું હશે. ન વાંચ્યું હોય તો ખાસ વાંચવા જેવું છે. તેમાં નાનાભાઈએ અને દક્ષિણામૂર્તિ સંસ્થાએ એકમેકનું કઈ રીતે ઘડતર કર્યું તેની ગાથા આલેખાઈ છે.

એ પુસ્તકમાં નાનાભાઈએ કેળવણી આપવા ઉપરાંત કેળવણી મેળવવા વિશે ઘણું લખ્યું છે. શિક્ષણસંસ્થા સાથે કામ કરતી વખતે નાનાભાઈ કઈ રીતે ઘડાયા, ગિજુભાઈ અને હરભાઈ જેવા મોટા ગજાના અન્ય બે કેળવણીકાર સાથે કામ કરવાનો તેમનો અનુભવ કેવો રહ્યો, વિદ્યાર્થીઓ પાસેથી પોતે શું શું પામ્યા, પોતે કેવી-કેવી ભૂલો કરી વગેરે બાબતોનું પ્રામાણિક અને સાદું છતાં ચોટદાર બયાન એમાં છે.

માત્ર શિક્ષણ જ નહીં, કોઈપણ પ્રકારનું કામ માણસને કેળવે એ નવાઈની વાત નથી. કેળવણી હંમેશાં દ્વિપક્ષી એટલે કે આપવા-લેવાની સહિયારી ઘટના જ હોય છે. શીખવવાની પ્રક્રિયા દરમિયાન શિક્ષક શીખવે પણ છે અને શીખે પણ છે.

જે કોઈ વ્યક્તિ ગ્રહણશીલ છે, પછી એ શિક્ષક હોય કે ન હોય, તે વિશેષ તાલીમ મેળવીને, વાંચન-શ્રવણ-મનન દ્વારા સતત પોતાની જાતને કેળવી શકે, વધુને વધુ સજ્જ બનાવી જ શકે, પરંતુ વાત જ્યારે આત્મઘડતરની આવે છે ત્યારે અન્ય વ્યવસાયીઓ કરતાં શિક્ષકો વધુ ફાયદામાં રહે છે. કારણ કે શિક્ષકો માટે કેળવણીનો એક શાનદાર, ઉમદા સ્રોત, કહો કે 'ગુરુ' સતત હાથવગો હોય છે. એ 'ગુરુ' છે, વિદ્યાર્થીઓ.

શિક્ષક વિદ્યાર્થીઓથી ઘેરાયેલો હોય છે. જો વિદ્યાર્થીઓને ગુરુ ગણીને તેની પાસેથી શીખવા જેટલી સમજણ, નમ્રતા, ગ્રહણશીલતા શિક્ષકમાં હોય તો તે ઘણુંઘણું વધારે પામી શકે.

શિક્ષણ સિવાયના ક્ષેત્રની વ્યક્તિ તેના કાર્યક્ષેત્રમાં બાળકોથી ઘેરાયેલી નથી હોતી. હા, તેના ઘરમાં બાળકો હોઈ શકે, પરંતુ એ બાળકોની સંખ્યા મર્યાદિત હોય છે અને વળી એ બાળકો પાંખો આવતાં છેવટે ઊડીને પોતાની દુનિયામાં પરોવાઈ જાય છે. જ્યારે શિક્ષક સતત, નિવૃત્ત થાય ત્યાં સુધી, અને ધારે તો ત્યાર પછી પણ, વિદ્યાર્થીઓની વચ્ચે રહેવાનો લાભ ભોગવી શકે.

આ બહુ જ મોટો લાભ છે. આ બહુ જ મોટો આશીર્વાદ છે.

વિદ્યાર્થીઓની મદદથી શિક્ષક કઈ રીતે જાતને કેળવી શકે તે વિશે થોડું વિચારીએ.

પહેલી વાતઃ કશુંક નવું એની પાસેથી જ શીખી શકાય જેની અંદર કશુંક નવું હોય. અને સીધી-સાદી વાત એ છે નવું નવા પાસે હોય, નવી વાતો નવી પેઢી પાસેથી શીખી શકાય. નવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો સાથે પનારો કઈ રીતે પાડવો એ મામલે તો નવી પેઢી પાસેથી શીખી જ શકાય, પરંતુ એ તો નાની બાબત થઈ. વધુ મહત્ત્વની બાબત એ છે કે જૂનું અને ઉપયોગી એવું જ્ઞાન જે રીતે શિક્ષકો પાસે હોય છે અને એ જ્ઞાન શિક્ષકો વિદ્યાર્થીઓને આપી શકે એ જ રીતે નવું જ્ઞાન, નવા વિચારો, નવી સમજ વગેરે નવી પેઢીના દિમાગમાં ઉગવાની શક્યતા વધુ હોય છે. એ બધું શિક્ષકો વિદ્યાર્થીઓ પાસેથી મેળવી શકે.

માનવ સંસ્કૃતિની પ્રગતિનો ઇતિહાસ નવા વિચારો અને નવા ઉન્મેષનો ઇતિહાસ છે. અને સામાન્ય રીતે જૂનો

ચીલો ચાતરીને નવા માર્ગ કંડારવાના કામોમાં નવી પેઢી હંમેશાં આગળ રહેતી હોય છે. એટલે, 'વિદ્યાર્થીઓ તો હજુ ઊગીને ઊભા થતા હોય છે, એમને વળી શી ખબર પડે?' 'એ અમારી પાસે ભણવા આવે છે, અમે તેની પાસે ભણવા નથી જતા' એવો અભિગમ ત્યજીને જો શિક્ષક નવા-તાજા વિચારો અને અભિગમો મેળવવાનો અભિગમ કેળવે તો તે ઘણું બધું મેળવી શકે તેના વિદ્યાર્થી-ગુરુ પાસેથી.

બીજી વાતઃ ઉંમર અને અનુભવ વધવાની સાથે માણસ વધુ સંસ્કારબદ્ધ(કન્ડિશન્ડ) થતો જાય છે, તેના પૂર્વાગ્રહો વધુ દૃઢ થતા જાય છે અને સામાન્ય રીતે તેનામાં થાક, કડવાશ, નિરાશા પણ વધે છે. આવામાં, બિનજરૂરી બોજથી મુક્ત એવી નવી પેઢીની લવચિકતા અને સ્ફૂર્તિનો 'ચેપ' શિક્ષકો મેળવી શકે. સાવ સાદો દાખલો લઈએ. માની લો કે કોઈ અત્યંત સુંદર પ્રાકૃતિક સ્થળના પ્રવાસે શાળા કે કૉલેજની ટીમ ગઈ છે. એ સ્થળે જ્યારે સૂર્યોદય કે સૂર્યાસ્ત કે હિમાચ્છાદિત શિખરનો અફલાતૂન નજારો જોવા મળે ત્યારે એ દૃશ્યને બોજમુક્ત તથા 'સ્વચ્છ' નજરે જોવાની ક્ષમતા વિદ્યાર્થીઓમાં સામાન્ય રીતે વધુ જ હોવાની. બીજી તરફ, આપણે બધા વડીલો આવા મામલે પ્રમાણમાં ઓછા ઉત્સાહી હોઈએ છીએ. જીવનમાં સતત સામાજિક, આર્થિક, રાજકીય વગેરે બાબતોમાં અટવાયેલું રહેતું આપણું મન એ તો જાણતું હોય છે કે જગત કેટલું ખરાબ છે, પરંતુ સાથોસાથ જગત કેટલું સુંદર છે એ જોવાની કળા આપણી અંદરથી લુપ્ત થતી જાય છે. આ મરતી આવડતને પુનર્જીવિત, નવપલ્લવિત કરવામાં નવી પેઢી એટલે કે વિદ્યાર્થીઓ સહાયક નિવડી શકે. ક્યાંક કશુંક સુંદર હોય તો તેને પારખવામાં અને માણવામાં વિદ્યાર્થીઓ અગ્રેસર હોઈ શકે. સુખને શોધી કાઢવાની તેમ જ તેને જોશભેર ઉજવવાની ક્ષમતા નવી પેઢીમાં વધુ હોય છે. તેમનાં કિલ્લોલ, કિલકારી, કિકિયારી શિક્ષકમાં પણ સ્ફૂર્તિ અને ઉમંગ પ્રેરી શકે. યુવા પેઢીનાં યૌવન-ઉલ્લાસ-ઉત્સાહનો સતત ચેપ લાગતો રહેવાને કારણે શિક્ષકો ઉંમર વધવા છતાં થાક-કંટાળો-હતાશા-નકારાત્મકતા વગેરેથી કંઈક અંશે બચી શકે. એટલે જ તો અન્ય વ્યવસાયીઓ કરતાં વિદ્યાર્થીઓથી ઘેરાયેલા રહેતા અને ખાસ તો વિદ્યાર્થીઓને વહાલા હોય તેવા શિક્ષકો મોટી ઉંમર સુધી હોંશીલા-જોશીલા રહી શકતા હોવાનું સામાન્ય રીતે જોવા મળતું હોય છે.

ત્રીજી વાતઃ જમાનો ખરાબ છે એ વિધાન આમ તો ચવાઈને ચુથ્થો થયેલું છે, પરંતુ હાલના યુગ વિશે, ખાસ તો છેલ્લા લગભગ બે-ત્રણ દાયકા વિશે ચોક્કસપણે એવું કહી શકાય કે શિક્ષકોનું જીવન અગાઉ કરતાં ઘણું વધારે કપરું બન્યું છે. શિક્ષણનું બેફામ ખાનગીકરણ, સરકારી શિક્ષકો પર વધેલું બિનશૈક્ષણિક કાર્યોનું ભારણ, ગેમિંગ ઍપ્સની વિદ્યાર્થીઓ પર વધેલી પકડ, ઇન્ટરનેટ-મોબાઇલ-કમ્પ્યૂટરની મદદથી અપાતું ઓનલાઇન શિક્ષણ, 'વોટ્સએપ યુનિવર્સિટી' દ્વારા પૂરની માફક વહેતું અનિયંત્રિત અને બેજવાબદાર ઘડતર, કોરોનાને લીધે સળંગ દોઢથી પણ વધુ વર્ષ સુધી વિદ્યાર્થીઓનું શાળાથી દૂર રહેવું, શિક્ષણ જેવી સાદી-પવિત્ર પ્રવૃત્તિ પર પેચીદા-ડહોળાયેલા રાજકારણનો વધતો પ્રભાવ, શિક્ષણમાં અતિ ઊંચા અને અતિ નીચા પગારો વચ્ચે પહોળી થઈ રહેલી ખાઈ... આ યાદી હજુ ઘણી વધારે લંબાવી શકાય.

આવામાં, નવા યુગના ઢગલાબંધ પડકારોથી ઘેરાયેલા શિક્ષકોએ સમજવા જેવી એક વાત એ છે કે પડકારોનો અસરકારક રીતે મુકાલબો કરવાની શક્તિ અને શૈલીના મામલે વિદ્યાર્થીઓ વડીલો કરતાં વધુ સક્ષમ હોય છે. તમે જ કહો, શું બાળકો સામેના પડકારો ઓછા હોય છે? એ ભલે વડીલો દ્વારા સુરક્ષિત હોય છે અને તેના પર ઘર ચલાવવાની, કમાવાની વગેરે જવાબદારીઓ નથી હોતી, પરંતુ તેના પર બોજ ઓછો નથી હોતો. આજના યુગમાં તો વિશેષરૂપે એવું જોવા મળી રહ્યું છે કે બાળકો પાસે અવકાશ ઘણો ઓછો હોય છે. સ્કૂલવર્ક, હોમવર્ક, એક્ટિવિટીઝ, હોબી ક્લાસિસ... વગેરે બધાના સરવાળે બાળકોનું સમયપત્રક એકદમ ગીચોગીચ હોય છે. અને છતાં, મોટા

ભાગના કિસ્સાઓમાં બાળકો પોતાની હળવાશ જાળવી શકે છે, તે ડિપ્રેશનમાં નથી સરી પડતાં, સમસ્યા વિશેના અતિ-ચિંતનની વડીલસહજ નબળાઈ બાળકોમાં નથી હોતી. ભૂતકાળને વાગોળ્યા કરવાનું અને ભવિષ્ય વિશે ઝાઝી ફિકર કરવાનું વિદ્યાર્થીઓની ફિતરતમાં નથી હોતું. પરિણામે, તેઓ વર્તમાન પળમાં વધુ સારી રીતે ઓતપ્રોત થઈ શકે છે. તે પળવારમાં ગિયર બદલી શકે છે. તે સતત કાર્યબોજના ચિંતન હેઠળ કચડાતાં નથી. સરવાળે, આજના યુગનાં બાળકો જે રીતે મોકળા અને નફિકરા બાળપણના તેમના મૂળભૂત અધિકારથી વંચિત રહેવા છતાં બદલાયેલા યુગ સાથે, વધી પડેલા પડકારો સામે જે રીતે ઝીંક ઝીલે છે તેમાંથી બાળકોની માફક જ બદલાયેલા યુગની પીડા વેઠી રહેલા 'સમદુખિયા' વડીલો ઘણું શીખી શકે તેમ છે.

ટૂંકમાં, (૧) તમામ દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ અને (૨) સા વિદ્યા યા વિમુક્તેય – જે મુક્તિ અપાવે તે વિદ્યા. આ બે સૂત્રોને જીવનમાં ઉતારીએ તો વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષકોને અનેક શુભ વિચારો પ્રાપ્ત થઈ શકે અને બંધનોમાં જકડાયેલા, પડકારોથી કચડાયેલા શિક્ષકોને મુક્તિ-મોકળાશ અપાવતી વિદ્યા વિદ્યાર્થીઓ પાસેથી પણ સાંપડી શકે.

આ બે મુદ્દા વિશે જે કંઈ થોડુંઘણું સૂઝ્યું તે અહીં લખ્યું છે. લખાણની કેટલીક મર્યાદાઓ વિશે સભાન છું: (૧) અહીં નોંધ્યું છે તે સિવાયનું પણ ઘણું શીખી શકાય. (૨) બધા વિદ્યાર્થીઓ બધી રીતે ગુરુ-પદે સ્થાપી શકાય તેવા નથી હોતા. (૩) અહીં જે લખ્યું છે તે બધું બધી જ રીતે સાચું છે એવો દાવો થઈ શકે નહીં.

આ લેખ ગુરુ દત્તાત્રેય જેવી શિષ્ય-વૃત્તિ કેળવીને વિદ્યાર્થીને ગુરુપદે સ્થાપવાની શક્યતા ફંફોસવાનો એક પ્રયાસ માત્ર છે.

અસ્તુ.

(દિપક સોલિયાઃ પ્રશ્નોને મૌલિક રીતે જોનારા, ઊંડા અભ્યાસી, સ્વસ્થ વિચારક
સી/0 દીપન દેસાઈ, 601-મનીષા એપાર્ટમેન્ટ, લેન્ડમાર્ક બિલ્ડીંગ સામે, મહાતાર પાડા, અમ્બોલી, અન્ધેરી(ઉ), મુંબઈ, 400058, મો.9324759052
ઈમેઈલ : dipaksoliya@gmail.com)

નઈ તાલીમના ઉદ્દેશો

- સાર્વત્રિક શિક્ષણ
- આર્થિક, સામાજિક, માનસિક સ્વાવલંબનની કેળવણી
- શરીર, મન અને આત્માનો વિકાસ
- કલ્યાણકારી લોકોપયોગી કાર્ય માટે જ્ઞાનપ્રાપ્તિ
- તમામ પ્રકારના દાસત્વમાંથી મુક્તિ
- આત્મસાક્ષાત્કાર દ્વારા વાણી, વર્તન અને વ્યવહારમાં સંસ્કારિકતાનું સિંચન
- સંસ્કૃતિનું જતન અને પ્રકૃતિનું સંરક્ષણ
- શ્રમિકો પ્રત્યે આદર જન્માવી જીવનમાં જ્ઞાન અને કર્મનો સમન્વય સાધવો
- લોકોને દેશાભિમાન જગાડી સ્વદેશી બનાવટોના આગ્રહી કરવા.
- જીવનને શ્રદ્ધા, સંવેદના, અનુકંપા અને કરુણામય બનાવવું
- સત્ય અને અહિંસાનો તમામ ક્ષેત્રે અમલ-સ્વીકાર

# ૧૫. સ્વાયત્ત શિક્ષણના લાભાલાભ

રણછોડ શાહ

જરા તું મારી ઉપર ભરોસો રાખીને તો જો,
શું કામ આ વારે વારે મોકલાવે છે ફિરસ્તાઓ?
સમંદરપારના પંખીને તું દે છે કયો નકશો?
છતાં એ ગોતી લે છે, એની રીતે, એના રસ્તાઓ.
— ઉદયન ઠક્કર

શિક્ષણ પ્રત્યેક યુગમાં પરિવર્તનશીલ, પ્રગતિકારક અને ચર્ચાસ્પદ રહ્યું છે. દેશ અને દુનિયાના તમામ લોકો શિક્ષણ સાથે ઓછાવત્તા અંશે સતત સંલગ્ન રહ્યા છે. શિક્ષણની સીધી અસર અંગત તથા જાહેર જીવન ઉપર હંમેશાં થતી રહી હોવાથી તે અંગે વિવિધ મંતવ્યો, અભિપ્રાયો અને સૂચનો હોય તે સ્વાભાવિક છે. જે મુદ્દો સર્વને લાગુ પડતો હોય તે બાબતે સૌ એકમત હોય તેવું ભાગ્યે જ બને. તે અંગે જુદાજુદા વિચારો રજૂ થતા રહેવાના. શરૂઆતમાં બહુમતી જે બાબતે સર્વસંમત હોય તેમાંથી કેટલાક બીજી જ ક્ષણે અસંમત હોય તેવું બને. શિક્ષણની વિભાવના અને વ્યવસ્થા પણ સમયે સમયે બદલાતી હોય છે. ભૂતકાળમાં શિષ્ય ગુરુને ઘેર જઈને અભ્યાસ કરતો, ત્યાંથી શિક્ષક વિદ્યાર્થીને ઘેર જઈને શિક્ષણ આપતા થયા એટલે લગભગ શીર્ષાસન જેવી પરિસ્થિતિ આજે સમાજમાં પેદા થઈ ગયાનું સ્પષ્ટ નજરે પડે છે! વર્ષો પહેલાં બાળકોને ભણાવવાનો ખર્ચ નગણ્ય આવતો હતો, ત્યાંથી શરૂ કરીને લાખો રૂપિયા સુધી ખર્ચનું અંદાજપત્ર પહોંચી ગયું. વૃક્ષ નીચે ચાલતી શાળામાંથી ફાઈવ સ્ટાર હોટેલ જેવી સુવિધાસભર શાળાઓ અસ્તિત્વમાં આવી ચૂકી. અરે! ગઈ સદી સુધી ગ્રામ્ય કે શહેરી વિસ્તારોમાં અત્યંત સાદી અને સામાન્ય મકાન ધરાવતી શાળાઓ વર્તમાન સદીમાં અદૃશ્ય થઈ ગઈ. અત્યંત સાદાં વસ્ત્રોમાં પરિધાનિત વિદ્યાર્થીઓ નજરે પડતા હતા તે આજે સૂટ–બૂટ અને જેકેટમાં દેખાવવા માંડયા. કેટલીક શાળાઓમાં તો સપ્તાહમાં બે કે ત્રણ પ્રકારના અલગ અલગ ગણવેશ પહેરતા વિદ્યાર્થીઓ પણ છે. લગભગ પુસ્તકો બાબતે પણ આવું જ થયું. સાદાં, સરળ અને સસ્તાં પુસ્તકોને બદલે કિંમતી, આકર્ષક અને દળદાર પુસ્તકોથી અભ્યાસ કરતો વિદ્યાર્થી નજરે પડે છે. પાલકને મોઘું એટલું સારું લાગવા માંડતાં શિક્ષણ ક્ષેત્રે બેમર્યાદ ખર્ચ થવા લાગ્યો છે.

શિક્ષણના વહીવટ બાબતે પણ અનેક પરિવર્તનો આવી ગયાં. લગભગ અડધી સદી પહેલાં ગામના શ્રેષ્ઠીઓ પોતાના ગામના વિદ્યાર્થીઓ શિક્ષિત થાય તે માટે શિક્ષણની સંસ્થા શરૂ કરતા અને ધર્માદાના સિદ્ધાંત ઉપર તેનું સંચાલન કરવામાં આવતું. આર્થિક વ્યવસ્થા ગામના શ્રેષ્ઠીઓ દાન આપી–મેળવી કરતા. સૌ ગ્રામજનો અને આર્થિક સંપન્ન લોકો તેમાં પોતાનો ફાળો આપી કાંઈક કરી છૂટવાનું ગૌરવ, આનંદ અને સંતોષ અનુભવતા હતા. પહેલાં મોટા ભાગની શાળાઓની આર્થિક જવાબદારી સરકારશ્રીના શિરે હતી. ધીમે ધીમે અને અંતે સરકારે તેમાંથી દૂર થવાનો રસ્તો સ્વીકારી લીધો. વર્તમાન સરકારી શાળાઓ કરતાં ખાનગી શાળાઓની સંખ્યા વધતી નજરે પડે છે. કદાચ બંને વચ્ચે બિનતંદુરસ્ત સ્પર્ધા ચાલે છે. સરકારી અનુદાનિત શાળાના સારસ્વતો જવાબદારી લેવામાંથી દૂર જવાની વૃત્તિ ધરાવતા થયા હોય તેવું ક્યારેક તો દેખાય છે. અલબત્ત, વર્તમાન સમયમાં શિક્ષણને સમર્પિત શિક્ષકો પણ છે, પરંતુ તેનું પ્રમાણ ખૂબ જૂજ છે. તો ખાનગીકરણના નામે શિક્ષણનું, શિક્ષકનું અને વિદ્યાર્થીનું હિત જોવાને બદલે સ્વના લાભ માટે કાર્ય કરતી ખાનગી શિક્ષણ સંસ્થાઓ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળી છે. શાળાને એક ઔદ્યોગિક સંકુલની જેમ નફા–ખોટની નજરે જોવા મંડાઈ છે. શિક્ષણ સેવાનું ક્ષેત્ર રહેવાને બદલે ધંધાકીય સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયું છે. આ રીતે ધીમે ધીમે શિક્ષણની ગુણવત્તા ઘટવા માંડતા એક નવી જ વિભાવના અંગે વિચાર થયો અને તે શિક્ષણનું સ્વાયત્તપણું.

સ્વાયત્ત શબ્દનો અર્થ બહુ સ્પષ્ટ છે. સ્વાયત્તતા એટલે સ્વાધીન એટલે કે સ્વને આધીન. પોતાના નિયમો, પોતાના કાયદાઓ અને પોતાની જવાબદરી, સ્વાધીનતા એટલે સ્વતંત્રતા, સ્વાધીનતા એટલે પોતાનું, પોતા વડે અને પોતા માટેનું એમ કહી શકાય. સ્વાધીન થવું કદાચ એટલું કઠિન નથી જેટલું તેને નિભાવવાનું છે. વ્યક્તિ કે સંસ્થાની સાચી ઓળખણ જયારે તેને સંપૂર્ણ સ્વતંત્રતા મળે ત્યારે તે કેવું વર્તન કરે છે તેના પર તે હોય છે. ઉપરી અધિકારીની ગેરહાજરીમાં કર્મચારીઓ કે કાર્યકરો કેવું વર્તન કરે છે, તેના ઉપરથી વ્યક્તિના વ્યક્તિત્વની માપણી કરી શકાય છે. સંસ્થાના વડાની અનુપસ્થિતિમાં તે કેવી રીતે સંચાલિત થઈ રહી છે કે કાર્ય કરી રહી છે તેના ઉપરથી જ સંસ્થાનું મૂલ્યાંકન કરી શકાય છે. સરકારને એમ લાગ્યું કે શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય તો સંસ્થાઓને સ્વાયત્તતા બક્ષવી જોઈએ. સંસ્થાની કામગીરી, તેની સમાજ સાથેની નિસ્બત, તેની ગુણવત્તા, તેનું નિઃસ્વાર્થીપણું અને તેનું સ્તર જોતા તેને સ્વાયત્ત બનાવવી જઈએ એમ નક્કી થયું. આપણા દેશમાં આ વિભાવનાનો જેટલો વિકાસ થવો જોઈએ તેટલો અત્યાર સુધી તો થયો નથી. પરદેશમાં આ વ્યવસ્થા વધુ પ્રચલિત હોવાથી આપણને પણ તે તરફ જવાનો વિચાર આવતો હોઈ તે તરફ પ્રયાણ થઈ રહ્યું હોય તેમ લાગે છે. આ સંજોગોમાં સ્વાયત્ત શિક્ષણના લાભાલાભ અંગે ચિંતન, મનન, ચર્ચા, સંવાદ, વિચારોની આપ-લે થાય તે આવશ્યક જ નહીં પરંતુ અત્યંત જરૂરી છે.

**સ્વાયત્તતાના લાભઃ**

(૧) સ્વાયત્તતામાં મારું સમાય જાય છે. મને મળેલી સવલતો અને સ્વાતંત્ર્યને મારે વફાદાર રહેવું જોઈએ તેવી ભાવના અને લાગણી પેદા થાય છે. જે મુદ્દો વ્યક્તિના હૃદય સાથે જોડાઈ જતો હોય, તેમાં સમર્પિત ન થાય તો જ નવાઈ. તેમાંથી તેને સંતોષ અને આનંદની પ્રાપ્તિ થતી હોવાથી તેમાં તે સમર્પિત થઈ જાય છે. પોતાનું ઉત્તમ આપવા માટે તમામ પ્રકારના પ્રયત્નો કરતો હોવાથી સંસ્થાના લાભાર્થીઓ ઉત્તમતાને પામે છે, પ્રાપ્ત કરે છે. ગુણવત્તા સર્વોત્તમની કક્ષાએ પહોંચતી હોવાથી વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ મળે છે.

(૨) આવી સંસ્થામાં કાર્ય કરતાં કાર્યકરો પોતાની જાતને ભાગ્યશાળી સમજે છે. સમાજમાં તેની આગવી ઓળખ ઊભી થાય છે. તેઓને મૂલ્યલક્ષી વ્યક્તિઓ તરીકેની ઓળખાણ પ્રાપ્ત થતી હોવાથી તેમના જીવનમાં સંતોષનું પ્રમાણ ખૂબ વધી જાય છે. સમાજ તેમને અગ્રસ્થાને મૂકતો હોવાથી તેઓનો આત્મસંતોષ પરાકાષ્ટાએ પહોંચી જાય છે. તેઓને સુખ, સંતોષ અને શાંતિનો અનુભવ થાય છે.

(૩) આવી સંસ્થાઓમાં કાર્યકરોમાં કર્મચારીપણું નહીં પરંતુ સ્વયંસેવકપણાની ભાવના ખીલે છે, વિકસે છે અને સંસ્થા અને કાર્યને સમર્પિતતા બક્ષતા હોવાથી સમાજને અનન્ય લાભ થાય છે. આવી સંસ્થાના કાર્યકર્તાઓમાં ઊંચી ગુણવત્તા અને પોતાના કાર્યમાં વધારે રસ જોવા મળે છે, જેનો સીધો ફાયદો સમાજને થાય છે.

(૪) સંસ્થાના કાર્યકરોમાં 'હું' નહીં 'અમે'ની ભાવનાનો વિકાસ થાય છે. 'મારું' નહીં 'અમારું' વિકસે છે. અહીંયા વ્યક્તિ નહીં પરંતુ વ્યક્તિઓનો સમૂહ કેન્દ્રસ્થાને હોવાથી આવી સંસ્થાઓનું કલ્ચર અન્યો કરતાં જુદું પડે છે. જાણે અજાણે સૌ સમૂહભાવનાથી કામ કરતાં થઈ જાય છે. આગંતુકને પોતાનામાં સમાવી લેવાની આવડત હોવાથી નવા જોડાનાર પણ સંસ્થાની ફિલસૂફીમાં એકરૂપ થઈ જાયછે. વ્યક્તિવાદી કરતાં સમૂહભાવનાવાળી સંસ્થાઓનું પ્રદાન આગવું, અનોખું, અનન્ય અને સમાજોપયોગી બને તે જેવો તેવો ફાયદો નથી.

(૫) વ્યક્તિને પોતાના કરતાં સંસ્થાનું નામ આગળ વધે તેમાં રસ હોવાથી સમાજને બહુ મોટા પ્રમાણમાં સારી સંસ્થાઓ પ્રાપ્ત થાય છે. આવી સંસ્થાઓ વિશ્વવિખ્યાત બની જાય છે. અમૂલ તેનું ઉત્તમ ઉદાહરણ છે, સંસ્થા જે તે વ્યવસાયની બ્રાન્ડ બની જાય છે.

(૬) અહીં કર્મચારી પસંદ કરવાની સત્તા વ્યવસ્થાપકો પાસે હોવાથી વ્યક્તિની આવડત, જાણકારી, કાર્ય કરવાની તમન્ના, લગાવ, મૂલ્ય વગેરે બાબતો ધ્યાનમાં લેવાયછે. લાગવગ કે અન્ય દૂષણો આવી સંસ્થામાં પ્રવેશી શકતા ન હોવાથી ટકોરાબંધ યુવાનો અહીં કાર્ય કરવામાં ગૌરવ

અનુભવે છે. અહીં વ્યક્તિના ગુણો કેન્દ્રસ્થાને રહેતા હોય છે તેથી સૌ સારું કરવાની સ્પર્ધા કરે છે. બિનતંદુરસ્ત હરીફાઈને સ્થાન હોતું નથી.

(૭) આવી સંસ્થાઓમાં અભ્યાસક્રમો વિશિષ્ટ હોવાથી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમાજમાં અનોખો ચીલો પાડે છે. તેમની મૂલ્યાંકનપદ્ધતિ પણ ચીલાચાલુ કે ઘરેડયુક્ત નહીં પણ વિશિષ્ટ પ્રકારની હોવાથી તેમાંથી ઉત્તીર્ણ થવા માટેનાં ધોરણો અસામાન્ય હોય છે. અમદાવાદની આઈ.આઈ.એમ. અને એન.આઈ.ડી. તેનાં ઉત્તમ ઉદાહરણો છે. લોકભારતી સણોસરામાં અભ્યાસ પ્રાપ્ત કરેલ યુવાન/યુવતી મળે ત્યારે તેમની સંસ્થામાં થયેલું તેમનું ઘડતર ચોક્કસ જ તેમના વર્તનમાં ઊભરી આવે છે. (આ વાત હું સ્વાનુભવે લખું છું.)

(૮) આવી સંસ્થાઓમાં શિક્ષણની પદ્ધતિઓ અલગ હોય છે. શિક્ષણ પ્રયોગશીલ હોય છે. ત્યાંના ગ્રંથાલયો અને પ્રયોગશાળાઓ સતત અપડેટ થતાં હોવાથી આવી સંસ્થાઓમાં સંશોધનનું વાતાવરણ આપમેળે સર્જાય છે. જેથી આવી સંસ્થાઓ જ શિક્ષણની પ્રયોગશાળાઓ બની શકે.

(૯) સ્વાયત્ત શિક્ષણ સંસ્થાઓનું સમાજમાં એક અનોખું સ્થાન હોવાથી દેશ—દુનિયાની મહાન અને નિષ્ણાત વ્યક્તિઓ આવી સંસ્થાઓની અવારનવાર મુલાકાતે આવતી હોય છે. સીધી કે આડકતરી રીતે આ મુલાકાતો તેમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આદર્શ બને છે. સંસ્થાની ગુણવત્તા અને ઊંચાઈ વધારવામાં મુલાકાતીઓનો પણ આગવો ફાળો હોય છે.

ઉપરના જેવા કેટલાક વિશિટ લાભો સ્વાયત્ત સંસ્થાઓને થતા હોવાથી, સ્વાયત્ત શિક્ષણ સંસ્થાઓ શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવી શકશે, તેને ઊર્ધ્વગમન તરફ લઈ જઈ શકશે અને સમાજોપયોગી શિક્ષણ પ્રદાન કરી શકશે તેવી આશા બંધાય છે.

**સ્વાયત્તતાની મર્યાદાઓ :**

કોઈપણ સિક્કો એક બાજુવાળો હોય જ નહીં. તે રીતે કોઈપણ એક પદ્ધતિ કે પરિસ્થિતિ સંપૂર્ણપણે સારી કે ખરાબ હોઈ શકે નહીં. સ્વાયત્ત શૈક્ષણિક સંસ્થાઓના ફાયદા હોય તો કેટલીક મર્યાદાઓ પણ હોવાની જ. તેની નીચેના જેવી મર્યાદાઓ હોઈ શકે.

(૧). સૌ પ્રથમ તો આવી સંસ્થાઓ તૈયાર કરવાનું ખર્ચ ખૂબ જ વધારે આવે છે. વ્યક્તિએ પોતે સંસાધનો ઊભાં કરવાનાં હોવાથી પોતાનું અથવા મેળવી લાવેલ ભંડોળ વાપરવું પડતું હોય છે. વર્તમાનમાં આદર્શ ભૌતિક વ્યવસ્થા ઊભી કરવાનું અકલ્પનીય મોંઘું બની ગયું છે. તેથી શરૂઆતમાં ત્યાગ, સમાજ માટે કાંઈક કરવાની ભાવના, આદર્શ, ઉત્તમ ફિલોસોફી વગેરે જેવા ગુણો પાયામાં હોય તો પણ અમૂક વર્ષો બાદ તેમાં કરેલ મૂડીરોકાણના વળતરનો વિચાર આવવો સ્વાભાવિક છે. કારણ કે આવી સંસ્થાઓ વ્યક્તિકેન્દ્રી એક યા બીજા કારણે બની જાય છે.

(૨) સ્વાયત્ત સંસ્થાઓ પોતાના નિયમો જાતે બનાવે છે. તેઓએ સરકાર કે શૈક્ષણિક બોર્ડ કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નિયમોના આધારે સંચાલન કરવાનું હોતું નથી. શરૂઆતમાં તો નિયમો આદર્શ અને ઉત્તમ હોય છે. પરંતુ આવી સંસ્થાઓએ અપવાદરૂપ સંજોગોમાં છૂટછાટ મૂકવી પડે છે અથવા મૂકે છે. એક વાર નિયમ બહાર જઈને કાર્ય કરવું પડે પછી તે અપવાદરૂપ રહેવાને બદલે ઉદાહરણરૂપ બની જાય છે. ભવિષ્યમાં કોઈપણ સમસ્યા ઊભી થાય ત્યારે તે ઉદાહરણને ટાંકીને રસ્તો કાઢતાં સંસ્થાની શાખને, આબરૂને નુકસાન થાય છે, બટ્ટો લાગે છે. સંસ્થા સમાજમાંથી પ્રતિષ્ઠા ગુમાવે છે તે તો બરાબર પરંતુ સ્વાયત્ત સંસ્થાઓની પરવાનગી આપવી તે નિર્ણય યોગ્ય નથી તેવો સંદેશો સમાજમાં જાય છે. એક સારી સંસ્થા કલંકિત થાય છે.

(૩) સ્વાયત્ત સંસ્થાઓમાં કયારેક મારું, મારે માટે અને મારા વડે થતું હોવાથી વ્યક્તિકેન્દ્રી બની જવાની ઘણી શક્યતાઓ રહેલી છે. વ્યક્તિવાદી નિર્ણયો લેવાઈ જાય તો નિર્ણય લેવામાં કદાચ ઝડપ આવે પરંતુ તેના અમલીકરણમાંથી ગુણવત્તા અદશ્ય થઈ જાય તેવું પણ બને. શરૂઆતમાં નિર્ણય લેનાર સ્વાવલંબી અને સ્વયંશિસ્ત પાળનાર હોય પરંતુ તેને આગળ વધારવામાં આવા ગુણો

ન હોય તો સંસ્થામાંથી શિસ્ત અદશ્ય થઈ જાય. કર્મચારીઓ કામને વેઠ તરીકે જુએ. કર્મચારીઓની નિસ્બત ઓછી થઈ જાય અને જેને કારણે સ્વાયત્તતા આપવામાં આવી હોય તેનો છેદ ઊડી જાય.

(૪) સ્વાયત્ત સંસ્થાઓએ પોતાની ફી, અભ્યાસક્રમ, નિમણૂંક જેવી પાયાની બાબતો જાતે નક્કી કરવાની હોય છે. આવી સંસ્થાના સંચાલકો ધારે તે પ્રમાણે ફી વધારો કરી શકે છે. તેમના ઉપર ફી બાબતે કોઈ નિયંત્રણ હોતું નથી. કદાચ સ્થાપકો આ બાબતે પ્રામાણિક, નિષ્ઠાવાન, ત્યાગની ભાવનાવાળા અને સમાજ માટે કાંઈક કરી છૂટવાની તમન્નાવાળા હોય, પરંતુ નવી પેઢી તેવું ન વિચારતી હોય તો સંસ્થાની ફી મન ફાવે તે રીતે વધારી દે તેવું પણ બને. વળી સમાજમાં સંસ્થાનું આગવું નામ અને કામ હોવાથી નાછૂટકે ગમે તેટલી ઊંચી ફી હોય તો પણ વાલી પ્રવેશ લે. એક સમયે સેવાનું કાર્ય કરતી સંસ્થા ધનપ્રાપ્તિ માટે શરૂ થઈ હોય તેવું બની જાય. સમાજને ભયંકર નુકસાન થાય.

(૫) ક્યારેક નિમણૂંકમાં લાગવગ કે સગાવાદ ચાલે તેવું પણ બને. ક્યારેક નિમણૂંકના ધોરણો ન જળવાય તો બે કર્મચારીઓ વચ્ચે થતાં સંસ્થામાં અસંતોષનું અને બિનતંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ ઊભરી આવે.

(૬) અભ્યાસક્રમનો આધાર તેના બનાવનાર ઉપર હોય. અભ્યાસક્રમ તૈયાર કરનાર તેજસ્વી ન હોય અને મધ્યમ કક્ષાના હોય તો તે સારો ન પણ બને. સામાન્ય કક્ષાનો અભ્યાસક્રમ એટલા માટે પણ બનાવે કે જેથી સામાન્ય કક્ષાના વિદ્યાર્થીઓ પ્રવેશ લે. જેથી સંખ્યામાં વધારો થાય, પરંતુ ગુણવત્તાને ખૂબ મોટી ઠેસ પહોંચે. અભ્યાસક્રમની ઊંચાઈ તેને તૈયાર કરનારની તેજસ્વિતા સાથે જોડાયેલી છે. દરેક વખતે હોશિયાર અને કાર્યદક્ષ કર્મચારીઓ જ પ્રાપ્ત થાય તેવું ન બનતાં સ્વાયત્તતા જેને માટે બક્ષી હોય તે ઉદ્દેશ માર્યો જાય તેવું પણ બને.

(૭) જો સંસ્થાની સર્વોચ્ચ વ્યક્તિનો સ્વભાવ અહંકારી, ગુસ્સાવાળો, સ્વકેન્દ્રી અને એકહથ્થુ સંચાલનવાળો હોય તો સાથીઓ તેમની સામે આવવાનું ટાળે અને ચર્ચામાં ભાગ ન લે. યોગ્ય અને સાચાં સૂચનો આપવાથી દૂર રહે. સરવાળે સંસ્થા સામાન્ય કક્ષાની બની જવાની પણ પૂરેપૂરી સંભાવના રહેલી છે.

શિક્ષણની સ્વાયત્ત સંસ્થામાં જેટલા લાભ છે તેટલા જ ગેરલાભ કે તેની મર્યાદાઓ છે. જો ફાયદા કરતા ગેરફાયદા વધી જાય તો સ્વાયત્તતાને ભયંકર નુકસાન થાય છે. વળી શિક્ષણની સંસ્થાઓનું સંચાલન હંમેશાં એક જ વ્યક્તિના હાથમાં હોતું નથી. કોઈ અજરામર તો છે નહીં. નવી વ્યક્તિ અગાઉના જેટલી જ સમર્પિત, કાર્યદક્ષ, મૂલ્યલક્ષી અને ભાવનાશાળી—લાગણીશીલ ન હોય તો સ્વાયત્તતા અર્થહીન બની જાય છે.

શિક્ષણમાં સ્વાયત્તતાના લાભાલાભની વાત કરવા કરતાં વધારે જરૂર સ્વાયત્તતાની વિભાવનાની સમજણ આપવાની છે. તની વૈજ્ઞાનિક ચર્ચા, સમજણ અને સ્પષ્ટતા શરૂઆતમાં જ થાય તે આવશ્યક અને આવકારદાયક છે. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેનો ભેદ સમજવો પડશે. હિતકર સ્વાયત્તતા અને અહિતકર સ્વાયત્તતા વચ્ચે પણ તેટલો જ ભેદ છે. સ્વાયત્તતા એક રીતે તો ઉત્તમ છે. સ્વાયત્ત સંસ્થાઓ જ શિક્ષણ ક્ષેત્રે નવો ચીલો પાડનાર બની શકે તેવી સંપૂર્ણ શક્યતા છે. આ સંજોગોમાં થોડાંક નિયંત્રણ, નિયમન અને દેખરેખ હેઠળ સ્વાયત્ત સંસ્થાઓને પરવાનગી આપવામાં આવે, સંચાલન કરવામાં આવે તો શિક્ષણમાં સ્વાયત્તપણું એક ઉત્તમ બક્ષિસ પૂરવાર થાય તેવી પૂરી શકયતા છે. શિક્ષણમાં પ્રયોગશીલતા આવકાર્ય જ નહીં, જરૂરી છે તે સંજોગોમાં શિક્ષણમાં સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા વધે તે આવકારદાયક છે.

(રણછોડભાઈ શાહઃ એમેટી સ્કૂલના સ્થાપક, ઉત્તમ આચાર્ય, શિક્ષણના પ્રશ્નોને નિસબતથી ઉકેલનાર અને રજૂ કરનાર.
એમેટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ ભરુચ.
ઈમેઈલ : shahranchhod@yahoo.com
મો.9979861631)

## ૧૬. શિક્ષણમાં સ્વાધ્યાય અને ગ્રહણશીલતાની પ્રક્રિયા

દીપક તેરૈયા

શિક્ષકોની તાલીમ દરમિયાન એક શિક્ષકે ખૂબ રસપ્રદ સવાલ પૂછ્યો... 'વર્ગના બધા જ વિદ્યાર્થીઓને એક સમાન રીતે, એક સરખું જ ભણાવીએ છતાં બધા જ એક સરખું શીખી-સમજી શકતા નથી. આવું શા માટે?'

આ મજાના સવાલ પર તાલીમવર્ગમાં વિશેષ ચર્ચા છેડાઈ. ચર્ચા થોડી લાંબી ચાલી. ચર્ચામાંથી પ્રાપ્ત થયેલાં કેટલાંક મંતવ્યો. અમે વ્હાઈટ બોર્ડ પર નોંધ્યાં, તે પૈકીના કેટલાંક મંતવ્યો આ પ્રમાણે હતાં.

(૧) બધા વિદ્યાર્થીઓની યાદશક્તિ સમાન નથી હોતી. (૨) આપણે ભણાવીએ ત્યારે બધા જ વિદ્યાર્થીઓ સરખી એકાગ્રતાથી નથી શીખતા. (૩) કેટલાક વિદ્યાર્થીઓને તો અમુક વિષયનું નામ આવે ત્યાં જ મન-મગજના દરવાજા બંધ થઈ જાય છે. (૪) એ બધું તો શિક્ષક પર આધારિત છે!!! એ તો શિક્ષકની ભણાવવાની પદ્ધતિ યોગ્ય હોય તો બધા વિદ્યાર્થીઓને યાદ રહી જ જાય. (૫) દરેક વિદ્યાર્થીની ગ્રહણશક્તિ અલગ અલગ હોય છે. (૬) નબળા વિદ્યાર્થી ગમે તેટલું મથીએ નબળા જ રહે છે.

આ બધી જ માન્યતાઓ શિક્ષકોના વર્ષોના અનુભવોના નિચોડ સ્વરૂપે તેઓ કહી રહ્યા હતા, તેવું તેમણે જણાવ્યું. વળી, ચર્ચાનો આ પ્રશ્ન જ સ્વઅધ્યયન અને ગ્રહણશીલતાના શિક્ષકોના વ્યક્તિગત અનુભવો અને વિચારસરણીનું પ્રતિનિધિત્વ કરતા હતા. ઉપરોક્ત એકપણ અવલોકન, માન્યતા કે વિચારને નકારવાનું કોઈ કારણ ન હતું. સૌ પોતપોતાના સ્થાને યોગ્ય હતા. સમગ્ર ચર્ચા દરમિયાન એક શિક્ષકે તેનો અનુભવ રજૂ કર્યો.

પહેલા ધોરણમાં ભણતો પિન્ટુ રીસેસ દરમિયાન રમતાં-રમતાં પડી ગયો. પિન્ટુ રડવા લાગ્યો. મેં તેને તેડી લીધો અને વ્હાલથી પુછ્યું, 'બેટા, તને વાગ્યું?'

પિન્ટુ પ્રતિક્રિયા સ્વરૂપે માત્ર સામે જોઈ રહ્યો, આવું પિન્ટુ સાથે ઘણી વખત બનતું. મેં અનેક વાર અવલોકન કર્યું કે કોઈવાત તેને પૂછવામાં આવે ત્યારે જાણે કે તે સમજી જ નથી શક્યો એવું અનુભવાતું. કેટલાક મહિના પછી મારા ધ્યાને પડ્યું કે, બાળકના શબ્દભંડોળમાં

'વાયગું' હતું અને 'વાગ્યું' ન હતું.

'આયવો' હતું અને 'ઓવ્યો' ન હતું.

'સોરવવું' હતું અને 'ફાવવું' ન હતું.

પોતાના પ્રદેશની 'બોલી'ના ભેદને કારણે બાળક સમજી ન શકે તે સહજ વાત છે. તેને ક્ષમતા કે ગ્રહણશક્તિ સાથે કઈ રીતે જોડી શકાય?

બીજા એક શિક્ષકે પોતાની જ સાથે વિદ્યાર્થીકાળમાં બનેલી ઘટના વિશે વાત કરી. તેમણે જણાવ્યું કે 'વર્ષાઋતુ' વિશે દર વર્ષે, દરેક ધોરણમાં નિબંધ પૂછાતો. મને આ વિષય પ્રિય હોવાથી ત્રીજા-ચોથા ધોરણથી શરૂ કરીને છેક આઠમા નવમા ધોરણ સુધી દરેક વર્ષે મેં 'વર્ષાઋતુ' પર જ નિબંધ લખ્યો. ઉંમર વધવાની સાથે નિબંધની ભાષા વધુ અલંકારિક બનતી ગઈ. લેખનનાં પૃષ્ઠો વધતાં ગયાં. વિદ્યાર્થી તરીકેના એ તમામ વર્ષોનો સામાન્ય અનુભવ એવો રહ્યો કે નિબંધ તપાસનાર શિક્ષકો દર વર્ષે અલગ-અલગ હોવા છતાં, તેમના મૂલ્યાંકનમાં એક બાબત સર્વસામાન્ય રહી. નિબંધમાં 'કોયલ' શબ્દ પર હંમેશા શિક્ષક લાલ પેનથી વર્તુળ કરતા. વર્ષાઋતુમાં વરસાદના કારણે પશુ-પક્ષીઓના આનંદને અભિવ્યક્ત કરતા મારા લેખનમાં 'વરસાદમાં આંનદથી મોર થનગનાટ કરવા લાગ્યા, અને કોયલ ટહૂકાઓ કરી ગીતો ગાવા લાગી.' - આ પ્રકારના વાક્યોમાં 'કોયલ' શબ્દ પર મૂલ્યાંકનકર્તા શિક્ષક દ્વારા લાલ શાહીથી થતું 'કુંડાળું' મને ક્યારેય સમજાતું નહોતું અને કોઈએ સમજાવ્યું પણ ન હતું. પુખ્ત વયે પહોંચ્યા. ઉનાળાની ઋતુ, આંબા પરની કેરી અને કોયલના ટહુકા આ ત્રણેય સાથે જોડાયાં-

અનુભવાયાં ત્યારે સમજાયું કે 'મારી પ્રિય ઋતુ-વર્ષાઋતુ'-ના નિબંધમાં 'કોયલ'ને લાલ કુંડાળામાં કેમ કેદ કરી લેવામાં આવતી હતી. એ શિક્ષકમિત્રએ જણાવ્યું કે, 'ઋતુ, પક્ષી અને નિબંધ-લેખનની લાક્ષણિકતાઓ અને આ ત્રણેયનો સમન્વય સમજતાં મને વર્ષો લાગ્યાં.'

ફેસેલીટેટર તરીકે હવે સમગ્ર ચર્ચાનો દોર અમે સંભાળ્યો.

'ગ્રહણશક્તિ ઓછી-વધુ હોય કે જુદી-જુદી હોય?' આ 'ટાસ્ક ક્વેશ્ચન' સાથે અમે તાલીમાર્થી શિક્ષકોને નાના જૂથમાં બેસાડી FGD (Focused Group Discussion)માં જોડ્યા. પરિણામસ્વરૂપે એવું બન્યું કે સામાન્ય ચર્ચા દરમિયાન શિક્ષકોના અભિપ્રાયોનો સૂર ગ્રહણશક્તિ ઓછી-વધુ હોય તે તરફનો હતો. પરંતુ FGDના અંતે શિક્ષકોનો સહિયારો સૂર ગ્રહણશક્તિનું સ્વરૂપ જુદું-જુદું હોય છે, ઓછું-વધુ નહીં - તેવો થયો.

શિક્ષક તાલીમના ફેસેલીટેશનનો ઉપરોક્ત અનુભવ એ આ લેખનું મુખ્ય વિચારબિંદુ છે. શિક્ષણ અને કેળવણીની પ્રક્રિયામાં સ્વઅધ્યયન અને ગ્રહણશીલતાના પાયાનાં મૂલ્યો અને તથ્યો શિક્ષણ પ્રવિધિઓ અને શિક્ષકની પ્રયોગશીલતા સાથે ખૂબ નિકટતાથી જોડાયેલાં છે.

આ લેખ સ્વઅધ્યયનશીલતા અને ગ્રહણશીલતાની ક્ષિતિજો વિસ્તારતા કેટલાક મુદ્દાઓ ધ્યાને મૂકવા છે.

૧. શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ વિષય મૂકે છે, ઉઘાડે છે અને વિસ્તારે છે. પણ વિદ્યાર્થી તે વિષયને કઈ રીતે ઝીલે છે, સ્વીકારે છે અને વિસ્તારે છે એ બંને તદ્દન જુદા આયામો છે. માત્ર વિષયવસ્તુ ભણાવી દઈએ એટલે શિક્ષક તરીકે કાર્ય પૂર્ણ નથી થતું; પરંતુ વિદ્યાર્થીઓ પોતાની વિશિષ્ટ અધ્યયનશીલતા દ્વારા વિષયને કેટલો ઝીલ્યો, સ્વીકાર્યો અને વિસ્તાર્યો છે-એ સમજવું અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે.

કૉલેજના વિદ્યાર્થીઓને ભણાવતી વખતે આંતરિક પરીક્ષાના ગુણાંકનમાં વર્ગમાં હાજરીના પાંચ ગુણ સામે માતા-પિતા પ્રત્યે પોતાનો પ્રેમ-આદર અભિવ્યક્ત કરવાનો પ્રોજેક્ટ આપ્યો. ખૂબ જ પ્રેરણાદાયી પરિણામો પ્રાપ્ત થયાં. વર્ગખંડમાં હાજરી પણ વધી. રસ-રુચિ, એકાગ્રતા અને ગ્રહણશીલતા પણ વધ્યાં. વિષય મુકાયો, વિદ્યાર્થીઓને પ્રેરક પડકાર મળ્યો, અનુભવ થયો, ગ્રહણ થયો અને વર્ષો સુધી જ્યારે પણ આ વિષય પરત્વે સ્વઅધ્યયન થાય ત્યારે એ જ અનુભવ તરો-તાજા થાય.

૨. Exposure, Experience, Enrichment, – અને Enlightenmentના આ ચાર દૃષ્ટિકોણ સ્વઅધ્યયન અને ગ્રહણશીલતા માટે દીવાદાંડી સમાન છે.

૩. વિદ્યાર્થીઓની એકાગ્રતા, ગ્રહણશીલતા અને પરીક્ષણના માપદંડને પુનઃ પુનઃ તપાસતા રહેવાની અને તેમાં નવાચાર કરતા રહેવાની ખૂબ જરૂર છે.

૪. શિક્ષણમાં સ્વઅધ્યયન અને ગ્રહણશીલતાના સંદર્ભને વધુ સમજવા માટે Kolb's learning cycleનો સંદર્ભ શિક્ષકોને ખૂબ ઉપયોગી નીવડી શકે. વિદ્યાર્થીના શીખવાના પસંદગી ક્રમો (Learning Preference)ની ઊંડી સમજ વર્ગખંડના બધા જ પરિણામો અને પરિમાણ બદલી શકે છે.

સંદર્ભઃ https//g.co/kgs/hu:zxu

૫. છેલ્લે તાલીમ અને કેળવણીની પવિત્ર પ્રક્રિયાના સાધક તરીકે એક સ્વપ્ન વર્ષોથી સેવ્યું છે. શાળા-મહાશાળાઓમાં થતી શિક્ષણની પ્રક્રિયાનું વહેણ(flow) જ્ઞાન-કૌશલ્ય-વલણ(Knowledge - Skills - Attitude)ના બદલે વલણ-કૌશલ્ય-જ્ઞાન(Attitude – Skills – Knowledge) એમ ઉલટું વહેવડાવીએ તો? K-S-A ના બદલે A-S-K If ASK Becomes TASK તો સ્વઅધ્યયન અને ગ્રહણશીલતાના મુદ્દે ધાર્યા પરિવર્તનો અને પરિણામો પ્રાપ્ત કરી શકાશે.

(દીપક તેરૈયાઃ ઉત્તમ અધ્યાપક, અસરકારક ટ્રેઈનર, જાગૃત અભ્યાસી,
ઉમા+દીપક 'ઉદ્દીપક' : સી-303, મારૂતિ મેગ્નમ, સીટી પલ્સ, મલ્ટીપ્લેક્સ રોડ, રાંદેસણ, ગાંધીનગર, 384h6
ઈમેઈલ : uddeepak@yahoo.in,
મો.9925709612)

## ૧૭. સ્વનિર્ભર શિક્ષણસંસ્થાઓ : હેતુ, જરૂરિયાત, પડકારો

મિતા ઝવેરી, આદિત્ય દેવાંગ ઝાલા

આ વિષય ઉપર લખવાનું નક્કી કર્યું ત્યારે, સૌથી પહેલાં સ્વનિર્ભર શાળાઓની જેમ મનમાં વિચારો ફૂટવા માંડ્યા! અનેક શાળાઓની વેબસાઈટ ઉપર વાંચવા મળતા 'મિશન સ્ટેટમેન્ટ' હેતુઓ, વાલીઓ વચ્ચે ચર્ચાતી જરૂરિયાતો અને સંચાલકોના મુખે સાંભળેલા તથા છાપાંઓમાં વાંચેલા પડકારો-આ બધું જાણે પડઘાવા માંડ્યું.

લખવાનું શરૂ કર્યું એટલે ખ્યાલ આવ્યો કે આ જે કંઈ પણ વિચારો સ્વરૂપે આવતું હતું, એ તો ઉપરછલ્લી બાબતો જ હતી. આનાં મૂળિયાં તો ખૂબ જ ઊંડે છે!

પૌરાણિક કાળમાં ગુરુઓ પાસેથી 'જ્ઞાન' મળતું. મધ્યકાલીન યુગમાં આચાર્ય પાસેથી 'વિદ્યા' પ્રાપ્ત થતી. જ્ઞાનપ્રાપ્તિ એ ધર્મ અને આધ્યાત્મનો વિષય છે એવી માન્યતા પ્રચલિત હોવાથી, બહુ ઓછાં લોકો એ તરફ વળતાં કે બહુ ઓછાં લોકોની એ માટેની પાત્રતા મનાતી. વિદ્યાપ્રાપ્તિ માટે પણ રાજઘરાના કે અમુક ચોક્કસ વર્ગને જ અનુમતિ હતી.

અર્વાચીન યુગમાં રાજકીય અને સામાજિક સ્વતંત્રતા માટે જરૂરી એવા લોકશિક્ષણની જરૂરિયાત પ્રબળ બની. સર્વનો વિકાસ થાય એ હેતુ સાથે જરા હળવો એવો 'શિક્ષણ' શબ્દ પ્રચલિત થયો અને સર્વને માટે સુલભ થાય એવા શિક્ષણના પ્રયાસો શરૂ થયા.

હવે શિક્ષણની વ્યવસ્થા કરે કોણ? એ અંગે વિચારણા શરૂ થઈ. વિશ્વભરમાં અનેક મતમતાંતરો પ્રવર્તમાન હતા. રાષ્ટ્રવાદીઓ કહેતાં કે, રાજય સર્વોપરી અને સહુથી વધુ સક્ષમ હોય તેથી રજય દ્વારા શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય એ હિતાવહ ગણાય. બીજો મત એ હતો કે, રાજયની જવાબદારી માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની જ છે. તો વળી, એક મત એવો પણ ખરો કે રાજયની જવાબદારી કાયદો-વ્યવસ્થા જાળવવા ઉપરાંત શિક્ષણની પણ છે. સમાજચિંતકોને ચિંતા એ હતી કે, જો રાજય દ્વારા શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય તો રાજય જેવાં ઇચ્છે તેવાં જ, એક સરખાં, બીબાઢાળ લોકો ઘડશે. રાજયનો એકાંગી વિકાસ થાય, તો ક્યાંક સરમુખત્યારશાહી માનસિકતા વિકસે તો ક્યાંક નોકરશાહી માનસિકતા વિકસે. આ બંને માનસિકતા સમગ્ર સમાજ માટે ચિંતાજનક કે આફતરૂપ નીવડે. તેથી, શિક્ષણ એ રાજયની જવાબદારી નહીં પણ સમાજની જવાબદારી હોવી ઘટે.

આપણે ત્યાં, ગાંધીજીએ વ્યક્તિને પાયાનું શિક્ષણ મળી રહે તેમ જ વ્યક્તિનો એક પૂર્ણ માનવ તરીકે વિકાસ થાય અને એ દ્વારા સમાજનો યોગ્ય વિકાસ થાય, એ માટે શ્રમ અને ઉદ્યોગને કેન્દ્રમાં રાખીને સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓના વિચારને વેગ આપ્યો. સ્વનિર્ભર સંસ્થા એટલે, રાજ્ય/સરકાર પાસેથી કોઈપણ પ્રકારની નિયમિત આર્થિક સહાય લીધા વગર પોતાનો ખર્ચ પોતે જ કાઢી લેતી સંસ્થા. ગાંધીજીના વિચારો મુજબ નઈ તાલીમની આવી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓએ ઉદ્યોગની આવકમાંથી જ સંસ્થાનો ખર્ચ કાઢવાનો હતો. 'શિક્ષણ સ્વતંત્ર જ હોવું જોઈએ' એવો દૃઢ મત ધરાવતા આચાર્ય વિનોબાજી કહેતાં કે, 'જો જરૂર પડે તો, શિક્ષણ અંગેની સ્વતંત્રતાને અકબંધ રાખીને રાજ્યનો આર્થિક સહયોગ લેવો જોઈએ.' આમ, આચાર્ય વિનોબાજીએ યોગ, ઉદ્યોગ અને સહયોગ થકી ગાંધીજીના સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓના વિચાર અને રાજ્યના માત્ર આર્થિક સહયોગના સ્વીકાર દ્વારા મધ્યકાલીન આચાર્ય પરંપરાને સમર્થન આપ્યું.

ગાંધી, વિનોબા કે કોઈપણ વ્યક્તિવાદી ચિંતકનો

સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ પાછળનો એક માત્ર હેતુ હતો, વ્યક્તિનો 'પૂર્ણ માનવ' તરીકેનો વિકાસ. જીવનમાં મૂલ્યોનું મહત્ત્વ સમજી, એ પ્રમાણે આચરણ કરે એવાં 'માનવી'નું ઘડતર કરવા માટે મૂલ્યોનું આચરણ કરતાં હોય એવા શિક્ષકો દ્વારા શિક્ષણ અપાય તે જરૂરી હતું. સાથે સાથે જે તે સમયની માંગ મુજબ, સમાજના યોગ્ય વિકાસ માટે ઉપયોગી મૂલ્યોનું આરોપણ કરી શકાય એવા વિષયોની પસંદગી પણ જે તે સંસ્થા જાતે કરે તે જરૂરી હતું.

આજે કંઈ કેટલીય શૈક્ષણિક સંસ્થાઓને રાજ્યનો હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી. જેના બે મુખ્ય હેતુઓ હોય છે. એક, આર્થિક ઉપાર્જન અને બીજો, વ્યક્તિનો સર્વાંગી વિકાસ. જે શૈક્ષણિક સંસ્થાઓ માત્ર આર્થિક ઉપાર્જનને જ મહત્ત્વ આપે છે તેની શિક્ષણ સાથેની નિસ્બત અંગે જ મોટો પ્રશ્નાર્થ ઊભો થાય છે. પણ, જે શૈક્ષણિક સંસ્થાઓ 'સર્વાંગી વિકાસ'ના હેતુ સાથે આગળ આવે છે એવી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓની સમાજને ઘણી જરૂર છે. આવી સંસ્થાઓ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને મૂલ્યશિક્ષણ માટે મથે છે. વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસ, પારિવારિક પોષણ ઉપરાંત સમાજ ઉપયોગી કળા અને કૌશલ્યો ખીલે એ માટે વ્યવસાયલક્ષી અને વ્યવહારલક્ષી બન્ને શિક્ષણ આપવા સતત પ્રયત્નશીલ રહે છે. આ માટે એવા જ, દરેક વિષય અને જીવન વ્યવહારમાં પારંગત શિક્ષકોની નિમણૂંક કરી, તેમને પૂર્ણ સ્વતંત્રતા આપે છે. ત્યારે મળે છે આપણને 'માનવ.'

આપણા દેશમાં આઝાદી પહેલાંનાં સમયમાં કેટલીક શાળાઓ સમાજના ચોક્કસ વર્ગના હિતને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી હતી, તો કેટલીક શાળાઓ જે-તે સમયની કેળવણીના સામાન્ય પ્રવાહ કરતાં જુદી જ વિચારધારાને અનુસરીને શરૂ કરવામાં આવી હતી. વખત જતાં મોટા ભાગની બધી સંસ્થાઓએ આઝાદ ભારતની સરકાર હેઠળ માન્યતા પ્રાપ્ત કરી અને સમય પ્રમાણે અનુકૂલન સાધીને પોતપોતાનું અસ્તિત્વ વિકસાવ્યું અને/અથવા જાળવી રાખ્યું. લગભગ ૮૦ના દાયકામાં ઔદ્યોગિક વિકાસે હરણફાળ ભરી અને એની પાછળ-પાછળ શહેરીકરણ પણ વધ્યું. વધતી વસ્તી, ગામડાંઓનું શહેરોમાં થતું વિલીનીકરણ અને ભૌતિકવાદનું વૈશ્વિકરણ-આ બધાં પરિબળોને કારણે મધ્યમવર્ગીય માતા-પિતાનાં સ્વપ્નોએ પણ ઉડાન ભરી અને પોતાનાં બાળકોને અક્ષરજ્ઞાનથી શિક્ષણ અને શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ ભણી લઈ જવા કમર કસી અને પરિણામ? સરકારી શાળા કરતાં વધુ માળખાગત સુવિધા અને એ માટે થોડી વધુ ફી સાથે શિક્ષણ આપતી શાળાઓનો ઉદ્‌ભવ. ૯૦ના દાયકામાં ઘણી સ્વનિર્ભર શાળાઓની શરૂઆત થઈ, તો ૨૧મી સદીના પહેલા દાયકામાં આ શાળાઓ વિકસી. ૨૦૧૯ના આંકડા મુજબ દેશનાં કુલ બાળકો પૈકી લગભગ ૫૦% બાળકો આશરે ૪.૫ લાખ જેટલી સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ કરી રહ્યાં છે અને આ ક્ષેત્રનો દેશનાં અર્થતંત્રમાં આશરે ૧.૭૫ લાખ કરોડ રૂપિયાનો વાર્ષિક હિસ્સો છે!

આંકડાઓ વાંચીને કદાચ એમ થશે કે 'શિક્ષણને તો ધંધો બનાવી દીધો છે, આ સ્વનિર્ભર શાળાઓએ! અધધધ રૂપિયા! માલેતુજારોને જ પોસાય આવી બધી નિશાળ... આ ફી... ને તે ફી...' ને વગેરે વગેરે. જરા થોભો! આગળનો ફકરો ફરીથી વાંચો. કોઈ ખાસ શબ્દ દેખાયો? હા, એ જ... 'મધ્યમવર્ગીય'. જેમ બીજાં બધાં ક્ષેત્રોના વિકાસમાં દેશના મધ્યમવર્ગનો ફાળો છે, એવી જ રીતે સ્વનિર્ભર શાળાઓની વૃદ્ધિ અને વિકાસમાં પણ મધ્યમવર્ગનો ફાળો બહુ મોટો છે. એક અભ્યાસ પ્રમાણે સ્વનિર્ભર શાળાઓમાં ભણતા કુલ વિદ્યાર્થીઓમાંથી ૭૦% બાળકો તો એવાં છે જેમની ફી ૧૦૦૦/- કરતાં ઓછી છે. ૨૧% બાળકોની માસિક ફી રૂપિયા ૧૦૦૦/-થી ૨૦૦૦/- વચ્ચે છે અને માત્ર ૯% બાળકોનાં વાલીઓ મહિને ૨૦૦૦/- કરતાં વધુ ફી ભરી રહ્યાં છે! સ્વાભાવિક છે કે અખબારોમાં, ટી.વી.માં, રેડિયો ઉપર કે હોર્ડિંગ્ઝમાં દેખાતી જાહેરાતો તો કદાચ પેલી ૯% વિદ્યાર્થીઓ ધરાવતી શાળાની જ હશે અને એટલે એ યાદ પણ વધુ રહેતી હોય એમ બને.

પણ બીજા ૯૦-૯૧% જેટલા વિદ્યાર્થીઓને જો ગુણવત્તા અને સુવિધાયુક્ત શિક્ષણ કોઈ આપતું હોય, તો એ આ સ્વનિર્ભર સંસ્થાઓ જ છે. એટલે વગર વિચાર્યે ન્યાયધીશ બનીને એમને 'ધંધાદારી' ગણવા કે પછી એમની જરૂરિયાત અને સમસ્યાઓને અવગણવી એ તો બહુ મોટી ભૂલ ગણાશે.

સિક્કાને બે બાજુ હોય એમ, સમય જતાં કે સમય બદલાતાં, ભૌતિકવાદને કારણે વધેલી ઝાકમઝોળથી અંજાયેલી આંખોએ શિક્ષણ માટેની સમજને ગ્રહણ લગાડ્યું છે. શિક્ષણ અંગેની સમજ બદલાતી ગઈ છે. ક્યાંક વાલીઓએ અણસમજમાં અયોગ્ય માંગ શરૂ કરી, તો ક્યાંક સંચાલકોએ આ માંગને પહોંચી વળવા પોતાની સમજ બદલી.

પરિણામે ક્યાંક બદલાયેલી સમજને પરિપૂર્ણ કરવા, તો ક્યાંક ટકી રહેવા માટે શૈક્ષણિક સંસ્થાઓ સંસ્કાર સિંચનની સંસ્થાને બદલે દેખાડાઓનો અખાડો બનવા લાગી. આ નવી ઉદ્ભવેલી માંગને અવસર ગણી કેટલીક ધંધાદારી શૈક્ષણિક સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી અને શૈક્ષણિક સંસ્થાની સફળતાનો માપદંડ જ બદલાઈ ગયો!!! કેટલા વિદ્યાર્થી આઈ.આઈ.ટી.માં ગયા? કેટલા વિદ્યાર્થી મેડિકલમાં ગયા? કેટલા વિદ્યાર્થીઓએ સી.એ.માં એડમિશન મેળવ્યું? કે પછી કેટલા વિદ્યાર્થીઓ વિદેશ ગયા? આ માટેની જાહેરાતો થવા લાગી. શાળા-કૉલેજ જાણે વેપાર હોય તેમ તેના બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂક પણ થવા લાગી!

પુસ્તકિયું, ગોખણિયું અને આંકડાલક્ષી શિક્ષણ બની ગયું, ત્યારે સર્વાંગી વિકાસના હેતુને લઈને સ્થપાયેલી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ સામે સૌથી મોટો પડકાર ઊભો થયો શિક્ષણની ગુણવત્તાનો. શ્રમ અને ઉદ્યોગનું મહત્ત્વ તો ક્યારનું ગયું પણ 'શીખતાં શીખવે તે શિક્ષણ' એ સમજ પણ ગઈ, ત્યારે વ્યક્તિત્વ વિકાસનો કે મૂલ્ય શિક્ષણનો હેતુ જાળવવા જતાં આવી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ તરફ સૂગની નજરે જોવાવા લાગ્યું. જેથી દેશી જણાતી આવી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ ભણતર માટે બીજા નંબરની પસંદગી બનતા આ સંસ્થાઓને આર્થિક ભીંસ નડવા લાગી. પરિણામે રાજ્યની આર્થિક સહાય મેળવવાનો વારો આવ્યો. બીજી બાજુ અર્થોપાર્જનને મુખ્ય હેતુ બનાવીને ચાલતી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓના સ્વચ્છંદી વલણને રોક લગાવવા તેમ જ ગુણવત્તા વધારવા માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓમાં રાજ્યનો હસ્તક્ષેપ વધતાં 'પાડાને વાંકે પખાલીને ડામ દેવા' જેવી સ્થિતિ થઈ.

એક તરફ મૂલ્યોમાં બાંધછોડ કરવી પડી, તો બીજી બાજુ અંગ્રેજિયત પાછળની વધતી જતી દોડને કારણે માતૃભાષામાં શિક્ષણ આપતી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે મોટો ફટકો પડ્યો. જેથી પણ મધ્યમ વર્ગની જેમ જ મધ્યમ વર્ગનાં બાળકો જે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થામાં ભણે છે એવી શૈક્ષણિક સંસ્થાઓની કમ્મર તૂટી ગઈ. એક ચોક્કસ હેતુ સાથે શરૂ થયેલી ગાંધીજી કે રવીન્દ્રનાથ ટાગોરની સંસ્થાઓ પણ રાજ્યાશ્રય તરફ વળી!

શિક્ષણ એ સમાજની માત્ર પાયાની જરૂરિયાત નથી, પણ આદર્શ શિક્ષણ એ સમાજનો પાયો છે. આ બાબતને લક્ષમાં રાખીને એક સમયે 'મફત અને ફરજિયાત શિક્ષણ'ના ખ્યાલને વેગ મળેલ. જો કે શિક્ષણ વ્યવસ્થા ઘણું રોકાણ માંગી લે છે. શિક્ષણ પ્રાપ્ત કરનાર માટે 'મફત' શિક્ષણ જરૂરી છે. પણ નાતજાતના ભેદભાવ વગર ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને બાળકોને શિક્ષણ આપવાની શિક્ષકની ક્ષમતા ઉચ્ચ સ્તરે જળવાઈ રહે તે માટે શિક્ષકને સન્માનીય વેતન મળી રહે તે પ્રાથમિક અને મહત્ત્વની જરૂરિયાત છે.

છેલ્લા દોઢ વર્ષથી આપણે સૌ COVID ૧૯નો સામનો કરી રહ્યાં છીએ. આ સમય મોટાભાગના વેપાર-ઉદ્યોગો માટે કપરો રહ્યો છે. દરેક ક્ષેત્રે પડકાર આવ્યા છે અને એ બધામાંથી બહાર નીકળવા માટે વિવિધ સ્તરે સંગઠનોથી માંડીને સરકાર સુધી બધા જ પૂરેપૂરા પ્રયાસો કરી રહ્યાં છે. દરેક સ્તરેથી વિવિધ રાહત પેકેજ અને સહાયની જાહેરાતો થઈ રહી છે. કેટલીય સામાજિક સંસ્થાઓ કોરોના

પીડિતોની વહારે આવીને સોશિયલ મીડિયા થકી દાન મેળવી રહી છે. CSR અંતર્ગત ઘણાં વેપારીજૂથો પણ સમાજના જરૂરિયાતમંદ વર્ગનો સારવાર/દવા વગેરેના ખર્ચ તેમ જ જીવનજરૂરી સામગ્રીના ખર્ચની જવાબદારીનું વહન કરી રહ્યાં છે. પરંતુ આ બધાંમાં શિક્ષણ સંસ્થાઓ ક્યાં? આર્થિક ફટકો તો શિક્ષણ સંસ્થાઓએ પણ ભોગવ્યો છે. અનેક સંસ્થાઓએ પોતાની ફીમાં માત્ર સરકાર દ્વારા સૂચવેલ ઘટાડો જ નથી કર્યો, સાથે સાથે વાલીઓને ફી ચૂકવવામાં સરળતા રહે એ માટે ફી ભરવાની સમયમર્યાદામાં પણ વાલીઓને પૂરતી છૂટ આપી છે. આ ઉપરાંત એક સરાહનીય બાબત એ છે કે કેટલીક મૂલ્યનિષ્ઠ સ્વનિર્ભર શાળાઓએ તો બેંક પાસેથી લોન લઈને પોતાના શિક્ષકોને નિયમિત પગાર ચૂકવ્યો છે! આ પરિસ્થિતિ આપણા સમાજની 'સમજણનો ક્યાસ' કાઢવા માટે પૂરતી છે. શિક્ષણ પાછળ થતાં ખર્ચને જો સમાજ પ્રાધાન્ય ન આપે, તો સમાજનો ગુણવત્તા સાથેનો વિકાસ શક્ય બને ખરો?

એક પ્રશ્ન એ પણ ઊઠે કે 'શું સરકારી શાળાઓ નબળી છે કે સ્વનિર્ભર શાળાનું ચલણ વધે?' કેટલાક સરકારમાં કામ કરતા શિક્ષક મિત્રોને એમ પણ થાય કે 'અમારાં બાળકોને પણ અમે પૂરતી સુવિધા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ જ આપીએ છીએ.' એમની વાત જરાય ખોટી નથી. પણ, શિક્ષણના લાભાર્થીઓની સંખ્યામાં વધારો, તેમના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્તરના ભેદને કારણે સરકારી શિક્ષણ સંસ્થાઓ શાળાકીય શિક્ષણ માટે અપૂરતી અને ક્ષમતાવિહોણી બને. તેથી ખાનગી, સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાની જરૂરિયાત ઊભી થાય છે. અને એટલે જ અહીં વિચારવાનું એ છે કે વધારાની માળખાગત સુવિધાઓ સાથે સ્વનિર્ભર શાળાઓ એવું શું કરી શકે એમ છે કે જેથી દેશનાં અડધો અડધ બાળકોમાં કૌશલ અને ક્ષમતાનો વિકાસ થાય?

આ પડકારનો સામનો કરવા માટે શાળાઓએ બે સ્તરેથી કામ કરવું પડશે, એવું જણાઈ રહ્યું છે. પહેલું તો, સંસ્થાએ સીધા અર્થોપાર્જનના સ્ત્રોત વિચારવા પડશે અને શાળાઓમાં શ્રમયજ્ઞને રોજિંદુ સ્થાન આપવું પડશે. નાના ગૃહઉદ્યોગની જેમ શાળાઉદ્યોગ સ્થાપવા પડશે કે જેમાં વિદ્યાર્થીથી માંડીને શિક્ષકો પોતાનો એક કલાક જેટલો સમય ફાળવે અને એવાં ઉત્પાદનો તૈયાર કરે કે જેની બજારમાં સતત માંગ રહેતી હોય. ત્યાર બાદ આવાં ઉત્પાદનોનાં વેચાણ માટેની પણ એક વ્યવસ્થા કરવી પડશે. આ બધામાં વિદ્યાર્થીઓને સક્રિય કરવા પડશે. 'અમે અમારાં બાળકોને શાળામાં ભણવા મોકલીએ છીએ કે કામ કરવા માટે?' આવા પ્રશ્નો સાથે જો વાલીઓ આવે, તો તેમને પણ શ્રમ એ જીવન શિક્ષણનો જ એક ભાગ છે એટલે આ શ્રમયજ્ઞનો મહિમા સમજાવવો પડશે. જેમ નવા પ્રવેશ વખતે વાલીઓને સમજાવીએ છીએ ને, એવી જ ધગશથી! આમ પણ, શિક્ષણ એ સમાજ ઘડતરનું જ કામ છે ને?!

બીજું સ્તર છે, વાલીઓમાં શિક્ષણ અંગેની પાયાની સમજ ઊભી કરવાનું. વિદ્યાર્થીને માત્ર આજીવિકા રળતો કરવો એ શિક્ષણનું ધ્યેય ન હોઈ શકે. મહેનતથી રળેલ આવકનો ક્યાં ખર્ચ કરવો એ શીખવવું પણ એટલું જ જરૂરી છે. આ બાબતને પણ અભ્યાસક્રમ જેટલું જ મહત્ત્વ આપીને સમજાવવી જોઈએ. 'મારા ઘરનું બજેટ' જેવા શીર્ષક હેઠળ દરેક વાલી/વિદ્યાર્થી ટકાવારી પ્રમાણે પોતાના ઘરમાં કયા ખર્ચને પ્રાધાન્ય આપે છે એ જાણી અને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

આપણો દેશ, આપણી જનસંખ્યા ઘણી વધુ છે. માત્ર રાજય તમામ છેડે પહોંચી શકે નહીં. નાનાં નાનાં ગામડાંઓમાં છૂટા છવાયા વસતાં લોકો માટે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓનું સ્થાપન પણ અઘરું થાય. આ સંજોગોમાં ગ્રામજનો શિક્ષણથી વેગળાં ન રહે એ માટે ત્યાં, શિક્ષણ દ્વારા સમાજ ઉત્થાનનો હેતુ લઈને કેટલીક સ્વયંસેવી સંસ્થાઓ પણ કાર્યરત હોય છે. આવી સંસ્થાઓમાં ખાસ કરીને પછાત વર્ગ/પાછળ રહી ગયેલાં સમાજનાં લોકો, મૂળ પ્રવાહમાં ભળી શકે એવા સામાજિક ઉપરાંત શૈક્ષણિક પ્રયાસો થતા હોય છે. આ પ્રકારની સંસ્થાઓ ઘણે અંશે

સમાજમાંથી મળતાં અનુદાન પર નિર્ભર હોય છે. આવી સંસ્થાઓ દ્વારા અનેકનું જીવન સુધરે છે. વ્યવહાર ઉપરાંત વ્યવસાયલક્ષી શિક્ષણથી અનેક પરિવારોનું અન્ન દ્વારા શારીરિક તેમ જ મૂલ્યો દ્વારા માનસિક પોષણ થાય છે. આમ, સમાજનાં વિકાસમાં આવી સ્વયંસેવી સંસ્થાઓ જનભાગીદારીથી પોતાનો ફાળો આપે છે.

ઘણી સ્વનિર્ભર સંસ્થાઓ આર્થિક રીતે જેટલી સ્વનિર્ભર છે, એટલી જ નિર્ણયો લેવામાં સ્વનિર્ભર છે ખરી? જો નથી, તો એ માત્ર આત્મા વગરનું શરીર છે. પોતાની મહત્તા સમજી, સમજાવી મૂલ્યનિષ્ઠ સ્વનિર્ભર સંસ્થાઓએ સરકારનો આર્થિક સહયોગ મેળવવા ઉપરાંત, શૈક્ષણિક નિર્ણયો અંગેની પૂર્ણ સ્વાયત્તા મેળવવી જ જોઈએ.

જો લોકશિક્ષણને પ્રચલિત બનાવવું હોય, લોકશિક્ષણ દ્વારા સમાજનો સ્વતંત્ર સર્વાંગી વિકાસ કરવો હોય તો શિક્ષણ અંગેની યોગ્ય સમજદારી સાથે જનભાગીદારી દ્વારા, સ્વાયત્ત, સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ જ ઉત્તમ ઉપાય છે. છતાં, સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓએ એક વખત આત્મમંથન કરવા જેવું તો છે જ કે, ક્યાં આપણે શિક્ષણનાં મૂળ તત્ત્વથી વેગળાં તો નથી જઈ રહ્યાં ને?

(મિતા ઝવેરીઃ શિક્ષણના ઉત્તમ પ્રયોગકાર, સરસ અભ્યાસી, સ્વસ્થ વાલી- સલાહકાર.
મિતા કેતન ઝવેરી, 60h, જલદર્શન ટાવર, નાવડી ઓવારા સામે, નાનપુરા, સુરત, 395001
ઈમેઈલ : mitakjhaveri@gmail.com
મો. ૯૯૨૫૭૦૯૬૧૨
આદિત્ય ઝાલાઃ પ્રયોગશીલ શિક્ષક, શિક્ષણ સંગઠક, સરસ અભ્યાસી.
૪૦૩, સોહમ ફ્લેટસ, વીઆઈપી રોડ, મેટ્રો હોલસેલની સામે, અલથાણ, સુરત, ૩૯૫૦૧૭
ઈમેઈલ : ignitingminds.spark@gmail.com
મો. ૯૪૨૬૫૫૮૪૮૫)

**નઈ તાલીમનું પગેરુંઃ**

'અનટુ ધીસ લાસ્ટ' પુસ્તકના લેખક રસ્કિનની ફિલૉસૉફીથી પ્રભાવિત ગાંધીજીને ૧૯૦૪માં જણાયેલું કે (૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે (૨) આજીવિકાનો હક બધાને એક સરખો હોવાથી વાળંદ અને વકીલના કામનું મૂલ્ય એકસરખું છે અને (૩) શ્રમિકનું, ખેડૂતનું જીવન એ જ ખરું જીવન છે. આ વિચારોએ ગાંધીજીને શિક્ષણ વિશેના પોતાના મૌલિક પ્રયોગો દ્વારા પરિવર્તન લાવવાની પ્રેરણા પૂરી પાડી.

ઈ.સ. ૧૯૦૪માં આફ્રિકામાં સ્થાપેલ ફિનિક્સ આશ્રમમાં ગાંધીજીએ પોતાના પરિવારનાં બાળકોના શિક્ષણ માટે મૌલિક પ્રયોગો શરૂ કરેલા. આ પ્રયોગોની સફળતાથી પ્રેરાઈને તેમણે પોતાના આ વિચારો ૧૯૦૮માં લખાયેલા 'હિંદ સ્વરાજ' નામના પુસ્તકમાં રજૂ કર્યા. આમ, નઈ તાલીમનો જન્મ ગાંધીજીની શિક્ષણ-પ્રયોગશીલતામાંથી થયો છે.

તા.૨૨-૨૩ ઑક્ટોબર ૧૯૩૭માં શ્રીમન્નારાયણજીએ ગાંધીજીના અધ્યક્ષસ્થાને વર્ધા મુકામે મારવાડી વિદ્યાલયની રજતજયંતી નિમિત્તે યોજેલા રાષ્ટ્રીય કેળવણીકારોના એક સંમેલનમાં ગાંધીજીએ બુનિયાદી શિક્ષણનો વિચાર વ્યવસ્થિત રીતે રજૂ કર્યો. ચર્ચાના અંતે સહુની સંમતિ સધાતાં તેને રાષ્ટ્રીય કેળવણી તરીકે સ્વીકારવામાં આવી અને તેના અમલ માટે ડૉ. ઝાકીર હુસૈનના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરીને નઈ તાલીમના શ્રીગણેશ કરવામાં આવ્યાં.

## ૧૮. શૈક્ષણિક પ્રક્રિયામાં ટેકનોલોજીનો વિવેકપૂર્ણ અને મહત્તમ ઉપયોગ

વૈશાલી શાહ

ભારતીય સંસ્કૃતિની જાળવણીમાં સૌથી મોટો ફાળો શિક્ષણનો છે. ઋષિમુનિ અને સંતોની ભૂમિ એવા ભારતમાં એક સમયે ગુરુકૂળો હતાં, જ્યાં બાળકોનો સર્વાંગી વિકાસ થતો. અભ્યાસથી લઈને અન્ય દરેક કળામાં પારંગત બનવાની તાલીમ ગુરુકૂળમાં અપાતી. સમયની સાથે શિક્ષણમાં પણ બદલાવ આવ્યો. આધુનિક ટેક્નૉલૉજી અને ડિજિટલ યુગનો વ્યાપ વધતાં શિક્ષણમાં ધરમૂળ પરિવર્તન થયાં અને આવાં પરિવર્તનને લઈને આખી શિક્ષણપ્રથા, માળખું અને માધ્યમો બધું જ બદલાયું. આજે આખો દેશ ટેક્નૉલૉજી પર આધારિત છે. જે દેશ ટેક્નૉલૉજી ક્ષેત્રે આગળ હોય એ દેશ વિકાસશીલ ગણાય છે. આજની શાળાઓમાં પણ ટેક્નૉલૉજી દ્વારા આધુનિકરણ કરી બાળકોને વિદેશી શિક્ષણની હરોળનું શિક્ષણ આપવાની જાણે હોડ લાગી છે. માતાપિતા ઊંચી ફી ભરીને પોતાના બાળકને અદ્યતન સગવડોથી સજ્જ એવી હાઈટેક સ્કૂલમાં ભણાવવા માટે સતત ચિંતિત હોય છે. શાળાની ફી જેટલી ઊંચી એટલી સગવડો વધારે અને એટલી જ એ હાઈટેક. કેટલીક વાર આવી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો માટે દયાભાવ જન્મે કે જે બાળકનું બાળપણ માટી સાથે વિતવું જોઈએ એને આધુનિક શાળાઓ ડસ્ટ–ફ્રી કલાસરૂમના નામે સંસ્કૃતિથી અલગ કરી રહી છે. આજના સમયમાં શિક્ષણનું સ્તર વૈશ્વિક બન્યું હોવાથી આપણાં બાળકો પર અભ્યાસ અને ટેક્નૉલૉજીનું ભારણ વધ્યું છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ, ૨૦૨૦ હેઠળ આવરી લેવામાં આવેલ શિક્ષણનાં મહત્ત્વપૂર્ણ પાસાંઓ જેમ કે, સાકલ્યવાદી, બહુભાષીય અને ભાવિ શિક્ષણ, ગુણવત્તા સંશોધન અને શિક્ષણની સારી પહોંચ માટે તકનિકીનો સમાન ઉપયોગ છે. ભારત માહિતી અને સંચાર તકનિકીમાં અને અવકાશવિજ્ઞાન જેવા અન્ય આધુનિક ક્ષેત્રોમાં વૈશ્વિક અગ્રણી છે. ડિજિટલ ઇન્ડિયા અભિયાન સમગ્ર દેશને ડિજિટલ રીતે સક્ષમ સમાજ અને જ્ઞાન અર્થતંત્રમાં પિરવર્તિત થવામાં મદદરૂપ થઈ રહ્યું છે. આ પરિવર્તનમાં શિક્ષણ મહત્ત્વની ભૂમિકા ભજવશે. આમ, તમામ સ્તરે તકનિકી અને શિક્ષણ વચ્ચેનો સંબંધ અરસપરસ છે.

આ નીતિનો હેતુ એ છે કે ટેક્નૉલૉજી શિક્ષણના વિવિધ સ્તરે યોગ્ય રીતે એકીકૃત થાય.

(૧) શિક્ષણ અને મૂલ્યાંકન પ્રક્રિયામાં સુધારો કરવો. (૨) શિક્ષકોની તૈયારી અને તેમના સતત વ્યાવસાયિક વિકાસને ટેકો આપવો. (૩) ગેરલાભિત જૂથોનો શૈક્ષણિક પ્રવેશ વધારવો અને (૪) શિક્ષણ આયોજન, વહીવટ અને સંચાલનને સુવ્યવસ્થિત કરવું.

શિક્ષણ, મૂલ્યાંકન, આયોજન, વહીવટમાં વધારો કરવા માટે તકનિકના ઉપયોગ અંગેના વિચારોના મુક્ત આદાનપ્રદાન માટેનું મંચ પૂરું પાડવા રાષ્ટ્રીય શિક્ષણ ટેકનિકલ મંચ(દભાત)ના નામથી એક સ્વાયત્ત સંસ્થાનું સર્જન કરવામાં આવશે.

**શૈક્ષણિક પ્રક્રિયાઓમાં તકનિકી સંકલનઃ** અનુવાદ, શિક્ષણશાસ્ત્ર તરીકે સહાય, વ્યાવસાયિક વિકાસ, ઓનલાઇન અભ્યાસક્રમની સુવિધા, ડિજિટલ રિપોઝિટરી વગેરે તકનિકીનો ઉપયોગ કરવા માટે શિક્ષક તૈયારી, યોગ્ય સંશોધન દ્વારા હાંસલ કરવામાં આવશે. શૈક્ષણિક તકનિકીની ઉતકૃષ્ટતા માટે ઉચ્ચકક્ષાનાં કેન્દ્રોની સ્થાપના અને તે દ્વારા સંશોધનો કરવામાં આવશે.

વૈશ્વિક કમ્પ્યૂટર નેટવર્ક ઇન્ટરનેટના વિકાસથી શૈક્ષણિક પ્રણાલીમાં સુધારા માટેની નવી સંભાવનાઓ ખૂલી છે. ઇન્ટરનેટ સંસાધનો ફક્ત ઉપયોગી માહિતી શોધવાના અને પ્રાપ્ત કરવાના માધ્યમની ભૂમિકા જ સોંપવામાં આવી છે. પરંતુ હાલના શિક્ષણનાં સ્વરૂપોના વિકાસ અને નવા નિર્માણ માટેના સાધનની ભૂમિકા સોંપવામાં આવી છે.

શિક્ષણને નાવીન્યસભર તેમ જ રુચિકર બનાવવા માટે

પણ માહિતી ટેક્નૉલૉજીનો ઉપયોગ કરવો જરૂરી છે. અધ્યેતાને શીખવામાં નાવીન્યપૂર્ણ સંદર્ભ અને મદદ મળી રહે તે માટે માહિતી ટેક્નૉલૉજીનો ઉપયોગ, અનિવાર્ય છે. ટેક્નૉલૉજીની સાક્ષરતા એ આજના સમાજની માંગ છે જે માહિતી ટેક્નૉલૉજીના ઉપયોગથી પ્રાપ્ત થાય છે.

આજે સમગ્ર જગતમાં માહિતી ટેક્નૉલૉજીના ઉપયોગથી શિક્ષણની ગુણવત્તા અને સ્તરમાં ઘણું જ પરિવર્તન આવ્યું છે. માહિતીની સરળ પ્રાપ્યતાને લીધે શિક્ષણની ક્ષિતિજો ઘણી વિસ્તરી છે. માહિતી ટેક્નૉલૉજી શા માટે જરૂરી છે તે પ્રશ્નના જવાબમાં આપણે નીચેની મુખ્ય ત્રણ બાબતો વિશે વિચારીએ.

૧. શિક્ષણનું સાર્વત્રીકરણ એ સમાજની સૌથી મોટી જરૂરિયાત છે. ૨. શિક્ષણને ઓછું ખર્ચાળ અને બધા લોકો માટે પ્રાપ્ય બનાવવા પ્રયત્નો ચાલી રહ્યા છે. ૩. શિક્ષણની ગુણવત્તા પર ભાર મૂકવામાં આવે છે. માહિતી ટેક્નૉલૉજી શિક્ષણની આ જરૂરિયાતોની પૂર્તિમાં મદદરૂપ સાધન બની રહે છે.

શિક્ષણનું સાર્વત્રીકરણ એ સમાજની માંગ છે. બધા જ લોકો કોઈપણ સ્થળ, સંખ્યા, સમયના બંધનોમાંથી મુક્ત થઈ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે સમાજની જરૂરિયાત છે. શિક્ષણ પાછળનો ખર્ચ પ્રમાણમાં ઘટે તે ઇચ્છનીય છે. શિક્ષણ મેળવવું ઓછું ખર્ચાળ બને તે પણ સમાજ ઇચ્છે છે. શિક્ષણની ગુણવત્તાની જાળવણી પણ ખૂબ જ જરૂરી છે. ગુણવત્તાનો ખ્યાલ અહીં શીખનાર માટે ગુણવત્તાયુક્ત વાતાવરણ, સંસાધનો, વિષયવસ્તુ, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ તેમ જ તેની શૈક્ષણિક નિપત્તિઓ સાથે જોડાયેલો છે.

વિદ્યાર્થીઓના વિકાસ માટે ફક્ત એડેપ્ટીવ લર્નિંગ અને એડેપ્ટીવ કમ્પ્યૂટર ટેસ્ટિંગ નહીં પરંતુ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં શું શીખે છે તેમાં પરિવર્તન આવશે. આ તમામ હેતુઓ માટે તમામ સ્તરે વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સોફ્ટવેર તમામ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે અને અંતરિયાળ વિસ્તારોના તેમ જ દિવ્યાંગ વિદ્યાર્થીઓ સહિત પહોંચી શકશે. તમામ પ્રાદેશિક ભાષાઓમાં તમામ રાજ્યો ઈ–કન્ટેન્ટ વિકસાવવાનું ચાલુ કરશે. તેને એક કોમન પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવશે.

ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ માત્ર ક્રાંતિકારી તકનિકી પર સંશોધન કરવામાં જ નહીં પરંતુ તમામ ક્ષેત્રોમાં ઓનલાઇન અભ્યાસક્રમો સહિત શૈક્ષણિક સામગ્રી અને અભ્યાસક્રમોની પ્રારંભિક પ્રવૃત્તિઓ બનાવવામાં પણ સક્રિય ભૂમિકા ભજવશે.

શિક્ષણની સાથે ઇન્ફર્મેશન ટેક્નૉલૉજીનો એક નવો યુગ શરૂ થઈ ગયો છે. શૈક્ષણિક સંસ્થાઓમાં કમ્પ્યૂટરાઈઝેશન આવતા મીડિયા સામે પ્રોજેક્ટરો, બોર્ડ, પ્રિન્ટર્સ, મોડેમ વગેરે શિક્ષકો અને છાત્રો માટે જરૂરી અંગો બની ગયાં છે. દરેક શાળામાં કમ્પ્યૂટર લેબ હોય છે. ઈલેક્ટ્રોનિક પાઠ્યપુસ્તકોનો જમાનો આવી ગયો છે. છાત્રને હવે વિકસવા માટે કોઈ સમસ્યા નડતી નથી. આજે તો શિક્ષણ માહિતી ટેક્નૉલૉજીનું કેન્દ્ર છે. ઉચ્ચ ગુણવત્તા સાથે સ્વશિક્ષણની પૂરતી તક મળે છે. છાત્રોના વ્યક્તિગત બૌદ્ધિક વિકાસને વેગ સાથે નવી તકો પ્રદાન કરે છે.

આજે દરેક ક્ષેત્રમાં ઇન્ફર્મેશન કમ્યૂનિકેશન ટેક્નૉલૉજીને મહત્ત્વ અપાય છે. શિક્ષણકાર્ય દરમિયાન અનેક બાબતો, મુદ્દા એવા આવે કે એને સીધેસીધું સમજાવવું કઠિન હોય છે, જેમ કે બ્રહ્માંડની રચના, પ્રાણીકોષ, તોફાન, પિરામીડ, વનસ્પતિ કોષ વગેરે સમજાવવા માટે ટેક્નૉલૉજી આપણને મદદ કરે છે. વર્ગખંડમાં તેનો ઉપયોગ કેમ કરવો તે તેને જાણવું જરૂરીછે. આ જ કારણે આજના યુગમાં શિક્ષણ અને ટેક્નૉલૉજીનો સંગમ થયો અને શિક્ષણપ્રક્રિયામાં ધરમૂળથી પરિવર્તન આવ્યું છે.

સંશોધનોની રીતો સૂચવે છે કે કમ્પ્યૂટર, ઇન્ટરનેટ અને સંબંધિત પ્રૌદ્યોગિકતાના ઉપયોગથી શિક્ષકોને પર્યાપ્ત સહાયતા અને તાલીમ આપવામાં આવે છે, તે ખરેખર–સહેલાઈથી શીખવાના વાતાવરણ માટે એક શીખનાર–કેન્દ્રિત બને છે. પરંતુ, આ અભ્યાસ પ્રકૃતિ મોટે ભાગે સંશોધન અને વર્ણનાત્મક છે અને પ્રયોગમૂલક અનુભવરહિતતાના અભાવ કારણોસર તેની ટીકા કરવામાં આવે છે. હજી સુધી કોઈ મજબુત પૂરાવા નથી કે જે આ નવા શીખવાના વાતાવરણના ઉછેરથી સુધારેલ પરિણામો આવ્યાં છે. જે કંઈ અસ્તિત્વ છે તે તેના ગુણવાચક મુદ્દાઓ અને ગુણાત્મક નિરીક્ષણો અને વિદ્યાર્થીનું વિશ્લેષણ અને

શિક્ષકની સમજથી શીખવાના વિષય પર હકારાત્મક અસર સૂચવનાર છે.

ઇન્ટરનેટની પ્રચલિત ભાષા અંગ્રેજી છે. મોબાઇલ ફોનની મુખ્ય ભાષા પણ અંગ્રેજી છે. વિન્ડો કે એન્ડ્રોઇડબેઝ ફોન વપરાશને કારણે અભણ લોકો પણ અંગ્રેજીના નાના શબ્દો લખતા થઈ ગયા છે. આજે તો સમગ્ર શિક્ષણમાં કમ્પ્યૂટરનું વિશેષ મહત્ત્વ છે. આજે તમામ વ્યવહારો પણ આ થિયરીથી કામ કરવાને કારણે લોકોએ હવે એ શીખવું જ પડશે. સરકારે પણ ધોરણ ૬થી ૮ અને ૯થી ૧૨માં વિષય દાખલ કર્યો હોવાથી લોકો વધુને વધુ આ પરત્વે શિક્ષણ લેવા કાર્યરત થયા છે. આજે પુસ્તકોમાં પણ કયુ.આર. કોડ આવવા માંડ્યા છે. તેને તમે સ્કેન કરીને તેની પ્રવૃત્તિઓ, વિવિધ પ્રશ્નો સાથે જાતે સ્વઅધ્યયન કરી શકો છો. તમારે બુકની પણ જરૂરિયાત રહેતી નથી ફકત મોબાઈલ ફોન કે કમ્પ્યૂટરના માધ્યમથી તમો બધું જ જાતે કરી શકો છો. માનવીના આસપાસના તમામ વ્યવસાયોમાં કમ્પ્યૂટરની અગત્ય હોવાથી શીખવું જરૂરી બન્યું છે. ગામડાંની ગ્રામપંચાયતમાં પણ હવે બધું કામ ઓનલાઈન કરતાં સમાજના છેવાડાનો માનવી પણ કમ્પ્યૂટર શિક્ષણ સાથે જોડાઈ ગયો છે. હિસાબ–કિતાબ પણ કમ્પ્યૂટરમાં સ્ટોર થતાં હવે પેપરલેસ વહીવટના કારણે ચોપડા રાખવાનું ભૂતકાળ થઈ ગયું છે. બાળકોને નાનપણથી જ શિક્ષણ સાથે આ વિષયશિક્ષણ મળતું રહે, તે મોટો થાય ત્યારે તેના લાભાલાભની ખબર પડે છે. બાળકો કમ્પ્યૂટરમાં એનિમેશન જુએ સાથે તેને જે એકમ સમજવાની મુશ્કેલી થાય તે બાબતે તેમાંથી માહિતી મેળવી શકે છે. વિવિધ સોફ્ટવેર અને એપ્લિકેશની મદદથી સ્વઅધ્યયન, સ્વમૂલ્યાંકન બાળક તેના સહારે જાતે કરવા લાગે છે.

આજનું શિક્ષણ માત્ર પુસ્તક પૂરતું સીમિત નથી, તેની સાથે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિ, પ્રોજેક્ટનું વિશેષ મહત્ત્વ છે. આજે ગમે તે ક્ષેત્રનું શિક્ષણ લો તો તમને એની સાથે કમ્પ્યૂટર જ્ઞાન હોવું જરૂરી છે. શાળાઓ સ્માર્ટ સ્કૂલ બનતા વર્ગો સ્માર્ટ બનવાની સાથે વિવિધ પ્રોજેક્ટમાં જ્ઞાનકુંજ, કમ્પ્યૂટર લેબ, બાયસેગ પ્રસારણ અને રેડિયો જેવાં ઉપકરણો શિક્ષણમાં ઉમેરાતાં બાળકોને એ શીખવામાં બહુ જ રસ પડે છે. સંગીત, ચિત્ર, રમતગમત સાથે કમ્પ્યૂટર શિક્ષણ પણ અતિ આવશ્યક છે.

આજે વિદ્યાર્થીને વેઢે રહેલું ઇન્ટરનેટ એક લાયબ્રેરી કરતાં પણ વધુ માહિતી ઉપલબ્ધ કરાવી શકે છે. આજે તો માહિતીના પ્રચાર–પ્રસારની ઝડપ દિવસેને દિવસે વધતી જાય છે. આજે શિક્ષણ મેળવવાનાં વિવિધ મૉડેલ આવી ચૂકયાં છે. જેથી ટેક્નૉલૉજીને કારણે એક જ જ્ઞાનને જુદી જુદી રીતે મેળવવાના ઘણા વિકલ્પો છે. ઓડિયો મારફતે શ્રવણ કરીને ગ્રાફિક્સ માધ્યમથી સ્ટોરી સમજે છે. ટેક્નૉલૉજીએ શિક્ષણનો મુખ્ય સ્રોત બનવામાં સફળતા મેળવી છે. શિક્ષણની ભૂમિકાને માત્ર જ્ઞાન મેળવવાથી આગળ જઈને કૌશલ્ય મેળવવા સુધી સહેલું કરી આપે છે.

ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ કરીને આધુનિક શૈક્ષણિક પદ્ધતિઓ વિકસી છે. શાળાઓનું ફ્યુચર આવી ટેક્નૉલૉજીના સહારે વધવા લાગ્યું છે. કમ્પ્યૂટરના વિવિધ કોર્સમાં બેઝીક કોર્સ ગુજરાતી, અંગ્રેજી ટાઈપિંગ સાથે સી.સી.સી. સ્પોકન અંગ્રેજી, ટેલી, કોરલ ડ્રો, ફોટો શોપ, સી પ્લસ પ્લસ, વેબસાઈટ ડિઝાઈન, ગ્રાફિક્સ ડિઝાઈન વગેરે જેવા કોર્સ છે. ધોરણ ૧૦ પાસ કે નાપાસ છાત્ર ટૂંકાગાળાનો આઈ.ટી.આઈ.માં વ્યવસાયલક્ષી ટેક્નિકલ કોર્સ કરીને સારું કમાઈ શકે છે.

આ તમામ જરૂરિયાતો અને મહત્ત્વ છતાં ટેક્નૉલૉજીના ગેરફાયદાઓ પણ ઘણા છે. શિક્ષક અને વિદ્યાર્થીઓના જીવંત સંવાદમાં ઘટાડો થાય છે, જેના કારણે વિદ્યાર્થીઓનું શિક્ષકો સાથેનું તાદાત્મ્ય ઘટતાં વિદ્યાર્થીઓ સહેલાઈથી પોતાની મૂંઝવણો શિક્ષક સાથે ચર્ચા કરી શક્તા નથી. વિદ્યાર્થી વધુ સમય સુધી ટેક્નૉલૉજી માધ્યમો સાથે જોડાયેલા રહેવાથી તેના સામાજિકીકરણ પર તેની અસર થાય છે. આ ગંભીર સમસ્યા છે કે માત્ર શીખવાની સાથે માનસિક વિકૃતિ તરફ પણ દોરી જઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જરૂર પૂરતો વિવેકપૂર્ણ ઉપયોગ ચોક્કસપણે શિક્ષણને મજબૂત બનાવવામાં ઉપયોગી થશે.

(વૈશાલી શાહ : નિયામક, શેઠ સી.એન. વિદ્યાવિહાર, અભ્યાસી આચાર્ય, પ્રયોગશીલ શિક્ષક. ૧૧, યશ કોમ્પ્લેક્સ, વસ્ત્રાપુર, અમદાવાદ, ૩૮૦૦૦)

# ૧૯. શિક્ષક પ્રશિક્ષણ : નીતિઓ અને સમસ્યાઓ

સતીશપ્રકાશ એસ. શુકલ

શિક્ષક બનવા ઇચ્છુક વ્યક્તિને પૂર્વ સેવાકાલીન પ્રશિક્ષણ આપવામાં આવે છે. શિક્ષક પ્રશિક્ષણ મેળવેલ વ્યક્તિઓને શાળામાં શિક્ષક તરીકે નિમણૂંક આપવામાં આવે છે. તેથી શિક્ષણને સફળ બનાવવા માટેના શિક્ષકોના કૌશલ્યોનો વિકાસ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં તાલીમ દરમિયાન થવો જોઈએ. તે માટે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ અને શિક્ષક પ્રશિક્ષકો શું કરી શકે અથવા કરે છે, તેના સંદર્ભમાં આપણે ચર્ચા કરીશું. ભારતમાં NCTE દ્વારા શિક્ષક પ્રશિક્ષણ અંગેની નીતિઓ ઘડવામાં આવે છે. તેણે છેલ્લે ૨૦૧૪માં શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો માટેની કેટલીક નીતિઓ જાહેર કરી છે. આ નીતિઓ મુજબ તમામ પ્રકારના શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોના અભ્યાસક્રમો, પ્રશિક્ષકોની લાયકાત અને પ્રશિક્ષણનાં સમયગાળાના સંદર્ભમાં અનેક પરિવર્તનો કરવામાં આવ્યા છે. તેથી શરૂઆતમાં આપણે NCTEની છેલ્લે જાહેર થયેલી નીતિઓના કેટલાંક અંશો સમજાવાનો પ્રયત્ન કરીશું.

**ભારતમાં શિક્ષક પ્રશિક્ષણ માટેની નીતિઓ:**

ભારતમાં, શિક્ષક પ્રશિક્ષણ સાથે સંબંધિત તમામ નીતિઓ ઘડવાનું કામ હાલમાં રાષ્ટ્રિય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ (National Council for Teacher Education NCTE) દ્વારા થઈ રહ્યું છે. જેનો અમલ સમગ્ર દેશની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓએ કરવાનો હોય છે. છેલ્લે ૨૦૧૪માં આ પરિષદે બી.એડ્. અને એમ.એડ્.નો અભ્યાસક્રમ બે વર્ષનો કરવાની સાથે શિક્ષણ પ્રશિક્ષણને લગતાં અનેક ધારા-ધોરણોમાં ફેરફાર કર્યા છે. તેમાંથી કેટલાંક અગત્યનાં ધોરણો અને વિનિયમો (Norms and Regulations) આ પ્રમાણે છે.

૧. નીચે જણાવેલ શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમ ચલાવવા માટે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાએ NCTEની માન્યતા લેવાની રહેશે.

- ડિપ્લોમા ઇન પ્રી સ્કૂલ એજ્યુકેશન(DPSE) - સમયગાળોઃ બે વર્ષ.
- ડિપ્લોમા ઇન એલીમેન્ટરી એજ્યુકેશન(D.El.Ed.)-પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા(Face to Face mode)-સમયગાળોઃ બે વર્ષ.
- ડિપ્લોમા ઇન એલીમેન્ટરી એજ્યુકેશન(D.El.Ed.) - મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પ્રણાલી દ્વારા (Open and Distance Mode) - સમયગાળો : બે વર્ષ.
- બેચલર ઑફ એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed.)-સમયગાળોઃ ચાર વર્ષ.
- બેચલર ઑફ એજ્યુકેશન (B.Ed.) - પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા (Face to Face mode) - સમયગાળો : બે વર્ષ.
- બેચલર ઑફ એજ્યુકેશન (B.Ed.) મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પ્રણાલી દ્વારા (Open and Distance Mode) - સમયગાળો : બે વર્ષ.
- માસ્ટર ઑફ એજ્યુકેશન(M.Ed.) - સમયગાળોઃ બે વર્ષ.
- ડિપ્લોમા ઇન ફિઝિકલ એજ્યુકેશન(D.P.Ed.) - સમયગાળોઃ બે વર્ષ.
- બેચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન(B.P.Ed.) - સમયગાળોઃ બે વર્ષ.
- માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન (M.P.Ed.)- સમયગાળોઃ બે વર્ષ.
- ડિપ્લોમા ઇન આર્ટ્સ એજ્યુકેશન-વિઝયુઅલ આર્ટ્સ (DAE-Visual Arts) - સમયગાળોઃ બે વર્ષ.

● ડિપ્લોમા ઇન આર્ટ્સ એજ્યુકેશન-પરફોર્મિંગ આર્ટ્સ (DAE-Performing Arts) સમયગાળોઃ બે વર્ષ.

● B.A. B.Ed./B.Sc.B.Ed.નો સંકલિત અભ્યાસક્રમ-સમયગાળોઃ ચાર વર્ષ.

● બી.એડ્.નો ખંડ કાલીન અભ્યાસક્રમ(B.Ed. Part Time) - સમયગાળો : ત્રણ વર્ષ.

● બી.એડ્. અને એમ.એડ્.નો સંકલિત અભ્યાસક્રમ (Integrated Course of B.Ed. and M.Ed.) સમયગાળો : ત્રણ વર્ષ.

૨. ઉપર જણાવેલ અભ્યાસક્રમ શરૂ કરવા માગતી સંસ્થાએ NCTE એ સૂચવેલ તમામ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

૩. અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપતા પહેલાં NCTE એ નીમેલ તપાસસમિતિના સભ્યો જે તે સંસ્થાની મુલાકાત લેશે અને સંસ્થાએ ધારા-ધોરણો મુજબ તમામ સુવિધાઓ અને મકાનની વ્યવસ્થા કરી છે કે નહીં તેની તપાસ કરશે.

૪. શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ માટે NCTE એ જાહેર કરેલ 'ધોરણો અને વિનિયમ ૨૦૧૪'નો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮થી કરવાનો રહેશે.

૫. 'ધોરણો અને વિનિયમ ૨૦૧૪'નો અમલ થયા પહેલાં જે સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણનાં ઉપરોક્તમાંથી કોઈપણ કાર્યક્રમ ચલાવતી હશે તેમણે સમયગાળામાં અને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનો રહેશે. તેમની ભૌતિક સગવડોની તપાસ NCTE દ્વારા ફરીથી કરવામાં આવશે નહીં.

૬. બી.એડ્.નો કાર્યક્રમ ચલાવતી આવી જૂની સંસ્થાઓને દર વર્ષે ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો હક્ક રહેશે. જો કોઈ ચાલુ સંસ્થા માગણી કરશે તો નીચે જણાવેલી શરતોએ તેને દર વર્ષે ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે.

● વધારાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તાત્કાલિક વધારાનો સ્ટાફ ભરવાનો રહેશે.

● NCTE દ્વારા ફરીથી તેમની ભૌતિક સગવડોની તપાસ કરવામાં આવશે.

● જો નિયત સમય મર્યાદામાં સ્ટાફ અને ભૌતિક સગવડોમાં અપેક્ષિત વૃદ્ધિ કરવામાં નહીં આવે તો આવી સંસ્થાઓની ૧૦૦ વિદ્યાર્થીઓની મંજૂરી પાછી ખેંચી લેવામાં આવશે અને સંસ્થાને ફક્ત ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની છૂટ આપવામાં આવશે.

૭. તમામ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ICT, યોગ અને સમાવેશક શિક્ષણ જેવા વિષયો શીખવવાના રહેશે. અભ્યાસક્રમમાં આ વિષયો અંગેની ખાસ જોગવાઈ કરવાની રહેશે.

૮. દરેક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમના અભ્યાસક્રમ માટે NCTE તરફથી એક માર્ગદર્શક માળખું આપવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ તૈયાર કરવાનો રહેશે. સ્થાનિક કક્ષાએ આવી સંસ્થાઓને જોડાણ આપનાર વિશ્વવિદ્યાલય કે શિક્ષણ બોર્ડે અભ્યાસક્રમ તૈયાર કરવાનો રહેશે.

હાલમાં ભારતમાં સરકાર હસ્તક સંસ્થાઓ, સરકાર દ્વારા અનુદાનિત સંસ્થાઓ, અમુક વિશ્વવિદ્યાલયો, ખુલ્લી વિદ્યાપીઠો સહિત અનેક ખાનગી સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણનાં અભ્યાસક્રમો ચલાવે છે. ખાનગી સંસ્થાઓ મોટા ભાગે સ્વનિર્ભર ધોરણે આવા અભ્યાસક્રમો ચલાવે છે. તેમને સરકાર તરફથી કોઈ નાણાંકીય સહાય આપવામાં આવતી નથી. વિનિયમ-૨૦૧૪ નો અમલ થયા પછી શિક્ષક પ્રશિક્ષણ અંગેના વિવિધ કાર્યક્રમોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં સમાવેશક શિક્ષણ,ICT અને યોગ જેવા વિષયોને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**શિક્ષક પ્રશિક્ષણના હેતુઓ :** પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષણ આપવામાં આવે છે. તેમના કેટલાક અગત્યના હેતુઓ નીચે જણાવ્યા પ્રમાણેના છે.

● કોણ, કોને, શું, શા માટે અને કઈ રીતે ભણાવશે તે અંગેની માહિતી પ્રશિક્ષણાર્થીઓને આપવા માટે અને તે

માટેના તેમનાં કૌશલ્યોનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે.

● શિક્ષકોએ વિવિધ પ્રકારની શૈક્ષણિક પરિસ્થિતિમાં, જુદી જુદી કક્ષાએ અધ્યયન ક્ષમતા ધરાવતા અને વિવિધ પ્રકારની શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અધ્યેતા સામે અધ્યાપન કાર્ય કરવાનું હોય છે. તે માટે શિક્ષક પાસે અધ્યાપનકૌશલ્યો હોવા જરૂરી છે. પ્રશિક્ષણાર્થીઓના આવાં અધ્યાપનકૌશલ્યોનો વિકાસ કરવા માટે શિક્ષક પ્રશિક્ષણની જરૂર છે.

● શિક્ષણના વ્યવસાય પ્રત્યે શિક્ષકોની પ્રતિબદ્ધતા વધારવા અને ટકાવી રાખવા માટે તેમને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

● જે તે પ્રદેશમાં જે તે સમયે પ્રવર્તમાન શૈક્ષણિક પ્રશ્નો અને સમસ્યાઓની સમજ આપવા માટે અને તેમાંથી બહાર નીકળવાના માર્ગો શોધવાની ક્ષમતા કેળવવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

● વિદ્યાર્થીઓ તેમની મહત્તમ કક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ મેળવે તે શિક્ષકની જવાબદારી છે. શિક્ષકો આ જવાબદારીને સમજે અને તે મુજબ શિક્ષણ કાર્ય કરે તેવી તેમની ક્ષમતાનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

● શાળા અને કૉલેજ જીવન દરમિયાન શિક્ષકો સાથે થયેલા અનુભવોને આધારે પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણનાં વ્યવસાય અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા અંગેની ચોક્કસ અને મર્યાદિત છાપ લઈને પ્રશિક્ષણ મેળવવા માટે આવે છે. તેમના મગજમાં રહેલી આવી છાપને શિક્ષણની ફિલસુફીને અનુકૂળ વ્યાપક સ્વરૂપમાં ઢાળવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

● જુદી જુદી સામાજિક પૃષ્ઠભૂમિ, સંસ્કૃતિ અને આર્થિક પરિસ્થિતિ ધરાવતાં બાળકો શાળામાં આવે છે. સમાનતાને ધોરણે તથા નિષ્પક્ષ રીતે તમામ બાળકોને શિક્ષણ આપવા માટે શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશીલા સમજવી શિક્ષક માટે આવશ્યક છે. શિક્ષકની આ સમજ વિકસાવવા માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે.

● જુદી જુદી માનસિક અને મનૌવેજ્ઞાનિક પરિસ્થિતિ ધરાવતાં બાળકોની મનોદશા સમજીને તમામને સમાનતાને ધોરણે અને નિષ્પક્ષ રીતે શિક્ષણ આપવા માટે શિક્ષણની મનોવૈજ્ઞાનિક આધારશિલા સમજવી આવશ્યક છે. પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષકોની આ સમજ વિકસાવવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

● શા માટે, કોને અને શાનું શિક્ષણ આપવું તે સમજવું શિક્ષક માટે જરૂરી છે. શિક્ષણની તાત્ત્વિક આધારશિલા શિક્ષકો અને પ્રશિક્ષણાર્થીઓની આવી સમજ વિકસાવી શકે છે. જે શિક્ષક પ્રશિક્ષણ દ્વારા શક્ય બને છે.

● શિક્ષણની સમાજશાસ્ત્રીય, તાત્ત્વિક અને મનોવૈજ્ઞાનિક આધારશિલાના સંદર્ભમાં પ્રશિક્ષણાર્થીઓને નીચે જણાવેલ કાર્યો માટે સક્ષમ કરવાના હેતુથી શિક્ષક પ્રશિક્ષણ જરૂરી છે.

- તમામ પ્રકારનાં બાળકોની સંભાળ લે,
- દરેક બાળકને તેના સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજનૈતિક સંદર્ભમાં સમજે,
- અસરકારક અધ્યયનની રીતો સમજે અને તેનો અમલ કરાવવા માટેની ક્ષમતા કેળવે,
- અધ્યયન માટે પ્રેરક વાતાવરણનું સર્જન કરે,
- બાળકો વચ્ચે રહેલી વ્યક્તિગત ભિન્નતાઓને સંતોષે, તેવા અધ્યયન વાતાવરણનું સર્જન કરે,
- સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે અને બાળકોને વધુ સારા વિશ્વના વિકાસ માટે તૈયાર કરે,
- અધ્યયનને, વ્યક્તિગત અનુભવને આધારે અર્થ આપવાની પ્રક્રિયા તરીકે જુએ, નહીં કે તથ્યોની જાણકારી તરીકે,
- જ્ઞાનના સર્જનને, ચિંતનાત્મક અધ્યયનને કારણે સતત વિકસિત થતી પ્રક્રિયા તરીકે જુએ,
- અભ્યાસક્રમીય માળખાં, નીતિઓના સૂચિતાર્થો અને વિષયવસ્તુનું વિશ્લેષણ કરે,
- ભાષામાં પાયાની નિપૂણતા મેળવે,
- સંશોધનાત્મક દૃષ્ટિ વિકસાવે,

● એવા શિક્ષકો તૈયાર કરવા માટે પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે કે જેઓ અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા દરમિયાન નીચે જણાવેલ કાર્યો માટે બાળકોને પ્રોત્સાહન આપે, તે માટેની સુવિધા પૂરી પાડે અને સહાયક બને.

- બાળકો પોતાની પ્રતિભાને જાતે ઓળખે, શોધે અને વિકસાવે.

- તેઓ પોતાની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાને મહત્તમ કક્ષાએ ઓળખે અને તે કક્ષા સુધી વિકસિત કરે,

- બાળકો ચારિત્ર્યવાન બને,

- એક જવાબદાર નાગરિક તરીકે કાર્ય કરવા માટે સામાજિક અને માનવ મૂલ્યો કેળવે.

● વિકાસના બદલાતા રાષ્ટ્રીય ધ્યેયો અને બદલાતી શૈક્ષણિક અગ્રતાઓને આધારે ચિંતન કરીને અને પાછલા અનુભવોને સાંકળીને પ્રશિક્ષણાર્થી, શાળાના વર્તમાન અભ્યાસક્રમની સમીક્ષા કરવાની, સમાજની બદલાતી જરૂરિયાતો અને અધ્યેતાની વ્યક્તિગત જરૂરિયાતને સુસંગત હોય તેવા અભ્યાસક્રમનો વિકાસ કરવાની ક્ષમતા વિકસાવે તે માટે તેમને પ્રશિક્ષણ આપવું આવશ્યક છે.

● ઉપરાંત પ્રશિક્ષણાર્થી, અભ્યાસક્રમની રચના અને વિકાસ કરવાનું કાર્ય કરી રહેલા લોકોના સમૂહનો સક્રિય સભ્ય બનવાની ક્ષમતા કેળવે તે માટે, તેમને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

● ઉપરોક્ત હેતુઓ સિવાય નીચે જણાવેલ હેતુઓ પૂર્ણ કરવા માટે શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- પ્રશિક્ષણાર્થીઓની, સ્વયંની વિવેચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- બાળકોનું અવલોકન કરવા માટેની અને તેમની સાથે વ્યસ્ત રહીને પોતાને તેમની સાથે જોડવાની તક પૂરી પાડવા માટે,

- નવા જ્ઞાન અને વિચારોના પરિપાચન તથા સંસાધનની ક્ષમતાનો વિકાસ કરવા માટેની, સ્વનિર્દેશિત અધ્યયન માટેની, સમૂહમાં કામ કરવા માટેની, સ્વઅધ્યયન માટેની અને ચિંતન માટેની તકો પૂરી પાડવા માટે.

- પોતાને સમજવા માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટે; અન્ય લોકોની ધારણાઓ, માન્યતાઓ, સંવેગો અને ક્ષમતાઆને સમજવા માટેની અને સ્વવિશ્લેષણ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટેની તક આપવા માટે,

- સ્વમૂલ્યાંકન, અનુકૂલન, લવચિકતા, સર્જનાત્મકતા અને નવપ્રવર્તન માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટેની તક પૂરી પાડવા.

- વિવેચનાત્મક ચિંતન ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- વિષય આધારિત જ્ઞાન અને સામાજિક વાસ્તવિકતાને સમજીને વિષયવસ્તુને વ્યવહારિક જીવન સાથે સાંકળવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- શિક્ષણશાસ્ત્રીય અને વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવા માટેની તકો પૂરી પાડવા માટે,

- જ્ઞાનને પાઠ્યપુસ્તકમાં મુદ્રિત બાહ્ય તથ્ય સમજવાને બદલે અધ્યાપન-અધ્યયન અને વ્યક્તિગત અનુભવોની વહેંચણીના સંદર્ભમાં સમજે તે માટે,

- મૂલ્યાંકનની વિવિધ રીતો, તેમની ઉપયોગિતા અને મર્યાદાઓ સમજીને વિવિધ પરિસ્થિતિમાં ઉચિત રીતનો અમલ કરવાની પ્રશિક્ષણાર્થીઓની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- મૂલ્યાંકન ઉપકરણોની રચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- શિક્ષકના વ્યવસાય માટેની આચાર સંહિતાનું પાલન કરવા માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણના વર્તમાન પ્રવાહોથી પરિચિતિ કરવા અને તેમનું વિશ્લેષણ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- પ્રશિક્ષણાર્થી શિક્ષણને વ્યવસાય તરીકે સ્વીકારે, વ્યાવસાયિક સંગઠનનું મહત્ત્વ સમજે અને તેનો સભ્ય બનવાની ક્ષમતા વિકસાવે તે માટે,

- પ્રશિક્ષણાર્થી, શિક્ષણના વ્યવસાયને અનુકૂળ

આવે તે રીતે તેના વ્યક્તિત્વનો વિકાસ કરે તે માટે,

- પ્રશિક્ષણાર્થીઓની, અધ્યાપન-અધ્યયન સામગ્રીની રચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- માહિતી પ્રોદ્યૌગિકી અને શૈક્ષણિક પ્રોદ્યૌગિકીના ક્ષેત્રમાં વિકસિત થતી નવી તકનિકીનો ઉપયોગ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે.

શિક્ષક પ્રશિક્ષણનાં ઉપરોક્ત હેતુઓ પૂર્ણ કરવામાં સૌથી મોટી ભૂમિકા શિક્ષક પ્રશિક્ષકોએ અદા કરવાની હોય છે. તે માટે તેમની પાસે પણ કેટલાંક અગત્યનાં કૌશલ્યો અને શૈક્ષણિક લાયકાત હોવા જરૂરી છે. તેના સંદર્ભમાં ચર્ચા કરતાં પહેલાં આપણે શિક્ષક પ્રશિક્ષકનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીશું.

**શિક્ષક પ્રશિક્ષકનો અર્થ (Meaning of Teacher Educator) :** શિક્ષક પ્રશિક્ષકનો કોઈ નિશ્ચિત અર્થ આપવાનું કામ કઠિન છે. કારણ કે પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધીની જુદી જુદી કક્ષા માટે શિક્ષકો તૈયાર કરવા માટે જુદા જુદા પ્રકારની પ્રશિક્ષણ સંસ્થાઓ કામ કરે છે. આવી જુદી જુદી કક્ષાની પ્રશિક્ષણ સંસ્થામાં પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવાનું કામ કરતાં પ્રશિક્ષકો જુદી જુદી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને શૈક્ષણિક લાયકાત ધરાવે છે. તેમ છતાં વિવિધ કક્ષાના શિક્ષક પ્રશિક્ષકોની મુખ્ય ફરજને ધ્યાનમાં રાખીને અર્થ આપવો હોય તો કહી શકાય કે -

શિક્ષણના નિશ્ચિત સ્તર માટે શિક્ષકો તૈયાર કરવાના હેતુથી પ્રશિક્ષણ સંસ્થામાં શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને તેમની વ્યવસાયિક ક્ષમતા અને શિક્ષકો માટેના અપેક્ષિત કૌશલ્યોનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણ આપતા અનુદેશક (Instructor) કે પ્રશિક્ષકને શિક્ષક પ્રશિક્ષક કહે છે, જે પ્રશિક્ષણનાં સંપૂર્ણ સમયગાળા દરમિયાન પ્રશિક્ષણાર્થીઓની તમામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને તપાસ કરે છે તથા તેમને તમામ પ્રવૃત્તિઓ કરવામાં સહાય કરે છે અને તે માટેનું માર્ગદર્શન આપે છે.

**શિક્ષક પ્રશિક્ષકનું શિક્ષણ** : એક સમયે માનવામાં આવતું હતું કે 'શિક્ષકો જન્મે છે, શિક્ષકો તૈયાર કરી શકાતા નથી.' હવે 'પ્રશિક્ષણ દ્વારા શિક્ષકો તૈયાર કરી શકાય છે' એવી માન્યતા સાથે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ શરૂ થઈ છે. તેમાં પ્રશિક્ષણ આપનારા પ્રશિક્ષકોને આપણે શિક્ષક પ્રશિક્ષક કહીએ છીએ. તેમણે પ્રશિક્ષણાર્થીઓના કૌશલ્યોનો વિકાસ કરીને તેમને શિક્ષણના વ્યવસાય માટે તૈયાર કરવાના હોય છે. તેથી પ્રશિક્ષકો પાસે પણ કેટલીક પાયાની લાયકાત અને કૌશલ્યો હોવા જરૂરી છે.

શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓની શરૂઆત થઈ તે પહેલાં શિક્ષકો તૈયાર કરવા માટેની કોઈ ઔપચારિક સંસ્થાઓ કે રીતો નહોતી. ભારતનાં સંદર્ભમાં પૌરાણિક કાળમાં શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતાં ઋષિ શિક્ષણ આપવાનું કામ કરતા હતા. અર્જિત કરેલ જ્ઞાન અને વ્યક્તિગત અનુભવોને આધારે તેઓ અધ્યાપનની પોતાની રીતો નિશ્ચિત કરતા હતા. શિક્ષણ આપવાનું કામ મોટે ભાગે બ્રાહ્મણો કરતા હતા. તેઓ શાસ્ત્ર અને શસ્ત્રનું શિક્ષણ આપતા હતા. વિવિધ વ્યવસાયો માટે કૌશલ્યયુક્ત માનવબળ તૈયાર કરવાનું કામ જે તે વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓ કરતી હતી. મોટા ભાગના વ્યવસાયીઓ પોતાના કુટુંબનાં સભ્યોને વાસ્તવિક અનુભવની તક પૂરી પાડીને વ્યવસાય માટે તૈયાર કરતા હતા. તે માટે કોઈ વ્યવસાયી શિક્ષકની અનિવાર્યતા જણાતી ન હતી. કૌટુંબિક વ્યવસાયોમાં આજે પણ આ પરિસ્થિતિ જોવા મળે છે.

ઔપચારિક શિક્ષણ વ્યવસ્થાની શરૂઆતના તબક્કામાં અધ્યાપનની નૈસર્ગિક ક્ષમતા ધરાવતા અને જે તે વિષયના અભ્યાસુ વ્યક્તિઓ શિક્ષણ આપવાનું કામ કરતા હતા. તેમની પાસેથી અમુક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ વ્યક્તિ શિક્ષક તરીકે કાર્ય કરી શકતી હતી. તેથી તેમને શિક્ષક પ્રશિક્ષકોની જરૂર પડતી ન હતી. તેઓ જાત અનુભવે શિક્ષણ માટેના આવશ્યક કૌશલ્યો કેળવી લેતા હતા.

સમય આગળ વધ્યો અને એવી માન્યતાએ જન્મ લીધો કે વ્યક્તિને વિશિષ્ટ તાલીમ આપીને શિક્ષક બનાવી શકાય છે. પરિણામે શિક્ષક પ્રશિક્ષણની ઔપચારિક સંસ્થાઓ શરૂ

થઈ. પરંતુ તેમાં અનુભવી અને વરિષ્ઠ શિક્ષકો પ્રશિક્ષણાર્થીઓને તાલીમ આપતા. પછી શિક્ષણશાસ્ત્રનો વિકાસ થયો. તેની પૂરક શાખા તરીકે શૈક્ષણિક તત્ત્વજ્ઞાન અને શૈક્ષણિક મનોવિજ્ઞાનનો સ્વીકાર થયો. શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો માટે વિધિવત અભ્યાસક્રમો તૈયાર થયા. નિયમિત શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. નિયમિત અને કાયમી પ્રશિક્ષકોની જરૂર પડી. તે માટેની નીતિઓ ઘડવામાં આવી અને તેનો અમલ થવા લાગ્યો. શિક્ષક પ્રશિક્ષકો માટેની લઘુત્તમ લાયકાત નિશ્ચિત થઈ. આજે શિક્ષક માટેની લઘુત્તમ લાયકાત ધરાવતી વ્યક્તિ પ્રશિક્ષણ સંસ્થાઓમાં પ્રશિક્ષક તરીકે કાર્ય કરે છે. જો કે શિક્ષક પ્રશિક્ષક તૈયાર કરવા માટેની કોઈ ઔપચારિક પ્રશિક્ષણ સંસ્થાઓ આજે પણ અસ્તિત્વ ધરાવતી નથી.

શિક્ષક પ્રશિક્ષકો માટેની અપેક્ષિત શૈક્ષણિક લાયકાત જોતાં કહી શકાય કે તેમને શિક્ષક પ્રશિક્ષક તરીકેની કોઈ વિશિષ્ટ તાલીમ આપવામાં આવતી નથી. જો કે તેઓ તેમના બી.એડ્.ના પ્રશિક્ષણ દરમિયાન વર્ગખંડ શિક્ષણની તાલીમ મેળવી લે છે.

ઉપરાંત એમ.એડ્.ના અભ્યાસ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને બી.એડ્. કૉલેજમાં ઇન્ટર્નશીપ કરવાની હોય છે. તેથી તેમને બી.એડ્. કૉલેજમાં શિક્ષણ કાર્ય કરવાની સામાન્ય તાલીમ મળે છે.

એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) કરેલ પ્રશિક્ષકોને તેમના અભ્યાસ દરમિયાન સંશોધન કરવાની તક મળે છે. તેથી તેઓ જે તે કક્ષાએ, તેમની ક્ષમતા અને રુચિ મુજબ સંશોધન કરીને પ્રશિક્ષક તરીકેની ક્ષમતાનો વિકાસ કરી શકે છે.

શિક્ષક પ્રશિક્ષણ માટેની આજની આપણી વ્યવસ્થા શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં નિષ્ફળ રહી છે.

**શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની સમસ્યાઓ:**

- પ્રાથમિક શાળાથી માંડીને ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકોને જુદા જુદા વિષયના શિક્ષણ માટે પ્રશિક્ષણ આપતી પ્રશિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. પરંતુ, શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની સૌથી મોટી સમસ્યા એ છે કે ફક્ત શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ માટે સમર્પિત હોય, તેવી કોઈ ઔપચારિક સંસ્થા કે અભ્યાસક્રમ વિશ્વના લગભગ કોઈ પણ દેશમાં નથી.
- એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) એ શિક્ષક પ્રશિક્ષકો માટેની અનિવાર્ય શૈક્ષણિક લાયકાત છે. ભારતના જુદાં જુદાં રાજ્યોમાં અને કોઈ એક રાજ્યના જુદાં જુદાં વિશ્વવિદ્યાલયોમાં એમ.એડ્.ના અભ્યાસક્રમમાં એકરૂપતા અને સમાનતા જોવા મળતી નથી. તેથી કોઈ રાજ્ય કે પ્રદેશમાં સ્થાનિક કક્ષાએ પણ શિક્ષક પ્રશિક્ષકો માટે નિપુણતા માટેના સમાન ધોરણો નિશ્ચિત કરી શકાતા નથી.
- શિક્ષક પ્રશિક્ષક તરીકે કાર્ય કરતાં શિક્ષકો વિવિધ શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. જેમ કે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન. તેથી તમામને એક તબ્બા પર લાવીને એક પ્રકારનું શિક્ષણ આપવા માટેના અભ્યાસક્રમ રચવાનું કામ મુશ્કેલ બને છે.
- આવા તમામ ઉમેદવારોને એક સાથે સમાન સૈદ્ધાંતિક, શિક્ષણશાસ્ત્રીય અને આધારશિલાના વિષયો શીખવવા પડે છે. પરંતુ જુદી જુદી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ધરાવતાં પ્રશિક્ષકો સમાન કક્ષાએ આવા વિષયોમાં નિપુણતા મેળવી શકતા નથી.
- શિક્ષક પ્રશિક્ષક બનવા માગતા ઉમેદવારો તેમની વિદ્યાશાખામાં જુદી જુદી કક્ષાની પદવી ધરાવે છે. જેમ કે અમુક સ્નાતક કક્ષાની તો અમુક અનુસ્નાતક કક્ષાની પદવી ધરાવે છે. આવા બન્ને પ્રકારના ઉમેદવારોને એક સમાન રીતે શિક્ષક પ્રશિક્ષક તરીકેની તાલીમ આપવાનું કામ અઘરું બને છે.
- જો કે ઉપરોક્ત મર્યાદા દૂર કરવા માટે NCTE એ શિક્ષક પ્રશિક્ષકો માટે કોઈપણ એક શૈક્ષણિક વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાની પદવી ફરજિયાત કરી છે. પરંતુ તેમાં એમ.એ.(એજ્યુકેશન)નો વિકલ્પ આપ્યો છે. એમ.એ.(એજ્યુ.)ની પદવી ધરાવનારને શૈક્ષણિક

વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાની પદવી મેળવવાની જરૂર રહેતી નથી. આવા સંજોગોમાં સમસ્યા ચાલુ રહે છે.

- શિક્ષક પ્રશિક્ષકોએ પ્રશિક્ષણાર્થીઓને 'અધ્યાપન માટે અધ્યયન(Learning to Teach)' અને અધ્યયન માટે અધ્યાપન(Teaching to Learn) કરવા માટેની રીતો શીખવવાની હોય છે. તે માટે શિક્ષક પ્રશિક્ષકો પાસે માધ્યમિક શાળા અને પ્રશિક્ષણ સંસ્થા બન્નેમાં અધ્યાપન કરવાનો અનુભવ હોવો જોઈએ. જેથી તે શાળામાં અધ્યાપનની સમસ્યાઓ અનુભવીને પ્રશિક્ષણાર્થીઓને આ બન્ને પ્રકારનું પ્રશિક્ષણ આપી શકે. પરંતુ પ્રશિક્ષકોના શિક્ષણ માટેનું કોઈ ચોક્કસ માળખું અથવા ઔપચારિક સંસ્થા ન હોવાથી આ કાર્ય થઈ શકતું નથી.

- પ્રશિક્ષકો ઉપર જણાવેલ કાર્ય અસરકારક રીતે કરી શકે તે માટે શાળા કક્ષાએ અધ્યાપનનો અનુભવ ધરાવતા શિક્ષકોને જ પ્રશિક્ષણ સંસ્થામાં નિમણૂંક આપવી જોઈએ. પરંતુ શિક્ષક પ્રશિક્ષકો માટેની અનિવાર્ય લઘુતમ શૈક્ષણિક લાયકાતમાં તેની જોગવાઈ કરવામાં આવી નથી.

- શૈક્ષણિક વિષયો અને શિક્ષણ પદ્ધતિ શાસ્ત્રનું સંકલન કરીને શાળામાં વિષયવસ્તુની સ્પષ્ટ રજૂઆત કરવા માટેનું પ્રશિક્ષણાર્થીઓનું કૌશલ્ય શિક્ષક પ્રશિક્ષકોએ વિકસાવવું પડે છે. પ્રશિક્ષણાર્થીઓનું આવું કૌશલ્ય વિકસાવવા માટે પ્રશિક્ષકો પાસે શૈક્ષણિક વિષયોના વિષયવસ્તુ અને શિક્ષણ પદ્ધતિઓ અંગેનું ઊંડું જ્ઞાન અને ઊંડી સમજ હોવી આવશ્યક છે. પરંતુ એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) કક્ષાએ અભ્યાસક્રમમાં તે માટેની કોઈ જોગવાઈ નથી. તેથી પ્રશિક્ષક માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રશિક્ષકો આ ક્ષમતા વિકસાવી શકતા નથી.

- પ્રશિક્ષણાર્થીઓને શૈક્ષણિક તકનિકી અને ICTનો શિક્ષણમાં વિનિયોગ કરવા માટેનું પ્રશિક્ષણ પ્રશિક્ષકોએ આપવાનું હોય છે. પરંતુ એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) કક્ષાએ આવી કોઈ તાલીમ આપવામાં આવતી નથી. તે સંદર્ભમાં પ્રશિક્ષકો માટેનું શિક્ષણ નબળું પુરવાર થાય છે.

- શિક્ષક પ્રશિક્ષકોએ પ્રશિક્ષણાર્થીઓને શાળા કક્ષાએ શિક્ષણ આપવા માટેનું પ્રશિક્ષણ આપવાનું હોય છે. તેમ છતાં શિક્ષક પ્રશિક્ષકો તૈયાર કરતાં શિક્ષણનાં અનુસ્નાતક કેન્દ્રો અને શાળાઓ વચ્ચે સંકલન, સહયોગ અને સંબંધ પ્રસ્થાપિત કરવા અંગેની જોગવાઈ એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન)ના અભ્યાસક્રમોમાં નથી.

- એમ.એડ્. કે એમ.એ.(એજ્યુકેશન) કક્ષાએ શાળાની વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપન અંગેની કે વિદ્યાર્થીઓ સાથેની આંતરક્રિયા કરવા માટેની કોઈ તક આપવામાં આવતી નથી. તેથી તેઓ શાળાની વાસ્તવિક સમસ્યાઓ પ્રત્યક્ષ રીતે અનુભવી શકતા નથી અને શાળાકીય સમસ્યા ઉકેલ માટેનું પ્રત્યક્ષ પ્રશિક્ષણ મેળવી શકતા નથી. પરિણામે ભવિષ્યમાં પ્રશિક્ષક તરીકે કાર્ય કરતી વખતે તેઓ પ્રશિક્ષણાર્થીઓને શાળા કક્ષાની સમસ્યા- ઉકેલનું માટેનું અસરકારક પ્રશિક્ષણ આપી શકતા નથી.

- શિક્ષક પ્રશિક્ષણ અંગે રાષ્ટ્રીય કક્ષાએ નીતિ ઘડતર કરતી NCTE જેવી સંસ્થાઓ પણ શિક્ષક પ્રશિક્ષકોના શિક્ષણ અંગેની નીતિઓ ઘડવામાં ગંભીર જણાતી નથી.

સમગ્ર ચર્ચાને આધારે કહી શકાય કે શિક્ષક પ્રશિક્ષણના મૂળભૂત હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષકો તૈયાર કરવા માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે તો શિક્ષક પ્રશિક્ષણની અનેક સમસ્યાઓ દૂર કરી શકાય છે અને પ્રશિક્ષણાર્થીઓને સઘન પ્રશિક્ષણ આપી શકાય છે. જો આ શક્ય બને તો શાળા શિક્ષણ ક્ષેત્રે ભારતમાં પ્રવર્તમાન અનેક સમસ્યાઓ પણ દૂર કરી શકાય.

(સતીશપ્રકાશ શુક્લઃ ગુજરાત યુનિ.ના શિક્ષણ વિભાગના ઉત્તમ અભ્યાસી, અધ્યાપક.
૧૨, ગોકુલધામ એપાર્ટમેન્ટ, રામદેવ ટેમ્પલ સામે,
ભાઈકાકાનગર, થલતેજ લેઈક પાસે, થલતેજ,
અમદાવાદ, ૩૮૦૦૫૯
ઈમેઈલ : srrshukla@gmail.com મો.
9898988895)

## ૨૦. શિક્ષક સોક્રેટિસ જેવો હોવો જોઈએ

સોનલ પરીખ

પ્લેટો, ઝેનોફોન, એન્ટિસ્થેનિસ, એરિસ્ટિપસ, એલ્સિબાયડિસ અને ક્રિશ્યસ જેવા મહાન શિષ્યોના જબરદસ્ત ગુરુ સોક્રેટિસ ઈ.સ.પૂર્વે ૪૦૦ આસપાસ થઈ ગયા. આ પ્રાચીન ગ્રીક ફિલોસોફરનાં જીવન, વ્યક્તિત્વ અને વિચારોએ પશ્ચિમની વિચારણા પર બહુ મોટો અને કાયમી પ્રભાવ પાડ્યો છે.

આજથી અઢી હજાર વર્ષ પહેલાં સોક્રેટિસે જે કર્યું તે આજે પણ ઉદાહરણરૂપ છે. લોકશાહીનું ટોળાશાહીમાં, ઘેટાશાહીમાં, લાંચરૂશ્વતથી ખરડાયેલી મતશાહીમાં પરિવર્તન ન થાય તેને માટે નાગરિકોને તૈયાર કરવા માટે, સોક્રેટિસ જીવનભર મથ્યા. લોકો પોતાના અધિકારોની સુરક્ષા માટે સક્ષમ થાય એ માટે સોક્રેટિસ જીવનભર ઝઝૂમ્યા. સોક્રેટિસ-શિક્ષણનો માર્ગ રસ્તો તૈયાર કરી એ ચીંધી દેવાનો નહોતો, તેનો માર્ગ લોકોના મનમાં પરેશાની જાગે, સવાલો ઊભા થાય, લોકો પોતાની મેળે વિચારતા અને મૂલ્યપરિવર્તન કરતાં થાય એ હતો. ગ્રીસની ઊછરતી લોકશાહી માટે એ જેટલું અનિવાર્ય હતું, તેટલું જ આજે જે પ્રકારની લોકશાહી ઊછરી અને ફૂલીફાલી ગઈ છે તેને માટે પણ અનિવાર્ય છે અને એથી એ માટેની કેળવણીની જરૂર પણ આજે એટલી જ છે જેટલી ત્યારે હતી.

આજની યુનિવર્સિટીઓએ, શાળાઓએ, શિક્ષકોએ આ જ કામ કરવાનું છે. છેલ્લા બે દાયકામાં શિક્ષણમાં 'સોક્રેટિક ક્વેશ્ચનિંગ' પર બહુ વિચાર થયો છે, કાર્ય પણ થયું છે અને પરિણામો પણ નીપજ્યાં છે. છતાં ઘણુંબધું કરવાનું બાકી છે.

નવી શિક્ષણનીતિમાં બાળકની વિચારક્ષમતા અને સમસ્યાઉકેલક્ષમતા પર બહુ ભાર મુકાયો છે અને એકથી વધારે વાર ક્રિટિકલ થિંકિંગ શબ્દ વાપર્યો છે. 'સોક્રેટિક ક્વેશ્ચનિંગ'ને તાર્કિક વિચારણા-લૉજિકલ થિંકિંગ-રેશનલ થિંકિંગ-ક્રિટિકલ થિંકિંગ સાથે સીધો સંબંધ છે.

વેદ, ઉપનિષદથી માંડી બૌદ્ધકાલીન શિલાલેખો ને નાલંદા-તક્ષશિલા વિશ્વવિદ્યાલયો સુધીની આપણી પ્રાચીન શિક્ષણપરંપરા પણ પ્રશ્નમૂલક, જિજ્ઞાસાસંતર્પક, ચર્ચા-વિચારણા, મત-પ્રતિમત અને વાદવિવાદ આધારિત હતી, જેમાં નચિકેતાના પ્રશ્ન પર આખી વિચારશાખા ઊભી થઈ શકે ને નાસ્તિક એવા ચાર્વાક પણ તેમની તર્કનિપુણતાને લીધે ઋષિ ગણાય. ત્યાર પછી પશ્ચિમની અસર નીચે હોય કે અન્ય પરિબળોને કારણે શિક્ષણ વર્ગખંડોમાં કેદ થયું અને શિક્ષક શીખવે ને વિદ્યાર્થી શીખે એમ વન-વે બની ગયું. વિદ્યાર્થીએ પ્રશ્નો પૂછવાની સત્તા ગુમાવી અને વર્ગખંડો પર આજ્ઞાંકિતતાનો પુરસ્કાર કરતી વડીલશાહી સંસ્કૃતિનું સામ્રાજ્ય સ્થપાયું. શિક્ષકને બધાને એક જ લાઠીએ હાંકવાની સુવિધા મળી અને વિદ્યાર્થીની મૌલિકતા, સહજસ્ફૂરણાનો અને નૈસર્ગિક શક્તિનો ભોગ લેવાઈ ગયો. આમ કરીને આપણે શું સિદ્ધ કર્યું એ પ્રશ્ન આપણને ધૂંધળા વર્તમાન અને ભયાનક ભવિષ્યની સામે હતબુદ્ધ ભાવે ઊભા કરી દે છે.

દરેક જમાનામાં બુદ્ધિશાળીઓ અને બુદ્ધિવાદીઓ બન્ને હોય છે. સોક્રેટિસના સમયમાં આવા બુદ્ધિવાદીઓ હતા. તેઓ સૉફિસ્ટો કહેવાતા. તેમનો પ્રભાવ ઓછો નહોતો. આ સૉફિસ્ટોને શબ્દો વડે, છટાઓ વડે ચાતુરીભરી દલીલો કરતા, લોકોને આકર્ષતા, ભુલાવામાં નાખતા, આંજી નાખતા ને સમર્થકોનો સમુદાય એકઠો કરતા આવડતું. એમાંના કેટલાક તો વળી આ કલા ઘણા બધા પૈસા લઈ ઉચ્ચ વર્ગના લોકોને શીખવતા પણ ખરા. સોક્રેટિસ આ બધાને બુદ્ધિની વારાંગનાઓ કહેતા. લોકશાહીમાં સૉફિસ્ટોની કમી કદી નથી હોતી, સોક્રેટિસની કમી હંમેશા હોય છે.

બાળક વહુ વહેલી વયે તાર્કિક વિચારણા કરતું થઈ જાય છે. જરૂર હોય છે તેને દિશા આપવાની, કેળવવાની.

જો તેની જિજ્ઞાસા જાગે, સવાલો ઊઠે અને એના જવાબની શોધ એ જાતે જ કરી શકે એવું વાતાવરણ બંધાય તો તો તેને જે શીખવા મળે તે તેની સાથે સહેજે સહેજે જીવનભર રહે. પરીક્ષાઓની જટિલતા અને તેનું ભારણ નીકળી જાય. ભણતર ભાર વગરનું, જીવનલક્ષી અને વધારે અર્થપૂર્ણ બને. તેની મૌલિક બુદ્ધિ ખીલે જે તેને જીવનના તમામ પ્રશ્નોમાં સાચો માર્ગ ચીંધે.

પ્રશ્નોથી તાર્કિક વિચારણા કેવી રીતે ખીલે? એ માટે અર્થપૂર્ણ પ્રશ્નો પૂછતાં શીખવું પડે.

આમ શા માટે? આના સિવાય બીજું શું વિચારી શકાય? આ સાબિતી પૂરતી છે? આને બીજી કઈ રીતે જોઈ શકાય? તો પછી પરિણામ શું આવશે? આ પ્રશ્ન શા માટે પૂછવો જરૂરી છે? આવા પ્રશ્નોથી અર્થપૂર્ણ પ્રશ્નો ઉઠાવવાની કલા હસ્તગત થતી આવે. પ્રશ્નો શિક્ષક પણ પૂછે અને વિદ્યાર્થી પણ પૂછે. આખી પ્રક્રિયાની મઝા એ છે કે આવા આવા પ્રશ્નોથી વિદ્યાર્થીઓની તાર્કિક વિચારણા ખીલવતા ખીલવતા શિક્ષક પોતે પણ સતત શીખતો રહે છે.

સાચા શિક્ષકમાં આવું સોક્રેટિક એલિમેન્ટ હોય છે, હોવું જોઈએ. સોક્રેટિસે કહ્યું છે કે શિક્ષણ એટલે ખાલી વાસણ ભરવું એ નહીં, શિક્ષણ એટલે જ્યોત પ્રગટાવવી. વાસણ ભરવું એ નહીં. જ્યારે આપણને પ્રતીતિ થાય કે આપણે જિંદગી વિશે, જાત વિશે ને જગત વિશે કેટલું ઓછું જાણીએ છીએ ત્યારે સાચા જ્ઞાનનું પ્રગટીકરણ થાય છે. જ્ઞાનનો ઉદય અજ્ઞાનની ઓળખથી જ થાય છે. પ્યાલો ખાલી કરીને પછી તેને તાર્કિક વિચારણાથી ભરવાનો છે. નિરીક્ષણ-પરીક્ષણ વિનાનું જીવન નકામું છે, નૈતિકતાથી વધારે અગત્યનું બીજું કંઈ નથી અને સાચા માણસનું કોઈ કંઈ બગાડી શકતું નથી કારણ કે તેને કોઈ ડર, કોઈ અસલામતી હોતાં નથી; તે પોતાની પ્રતિભા બતાવવા પ્રયાસો કરતો હોતો નથી, પદ પ્રતિષ્ઠાની પરવા કરતો નથી, રાજકીય પ્રભાવ પાડવાની મહત્ત્વાકાંક્ષા સેવતો હોતો નથી. ગરીબી, પીડા કે મૃત્યુ પણ તેના ગુણો પર કોઈ અસર કરી શકતાં નથી. આવા સામર્થ્યપૂર્ણ નાગરિકો જ દેશની સાચી શક્તિ છે અને એમને તૈયાર કરવામાં શિક્ષણ અને શિક્ષકનું યોગદાન સૌથી મોટું છે.

સોક્રેટિક શિક્ષક વિદ્યાર્થીને તૈયાર ભાણું આપતો નથી. જવાબો આપવાને બદલે પ્રશ્નો કરતાં શીખવે છે. પૂર્વગ્રહો ઓગાળે છે. ખુલ્લું મન, જિજ્ઞાસા, વસ્તુલક્ષિતા, પૃથક્કરણ શક્તિ, તર્ક, સતર્કતા ખીલવે છે. શિક્ષક આવો હોવો જોઈએ. 'માસ્તર' નહીં પણ 'માસ્ટર'. શિક્ષણ પદ્ધતિમાં થતા રહેતાં ફેરફારોને પહોંચી વળે, વિદ્યાર્થીઓને તાર્કિક વિચારણાના રસ્તે લઈ જાય અને તેમને જવાબદાર નાગરિકો તરીકે તૈયાર કરે તે માટે શિક્ષક સોક્રેટિસ જેવો જિનિયસ હોવો જોઈએ. આવા શિક્ષકોને મોકળાશથી કામ કરવા મળે તેવી શિક્ષણવ્યવસ્થા ઊભી કરવી ને ટકાવવી એ સરકારની ને સમાજની જવાબદારી છે.

(સોનલ પરીખઃ લોકભારતીના ગાંધી અભ્યાસ કેન્દ્રના સંયોજક, પત્રકાર, કવયિત્રી, લેખિકા.

લોકભારતી-સણોસરા, તા.શિહોર, જિ.ભાવનગર, ૩૬૪૨૩૦, મો.૯૮૩૩૭૦૮૪૯૪

ઈમેઈલ : sonalparikh1000@gmail.com)

**શ્રદ્ધાંજલિ નોંધ**

- લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ. શ્રી ધનસુખભાઈ શેઠનાં ધર્મપત્ની શ્રી દયાબહેન શેઠનું તા. ૦૯ ઑક્ટોબરના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- ત્રિવેણીતીર્થ લોકશાળા-કળસારના પૂર્વ શિક્ષક શ્રી પોપટભાઈ જાંબુચાનું ૫૮ વર્ષની વયે તા. ૧૯ ઑક્ટોબરના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- સર્વોદય કાર્યકર સ્વ. શ્રી જગદીશભાઈ શાહનાં ધર્મપત્ની અને શ્રી કપિલભાઈ તથા શ્રી ભરતભાઈ શાહનાં માતુશ્રી મંજુલાબહેન જ. શાહનું ૮૩ વર્ષની વયે તા. ૨૩ ઑક્ટોબરના રોજ વડોદરા ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૨૧. ૨૧મી સદીના 'એકલવ્ય'નો જય હો!

વિશાલ ભાદાણી

શિક્ષણ 'દર્શન'(Vision) અને તેના ચરિતાર્થ માટે ઊભું કરવામાં આવતું 'દૃષ્ટાંત'(Provision)ના ગુણવત્તાસભર વ્યવહાર પર નિર્ભર છે. શિક્ષણ દ્વારા જે 'તત્ત્વ' સુધી પહોંચવાનું છે એ માટે આપણે છેલ્લાં લગભગ ૨૫૦ વર્ષમાં એક 'તંત્ર'(System)ની રચના કરી છે. પરંતુ આ 'તંત્ર'ની મર્યાદા એ છે કે એ પોતે લઘુતમ(વાચન-લેખન-ગણન) નિષ્પત્તિથી ભાગ્યે જ આગળ ગયું છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવમાં રહેલા પૂર્ણતા ખીલવવામાં તંત્ર વામણું સાબિત થયું અને 'પુરુષોત્તમ' બનવાની ક્ષમતા ધરાવનાર વિદ્યાર્થીઓને આ તંત્રે વિચારશૂન્ય બનાવે છે એ હકીકત આપણી આસપાસ શાળા-કૉલેજોમાં ઊછરી રહી છે.

ઇતિહાસમાં પ્રથમ વખત કોઈપણ વ્યક્તિ પાસે આજે—૨૧મી સદીમાં—શીખવાનાં એટલાં અને એવાં સાધનો ઉપલબ્ધ છે કે શિક્ષણ નામના 'તંત્ર'ની અનિવાર્યતા લગતી નથી. આમ પણ શિક્ષણની કોઈપણ વ્યવસ્થાની સફળતા અને અસરકારકતા ત્યારે જ ગણાય જ્યારે ધીમેધીમે શીખનાર એના પર નિર્ભર રહેવાનું બંધ કરે. કાયમ સાયકલનું કેરિયર પકડી રાખનાર બાપ એના દીકરાને સાયકલ કેવી રીતે શીખવી શકે? પાયાનું વાચન-લેખન-ગણન શીખવતી વખતે જો કુતૂહલતાને સજીવન રહેવા દેવામાં આવે તો વ્યક્તિ 'સ્વશિક્ષણ'ની દિશામાં એકલપંડ્યે યાત્રા માંડી શકે એમાં કોઈ જ શંકા નથી.

**સ્વશિક્ષણ એટલે શું?**

આપણે એકલવ્યની શિક્ષણ પ્રક્રિયાથી પરિચિત છીએ, પણ અત્યારે લાખો 'એકલવ્ય' યુ-ટ્યૂબ પર હજારો બાબતો પોતાની જાતે શીખી રહ્યા છે, એમને ક્યારે વધાવીશું! 'સ્વ-શિક્ષણ'ની પ્રક્રિયાના કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે તારવી શકાયઃ

શીખનાર જ્યારે પોતે જ પોતાના શીખવાની પ્રક્રિયાની જવાબદારી લે, અન્ય વ્યક્તિ, સાધન કે વ્યવસ્થાનો ખપ પૂરતો ઉપયોગ કરે પણ તેનાં પર નિર્ભર ન રહે; શીખવાની દિશા, પદ્ધતિ અને ગતિની પસંદગી જાગૃતિપૂર્વક કરે અને પછી તેને નિભાવે અને ભૂલ કરવાની સ્વંત્રતા ભોગવે ત્યાં 'સ્વશિક્ષણ' થયું કહેવાય.

'સ્વશિક્ષણ' એક એવી યાત્રા છે, જેમાં શીખનાર જરૂર પ્રમાણે કોઈ જગ્યાએ વધુ રોકાય, ક્યાંક ઉતાવળ કરે અને ક્યાંકથી નાસી પણ છૂટે. એ આ બધું એની પોતાની શીખવાની ઉત્કટતાને આધારે નક્કી કરે.

'સ્વશિક્ષણ' કશીય હો-હા વગર, સ્પર્ધા અને ભયની ગેરહાજરીમાં 'સ્વ'ને રૂપાંતરિત કરવાની શાંત મથામણ છે.

શું 'સ્વશિક્ષણ' નવી બાબત છે? ના. હકીકતે તો 'સ્વશિક્ષણ' જ મૂળભૂત છે. આપણે ઔપચારિક શિક્ષણ મેળવ્યા પછી આજીવન 'સ્વશિક્ષણ' દ્વારા જ શીખતા રહીએ છીએ. આપણે ત્યાં 'સા વિદ્યા યા વિમુક્તયે'નો જે ખ્યાલ છે એ વિદ્યા દ્વારા મુક્તિની વાત કરે છે. પણ, વિદ્યા આપનાર તંત્ર જો બોજો બની જાય ત્યારે એમાંથી પણ મુક્તિ મેળવીને જાતે શીખવાની શરૂઆત કરવી પડે. વિનોબાજીએ આપણી દાર્શનિક પરંપરાની 'સ્વાધ્યાય' સંકલ્પનાને સવિશેષ માંજી છે. 'સ્વશિક્ષણ'ના ખ્યાલની આસપાસ કેટલીક સંજ્ઞાઓ અને પ્રકલ્પો વર્ષોથી જોવા મળે છે અને સમયાંતરે એમાં વધારો થઈ રહ્યો છે. જેમ કેઃ

Autodidact એટલે કે સ્વશિક્ષિત માણસ. ૧૨મી સદીની એક અરેબિક નવલકથા—The History of Havy Ibn Yaqzanનો હીરો આવો સ્વશિક્ષિત હતો. આવા જ સંદર્ભો આપણને જેક લંડનની Martin Eden, સાર્તેની

Nausea, જ્યાક રેન્સીરની The Ignorant School Master, મેટ ડેમનની Good Will Hunting જેવી કૃતિઓના પાત્રોમાં જોવા મળે છે. માત્ર કાલ્પનિક પાત્રો જ જાતે શિક્ષિત થાય છે એવું નથી. ૨૦મી સદીના જાપાનના જાણીતા આર્કિટેક્ટ ટાડાઓ એન્ડુ પણ જાતે આર્કિટેક્ચર ભણેલા.

પ્રિન્ટિંગ પ્રેસની શોધ અને ઔદ્યોગિક ક્રાંતિ પછી પુસ્તકો દ્વારા સેંકડો લોકો જરૂરી માહિતી, જ્ઞાન અને સમજણ મેળવતા થયા અને આજે પણ જાતે શીખવાની પદ્ધતિ તરીકે 'વાચન' આજે પણ મહત્ત્વનું અને ગૌરવશાળી પાસું ગણાય છે.

શિક્ષણ વ્યવસ્થાની મુખ્ય ધારામાં Distance Learning અથવા Open School/University પણ સ્વશિક્ષણની જ એક શાખા છે, એમ કહી શકાય. કારણ, આવી વ્યવસ્થાઓમાં વિદ્યાર્થીઓ મહદંશે જાતે ભણતા હોય છે.

છેલ્લાં વર્ષોમાં આપણે Learner Autonomy જેવા ખ્યાલો પર વિધિવત કામ કરવા લાગ્યા છીએ જેમાં વિદ્યાર્થીઓને મહત્તમ સ્વાયત્તતા મળે, એવું વાતાવરણ તૈયાર કરવા માટે સંશોધન અને પ્રકાશનો થઈ રહ્યાં છે.

એવી રીતે ઔપચારિક શિક્ષણની મર્યાદા અને વ્યર્થતાએ Homeschooling/Unschooling/ Deschooling જેવી નાની પણ મહત્ત્વની ચળવળોને જન્મ આપ્યો છે. આજે ગુજરાતના કોઈપણ શહેરમાં એવા ૮-૧૦ વાલીઓ મળે છે જે એમનાં બાળકોને શાળા/કૉલેજોએ મોકલતા નથી અને 'સ્વશિક્ષણ'ની દિશાઓ ખોલી આપે છે.

યુ-ટ્યૂબ દ્વારા આજે રોજ-બ-રોજના જીવનઉપયોગી કરોડો વીડિયોઝ ઉપલબ્ધ છે જેને Do It Your Self (DIY Videos) કહેવામાં આવે છે. કોઈપણ વ્યક્તિએ કંઈ પણ(નવી હેર સ્ટાઈલ, કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, કડિયા કામ, રસોઈ, મોટરગાડી રીપેર કરવી, જાહેર વક્તવ્ય કેમ અપાય, વગેરે) શીખવું હોય તો આ વ્યવસ્થા આંગળીના ટેરવે ઉપલબ્ધ છે.

Alliance for Self-Directed Education એક એવી સંસ્થા છે જે દુનિયાભરમાં સ્વશિક્ષણ માટે વિવિધ પ્લેટફોર્મ્સ પૂરાં પાડે છે.

Alternative Education વૈકલ્પિક શિક્ષણ એક એવો ખ્યાલ છે, જેમાં લોકો નાના સમુદાયમાં ભેગા મળીને પોતાના સંતાનોને ઔપચારિક માળખાની બહાર ભણતા કરે છે. ભારતમાં આજે આવા ૨૪૦ એકમો છે જે આ જ મોડેલ પર કામ કરે છે, જેમાં બાળકો કે એમના માર્ગદર્શકો કોઈપણ પ્રકારના સરકારી અભ્યાસક્રમ, પરીક્ષા, બોર્ડ, માર્કશીટ વગર માત્ર શીખે છે! આ વાત એટલે સુધી સ્વીકૃત બની છે કે આ જ મોડેલ પર રાજસ્થાનમાં 'સ્વરાજ યુનિવર્સિટી' બની છે.

Massive Open Online Courses (MOOCs) એક એવી વ્યવસ્થા છે, જેમાં દુનિયાની ૧૨૦૦ કરતાં વધુ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક કોર્સ કરાવે છે, જેમાં વિદ્યાર્થીઓએ જે શીખવું હોય એ જાતે શીખી શકે—અને એ પણ કોઈપણ પ્રકારની પ્રીક્વોલિફિકેશન વગર! છે ને મજેદાર!

છેલ્લા એક દાયકામાં Start-upsનું જોર વધ્યું છે. જે યુવાનો ઉદ્યોગ સાહસિક બનવા માગે છે એ પોતે જે તે ક્ષેત્રનું એટલું ગહન અધ્યયન કરે છે કે સમયાંતરે એમાં તજજ્ઞ બને છે. મોટા ભાગના આવા ઉદ્યોગસાહસિકો પોતે ઔપચારિક વ્યવસ્થામાં જે ભણ્યા છે તેનાથી તદ્દન જુદા ક્ષેત્રોમાં સફળ થાય છે. આવું એટલા માટે શક્ય છે, કારણ કે આ સમગ્ર પ્રક્રિયાના પાયામાં સ્વશિક્ષણ છે.

**ઔપચારિક શિક્ષણ અને સ્વશિક્ષણ વચ્ચેનો તફાવતઃ**

ઔપચારિક શિક્ષણ 'પ્રતિક્રિયાત્મક'(Reactive)હોય છે, જેમાં શિક્ષક જ્યારે ભણાવે છે ત્યારે વિદ્યાર્થીઓ તેની શાબ્દિક કે વૈચારિક પ્રતિક્રિયા આપે છે. ઘણી વખત વિદ્યાર્થીઓ શિક્ષકે બોલેલા શબ્દોને ભળતાં શબ્દો મનમાં ધારી લે અને તેને 'આવડ્યું' છે એમ માની લે છે. જ્યારે સ્વશિક્ષણ 'પ્રતીતિ-પ્રધાન' (Realization) છે. જાતે

શીખતી વખતે વિદ્યાર્થીએ પ્રત્યેક બાબતની પ્રતીતિ-અનુભૂતિ કરવી પડે અને એમાંથી જ જે બાબતો માટે એનામાં આત્મવિશ્વાસ કેળવાય છે. આ પાયાના તફાવત ઉપરાંત નીચે આપલે ૧૦ બાબતો ઔપચારિક અને સ્વસ્વશિક્ષણને જુદાં પાડે છેઃ

| ઔપચારિક | સ્વશિક્ષણ |
|---|---|
| ૧) ભય | ૧) આનંદ |
| ૨) સ્પર્ધા | ૨) સહકાર |
| ૩) અહંકાર | ૩) નમ્રતા |
| ૪) યાદશક્તિ | ૪) વિચારશક્તિ |
| ૫) તણાવ | ૫) નિરાંત |
| ૬) પરિણામકેન્દ્રી | ૬) પ્રક્રિયાકેન્દ્રી |
| ૭) પરિવર્તન | ૭) રૂપાંતરણ |
| ૮) દ્વૈત(શિક્ષક-વિદ્યાર્થી અલગ હોય) | ૮) અદ્વૈત(શિક્ષક-વિદ્યાર્થી એક જ હોય) |
| ૯) શબ્દો | ૯) નક્કર અનુભવો |
| ૧૦) બુદ્ધિ | ૧૦) ચેતના |

આજનો વિદ્યાર્થી ઔપચારિક શિક્ષણમાં ખૂબ જ ભય અને સ્પર્ધા અનુભવે છે, જેને પરિણામે જો એ સફળ થાય તો અહંકારી બને અને નિષ્ફળ જાય તો તણાવમાં સરી જાય છે. કારણ કે આપણે શૈક્ષણિક પરિણામને જ વ્યક્તિની આવડતની અંતિમ સાબિતી ગણીએ છીએ. એટલે આ આખીય વ્યવસ્થા માત્ર 'યાદશક્તિ-કેન્દ્રી' બની ગઈ છે એટલે શિક્ષકો અને શાળાઓ વિદ્યાર્થીઓની વિચારશક્તિ ખીલવવામાં નિયમિત નિષ્ફળ જાય છે. વધુમાં વધુ ઔપચારિક શિક્ષણ વિદ્યાર્થીઓના વર્તનમાં થોડું પરિવર્તન લાવી શકે છે, જે તેના સમગ્ર અસ્તિત્વનો બહુ જ નાનકડો ભાગ છે. આપણે અગાઉ જોયું તેમ હકીકતે તો આપણે 'સ્વ-રૂપાંતરણ' સુધી જવાનું છે અને માનવીય ક્ષમતાઓનું ઉર્ધ્વીકરણ કરવાનું છે. કોશેટાને લાંબો કે ટૂંકો કરવો એ પરિવર્તન છે પણ એનું પતંગિયું બને છે ત્યારે એનું સ્વરૂપાંતરણ થાય છે. આપણી શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓ શિક્ષકો પર એટલા બધા નિર્ભર હોય છે કે 'શીખનાર' અને 'શીખવનાર' એમ બે ભાગ પડી જાય છે. પણ સ્વશિક્ષણમાં કોઈ વ્યક્તિ જ્યારે પોતાનાં શિક્ષણની જવાબદારી લે છે ત્યારે એક એવો અદ્વૈત રચાય છે, જેમાં શીખનાર અને શીખવનારનો ભેદ ઓગળી જાય છે. તદુપરાંત, જાતે શીખનાર વ્યક્તિ માટે વિષય અને વિદ્યાશાખાના વાડાનો ભેદ પણ રહેતો નથી. આ અર્થમાં પણ સ્વશિક્ષણ વિદ્યાર્થીની ચેતનાનો અને એના દ્વારા એની અસ્મિતાનો વિસ્તાર કરે છે. કદાચ એ અર્થમાં જ 'અહમ્ બ્રહ્માસ્મિ' એ ખ્યાલ વધુ ઉપયોગી લાગે છે, જેમાં પ્રત્યેક વ્યક્તિ કોઈપણ ભેદ વગર કણ-કણ સાથે પોતાને જોડી શકે.

'સ્વ-શિક્ષણ' માટે તૈયાર થવું હોય તો શું કરવું પડે?

જ્યારે ચોતરફ પરીક્ષા અને માર્ક્સકેન્દ્રી શિક્ષણ તરફનો જુવાળ છે ત્યારે સ્વશિક્ષણ માટે કોઈપણ વિદ્યાર્થી કે વ્યક્તિએ તૈયાર થવું હોય તો પાંચ બાબતો અનિવાર્ય છેઃ

૧. સાહસઃ ઔપચારિક શિક્ષણ—શાળા/કૉલેજમાં ગયા વગર અથવા તો છોડીને તેના વિકલ્પમાં વધુ મહેનત કરીને પોતાના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી લેવાની છપ્પનની છાતી. પોતાના જ પરિવાર અને સમાજને 'સ્વ-શિક્ષણ' શક્ય છે એ સમજાવવાની નૈતિક-નમ્ર-સ્પષ્ટ હિંમત. દરેક પ્રકારની નિષ્ફળતા મળી શકે એ તૈયારી સાથેનું સાહસ. સરેરાશ સમાજ આવું સાહસ કરવાનું પસંદ કરતો નથી અને કોઈ કરે તો એને પ્રોત્સાહન પણ આપે નહીં.

૨. નાફરમાનીઃ બહુમતી હમેંશા સાચી હોતી નથી એટલે શીખવાનું વિજ્ઞાન સમજાય જાય ત્યારે ગમે તેવા મોટા સામાજિક દબાણને 'ના' પાડવી પડે. ઔપચારિક શિક્ષણની વ્યર્થ બાબતોમાં ન જોડાવું. આમ પણ શિક્ષણનું કામ સ્થિરતાને પ્રશ્નો પૂછતા થાય એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું છે. પણ એ કામ ઔપચારિક શિક્ષણ ન કરી શકે તો સ્વશિક્ષણે કરવું પડે—Reject and Reform.

૩. ઝિંદાદિલીઃ સ્વશિક્ષણ માટે વધુ તન્મયતાથી જોડાવું પડે એમાં કશું પણ અધકચરું ચાલે નહીં. જુદા શબ્દોમાં કહીએ તો અહિયાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૧૦૦

માર્ક્સ જોઈએ! શરીર-મન-હૃદય અને ચેતનાની સમગ્રતા સાથે કોઈપણ પ્રવૃત્તિમાં જોડાય શકાય તો એ સ્વશિક્ષણ જ છે. ઉદારહણ તરીકે, ભક્તિમાર્ગ પર ચાલનારા સૌ સ્વશિક્ષણ માટે જરૂરી ઝિંદાદિલીના પ્રેરણાસ્રોત છે. આ ઝિંદાદિલી જ વિદ્યાર્થીને શીખવાની પ્રક્રિયામાં આનંદ આપે છે.

૪. લવચીકતાઃ ઔપચારિક શિક્ષણની 'જડતા'માંથી કે વૈકલ્પિક અને સ્વશિક્ષણનો જન્મ થાય છે. એટલે શાળા કૉલેજ છોડીને પોતાની જાતે અભ્યાસ કરનારને શીખવાની પ્રક્રિયાના ભાગરૂપે જ્યારે પણ શાળા-કૉલેજ જરૂરી લાગે તો એમાં પુનઃ આંશિક કે સંપૂર્ણ રીતે જોડાઈ શકે. કોઈપણ બાબત શીખવા માટે જે પદ્ધતિ જરૂરી લાગે એના માટે પોતાને, પોતાની ટેવો અને ભૌતિક સાધન-સુવિધાઓમાં ફેરફાર કરવાની નિયમિત તૈયારી રાખવી.

૫. સ્વમૂલ્યાંકનઃ જેમ ઔપચારિક શિક્ષણમાં મૂલ્યાંકન માટે પરીક્ષા છે, એમ સ્વશિક્ષણમાં વિદ્યાર્થી પોતે એવી પદ્ધતિઓ વિકસાવવી પડે જેનાથી એ સ્વમૂલ્યાંકન કરી શકે. વળી, જો જરૂરી લાગે તો સ્વમૂલ્યાંકનની વિશ્વસનીયતા ચકાસવા અન્ય વ્યક્તિ કે વ્યવસ્થાની મદદ લેવા તૈયાર રહેવું પડે.

**સ્વશિક્ષણના કેટલા વિકલ્પો છે?**

સ્વશિક્ષણનો આ ખ્યાલ આપણે સૈદ્ધાંતિક રીતે સ્વીકારીએ તો પણ આ માર્ગ પર ચાલવું અઘરું તો છે જ. આમ છતાં અશક્ય નથી. માલવિકા જોશી નામની એક મહારાષ્ટ્રની વિદ્યાર્થિનીએ(ઝટ ગૂગલ કરો!) સાતમા ધોરણ પછી શાળા છોડીને સ્વશિક્ષણની યાત્રા આરંભી. દસમા કે બારમા બોર્ડની એકપણ પરીક્ષા આપી નથી એટલે એની પાસે એવી કોઈ માર્કશીટ જ નથી. આમ છતાં, માત્ર આવડતને આધારે MIT નામની દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટીમાંથી માસ્ટર ઓફ એન્જિનિયરિંગ પૂરું કર્યું અને અત્યારે યુનિવર્સિટી ઑફ બર્કલેમાં Ph.D. કરી રહી છે.

જો વાલી સ્પષ્ટ હોય અને એનાં સંતાન સાથે સ્પષ્ટ સંવાદ કરીને નક્કી કરે તો શાળાએ જવું જ નહીં અને સ્વશિક્ષણ મેળવવું.

શાળા અને કૉલેજ જ્યારે પણ શીખવાની તત્પરતા સામે નાના લાગે ત્યારે હિંમતપૂર્વક છોડી દેવા.

કોઈને શાળા કે કૉલેજનું વિષયવસ્તુ યોગ્ય લાગે પણ ભણાવવાની પદ્ધતિઓ બરાબર ન લાગતી હોય તો એ જ વિષયવસ્તુને જાતે કેમ શીખી શકાય એની તરેહો શોધી કાઢવી.

શાળા કે કૉલેજનું શિક્ષણ બરાબર લાગતું હોય તો એને છોડ્યા વગર એ ઉપરાંત શું શું શીખી શકાય એ નક્કી કરીને ઓનલાઈન કે ડીસ્ટન્સ લર્નિંગના માધ્યમ દ્વારા સ્વશિક્ષણ મેળવવું.

ટેક્નૉલૉજીએ જ્ઞાનનું જે હદે લોકશાહીકરણ કર્યું છે એ જોતાં એમ ચોક્કસ માની શકાય કે આજે સ્માર્ટ ફોન ધરાવનાર કોઈપણ વ્યક્તિ ૨૦૦ વર્ષ પહેલાંના કોઈપણ રાજા કરતા વધુ શક્તિશાળી છે. આજની શાળા અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને ભણવાનો જે કંટાળો આવે છે એનું એક કારણ આ પણ છે કે લેટેસ્ટ અને સંપૂર્ણ માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ છે અને એની સામે અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને શિક્ષકો ઘણું જૂનું અને અધૂરું ભણાવે છે. આ સંદર્ભે પણ ૨૧મી સદીના એકલવ્યને ગુરુ દ્રોણ(ઔપચારિક શિક્ષણ) ભણાવવાની 'હા' પાડે તો ખરેખર એકલવ્યને નફામાં નુકશાન જવાની સંભાવના વધુ છે. એના બદલે આ પ્રકારની કોઈ વ્યવસ્થા પાસે ગયા વગર જ સ્વશિક્ષણના અનેક વિકલ્પો દ્વારા જ શીખવાની પ્રક્રિયાનો લુત્ફ ઉઠાવી જાણવો હિતાવહ લાગે છે! તમને કેમ લાગે છે?

(વિશાલ ભાદાણી : લોકભારતીના ગાંધી અભ્યાસ કેન્દ્રના નિયામક, ઊંડા અભ્યાસી, વિવિધ વિષયોના સરસ રજૂઆતકાર
લોકભારતી-સણોસરા, તા.શિહોર, જિ.ભાવનગર, ૩૬૪૨૩૦
ઈમેઈલ : vishalvbhadani@gmail.com
મો.૯૪૨૬૮૮૫૩૮૭)

## ૨૨. સંસ્થા સમાચાર

પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- લોકભારતીની શુભેચ્છક કંપની IFFCOના દિલ્હી સ્થિત માર્કેટિંગ ડાયરેક્ટર શ્રી યોગેન્દ્રકુમાર અને અમદાવાદ સ્થિત સ્ટેટ માર્કેટિંગ મેનેજર શ્રી એન. એસ. પટેલ તા.૦૧ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૦૧ અને ૦૨ના રોજ ધરમપુરની 'આર્ચવાહિની' સંસ્થાના શ્રી રશ્મિભાઈ અને તેના સાથી મિત્રો લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- તા.૦૧થી ૧૫ના દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ ગુજરાતની જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ, એન.જી.ઓ., કંપનીઓ, ઉ.બુ. વિદ્યાલયોમાં શિક્ષણ નિવાસ-કેન્દ્ર નિવાસના કાર્યક્રમ માટે જઈ આવ્યા.
- તા.૦૨ના રોજ ગાંધી જયંતી નિમિત્તેના કાર્યક્રમમાં જાણીતા ચિત્રકાર શ્રી સુશીલાબહેન મજૂમદારની જુદી જુદી સાત ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલ 'ગાંધી ચિત્રકથા'ના વિમોચનનો કાર્યક્રમ લોકભારતીને આંગણે યોજવામાં આવ્યો. શ્રીમતી દેસાઈએ પુસ્તક વિમોચન પ્રસંગને લગતી પ્રાસંગિક વાતો કરી. બે વિદ્યાર્થી ભાઈ-બહેનોની પ્રાસંગિક રજૂઆત પછી અફઘાનિસ્તાનની સમસ્યા અંગે મૂળે અફઘાનિસ્તાનના રહેવાસી અને વિદ્યાનગરમાં અભ્યાસરત શ્રી બુરહાનભાઈએ અફઘાનિસ્તાનની સમસ્યાથી સૌને માહિતગાર કર્યા. શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમનું સમાપન કર્યું. સાંજે ૦૪-૦૦ કલાકે શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ પણ અફઘાનિસ્તાનની સમસ્યા અંગે બહુ જ ઊંડાણપૂર્વકના અભ્યાસ સાથે પ્રેઝન્ટેશન દ્વારા અસરકારક રજૂઆત કરી, જેનું યુટ્યૂબ ઉપર લાઇવ પ્રસારણ પણ કરવામાં આવ્યું.
- શ્રી પ્રવીણભાઈ ઠક્કરના અભિવાદન ગ્રંથ 'જીવન ગરિમાના સંવાહક'નો વિમોચન કાર્યક્રમ શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં તા.૦૩ના રોજ શિશુવિહાર-ભાવનગરમાં યોજાઈ ગયો, લોકભારતી પરિવારમાંથી ઘણા કાર્યકરોએ પ્રેરક હાજરી આપી.
- પૂર્વવિદ્યાર્થીઓ શ્રી રમેશભાઈ દવે-દંપતી, શ્રી મુક્તિબહેન ખીમાણી-દંપતી અને શ્રી રેખાબહેન માટલિયા તા.૦૭થી ૦૯ માટે લોકભારતી, માઈધાર અને ગ્રાદમૂ-આંબલાની મુલાકાતે આવી ગયાં.
- તા.૦૭ ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાંથી શ્રી અજયભાઈ અને શ્રી અમિતભાઈ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત યોજાયેલ કાર્યશાળામાં ભાગ લેવા સુઘડ-ગાંધીનગર મુકામે જઈ આવ્યા.
- તા.૦૭ ના રોજ અધ્યાપન મંદિરમાં કવિશ્રી રમેશભાઈ દવેએ કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો.
- તા.૦૮ને શુક્રવારના રોજ શ્રી રમેશભાઈ દવેએ સાહિત્યસભામાં વિદ્યાર્થીઓ સમક્ષ સાહિત્યસર્જન અંગે માર્ગદર્શક બાબતો રજૂ કરી.
- નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજીમાં સુરત ખાતે વર્ષો સુધી સેવાઓ આપી નિવૃત્ત થયેલા શ્રી ભરતભાઈ મિસ્ત્રી તા.૧૧થી ૧૩ દરમિયાન લોકભારતીની અને માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના પ્રશ્નો અંગે રાજ્યના સહકાર અને પંચાયતના રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની મુલાકાત માટે નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિ અને આચાર્યશ્રી ગિરીશભાઈ દવે તા.૧૩મીના રોજ ગાંધીનગર જઈ આવ્યા.

● તા.૧૩મીના રોજ લોકભારતીના શુભેચ્છક દાતા શ્રી કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના શ્રી પ્રતુલભાઈ શ્રોફ અને શ્રી આશીષભાઈ તથા શ્રી પ્રકાશભાઈ ભગવતીની મુલાકાતે અમદાવાદ મુકામે શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.

● તા.૧૩ ના રોજ અધ્યાપન મંદિરમાં S.V.N.I.T. સુરતના નિવૃત્ત પ્રોફેસર ડૉ. ભરતભાઈ મિસ્ત્રીએ 'ગણિતનું જીવનમાં મહત્ત્વ' ઉપર વિદ્યાર્થીઓ સાથે ઉપયોગી વાર્તાલાપ કર્યો.

● તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો પ્રકૃતિ દર્શનના કાર્યક્રમ માટે સંસ્થાની આસપાસના વિસ્તારના હરિયાળા ડુંગરોમાં ભ્રમણ કરી, બપોરે મેલડીમાંના મંદિરે સંમેલન યોજાયું, જેમાં સિહોર રેન્જના આર.એફ.ઓ.શ્રી પણ ઉપસ્થિત રહ્યા.

● તા.૧૫ના રોજ દર્શક જન્મદિન નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને જાણીતા કવિ શ્રી મનોહરભાઈ ત્રિવેદીએ દર્શકના જીવન અને કવનને વણી લઈને પ્રાસંગિક વાત રજૂ કરી, જેનું યુટ્યૂબ ઉપર લાઈવ પ્રસારણ પણ કરવામાં આવ્યું.

● જાણીતા સર્વોદય કાર્યકર સ્વ. શ્રી જગદીશભાઈ શાહનાં ધર્મપત્ની શ્રી મંજુલાબહેનનું અવસાન થતાં તા.૧૭મીના રોજ વિનોબા આશ્રમ-ગોત્રી-વડોદરા મુકામે યોજાયેલ પ્રાર્થનાસભામાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી સુરસંગભાઈ ચૌહાણ અને શ્રી વાઘજીભાઈ કરમટિયા જઈ આવ્યા.

● તા.૧૭ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી મનોહર ત્રિવેદીએ સ્વરચિત કાવ્ય રચનાઓનો આસ્વાદ કરાવ્યો.

● ગાંધી આશ્રમ-અમદાવાદના નિયામક શ્રી અતુલભાઈ પંડ્યા, શ્રી ઉર્વીશભાઈ કોઠારી, શ્રી કિન્નરીબહેન તેની પૂરી ટીમ સાથે તા.૧૮થી ૨૦ દરમિયાન લોકભારતી અને માઈધારમાં ચાલતા 'અહિંસાની કેળવણી' પ્રોજેક્ટની સમીક્ષાત્મક મૂલવણી અર્થે આવી ગયાં. તેઓએ માઈધાર અને મણાર કેન્દ્રની મુલાકાત પણ લીધી.

● તા.૨૦મીના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિ દ્વારા આયોજિત સમૂહભોજનનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

● તા.૨૨ના રોજ તરઘડિયા મુકામે 'ઝર્ક' મીટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા જઈ આવ્યા.

● તા.૨૩ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક અતિથિગૃહે મળી ગઈ.

● તા. ૨૭ના રોજ 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત રાજ્યકક્ષાના કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી કૈલાસ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલ એક ઓનલાઈન મીટિંગમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોએ હાજરી આપી.

● કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ૧૫૫ જંતુનાશક દવાના વિક્રેતાઓનો ૧૨ દિવસીય તાલીમ કાર્યક્રમ પૂર્ણ થયો. બાકીના ૧૬૫ વિક્રેતાઓ માટે બીજા ૧૨ દિવસીય કાર્યક્રમનો શુભારંભ તા.૦૯ના રોજ કરવામાં આવ્યો.

● તા.૨૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બોર્ડ ઓફ સ્ટડીઝની બેઠક યોજાઈ ગઈ. જેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી એમ.એમ.ત્રિવેદી સાહેબ અને શ્રી અત્તાઉલ્લાહ ખાન સાહેબ ઉપસ્થિત રહ્યા. આ બેઠકમાં શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી કાંતિભાઈ ગોઠી અને સૌ અધ્યાપકો પણ જોડાયા.

● લોકભારતીના શિક્ષણ અંગેના અનેક પ્રશ્નોની રજૂઆત માટે અગ્રસચિવશ્રી હૈદરસાહેબને મળવા ગાંધીનગર મુકામે તા.૨૯ના રોજ શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી વિશાલભાઈ ભાદાણી જઈ આવ્યા.

● તા.૨૯ અને ૩૦ના રોજ લોકસેવા

મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓનો અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો.

- લોકભારતી અધ્યાપન મંદિરના અધ્યાપકશ્રી અને સંસ્થામાં ઉપનિયામકની જવાબદારી સંભાળતા શ્રી રમેશભાઈ ખેર વયનિવૃત્ત થતાં તેમને શુભેચ્છાઓ આપવાનો એક કાર્યક્રમ લોકભારતી કાર્યકર કલ્યાણનિધિના ઉપક્રમે તા.૩૧ના રોજ યોજવામાં આવ્યો. સૌ કાર્યકરો અને સંસ્થા વતી શ્રી અરુણભાઈ દવેએ તેમને શાલ અર્પણ કરીને શુભેચ્છાઓ પાઠવી.
- તા.૩૧ના રોજ અધ્યાપન મંદિર વિભાગમાં વય મર્યાદાના કારણે નિવૃત થતા શ્રી રમેશભાઈ ખેરને શુભેચ્છાઓ આપવાનો કાર્યક્રમ યોજાયો.
- શ્રી અરુણભાઈ દવેએ છેલ્લા ત્રણ માસમાં કરવા પડેલા આરામનું સાટું વાળતા હોય તેમ ભારે વ્યસ્ત રહ્યા. તા.૧લીએ સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ ખાતે જે.સી. કુમારપ્પાના ટ્રસ્ટની બેઠકમાં હાજરી આપી. તા.૨જીએ લોકભારતી ખાતે અહિંસાદિનના સંમેલનમાં અધ્યક્ષીય પ્રવચન આપ્યું. તા.૩જીએ ‘આપણું સામાજિક દાયીત્વ’ વિષય પરના શ્રી પ્રવીણભાઈ ઠક્કર આયોજિત શિશુવિહાર, ભાવનગર ખાતેના સંમેલનમાં મનનીય પ્રવચન આપ્યું. તા.૪થીએ વિજ્ઞાનનગરી, ભાવનગર ખાતે વિશેષ બેઠકમાં માર્ગદર્શન કરીને માઈધાર, મણાર મુલાકાતે જઈ આવ્યા. તા.૧૧,૧૨,૧૩ એમ ત્રણ દિવસ અમદાવાદ સાયન્સસીટી ખાતે ગુજરાતના ૩૩ લોકવિજ્ઞાન કેન્દ્રોની વાર્ષિક મૂલ્યાંકન બેઠકમાં અધ્યક્ષીય ફરજ બજાવી, શિક્ષણમંત્રીશ્રી જિતુભાઈ વાઘાણી સમક્ષ સંસ્થાના પ્રશ્નોની રજૂઆત કરી. ‘આઝાદીકા અમૃત મહોત્વ’ની મણાર સઘનક્ષેત્ર ખાતેના અને સહકાર ભવન, નારી ચોકડી ભાવનગર ખાતેના સંમેલનોમાં અનુક્રમે તા. ૧૮ અને ૨૫મીએ દષ્ટાંતસભર ચાવીરૂપ વ્યાખ્યાનો આપ્યા. મહાલાભ સેન્દ્રિય-સજીવ ખાતર સંદર્ભે યોજાએલ ખેડૂતોના મહાસંમેલનમાં બેલા ખાતે તા.૧૮મીએ કૃષિ ઉત્પાદકતા સંદર્ભે અધ્યક્ષીય પ્રવચન આપ્યું. ભાવનગર જિલ્લા ગ્રામીણ વિસ્તારની તમામ માધ્યમિક શાળાના આચાર્યોની ‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ’ સંદર્ભે યોજાએલ વિજ્ઞાનનગરી ખાતેની ચિંતન બેઠકનું સમગ્ર સંચાલન કરવા તા.૨૮મીએ ભાવનગર જઈ આવ્યા. તા. ૨૯મીએ શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી હૈદરસાહેબ સાથે સંસ્થાના પ્રશ્નો સંદર્ભે ગાંધીનગર જઈ આવ્યા.

### આંબલા સમાચાર

- તા.૦૨ના રોજ ગાંધી જયંતી નિમિત્તે આંબલા ગામમાં ગાંધીજીના ભજનો ગાતાં ગાતાં પ્રભાત ફેરી કાઢવામાં આવી. પ્રાતઃ પ્રાર્થનામાં શ્રી લાલજીભાઈ નાકરાણીએ ગાંધી વિચાર વિષે વાતો કરી, સવારે ૦૮:૦૦ કલાકે જુદી જુદી ૧૬ ટુકડીઓમાં ગામડાંઓમાં ગ્રામ સફાઈ યોજવામાં આવી. ગામલોકો તથા ગ્રામ પંચાયતના સભ્યો પણ ઉત્સાહ સાથે જોડાયા. સિહોર મામલતદાર સાહેબે પણ ભાવપૂર્ણ ભાગીદારી કરી ધન્યતા અનુભવી.
- તા.૦૨ના રોજ શ્રી વિક્રમભાઈ મૂળશંકરભાઈ ભટ્ટ તેમના પરિવાર સાથે બે દિવસ સંસ્થામાં રોકાઈ ગયા. તેઓએ સાંજની પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓને વ્યક્તવ્ય આપ્યું.
- તા. ૦૩ના રોજ શ્રી પ્રવીણભાઈ ઠક્કરના પુસ્તક વિમોચન કાર્યક્રમમાં શિશુવિહાર-ભાવનગરમાં મુકામે શ્રી વાઘજીભાઈ તથા શ્રી ગૌરાંગભાઈ જઈ આવ્યા.
- તા.૦૮ના રોજ શ્રી રમેશભાઈ ર. દવે-દંપતી, શ્રી સત્યમુનિ, શ્રી મુક્તિબહેન, શ્રી રેખાબહેન માટલિયા, શ્રી હસમુખભાઈ દેવમુરારિ વગેરે સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- નવરાત્રી દરમિયાન સમૂહ ગરબીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સમગ્ર પરિવાર ઉત્સાહ સાથે જોડાયો.
- તા. ૧૦ના રોજ ઓરકેસ્ટ્રા-ગાયન-વાદ્ય સાથે ભાતીગળ પહેરવેશમાં ગરબીનું આયોજન કરવામાં આવ્યું.

આ નિમિતે શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ-દંપતી, નવાગામ હાઈસ્કૂલના આચાર્ય શ્રી અગરસંગભાઈ, શ્રી લાલજીભાઈ નાકરાણી, ચ.મો. વિદ્યાલયના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા. શ્રી અગરસંગભાઈએ મધુર કંઠે ગીતો અને ગરબાઓ ગાઈને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો.

- તા.૧૧ના રોજ શ્રી માણેકભાઈ દેસાઈ, શ્રી શામજીભાઈ દેસાઈ તથા કડી કેમ્પસના સંચાલકશ્રી સંસ્થા મુલાકાતે આવી ગયા.
- સંસ્થાના ટ્રસ્ટી શ્રી કપિલભાઈ શાહનાં માતુશ્રી સ્વ. શ્રી મંજુલાબેન જગદીશભાઈ શાહનું તા.૧૫ના રોજ ૮૩ વર્ષની ઉંમરે અવસાન થતાં, વડોદરા શ્રદ્ધાંજલિ સભામાં શ્રી વાઘજીભાઈ જઈ આવ્યા.
- તા.૧૬ના રોજ ૩૦ ભાઈઓ-બહેનોએ એચિવમેંટની GASની પરીક્ષા આપી.
- તા. ૧૮ના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે દૂધ પૌંવા-ઊંધિયું-પૂરીનું સમૂહ ભોજન રાખવામાં આવ્યું.
- શિશુવિહાર સંસ્થા તરફથી રૂ. ૨૫૦૦/- લેખે ૧૦ વિદ્યાર્થિની બહેનોને સહાય આપવામાં આવી, આ પ્રસંગે બેલા સંસ્થામાં શ્રી ગૌરાંગભાઈ વોરા ૧૦ બહેનોને લઈને જઈ આવ્યા.
- શ્રી ગૌરાંગભાઈ વોરા કલોલ મુકામે મંથન સંસ્થામાં કાશ્મીર પર ચર્ચાની ૩ દિવસની શિબિરમાં જઈ આવ્યા.
- શ્રી ગૌરાંગભાઈ વોરા ઉતરાંચલમાં જીપ્સીના પુસતારા ટ્રેક જે ૧૨૬૦૦ કિ.મી.ની ઊંચાઈએ છે, તેમાં ટ્રેકિંગમાં જઈ આવ્યા.
- તા. ૨૨ના રોજ ભા.ડી.કો.સ.બેંકના ચેરમેન શ્રી નાનુભાઈ વાઘાણી તેમ જ મેનેજરશ્રી ચલાળિયા સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- ઝીલિયા સંસ્થાના સંચાલક શ્રી માવજીભાઈના દીકરા શ્રી લાલુભાઈ દેસાઈ તથા પૂર્વ માધ્યમિક શિક્ષણ બોર્ડના મેમ્બર શ્રી જસુભાઈ દેસાઈ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- સુરત બારડોલી સુગર કો-ઓપ. સોસા.ના પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ તથા તેમની ટીમ સાથે સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા.૨૫થી ૨૮ વિદ્યાર્થીઓનો ગુજરાતનો પ્રવાસ ગોઠવાઈ ગયો. શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી ગૌરાંગભાઈ વોરા, શ્રી નરેન્દ્રભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી સુરેશભાઈ તથા શ્રી તૃપ્તિબહેન પ્રવાસમાં સાથે ગયેલાં.
- તા.૨૭ના રોજ પ્રભાસ પાટણ મુકામે ઝોનલ કક્ષાએ સમૂહગાન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંગીત શિક્ષક શ્રી તુષારભાઈ ભાગ લઈ આવ્યા.

**મણાર સમાચાર**

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ક્લ્યુ.ડી.સી. કક્ષાએ કલા ઉત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં આપણા ચાર વિદ્યાર્થીઓ પ્રથમ તથા તૃતીય ક્રમાંકે વિજેતા થયા.
- આ વર્ષના શાળાકીય રમતોત્સવમાં શ્રી વિપુલભાઈ સરવૈયાના માર્ગદર્શન નીચે ભાગ લીધો. તાલુકા કક્ષાએ વિજેતા છાત્રોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ભાવનગર જિલ્લા કક્ષાના ખો-ખો રમતોત્સવ અંતર્ગત ભાગ લીધો. એક બહેનની પસંદગી રાજ્ય કક્ષાની ખો-ખો સ્પર્ધા માટે થઈ.
- ગાંધી જયંતી પ્રસંગે મુંબઈના શ્રી અજિતભાઈ દોશી તથા વલસાડના શ્રી નિકુંજભાઈ દેસાઈએ સાયં પ્રાર્થના અનુસંધાને પ્રાસંગિક સંબોધન કર્યાં. વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજી વિષે તૈયાર કરવામાં આવેલ સ્વાધ્યાયનું પઠન કરવામાં આવ્યું.
- રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત માધ્યમિક

શિષ્યવૃત્તિની પરીક્ષામાં ૧૦ છાત્રો અને છાત્રાઓએ બપાડા મુકામે ભાગ લીધો.

- તા.૦૩ના રોજ શ્રી પ્રવીણભાઈ ઠક્કરના 'અમૃતપર્વ અભિવાદન ગ્રંથ'ના વિમોચન પ્રસંગે શ્રી સુરસંગભાઈ શિશુવિહાર-ભાવનગર મુકામે જઈ આવ્યા.
- સૌરાષ્ટ્ર વિકસતી જાતિનાં છાત્રાલયો તથા આશ્રમશાળા સંઘ દ્વારા પોતાના પ્રશ્નોની રજૂઆત તથા નવા મંત્રીમંડળની શુભેચ્છા મુલાકાતે તા.૦૪ તથા ૦૫ના રોજ ગાંધીનગર ખાતે શ્રી સુરસંગભાઈ ઉપસ્થિત રહ્યા.
- નવરાત્રીનું પર્વ સૌએ આનંદથી ઊજવ્યું.
- સઘનક્ષેત્ર યોજના-મણાર મુકામે વાર્ષિક સભા તથા ઉ.બુ.બોરડાના આચાર્યશ્રીના નિવૃત્તિ વિદાય શુભેચ્છા સમારંભમાં શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા. આ સમારંભના અધ્યક્ષસ્થાનેથી શ્રી ડૉ. અરુણભાઈ દવેએ મનનીય પ્રવચન આપ્યું.
- તા.૧૬ના રોજ શિશુ વિહાર ભાવનગર આયોજિત શ્રી હીરાબેન માનભાઈ ભટ્ટ મહિલા ઉત્કર્ષ કાર્યક્રમ અંતર્ગત ઉ.બુ. બેલા મુકામે આપણી શાળાની ૧૦ છાત્રાઓને કુલ રૂપિયા ૨૫૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવી.
- તા.૧૭ના રોજ વડોદરા મુકામે ટ્રસ્ટી શ્રી કપિલભાઈ શાહનાં માતુશ્રીના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શ્રી સુરસંગભાઈ ચૌહાણ જઈ આવ્યા.
- મહુવા માર્કેટિંગયાર્ડ દ્વારા આયોજિત ખેડૂત સંમેલનમાં શ્રી સુરસંગભાઈ તથા સંસ્થાના ખેતી કાર્યકરો અને ખેડૂતો બેલા મુકામે જઈ આવ્યા.
- સાબરમતી ગાંધી આશ્રમના શ્રી અતુલભાઈ પંડ્યા અને તેની ટીમ તથા શ્રી રવિભાઈ પંચોળી સંસ્થા મુલાકાતે આવી ગયા.
- શ્રી બળવંત પારેખ વિજ્ઞાન નગરી આયોજિત એક દિવસીય આચાર્ય કાર્યશિબિરમાં આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગર ઉપસ્થિત રહ્યા.
- શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે લોકશાળા મણારના શિક્ષિકાબેન શ્રી કંચનબેન થડોદાને વર્ષ ૨૦૧૯-૨૦ માટેનો રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)નો ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો ઍવૉર્ડ એનાયત થયો. જે 'લોકશાળા મણારનું ગૌરવ' ગણાય. પ્રોગ્રામ ઓફિસર શ્રી કંચનબેનને સમગ્ર સંસ્થા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા.૦૨થી ૦૮ સુધી ગાંધી જયંતી નિમિત્તે સાત દિવસ માટે ગાંધી સપ્તાહ કાર્યક્રમ ઊજવવામાં આવ્યો, જેમાં પ્રભાતફેરી, ગાંધીગીતો, ગાંધી પ્રદર્શન, ક્વિઝ, પ્રાયશ્ચિત પેટી, ગાંધીજીવન પ્રસંગો, વિદ્યાર્થી રચિત કાવ્ય પ્રસ્તુતિ, વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ સ્વાધ્યાય તેમ જ મહેમાન વક્તા દ્વારા પ્રાસંગિક વક્તવ્યો અપાયાં.
- તા.૦૭ના રોજ 'હાલને ભેરુ ગામડે' અંતર્ગત ૧૨ ગામોમાં વિદ્યાર્થી-કાર્યકરોની ટુકડીઓમાં ગામડે જઈને ગાંધી સપ્તાહમાં શીખેલ પ્રવૃત્તિઓ કરી આવી.
- તા.૧૦ના રોજ 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતગર્ત આજુબાજુનાં ૨૦ ગામના યુવાનોને રાજકોટ ગાંધી મ્યૂઝિયમનો એક દિવસય પ્રેરણા પ્રવાસ ગોઠવામાં આવ્યો.
- તા.૧૯ના રોજ અહિંસાની કેળવણી કાર્યક્રમની સમીક્ષા માટેની બેઠક યોજાઈ ગઈ.
- તા.૩૦ના રોજ લોક કલ્યાણ વિદ્યાલયમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓનું વાલીમિલન ગોઠવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થી પ્રતિભાવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, એક સત્ર પ્રવૃત્તિનું પ્રેઝન્ટેશન અને આચાર્યશ્રી નિર્મળભાઈ પરમાર દ્વારા વાલીઓને સંબોધન કરવામાં આવ્યું.
- લોકભારતીમાંથી બી.આર.એસ.નાં ચાર બહેનો ૧૫ દિવસ માટે શિક્ષણ-નિવાસ માટે આવી ગયા.

# ...કેટલાંક શિક્ષણતીર્થો...




દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન : બાળ કેળવણી



ફિનલૅન્ડ : ભાર વગરનું ભણતર



વિજ્ઞાન આશ્રમ, પાબલ : રોજગારલક્ષી




મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી : સંશોધનલક્ષી



સ્વરાજ યુનિવર્સિટી : વૈકલ્પિક શિક્ષણ



ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ : વ્યવસ્થાપન




To.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-